નવીન

ચતુર સુંદર સ્ત્રી

વિલાસ મનહર રસિક ગરબાવળી

ભાગ ૧-૨-૩-૪-૫-૬.

પ્રસિદ્ધ કર્તા.

બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—અમદાવાદ.

આવૃત્તિ ૪ થી પ્રત ૫૦૦૦.

સંવત ૧૯૭૨ સને ૧૯૧૬

અમદાવાદ.

ખમાસાને ચકલે—શ્રી 'નટવર' પ્રિન્ટિંગ પ્રેસમાં
માણેકલાલ નારણદાસ બોડીવાળાએ છાપ્યાં.

કીંમત ૦-૪-૦.

નવીન
ચતુર સુંદર સ્ત્રી.

વિલાસ મનહર રસિક ગરબાવળી.

ભાગ ૧-૨-૩-૪-૫-૬.

પ્રસિદ્ધ કર્તા.

બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—અમદાવાદ.

આવૃત્તિ ૪ થી પ્રત ૫૦૦૦.

સંવત ૧૯૭૨ સને ૧૯૧૫

અમદાવાદ.

ખેમાશાને ચકલે—ધી 'નટવર' પ્રિન્ટિંગ પ્રેસમાં

ભોગીલાલ નારણદાસ બોડીવાળાએ છાપી.

કીંમત ૦-૪-૦

અનુક્રમણિકા.

ભાગ પહેલો.

પંદર તથી.

ગોવાળીયાનાં હાળીયાં.

ભાગ ૨ જો.

સીતાજીનાં ધોળ.

:ભાગ ૩ જો.

ભાગ ૪ થો.

ભાગ ૫ મો.

ભાગ ૬ ઠો.

૬૨૬૨

ચતુર સુંદર સ્ત્રીવિલાસ મનહર રંસીક

ગરબાવળી.

ભાગ ૧ લો.

શ્રીનાથજીના મહીના.

કારતક માસે રે કહાનજી, મુકી ચાલ્યા પરદેશ;
હું છું નારી રે નાવડી જોબન બાળેરે વેશ.

ગોકુળ આવો શ્રી નાથજી. ૧

માગશર માસે રે માવજી, વશીઆ સામી રે તેડ;
પિંજર લાગ્યાં રે ઝુરતા, આંખે આંસુડાંની રેલ. ગો. ૨

પોસે સોસેરે દેહડી, તોય સ્નેહ ન વીસરાયા;
આડો હિમાળો ઉલટયો, તેથી કંપે કાય. ગો. ૩

માહા માસેરે સેજડી, બીજી વેરણુ રાત;
પિયુજી મારા ઘેર નહીં, કેમ જાય દિવસ મહારાજ. ગો. ૪

ફાગણ ફુલ્યોરે ફુલડે, ફુલ્યાં કેસર કેરાં ઝાડ;
તનાં છાંટાવું છાંટણાં, ઉડે અબીલ ગુલાલ. ગો. ૫

ચઇતિરે ચંપોરે મોરીઓ, મોરી અરાંડે બાર;
માલણ લાવેરે મોગરો, કાચી કળીઓનો હાર. ગો. ૬

વઇશાખેરે મન વેડીયાં, વેડી આંબલીયાની શાખ;
રસ ઘોળાવુંરે વાટકી, જમાએ કોની સંગાથ. ગો. ૭
જેઠે જાણ્યુંરે આવશે, ના આવ્યા શ્યામ શરીર;
સપઇયારે પીઊ પીઊ કરે, મારે હૈયે નવ રહે ધીર. ગો. ૮
અસાડેરે ઘન ઉલટ્યો, માથે ચડયોરે ઘનઘોડ;
વીજલડીરે ચમકા કરે, બોલે મધુરાશા મોર. ગો. ૯
શ્રાવણ વરસ્યોરે સરવડે, નદીએ નીર અપાર;
કોયલડીરે ટઉકા કરે, બેસી આંબલીઆની ડાળ. ગો. ૧૦
ભાદરવેરે ભલે ગાજીઓ, વરસે મુસળધાર;
પીયુજી મારા મધુપુરમાં, શાલે શોકલડી અપાર. ગો. ૧૧
આસો માસેરે દીવાલડી, આવ્યા શામ શરીર;
થાળ ભરૂંરે મોતીડે, વધાવું સુભદ્રાના વીર. ગો. ૧૨
બારે માસ પુરા થયા કહે છે કવિરે કરજોડ;
ગાય તેનારે પુરજો, કોડ શ્રી રણછોડ. ગો. ૧૩

કેફીની બઇરીના મહીના.

૧ કારતક મહીને કેફી જેનો કંથરે સાહેલી,
આ એ અબળાના દુખનો ન આવે અંત. સાંભળ સાહેલી.
દીવસ ઘટેને રજની મોટી થાશેરે સાહેલી,
આ કેફીના અબળાના કેમ દીન જાશે. સાંભળ સાહેલી.
હીમાળાનો શીતળ વાયુ વાયરે સાહેલી,
આ એ મહીનો આવી રીતે કેમ જાય. સાંભળ સાહેલી.
૨ માગછર મહીને સુખ શામું શી પેરરે સાહેલી,
આ કેફીડે તો માંડયો અકરાકાર સાંભળ સાહેલી.
આ ઉપજ ખરચની વાત કશી નવ જાણીરે સાહેલી.

આ ખોઇ બેઠો નીજ બાપ તણી કમાણી સાંભળ સાહેલી.
પડગો રહે કઇ કેરી રસ્તા માંયરે સાહેલી;
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૩ પોસે તો ઘર વેચી બેઠો પાપીરે સાહેલી;
આ પીયર જવાની રજા વહુને આપી સાંભળ સાહેલી.
જેને મુજને પરણાવ્યું એવું પાપરે સાહેલી,
આ પેલાં ભવનાં દુશ્મન માને બાપ સાંભળ સાહેલી.
એ રતમાં સાસરે જવું સૌ ચાહેરે સાહેલી;
આ એ મહીનો એવી રીતે જાય સાંભળ સાહેલી.
૪ મહા મહીનામાં બોલે લોક વસંતરે સાહેલી.
આ તે દુખણી કેરીડો જેનો કંથ સાંભળ સાહેલી.
પાન પલોવ્યાં આંબે આવ્યો મોહોરરે સાહેલી;
આ દુખણીને સુખ નથી ઓણુ કે પહોરરે સાહેલી.
ભમરગુંગાન સુણી પીયુ મળવા મન થાયરે સાહેલી;
આ એ મહીનો એવો રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૫ ફાગણમાં નરનારી ખેલે ફાગરે સાહેલી;
આ કેરીની અબળાને અંતર આગ સાંભળ સાહેલી;
રમે જમેને હસે મળી નરનારરે સાહેલી;
એ કેફીનીતપરણેલી ખાય માર સાંભળ સાહેલી.
જોવું ને રોવું ઘરખુણા માંયરે સાહેલી;
આ એ મહીનો એવો રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૬ ચઇતરમાં-કેમ ધીરજ રાખું ચીતરે સાહેલી;
આ કેફ કરે કેફીડો નીત ને નીત સાંભળ સાહેલી.
આ પરમેશ્વર કેમ આવો વર આપ્યોરે સાહેલી;

આ એ વરશ તો ભલો રંડાપો સાંભળ સાહેલી. ૧
લેણાવાળાની ફરીઆદો નીત થાયરે સાહેલી;
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૭ વીલખતો આવ્યો મહીનો વઇશાખરે સાહેલી,
અધોમખ બેદીલ બરીને થાય રાખ સાંભળ સાહેલી.
સુરજ તપે તો છતર આડું રાખુંરે સાહેલી,
આ દીલ દાઝું તે કોની આગલ દાખું સાંભળ સાહેલી.
રજની ઘટીને દહાડો મોટો થાયરે સાહેલી;
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૮ જેઠ તો જીવલડો જળવા લાગ્યોરે સાહેલી;
આ કેરીની અણળાનો આનંદ ભાગ્યો સાંભળ સાહેલી.
પગ દાઝે તો મોજડીઓ લઉ ઘાલુંરે સાહેલી:
આ કાળજડું દાઝે તે કેમ કરી ઠારૂંરે સાહેલી;
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી;
૯ આસાડ ચડી આવ્યો છે ઘનઘોરરે સાહેલી,
એ મોટા હરખ ધરીને બોલે મોર સાંભળ સાહેલી.
સુખી કૈથ બંધીખાનામાં આલેરે સાહેલી,
આ પરદેશીના દીલમાં ઓરતો સાલે સાંભળ સાહેલી.
લીલીધર વિધવિધના અન્ન વરાયરે સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૧૦ શ્રાવણમાં મેં શીવ પુજા નહીં કીધીરે સાહેલી,
આ દૈવે મુજને કેદીની કરી દીધી સાંભળ સાહેલી.
ગીત ટળે તો બાઇની જુઠો ચોરરે સાહેલી:
ભાગ્યવંતી જે પીયુ સાથે સોહાયરે સાંભળ સાહેલી.

મારૂં કાળજું બળી ખાખ થાયરે સાહેલી;
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૧૩ ભાદરને ભરજોબન એગે જાયરે સાહેલી.
આ કેહીની બેરીને કેમ સુખ થાય સાંભળ સાહેલી.
નદીએ આવ્યાં પુર જળની પુરરે સાહેલી,
આ પીયુ સાંભળતે આગ જળે છે ઉર સાંભળ સાહેલી;
મોજે બેસી પંખીડાં મલકાયરે સાહેલી;
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૧૨ દીવાળીના દહાડા આસો માસરે સાહેલી;
આ કેહીની બાઈરી તો નીત ઉદાસ સાંભળ સાહેલી.
રમે જમેને ધરે નવા શણગાર રે સાહેલી;
આ કેહીની નારીને નયણે જળધાર સાંભળ સાહેલી.
સુખવંતી હસી મળીને ગરબા ગાયરે સાહેલી;
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
માસ અધીકમાં અધીક ધણે શું કહીએરે સાહેલી;
આ પીયુ બંધીઆને એકલાં કેમ રહીએરે સાહેલી.
એ વરથી મુજને છોડાવા ધાયરે સાહેલી;
તો દલપતના સ્વામીને લાગુ પાય સાંભળ સાહેલી.

પતિને પરદેશ ન જવા વિષેના મહીના.

(ઓધવજી સંદેશો કેજો શામને. એ રાગ.)

કારતક મહીને અબળા કહેછે કંથને, હવે શીઆળો આવ્યો સ્વામીનાથજો;
હીમાળ વા વાયેરે હલકી ટાઢમાં, શું શોધો પરદેશ જવાનો સાથ જો;
એ મહીને નવ જઈએ પીયુ પરદેશમાં.
માગશર મહીને હોંશ ઘણી મન માહરે, રશીયા રમ્યાવી માજમ રાતજો;
ઘુમટડો કહાડી ઘર આગળ ફરૂં, પીયુ મેલો પરદેશ જવાની વાતજો;

એ મહિને નવ જઇએ પીયુ પરદેશમાં. ૨

પોસે જે અબળાને પીયુરે પરહરી, તે નારીનાં પુરણ મળીયાં પાપજો.
સાસરીએ રહીને તે શાં સુખ ભોગવે, મૈયરમાં નવ ગોઠે માને બાપજો.
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૩

માહા મહીયે ન કરીએ નાથ મુસાફરી, ઘઉં સાટે જઇ લાવો ખોરીજારજો:
વ્હેંચીને જમશુંરે મારા વાલમા, જરૂર નહી જાવા દઉં ઘરથી બહારજો.
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૪

ફાગ રમે ફાગણમાં નરને નારીઓ, ઘેર ઘેર નૌતમ કૌતક નવલાં થાયજો;
જે નારીનો નાવલીઓ નાશી ગયો, કહો તેણે કેમ નજરે જોયું જાયજો.
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૫

ચૈતરમાં ચતુરને પંથ ન ચાલવું, જે ઘેર નારી હોયે ચતુર સુજાણ જો;
વ્હાલપણે વચનેરે પીયુને વશ કરે, નીરધાર્યું તે પડતું રહે પરીઆણજો.
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૬

વાવલીયા વારે પીયુ વૈશાખના, રજ ઉડેને માણેક મેલું થાય જો;
નથનીનું મોતી હીરો હારનો, કહે પરહાયે તે કયમ ધીર્યો જાય જો.
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૭

જેઠે તો પરદેશ જોવું દોહલું, ઘામ ધીકે ને વા જેવી લુ વાય જો;
કોમળ છે કાયારે મારા કંથની; વણુસીંચ્યાં જેમ ફુલડીયાં કરમાય જો.
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૮

અંબરઘન છાયોરે માસ અસાડમાં, મોર બોલે ને મેહ વરસે મુશળધારજો;
ચંચરાને કાદવની મચી છે મેદની; પંખી માળા ઘાલે ઠારો ઠાર જો.
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં ૯

શ્રાવણ શીવ પુજીને મુખે માગીએ, વાલાનો નવ થાજો કદી વિયોગ જો;
ઉમીઆના સ્વામીજી આપો એટલું, સાસુના જાયાનો નિત્ય સંજોગ જો. ..

એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૧૦
ભાદરવો જોબનનો ફરી અહીં મળે, વહી જાશે જેમ નદીઓ કેરાં નીરજો;
એ વારે દીવસ એળે નવ કહાડીએ, વાત વિચારી જુઓ નણંદના વીરજો.
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૧૧
આસોના દીવસો અતિ રળીઆમણા, ખાવું પીવું કરવા નવલા ખેલજો;
ભેગાં બેશી જમીએ રમીએ સોગટે, છાતીમાં બીડીને રાખું છેલજો.
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૧૨
માસ અધીકમાં અધીકપણે શુ કીજીયે, રહો જોડીને નેણ સંગાથે નેણજો;
જેમ ન છુટે જુટો કાચ બીલોરનો, દાસ દયાના પ્રીતમ જાણ પ્રવિણજો.
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૧૩

ગરબીઓ રાસલીલાની.

ગરબી.

(ઠગમાં તે ઠરેરે જગમાં જે જન બોલે જુઠું એ રાગ.)

વનમાં લઇ જઇ રે, મુજને ભુલાવી કાનુડે. ટેક.
આંખતણે અણસારે મુજને, સાન કરી સમજાવી;
મેં જાણ્યું આજ રજની, હેત કરી બોલાવી. વન૦ ૧
મંદીરથી હું બહાર નીસરી, આવી એની પાસે;
કર ઝાલી મુજને લેઈ ચાલ્યો, જાણ્યું કંઇ લઈ જાશે. વન૦ ૨
અંધારા વનમાં ઊભી રાખી, કહ્યું ખાવા કંઈ લાવું;
સામગ્રી બહુ ભત ભાતની, જલદીથી લઈ આવું. વન૦ ૩
એમ કહી આ મારગ ચાલ્યો, બોલી વેણ રસાળું;
વાટ જોતામાં રાત પડી ગઇ, ઊભી રસ્તો નિહાળું. વન૦ ૪

ઘન ગાજેરે ઘોર અંધારી, રાતે વીજળી ચમકે;
હું ગભરાણી કંઇ ના સુજે, કાળજકું માહારૂં ફટકે. વ૦ ૫
દાદુર મોર બપઇયાં બોલે, ઝરમર મેઉલો વરસે.
વન વગડામાં હું એકલી, પીયુ વિના જીવ તરસે. વ૦ ૬
વહેની જવાળા શરીરે બ્યાપી, તેથી થઇ હું ઘેલી;
એક દુઃખમાં બીજું થયું બાઈ, વરસાદે કરી હેલી. વ૦ ૭
ચાર પહોર રાતે અથડાણી, ના રહી દુઃખની બાકી;
મયારામના પ્રીતમ સારૂં, ફરી ફરી હું થાકી. વ૦ ૮

ગરબી ૨ જી. રાગ ઉપરનો.

હું તો એકલીરે, મુજને અઘોર વનમાં મે'લી, ટેક.
ગભરાણી મારગના સુજે, અકળાએ જીવ જાશે;
અરે દૈવ તેં આ શું કીધું, પુંઠે વાગો થાશે. હું તો૦ ૧
વેરણ મારી થાવડી મને પેહેલેથી ના મારી:
ઉછેરીને મોટી કરી, ત્યારે સંગ થયો ગીરધારી. હું તો૦ ૨
ત્યારે મુજને વનમાં લાવ્યો, આ સુખને હું પામી;
કોની આગળ કરૂં વારતા. દુઃખની ના રહી ખામી. હું તો૦ ૩
શું કરૂં હવે કે'ની પાસે, જઇ વીસામો ખાવું;
રેણી નિરગમી રવિ પ્રગટ થાએ. મારગ ચાલી જાવું. હું તો૦ ૪
શું જાણી એ કંઈ ગયો, મુને વન વગડામાં મેલી;
મુજ સરખી રસ્તે મળી, કોઈ સુઘડ નાર અલબેલી. હું તો૦ ૫
તેની વાંસે ગયો હરી, એ કપટી કુંજ વિહારી;
માયારામનો પ્રિતમ પ્યારો, થઇ ગયો વ્યભિચારી. હું તો૦ ૬

ગરબી ૩ જી.

મુજને દગો કયોરે, પેલા નંદજીના છૈયે. ટેક.
માત તાતનું કહ્યું ન માન્યું, ન કર્યું કોઈનું વાર્યું;
અઘોર વનમાં તેડી લાવી, કર્યું પોતાનું ધાર્યું. મુજ૦ ૧
મારાથી છળભેદ કરીને, ક્યાં ગયો શું જાણું;
રાત દીવસ વનમાં આથડવું ધીરજ કેઇ પેર આણું. મુજ૦ ૨
અરે વીશ્વંભર આ શું કીધું, કોઈ નારે ભરમાવ્યો;
વહાલપણામાં વેર કરીને, ગયો તે પાછો નાવ્યો. મુજ૦ ૩
તેનો શોચ ઘણોરે મુજને, મનમાં સમજી રહીએ;
સુખદુઃખ કરમે ભોગવવું તે, કોની આગળ કહીએ. મુજ૦ ૪
શાને કાજે વેરી થઇને, આ વિશ્વમાંય ભમાવી;
રસ્તે દુઃખ પામું ઘણું એને દયાં કાંઇ ના આવી. મુજ૦ ૫
એવો નીર્દય થઇ ગયો, એને શીખામણ કોણ આપે;
શોક સમુદ્રમાં હું પડી, મારૂં કાળજડું કાં કાંપે. મુજ૦ ૬
હે પરમેશ્વર કહું છું તુજને, મહારે તે શું કરવું;
અકળામણ આવે ઘણી, આ જીવ્યાથી ભલું મરવું. મુજ૦ ૭
એક વિચાર મનમાં કરૂં, જઉં વંદ્રાવનની વાટે;
માયારામ પ્રીતમ મળશે, જમુનાજીને ઘાટે. મુજ૦ ૮

ગરબી ૪ થી.

કાનો ક્યાં ગયોરે અહીંયાં કોણ અમારૂં બેલી. ટેક.
બીક ઘણેરી લાગે મુજને, નીંદ્રા નાવે જાચું;
ગિરીવરધારી કુંજ વિહારી. ચરણે એને જાચું. કાનો૦ ૧

શ્રી નારાયણ શ્રી પુરૂષોત્તમ, વારે મારી ધાજે;
આ વનમાં અંધારી રાતે, સહાય આવીને થાજે. કાનો૦ ૨
રૂદન કરતાં રવિ પ્રગટ થયોને, લાગી તાલાવેલી;
ઘેર જતાં ઘરનાં સૌ પુછે, ગઈતી કહાં એકેલી. કાનો૦ ૩
કશુંબે રંગેલી તાહારી, સાડી ચરણાં ચોળી;
વરસાદે ભીજાઈને આવી, કોણે રંગમાં રોળી. કાનો૦ ૪
તે સારૂં હું ઘેર જઉં કેમ, એ દશા નવ સુંજે:
કોની આગળ કરૂં વારતા, શરીર થરથર ધુજે. કાનો૦ ૫
એવામાં એક નારી દીઠી, મહી વેચવાને જાતી;
ઉભી રહે બાઈ મારાસમ તુજને, હીંડે છે મદમાતી. કાનો૦ ૬
કરજોડી તુજને પુછુંછું, ખબર હોય તો કહેને.
નંદજીના કુંવરની મુને, ભાળ્ય બતાવી દેને. કાનો૦ ૭
હા બાઇ મેં હમણાં દીઠો તો, કદમ ખંડીની પાસે;
માયારામનો પ્રિતમ તુજને, જલદી ભેગો થાશે. કાનો૦ ૮

ગરબી ૫ મી.

હુંતો ઘેલી થઇ રે, પેલા કાનુડાની સંગે. ટેક.
સૈયર મારી શું કહું તુજને દીલડાં કેરી વાતે;
સાન કરી મુજને તેડી ગયો, મંદીરમાં ધમરાતે. હુંતો૦
શું જાણું એણે શું મુજને ખવડાવ્યું;
શું ચેટક લગાડયું મુજને, તેમાં ચિત ભમાવ્યું, હુંતો ૨
તે દહાડાનું મનડું વટક્યું, કો આગળ જઈ કહીયે;
અહરનીશાં સમરણ કરૂં એનું, એ વિના ક્યમ રહીયે. હુંતો૦ ૩

પરથમથી સહુ વાતો કરતાં, છે કાનુડો કપટી;
મુજને બાળની ભુરકી નાખી, તેમાં ગઇ હું લપટી. કુતો૦ ૪
નાત જાત મરજાદ તજીને, કોઇની બીક ન આણી;
કામ કાજ ઘરધંધો ભુલી, લાલચમાં લોભાણી. કુતો૦ ૫
બેની મારી વાત સાંભળી, કોઇ દયા મન લાવો;
હરેક રીતે એને સમજાવી, મંદીર તેડી લાવો, કુતો૦ ૬
તો એની સંગે રમીને, દુખડાં મારા વામું;
ચેટક મારા ભવનું દુર થઇ, સુખ સાગરને પામુ. કુતો૦ ૭
મુજને મોકલું એ નહિ આવે, એનો નહી વિશ્વાસ;
મયારામના પ્રીતમ વિના, હું ઘણી થઇ ઉદાસ, કુતો૦ ૮

ગરબી ૬ ઠી.

સૈયર શું કહું રે, પેલા કાનુડા કપટીને. ટેક.
કાલ સવાર મંદીર આવી, મુજને બહુ ભરમાવી;
વાતની વાતે ચટકો લાગ્યો, તરત ગયો રીસાઇ. સૈયર૦ ૧
આતે હવે એને શું કહીએ, નથી કરતો મન તોલે;
જાણે પ્રિત વિસારી દીધી, મુને લીધી વણ મોલે. સૈયર૦ ૨
એ થયો એની નથી થાતી, રાખું છું મરજાદ;
મારે અંતર સ્નેહ ભાવ છે, નથી છુટતો નાદ. સૈયર૦ ૩
મારે મન એ પ્રાણ અમારો, એને મન કંઇ નાવે;
પરનારીને મંદીર ભટકે, શાને માન ઘટાવે. સૈયર૦ ૪
કંથ પલંગે પોઢયા પછી હું મધરાતે જાતી;
મારગમાં કંઇ બીક ન આણું, હું કઠણ કરતી છાતી. સૈયર૦ ૫

રંગ રમી હું એને રીઝવા, ભોર થયે ઘેર આવું;
અરસપરસ ઘરનાં ના જાણે, કેટલી વાત છુપાવું. સૈયર૦ ૬
સાસુ સસરો જેઠ જેઠાણી, સઉકો મુજને વારે;
વોવારૂ તમો બહાર ન જાશો, નણદી મેણાં મારે. સૈયર૦ ૭
કઠણ વચન વચન મેં સોનાં સહીને, એ સંગે રહી મળતી;
મયારામના પ્રિતમની હું, ખુશામત નિત કરતી. સૈયર૦ ૮

ગરબી ૭ મી.

એને ના ઘટેરે, મુજને કાનુડે તરછોડી. ટેક.
હે બાઇ તુજને વાત કહું તે, જોને મન વિસારી;
વ્યભીચારીનો સંગ કર્યાથી, થઇ ફજેતી મારી. એને૦ ૧
જ્યારે એને ગરજ હતી ત્યારે, વનમાં તેડી જાતો;
અહનિશા રંગ મારી સાથે, માણી સુખીયો થાતો. એને૦ ૨
સાત પાંચ દસ બાર મળીને, એને કોઇ ભરમાવે.
તે સારૂ મારગમાં જાતાં, બોલું તો ના બોલાવે. એને૦ ૩
નગણા સાથે નેહ કદાપી, કોટી જન્મ ના કરીએ;
તરણાથી હળવી થઇ જઇએ, લોકમાં લાજી મરીએ. એને૦ ૪
પહેલેથી તે આડે ખાડે, કરે પોતાનું ફાવ્યું;
એવા સન્યે પ્રિત કરીને, પાછળથી પસ્તાવું. એને૦ ૫
આવડું વેર તે સાને કાજે. રાખે મારી સાથે;
શો બિગાડ કર્યો મેં એનો, કરે ફજેતી હાથે. એને૦ ૬
રીસે બળતી તુજને કહું બાઇ, કપટીને શું કહીએ;
ભુખ તરસ આ વનમાં વેઠી, નિત એ સંગે જઇએ. એને૦ ૭

તન મન ધન હું એને સોંપી, શરણે રહી છું નારી;
મયારામના પ્રિતમ સાથે સઘળી વાતે હારી. એને૦ ૮

ગરબી ૮ મી.

મુજને દગો કરીરે, પેલો ક્યાં ગયો કાનુડો. ટેક.
પહેલેથી મુજને હેત દેખાડી, કપટે કરતો વાતો;
મુજ સરખી અલબેલી મુકી, પર મંદીરમાં જાતો. મુ૦ ૧
આડું અવળું ઘણું પેહેરૂં, કંઇ નથી ફાવતો લાગ;
ત્હારા સમ જો દેખું વાટમાં, ઉતારી લેઉં પાઘ. મુ૦ ૨
શી એમાં એની તે શોભા, કરતો નથી વિચાર;
દુરિજન વ્રિજના લોક જાણુશે, હાંસી કરશે ધીજનાર. મુ૦ ૩
જ્યારે મારે મંદીર આવે, કર જોડી રહું ઉભી;
કેઇ શોકયે એને ભરમાવ્યો, શા વાંકે મને દુભી. મુ, ૪
એના મનનો હારદ સમજી, વળતો ઉત્તર આપું;
શા માટે નગણો થઇ બેઠો. તન મન એને સોંપ્યું, મુ૦ ૫
માટે જઇ કહેજે કાનાને, થઇ રહેજે હુશીયાર;
લોક લાજની ગરજ હોય તો, મળજે એકજ વાર. મુ૦ ૬
મારા મનમાં એવું આવે, એના ઉપર મરીએ;
નહીતો જોગ ધારણ કરીને, વંદ્રાવનમાં ફરીએ. મુ૦ ૭
બ્હેની મારી વાત સાંભળી, કોઇ દયા મન લાવો;
હરેક બાને એને સમજાવી, મંદીરમાં તેડી લાવો. મુ૦ ૮
એને શીખામણ દેઇ સમજાવે, તેની થઇ રહું દાસી;
મયારામના પ્રિતમની આ, વ્રિજમાં થારી હાંસી. મુ૦ ૯

ગરબી ૬ ઠ્ઠી.

વાલો ક્યાં ગયો રે, મ્હારો સુઘડ સ્નેહી. ટેક.
ચાર ઘડી પહેલો અહીં આવી, મુજને દેખા દીધી;
કોઇ ઠગણી એને લેઇને, આ રસ્તે ગઇ સીધી. વાલો૦ ૧
મારી નજરે એતો ચાલ્યો, વંદ્રાવનની વાટે;
હું પણ એની પુંઠળ ગઇતી, જમનાજીને ઘાટે. વાલો૦ ૨
બંસીબટના ચોકમાં જોયું, જોયું કુંજ ગલનમાં;
મેં એને નજરે ના દીઠો, પાછી આવી ઘરમાં. વાલો૦ ૩
બાળપણાની પ્રિત એ સાથે, શી રીતે રહું અળગી;
તન મન ધન એને સોંપ્યું છે, તેથી રહી હું વળગી, વાલો૦ ૪
ચંદ્રભાગા ચંદ્રાવળી તમને, વાત કહું સાંભળજો:
લલિતાને જઇ એટલું કહેજો, જઇ કાનાને મળજો, વાલો૦ ૫
જે રીતે સમજે તે રીતે, સમજાવીને લાવો;
તાહરો ગુણ હું નહિ વિસરૂં, ઝટપટ વહેલા આવો, વાલો૦ ૬
એટલું કહેતાં નહિ આવે તો, શું છે એનું કામ;
જાતે જઇ કર ઝાલી લાવું. વળતી મારે ધામ. વાલો૦ ૭
શું કરૂં વચને બંધાણિ, મારે એની આશ;
મયારામના પ્રિતમની હું, વણ મુલે લીધી દાસ. વાલો૦ ૮

મહાકાળીનો ગરબો.

પાવા તે ઘઢથી ઉતર્યા મહાકાળીરે;
મા પરવરીયાં ગુજરાત પાવાવાળીરે, ૧
મા સોળ કરો શણગાર મહાકાળીરે;

માની ઓઢણી ઝાકઝમાળ પાવાવાળીરે. ૨
મા કાંબીને કડલાં શોભતાં મહાકાળીરે,
માને ઝાંઝરનો ઝમકાર પાવાવાળીરે. ૩
માને બાહે બાજુબંધ બેરખાં મહાકાળીરે,
માને દસે આંગળીએ વેઢ પાવાવાળીરે. ૪
માને કાલને ઝુમણું શોભતું મહાકાળીરે;
માને કંઠે એકાવળ હાર પાવાવાળીરે, ૫
માને નાકે નકવેસર શોભતું મહાકાળીરે;
માને ટીલડી તપે લેલાટ પાવાવાળીરે. ૬
માને સેંથો ભર્યો સીંદુરનો મહાકાળીરે;
માનો ચોટલો વશીયલ નાગ પાવાવાળીરે, ૭
મા ચોસઠ બેની તેડાવશું મહાકાળીરે;
મા સાથે કેયલ વીર પાવાવાળીરે; ૮
મા ફુલના દડા હાથમાં મહાકાળીરે;
મા પરવરીયાં ગુજરાત પાવાવાળીરે. ૯
મા પડુ પરગણું તાહરૂં મહાકાળીરે;
મા ગુજર ખંડમાં ગામ પાવાવાળીરે. ૧૦
મા શનખલપુર સોહામણું મહાકાળીરે;
માનો તેને ટાંડે પુર વાસ પાવાવાળીરે, ૧૧
મા સરવે મળીને કરી સ્થાપના મહાકાળીરે;
માજી માનસરોવર માંય પાવાવાળીરે; ૧૨
મા કુડીયાતે સજ કર્યા મહાકાળીરે;
મા થયાં તે ઘડી અસ્વાર પાવાવાળીરે. ૧૩

મા કેસરી વાઘા પહેરીયા મહાકાળીરે;
મા લીધું અમર ભાલું હાથ પાવાવાળીરે. ૧૪
મા રમતાં રમતાં નીસર્યાં મહાકાળીરે;
આવ્યાં માન સરોવર પાસ પાવાવાળીરે. ૧૫
મા સાથે લશ્કર ચાર કુતરી મહાકાળીરે;
આવ્યાં માનસરોવર માંય પાવાવાળીરે. ૧૬
માન સરોવર તલાવડી મહાકાળીરે.
તેમાં ભરીયાં નિરમળ નીર પાવાવાળીરે. ૧૭
માએ ઉતરીને કીધાં વેતાયાં મહાકાળીરે;
માએ નાહિને પીધું નીર પાવાવાળીરે; ૧૮
મા ઘોડીનો ઘોડો થયો મહાકાળીરે;
મા અસ્ત્રીમાંથી પુરૂષ પાવાવાળીરે, ૧૯
માનો પટંતરો ત્યાંથી થયો મહાકાળીરે;
માનો પૃથ્વીમા મહીમા પાવાવાળીરે. ૨૦
મા હિન્દુ કેરા દેવતા મહાકાળીરે,
બળધારી બહુચર માય પાવાવાળીરે, ૨૧
મા લીલા તે નેજા ફરકે મહાકાળીરે;
આવી મુગલા કેરી ફોજ પાવાવાળીરે. ૨૨
મા બહુચરમાં એમ બોલીયાં મહાકાળીરે;
અરધા માં [illegible] મારૂં નામ પાવાવાળીરે. ૨૩
મા મુગલે વાત મનમાં ધરી મહાકાળીરે:
ચડી મુગલા કેરી ફોજ પાવાવાળીરે. ૨૪
મા બહુચર માના મગલા મહાકાળીરે;
તે તળીયા તાવી માંય પાવાવાળીરે. ૨૫

કુકડીઆ ભોજન કીધાં મહાકાળીરે;
પછી ચહડી તે માને રીસ પાવાવાળીરે. ૨૬
મા મુઆના તે મરગલા બોલીયા મહાકાળીરે;
આ અસુર તણાં ઘટ માંય પાવાવાળીરે. ૨૭
મા બહુચરમા તમે કોપીયાં મહાકાળીરે;
પછી માજી થયાં અસ્વાર પાવાવાળીરે. ૨૮
મા ત્રીશુર લીધું હાથમાં મહાકાળીરે;
મા કીધો અસુર તણો નાશ પાવાવાળીરે. ૨૯
મા કુદી ઘોડો મારીઓ મહાકાળીરે;
મા હાથી પાડ્યો એક પાવાવાળીરે. ૩૦
મા મોટો મુગલ એક મારીયો મહાકાળીરે;
બીજા મુગલોનો નહી પાર પાવાવાળીરે. ૩૧
મા બળ કરી મુગલ મારીયા મહાકાળીરે;
માર્યો પાચ્છાનો ભાણેજ પાવાવાળીરે ૩૨
મા સામે થયું સહુ એકઠું મહાકાળીરે;
મા ચાલ્યાં તે મુગલ પાસ પાવાવાળીરે. ૩૩
તેં મારૂં તે વાર્યું નવ કર્યું મહાકાળીરે;
તેં હાથે વસાવ્યું વેર પાવાવાળીરે. ૩૪
ત્યાં હાથ જોડીને આવીઆ મહાકાળીરે;
માને લળી લળી લાગે પાય પાવાવાળીરે. ૩૫
મા સોનાના ઘડાવું કુકડા મહાકાળીરે;
મા લાવું મંડપ માંય પાવાવાળીરે. ૩૬
મા તારૂ દેવળ ફરી ચણાવું મહાકાળીરે;

મા ઉપર ધોળી ધજાય પાવાવાળી. ૩૭
મા તારો ચાચર સાધવું મહાકાળીરે;
કહે વલ્લભ કોડે બાંધશું પાવાવાળીરે. ૩૮

શારદાના મહીના.

રાગ સંદેશાનો.

આસો માસે સમરૂ માતા સરસ્વતી, વાસ વસો જીંહ્વાએ આપી માતજો;
નરનારીને નવરાત્રી મન માનતી, રજની દીવસ હદે સહુનાં રળીઆતજો;
સેવક થઇ સમરૂ માતા શારદા. ૧
કારતક માસે પંડીત કાળીદાસની, વામી જીભે આપ્યું માતા વરદાન જો;
અમરત ચોઘડીએ જાણે તે અવતર્યો, અમર થયોને અમર કર્યાં રાજાનેજો;
માગશરે માતા મળવાની આશ છે, અલબેલી તું પુર અમારા કોડજો;
જગદંબા છોજી જીભે જશદાયની, આપ પ્રતાપે નાવે ખાંપણ ખોડજો. ૩
પોષે પંડીત પામ્યા પ્રખ્યાતી કંઇ, તે સઘળો છે માવડી તુજ પ્રતાપજો;
પાર ન પામીયા શેષ મહેષ બ્રહ્મા, કહી ગયા તે વેદ પુરાણે છાપજો, ૪
માહે પંડીત માઘ થઇ ગયો મલપતો, તેને નામે મહીનો લખીયો મેઘજો;
વળી પાંચમ દીન પ્રગટી વસંતપંચમી, દીન રજની નવ લાગ્યો એક ડાઘજો
ફાગણ માસે હોળી આવી ફાલતી, રસ બીભત્સને સુખે વહેરી ચીરથી-૬
ચઇતરે ચીત ચોટયું છે તુજ ચરણમાં, વરણ વરણમાં કરતું તારો વાસજો;
શરણે શેવક આવ્યો તે ઉગાર તું, દીનદયાળી હું છું તારો દાસજો. ૭
વઇશાખે વીપત વિદારો વિશ્વની એટલું, માગુ અંતર અતી અકળાયજો;
તું માંતા પીતા છું ઓ માવડી, તું રીઝે તો કરે રંકને રાયજો. ૮
જેઠે તાપ તપે મારૂં તનડું તપે, શીતળ કરીને છાંટો ઠંડું નીરજો;
અમરત પાઇ ઉછેરો માતા માહરી, ભવની તો ભાગો મારી ભીડજો. ૯

અસાડ મહીને છોડ અસાડી આપને, જાણો માજી જન્મો જન્મ જરૂરજો;
ઘન ગરજે ને વળી ઝબ્કે વીજળી, દ્રષ્ટી તારી થયી હું નથી દુરજો. ૧૦
શ્રાવણ માસે સેવું ને સમરૂ સદા, તેપર માતા ધરૂં તારૂં ધ્યાનજો;
રસ બસ કર રસથી ભરપુર તું, વળી માગું એ વરદાનજો, ૧૧
ભાદરવે ભલી ભાત ભજાવો ભક્તની, ભારે ભારે મોજ ભણે વૈભોગજો;
એવીજ છે ઇચ્છા મા મારે અંતરે; મનમોહનને રીઝે સજ્જન લોકજો. ૧૨

બહુચરાજીના મહીના

શીવશંકર ભોળા એ રાગ.

ચઇતરે ચિત્ત ઘણું બાંધ્યું, નમી નમી બહુચર આરાધું;
મન મારૂં ગોખે જઇ લાગ્યું, શેવોને સંખલપુર રાણી. ૧
વઇશાખે વાવલીઆ વાયા, માજીના ગઢ ભણી આયા;
અંબાજીની મોટી છે માયા, શેવોને સંખલપુર રાણી. ૨
જેઠે તો જુગતી છે સારી, હરી હર બ્રહ્મ થકી ન્યારી;
જાઉં ગોખ ઉપર બલીહારી. ૩
અશાડે તો મેઘ ઘણા ગાજે, છતર શીર બહુચરને છાજે;
ચાર પહોર ચોઘડીઆ વાજે. ૪
શ્રાવણ શરવડીએ વરશે, માજીને ભજશે તે તરશે;
નક્કી બીજા અથડાઇ મરશે. ૫
ભાદરવો ભલી પેરે ગાજે, સેવકને સન્મુખે થાજે:
બુડતાં બાવલડી સાજે. ૬
આસો માસે આવી દીવાળી, આવ્યા છે અંબા ને કાળી;
ગરબો રમો બહુચરબાળી. ૭

કારતકે કોયલડી બોલે, ન આવે મારી માતની તોલે;
વે જોતાં ત્રણે ભોવન ડોલે. ૮
માગશરે સરોવરમાં નાહયે, ચાચર આવી ગરબા તો ગાયે;
સેવકની મા કરજો સાયે. ૯
પોષે પ્રીત ઘણી ધારી' પાંડવ પાંચે લીધા ઉગારી;
કૌરવ સર્વે ગયા હારી. ૧૦
માહે તો મને નથી ગમતું, મન મારૂં છેરે ભમતું;
મન મારૂં માજીમાં રમતું. ૧૧
ફાગણે ફેર ફરે હોળી, પેહેર્યા માએ ચરણાં ને ચોળી;
કેસર બહુ છાંટયા છે ગોળી, ૧૨
બારે માસ પુરણ કીધા, દહીતને દંડ ભલા દીધા;
અમર સૌએ ઉગારી લીધા. ૧૩
આસો સુદ બીજ ને બુધવારે, બારે માસ થયા નીરધારે;
વલભની ચડજો મા વારે, શેવોને સંખલપુર રાણી

જીવણપ્રાણના મહિના.

રથ આવ્યા અક્રૂરના, છુટા દે દરબાર;
રૂદન કરે છે સુંદરી, વળી જુએ છે વાટ.
રથ જોડીને રાધવ ચાલ્યારે, મથુરાના તે મારગ ઝાલ્યારે;
વ્હાલો ઠાકોર વળી જુએરે, નેણ ભરેને રાધકા રૂએરે.
મારા બાળા તે પણ બેલીરે, શું જાઓ છો માયા મેલીરે;
જીવન પ્રાણ છો, આત્મારામ છો. ટેક,
કારતક મહીને કંથ સીધાવ્યા, રહી ન શકે નારી;

અંતર જામી નથી અજાણ્યા, હસી ઉઠયા રહી હારી.
એં તો શંભુની તો સેવના ન કીધીરે;
મારી હરીએ દયાતની દીધીરે, જીવનપ્રાણ તો આત્મારામ છો. ૧
માગશર મહીને મેલી ગયા, જઇ બેઠા જગદીશ,
કોઇ સંદેશો લાવે શામનો, તેને ચરણે નમાવું શીશ;
તેને ચરણે નમાવું શીશરે, કોઇ દેખાડો જગદીશરે,
હું રાંધું રસોઈ બતરીશરે, જીવન:પ્રાણ છો આત્મારામ છો. ૨
પોષ મહીનાની પ્રીતડી, જોબનની જંજાળ,
જમણ હતા તે જમી ગયા, ઠાલા મેલ્યા થાળ;
હરીએ ઠાલા તે મેલ્યા થાળરે, એવી જોબન તણી જંજાળરે,
મારી જાય જુવાની બાળરે, જીવન પ્રાણ છો આત્મારામ છો. ૩
માહા મહીનાની ટાઢડી, અતી રાતે અંધકાર;
આંસુ લોચન વહી ગયાં, વરસે શ્રોણીત ધાર;
મને વહેની તે વેદના થાયરે, હુંથી એકલડાં ન રહેવાયરે,
મારી થરથર કંપે કાયરે, જીવણ પ્રાણ છો આત્મારામ છો; ૪
ફાગણ ફુલ્યો ફુલડે, રમતા રાધવરાય,
ઓસુ ફુલે સુંદરી હરી, તજી ગયા જમણી બહાય;
વહાલો સોળસે ગોપીઓ માયરે, કાનુડાને કાંઇ ન કહેવાયરે,
વહાલો મુકી ગયો વન માંયરે, જીવન પ્રાણ છો આત્મારામ છો. ૫
ચઇતર ચંપો ફાલીયો, પીપળ આવ્યાં પાન,
નાચ્યો નાગર નાવલો, મને તેનું લાગ્યું છે તાન;
મને તેનું લાગ્યું છે તાનરે, મને હરિ ભજ્યાની હામરે;
કોઈ દેખાડો શ્રીરામરે, જીવન પ્રાણ છો આત્મારામ છો. ૬

વઈશાખે વાય વાવલાં મુખનું ઉડયું નુર,
તાપ તપે તનડું તપે, હરી મેલી ગયા છે દુર;
એવો આવ્યો છે માથે ઉનાળોરે, એવો કપટી કાનુડો કાલોરે,
મને મુકી ગયો મોરલીવાળોરે, જીવન પ્રાણ છો આત્મારામ છો. ૭
જેઠે જાણ્યું આવશે. વેગે વીઠલરાય;
ચંદન ઘોળું વાટકે, વીંઝણે ઢોળું વાય;
હરીને વીંઝણે ઢોળું વાયરે, મારી ઘડી પલક જુગ જાયરે,
મારા કાળજામાં કાંઈ થાયરે, જીવણ પ્રાણ છો આત્મારામ છો. ૮
અશાડ ચમકે વીજળી, ઘન ગરજે ઘમ ઘોર,
આંસુડે ભીંજાય મારી ચુંદડી, મીઠા બોલે મોરરે;
એવા મીઠડા બોલે મોરરે, કરે બપૈયાં કલોલરે,
મારૂં જાગે જોબનનું જોરરે, જીવન પ્રાણ છો આત્મારામ છો. ૯
શ્રાવણ વરશે સરવડીએ, નહાવું નિર્મળ નીર,
પેહેર્યાં પીતાંબર પોતીયાં, ઓઢણ આછાં ચીર;
હરી ઓઢણ આછાં ચીરરે, આણે ના'તાં જમનાં તીરરે,
એવા હળતાં શીત શરીરરે, જીવન પ્રાણ છો આત્મારામ છો. ૧૦
ભાદરવો ભલો ગાજીઓ, પણ નાવ્યા બળવીર,
ચીર રહતાં તે હરી ગયા, મારૂં શાણે ઢાંકું શરીર;
મારી પહોચે નજર નહી નાખીરે, વહાલે ભરવાડની ગતી રાખીરે,
શામળીએ ન જોયું ઝાંખીરે, જીવન પ્રાણ છો, આત્મારામ છો. ૧૧
આસો માસ ભલો આવીઓ, સઉની પુરી આશ;
તોરણ બાંધ્યા ટોડલે, અને ગાય હરી જન દાસ;
ઘેર ઘેર મંગળ ગાયરે, ત્યાં થેઈ થેઈ થેઈકાર થાયરે,
શ્રોતા વક્તાનાં સંકટ જાયરે, જીવન પ્રાણ છો આત્મારામ છો. ૧૨

નંદલાલના મહિના.

આવોને નંદલાલા, રમવા આવોનેરે;
નીરભે થયા છે નાથ, રમવા આવોનેરે;
કારતક મેંતે કરડેરે કાઢયો, ભરદરીએ જેમ જહાજ; રમવા૦ ૧
માગશર મહીને મારગડેરે મેલી, હવે અમારૂ કોણુ છે બેલી;
ગીરધર વીના થઇ ઘેલી. રમવા૦ ૨
પોષ માસે જીવન પ્રાણુ તજુ છું, લોકડીયાની લાજ લોપું છું;
સંસાર ત્યાજ કરૂં છું. રમવા૦ ૩
મહા મહીને મંદીઆંરે સુનાં, હરી વીના આસનીયાંરે સુનાં;
વહાલા વીના જાય છે જોબનીઆં. રમવા૦ ૪
ફાગણે ફગફગતી હોળી, અબીલ ગુલાલે ભરાવુંરે ઝોળી;
વહાલા વીણુ ખેલે કોણુ હોળી. રમવા૦ ૫
ચઇતરે મને ચીંતારે લાગી, સુતી સેજલડીમાંથી ઝબકીને જાગી;
વહાલાની લેહ લાગી. રમવા૦ ૬
વઇશાખે વાવલીઆ વાયા, આંખ ઉઘાડી ચોદીશે જોયા;
આંસુ પાલવડે લોયાં. રમવા૦ ૭
જેઠ માસે જગજીવન આવે, વઇષ્ણુવ સરવે વધામણી લાવે;
વહાલો મારો કાંઇ ન કહાવે. રમવા૦ ૮
અશાડે હું અબળા નારી, જોબન હરીચે પુર છે ભારી;
પીયુના વચને વીસારી. રમવા૦ ૯
શ્રાવણુ તો શરવડીએ વરશે, નદીએ નીર ઘણેરાં ઢળશે;
વહાલો મારો શી રીતે ઉતરશે. રમવા૦ ૧૦
ભાદરવો ભરદરીએ ગાજે, લીલાં વન નવ પલ્લવ છાજે;
વહાલો મારો કાંઇ નવ લાજે. રમવા૦ ૧૧

આસો માસ આવે દીવાળી, લોક વંણે સહુ શેવ સુંવાળી;
[illegible] વીના તે જમે કોણ વાળી. રમવા૦ ૧૨

પંદર તથી.

પડવાની મુણ પ્રીત ગત મત ભુલીરે,
મારા હરી વીના એક વાત સરવે સુનીરે. ૧
બીજે બાલે વેશ રહી શું બાળારે.
આ ઘરમાં કેમ રહેવાય વાગે તાળીરે. ૨
ત્રીજે ત્રીભુવનરાય રાજ પધારોરે,
હરી આવોને આપણે ગેર હેત વધારોરે. ૩
ચોથે ચચળ નાર ચતુરા ચાલેરે,
પેલો વડોદરાનો વૈદ દુઃખડાં ટાળેરે. ૪
પાંચમના પદડા હરીશું રાખ્યારે,
મારે પ્રેમ રસ પીવા કાજ હરી રસ ચાખ્યારે. ૫
છઠીના લખીઆ લેખ તે તો કેમ ટસશેરે,
મારે પેલા ભવની પ્રીત આવી મળશેરે. ૬
સાતમના સંતાપ હરી શું અમનેરે;
આ શું કહીએ મહારાજ લાજ નહીં તમનેરે. ૭
આઠમે ઓચ્છવ થાય હરી હોય હેલીરે.
મારે સોળ ગોપીઓને સાથ રમવા ઘેલીરે. ૮
નોમે નમેરા નાથ નમેરા ના થઈયેરે,
આ ગોકુળીયું મેલી મથુરાં ના જઈએરે. ૯
દશમે દીન રાત દેહી મારે દાઝેરે,
મારે નાવલીયો રીસાય તે ઘણું સાલેરે. ૧૦
એકાદશીનાં વ્રત મારે કરવાંરે,

શ્રી જમનાજીનાં ધ્યાન મારે ધરવાંરે. ૧૧
દ્વાદશીને દાહડે દરશન અમને દેજોરે,
મારા સાગળીયા ભગવાન સનમુખ રહેજોરે. ૧૨
તેરશના તો તંત આ મારા તુટયારે,
આ હરી હરી કરતાં હોઠ અમારા સુકયારે. ૧૩
ચૌદશે તો ચતુર નર વાહાયારે,
ઘેર રાધા સરખી નાર શું રીસાયરે. ૧૪
પુનમે તો પંદર તથો પુરી થઈ કહાવેરે.
મુને સેજલડીએ સુતાં નીદ્રા ના આવેરે. ૧૫

પંદર તીથીઓ.

પુનમે અમને પુરણ દરશન દેજોરે છોગાળા,
દયા કરી મારી દેહનાં દુઃખડાં ખોજોરે મોરલીવાળા. ૧
પડવે આવી પકડો મારી બાયરે છોગાળા,
કોઇ સતગુરૂની શીતળ રાખો છાંયરે મોરલીવાળા. ૨
ત્રીજે હું તો તત્પર થઇને બેઠીરે છોગાળા,
મુખથી વાણી લાગી મુજને માઠીરે મોરલીવાળા. ૩
ચોથે ચતુરા શું ગયા છો ચુકીરે છોગાળા.
કાંઇ લહે લાગી મેં લાજ સરવની મુકીરે મોરલીવાળા. ૪
પાંચમે પુરણ વરતિ કહેવાયરે છોગાળા,
મુજથી હરિ વિના ઘડીએ ના રહેવાય મોરલીવાળા. ૫
છઠ્ઠીના લખ્યા લેખ તે કેમ ટળશેરે છોગાળા,
મુજ પ્રતિવ્રતાનાં કારજ કરવા પડશેરે મોરલીવાળા. ૬
સાતમે હું ગુણ તમારા ગાતીરે છોગાળા,
આ મોરલીને શબ્દે હીંડું છું વાહાતીરે મોરલીવાળા. ૭

આઠમે અવતરીઆ અંતરજામીરે છોગાળા,
જાદવ કુળમાં જન્મ્યા છે અંતરજામીરે મોરલીવાળા. ૮
મુજ મંગળવાથી નરપતિનાં કામરે છોગળા,
મુજ મંગળવાથી ગયા મથુરાં ગામરે મોરલીવાળા. ૯
દશમે દાવાનળ આવી કોપ્યારે છોગાળા,
કાંઇ મામોકંસ મારીને રણસ્થંભ રોપ્યોરે મોરલીવાળાં. ૧૦
આરસે વંદ્રાવન રસ્તો ઝાલ્યોરે છોગાળા,
મુજ અપુથ જીવન શું મેલો છો વીલોરે મોરલીવાળા. ૧૧
તેરશે કાંઇ ચરણ કમળની દાસીરે છોગાળા,
કાંઇ જનમો જનમની ભક્તિ તમારી માગુંરે મોરલીવાળા. ૧૨
ચૌદશે કાંઇ ચરણ કમળની દાસીરે છોગાળા,
મુજ મંગળવાથી ગયા મથુરાં નાશીરે મોરલીવાળા. ૧૩
અમાંસે કાંઇ ધરણીધર કહેવાયરે છોગાળા,
કાંઈ નરસીંહ મહેતો ગુણ તમારા ગાયરે મોરલીવાળા. ૧૪

પંદર તીથીઓ.

હરી હઠ મેલને રાધે, મેરી સંગ બોલને રાધે,
અબોલા બોલને રાધે, ઘુંઘટડા ખોલને રાધે;
ક્યા મેરા માનને રાધે. હરી હઠ. ૧
પડવે મોરી સાહેલડી; પીયુજી વાડીએ જાય;
પીયુજી લાવે દાડમ, ગોરી છોલેને પીયુજી ખાય;
બીજે મોરી સાહેલડી, બાબીજ ઉગ્યો ચંદ;
દાડમ ફેર દંતડે ગોરી, આ શો માંડયો ફંદ. હરી હઠ. ૩
ત્રીજે મોરી સાહેલડી, તરીઆજ વારોવાર,
આ શું લુથી સુંદરી, કંકુને કાજળ સાર. હરી હઠ. ૪

ચોથે ચમકતી મેં સુણી, જોબન બાજે વેશ;
ભરજોબનમાં એકલી, જેના પીયુ ગયા પરદેશ. હરી હ઼ઠ. ૫
પાંચમે મેરી સાહેલડી, પંથ પલંગ કંથ દુર;
ભરજોબનમાં એકલી, મારૂ જોબન જાય ભરપુર હરી હ઼ઠ. ૬
છઠે મોરી સાહેલડી, છઠીજ વારોવાર;
પરદેશી રાજ પધારશે, આપણે બેસીશું હારોહાર, હરી હ઼ઠ. ૭
સાતમે મોરી સાહેલડી, સાથેજ કીધો સ્નેહ;
ચોમાસાની રત ચીકણી, ઝીણા ઝરમર વરસે મેહ. હરી હ઼ઠ. ૮
આઠમે મોરી સાહેલડી આઠજ જોડાજોડ;
પરદેશી રાજ પધારશે, આપણુ બેસીશું મોડામોડ. હરી હ઼ઠ. ૯
નોમે મોરી સાહેલડી. નવલાંજ પહેરૂં ચીર;
દીપક લેઈ મેડે ચડું, મારે નયણે વછુટયાં નીર. હરી હ઼ઠ. ૧૦
દશમે મોરી સાહેલડી, દશરા પુજવા જાય;
પુજ્યા તે નર પામીયા, જાદવરાય ભરથાર, હરી હ઼ઠ. ૧૧
અગીઆરશે મોરી સાહેલડી, મેં કીધી શીવરાત;
પરોઢીએ ઉઠી પારણા કરૂં, મરે કૃષ્ણ જોયાની ઘણી ખાંત—હરી. ૧૨
બારશે મોરી સાહેલડી, બારજ બાંધ્યા બંધ;
કસનારા નર કસી ગયા, એતો કદીએ ન છુટે બંધ. હરી હ઼ઠ. ૧૩
તેરશે મોરી સાહેલડી, વાદળ બાંધ્યો રંગ;
ઓસડની મૂળી એક છે, મને ડશીઓ કૃષ્ણ ભોરંગ. હરી હ઼ઠ ૧૪
ચોદશે મોરી સાહેલડી, પાસા લીધા હાથ;
જાણ્યું પડશે પાધરા, એતો પડીઆ બારેવાટ. હરી હ઼ઠ. ૧૫
પુનમે મોરી સાહેલડી, પુરી કરજો આશ;
મેં જાણ્યું હરી આવશે, હવે થઈ બેઠીછું નીરાશ. હરી હ઼ઠ. ૧૬

પંદર તીથીઓ

પડવે પાતળીયા ગીરધારી મારે ઘેર આવજોરે લોલ;
બીજે બાળક બેઠાં બહાર કે મેં સમજાવ્યુ રે લોલ.
ત્રીજે ત્રણ ભોવનનો નાથ કે મોતીડે વધાવીરે લોલ;
ચોથે બોલી ચંચળ નાર કે મથુરાંની વાટમાંરે લોલ.
પાંચમે પગલાં ભરજો પ્રેમે કે મારે ઘેર આવજોરે લોલ;
છઠે છોગાળા ભગવાન કે ભક્તને તારજોરે લોલ.
સાતમે સરદર ફરે એક નાર કે ગોકુળ ગામનીરે લોલ;
આઠમે અવતરીઆ ભગવાન કે નિરખુ નાથનેરે લોલ.
નોમે નૃત કરે એક નાર કે ગોકુળ ગામનીરે લોલ;
દશમે માર્યો મામોકંસ કે મથુરાંની વાટમાંરે લોલ.
એકાદશી પરણી લાવ્યા નાર કે સતભામા ખરા લોલ;
બારસે બહુ બળીઆ ભગવાન કે દશોદીશ વાપીયારે લોલ.
તેરશે ધન ધુવે એક નાર કે ધોકુળે ગામનીરે લોલ;
ચોદશે બનશીબટને ચોક કે રાસ રમાડજોરે લોલ.
પુનમે પંદર તયો થઇ પુરી કે હરી ગુણ ગઇ રહીરે લોલ.

પંદર તીથીઓ.

સખી પ્રડવે તે પંથે ચાલ્યારે, મહા વનના તે મારગ ઝાલ્યારે,
સાથે સીતાને લક્ષમણ બાળા, રગુપતી રામ રૂદેમાં રહેજોરે. ૧
સખી બીજે તે મઢીમાં બીરાજેરે, જેનાં નદીઓતણાં નીર ગાજેરે;
રામ મેલી ગયા રૂડું રાજે, રઘુપતી રામ રૂદેમાં રહેજોરે. ૨
સખી ત્રીજે તે વનકેરી ઝાડીરે, દશ ફળ મંગાવે છે દહાડીરે;
સારી શોભે સીતાજીની વાડી, રઘુપતી રામ રૂદેમાં રહેજોરે. ૩
સખી ચોથે કેવડીઓ મહેકેરે, ફાલ્યો ફુલ્યો ને પાગરો મહેકેરે;

એવી લીલી લતાઓ લેહેકે: રઘુપતી રામ રૂદેમાં રહેજોરે. ૪
સખી પાંચમે પોપટ પાળ્યોરે, પાંખ લીલી ને કાંઠલો કાળોરે;
મુખે રામ નામ ભણું તો ભાળ્યો; રઘુપતી રામ રૂદેમાં રહેજો. ૫
સખી છઠે છેતરવા આવ્યોરે, કુડો કપટી રાવણ સાથે લાવ્યોરે;
એ મુખનો મારગ બતાવ્યો, રઘુપતી રામ રૂદેમાં રહેજોરે. ૬
સખી સાતમે શ્રીહરી સમર્યારે, વાડી ભેળી ઉડાડયા છે ભમરારે;
ડુંખ સાહીને ઉપાડયા ડમરા, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે. ૭
સખી આઠમે એરે નીહાળોરે, ધનુષ ધારીને મરગલો માર્યોરે;
મરગ મરતી વખતે પોકાર્યો, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે. ૮
સખી નોમે તે નાખ્યો તીરરે, જઇ લાગ્યો મરગના શીરરે;
વારે ધાજો હો લક્ષ્મણ વીર, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે. ૯
સખી દશમે કહે લક્ષ્મણનેરે, બેલી વારો બોલાવે તમનેરે;
આડી આણ દીધી છે અમને, રઘુપતી રામ રૂદેમાં રહેજોરે. ૧૦
સખી એકાદશી અપવાશીરે, લંપટ લેવાને લાગ તપાસીરે;
રાવણ સાતાને લઈ ગયો નાશી, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે. ૧૧
સખી બારમે હનુમાન બળીઓરે, થેકી સમુદ્રપાર નીકળીઓરે;
જઇ જોગમાયાને મળીઓ, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે. ૧૨
સખી તેરશે ત્રંબાળુ વાજેરે, હાક હનુમાન કેરી વાગેરે;
લાય લંકા તે ગઢમાં લાગે, રઘુપતિરામ રૂદેમાં રહેજોરે. ૧૩
સખી ચૌદશે ચિત્ત વિચારીરે, ફોજ વાંદરાની રચી સારીરે;
રામે રાવણ નાખ્યો મારી, રઘુપતિરામ રૂદેમાં રહેજોરે. ૧૪
સખી પુનમે પ્રભુજી આવ્યારે; થાળ ભરીને મોતીડે વધાવ્યારે;
માતા કૌશાલ્યાને મન ભાવ્યા રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે. ૧૫
સખી પંદર તયો થઇ પુરીરે, એમાં એક નથી અધુરીરે;
આત્મારામની વાણી મધુરી, રઘુપતિરામ રૂદેમાં રહેજોરે. ૧૬

પંદર તીથીઓ.

ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે, મારાં દુઃખડાં પ્રભુ હરજો;
ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે. ટેક.
પ્રભુ પડવે તે ધ્યાન તમારૂંરે. તેમાં કાર્ય સરે હમારૂંરે;
તમ આગળ વિનતી ઉચારૂં, ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે. ૧
પ્રભુ બીજે તે અરજ હમારીરે, નીત સેવા કરીએ તમારીરે;
હમોને સહાય કરો સદાકારી, ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે. ૨
પ્રભુ ત્રીજે તે કાજ હમારાંરે. પ્રભુ ચરણુસેવીએ તમારારે;
બહુ દીનથી અરજ હમારી, ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે, ૩
પ્રભુ ચોથે ચતુરાઇ ધારીરે, છબી નીરખીએ નીત તમારીરે;
બહુ દીનથી અરજ હમારી, ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે ૪
પ્રભુ પાંચમે દરશન તમારાંરે, તેથી દુઃખ ગયાં છે હમારાંરે;
બહુ કાજ સુધાર્યાં સારાં, ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે. ૫
પ્રભુ છઠે કરૂણા કીધીરે, સુંદર છબી ધ્યાનમાં લીધીરે;
બહુ વાર અસ્તુતી કીધી, ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે. ૬
પ્રભુ સાતમ સુંદર શોભીરે, મુર્તિ જોતાં મન રહ્યું થોભીરે;
નર નારી રહી છે લોભી, ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે. ૭
પ્રભુ આઠમે આળસ તજીએરે, પ્રભુ શણગાર સારા સજીએરે;
પછી ભાવે પ્રભુજીની સેવી, ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે. ૮
પ્રભુ નોમે તુજને નમીયેરે, તેથી બહુ હમે તુને ગમીયેરે;
હવે વારે પ્રભુ તો ચઢીએ, ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે. ૯
દશમે દયા લાવ્યારે, હરી દરશન દેવાને આવ્યારે;
ભક્તોને મનમાં બહુ ભાવ્યા, ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે. ૧૦

પ્રભુ એકાદશી અપવાસ કીધારે, દુઃખ સર્વેનાં હરી લીધાંરે;
દાસ જનને સુખ બહુ દીધાં, ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે; ૧૧
પ્રભુ દ્વાદશીનાં કીધાં પારણાંરે, ભક્તજનને લે છે ઉવારણાંરે;
શોભી રહ્યાં છે ભક્તનાં બારણાં, ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે. ૧૨
પ્રભુ તેરશે આવીને મળીયારે, જન્મોજન્મના પ્રાયશ્ચિત ટળીયાંરે;
ભક્તજનનાં નશીબ ભળીયાં, ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે. ૧૩
પ્રભુ ચૌદશે ઓછવ થાયરે, નર નારીનાં મન હરખાયરે;
પંદર તથો જે કોઇ ગાય, ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે. ૧૪
પ્રભુ પુનમે પોહોચ્યા કોડરે, બોલો જય જય શ્રી રણછોડરે;
છોટા કહે છે બેઉ કરજોડ, ભજુ ભગવાન રૂદેમાં રહેજોરે. ૧૫

કૃષ્ણજીવનના મહિના.

આવો આવો શીવશંકરભોળા—એ રાગ.

કારતકે કૃષ્ણ ગયા મેલી, પાખડીએ આંસુની હેલી;
ગોપી ફરે ગોકુળમાં ઘેલી, ઓધવજી નારે ઘટે તમને.
સઈયરો થાઓને વહેલી, કે વાંકો અંબોડો મેલી;
પણ એના જોબનમાં ઘેલી, ઓધવજી નારે ઘટે તમને. ટેક. ૧
માગશરે મંદીરમાં રમતાં, ભેળાં બેશી ભોજનીઆં જમતાં;
હવે અમે કેમ નથી ગમતાં. ઓધવજી૦ ૨
પોશ કહેજો પ્રીત કરી પહેલી, ગોરધનનાથ મથુરાં ગયા મેલી;
વધાઈ મોકલજો વેલી. ઓધવજી૦ ૩
કુબજ્યા તે શોક્ય થઈ શાલે, વાલો મારો મથુરામાં માલે;
તરછોડયાં નંદ તણા લાલે. ઓધવજી૦ ૪
ફાગણે રંગ રમતાં હોળી, સુંદર પેહેરી ચરણા ને ચોળી;
કુમ કુમ કેશરમાં ઘોળી. ઓધવજી૦ ૫

અઇતર ચીતેં વન ફરી ચુક્યાં, શરીર અંગ અટવાઇ સુકયાં;
નારીએ નીશાશા મુંક્યા. ઓધવજી૦ ૬
વઇશાખે વાટ જુએ ગોપી, લજ્યા નીજ માબાપની લોપી;
આંસુડાને કુબજા રહી રોકી. ઓધવજી૦ ૭
આવી તટે દાણુ લેતા દહાડી, મથુરામાં રંગ રંગ રમતાં નારી;
ભુલ્યા કેમ ગીરીવર ગીરધારી ઓધવજી૦ ૮
જેઠે જાદવને હસીએ, તારી મારી કીધી રંગ રશીએ;
હરી હવે ગોકુળમાં વસીએ. ઓધવજી૦ ૯
અસાડે મેવલીઆ ગાજે, જેથી મારૂ દીલ દેખી દાઝે;
એકલડાં મુકયાં મહારાજે. ઓધવજી૦ ૧૦
શ્રાવણમાં શું કરીએ સજની, ગોઠે નહીં દીવસ કે રજની;
વ્યાકુળ ફરે વીનતાઓ વ્રજની, ઓધવજી૦ ૧૧
ભાદરવે ભરજોબન નારી, ઘેર નહિ આવ્યા ગીરધારી;
વહાલાજીએ મેલાં વીસારી. ઓધવજી૦ ૧૨
આસોએ ઓધવજી આવ્યા, સંદેશો શામ તણો લાવ્યા;
રાધકાજીને મન ભાવ્યા. ઓધવજી૦ ૧૩

કૃષ્ણજીના મહીના.

કૃષ્ણ ગયા મેલી, સારે ઘેર આવો વનમાળી.
કુબજા કેમરે ગમે કાળી, આવો હરી રાસ રમો વહાલા. ૧
માગશરે મારગડે રમતાં, ભેગાં બેશી ભોજનીયાં જમતાં;
હવે હરા કેમ નથી ગમતાં. આવો હરી. ૨
પોષે સોસ પડયા હમને, ત્રીકમજીએ શું કહીએ તમને;
દીલાસા સારે દીધા હમને. આવો હરી. ૩
માઘે મહા અંધારી રાતો, ફુલડાંએ બીછાવી ખાટયો;

વહેલો લીપી મથુરાંના વાટગે. આવો હરી. ૪
ફાગણે ફરફરતી હોળી, પેહેરણ ચરણાને ચોળી,
ચુંદડી કેશરમાં બોળી. આવો હરી. ૫
ચઇતરે ચીત કરે ચાળા, મધુવન મોરલીવાળા,
દરશથ દો ડાકોરવાળા. આવો હરી. ૬
વૈશાખે વાટલડી જોતી, ઉભી રહી ધુસકડે રોતિ;
પાલવડે આંસુ લોતી. આવો હરી. ૭
જેઠ તો જગજીવત આવે. વધામણી સહુ લોકો લાવે;
વહાલો મારો કશુએ કર કહાવે. આવો હરી. ૮
અસાડે જોઉંછું ઝાંખી, વાલે મારે દુઃખ દરીયામાં નાખી;
વિચારો તે વાત થશે વાંકી. આવો હરી. ૯
શ્રાવણ સરવડીએ વરશે, નરીએ નીર ઘણાં ભરશે;
વહાલો મારો શી રીતે પાર ઉતરશે. આવો હરી. ૧૦
ભાદરવો ભલી પેરે ગાજે, વહાલા થઈ વિહવલ તમ કાજે;
વહાલો માયો જરીએ ના લાજે. આવો હરી. ૧૧
આસો માસે આવી દીવાળી, શેવો વણ કે સુંવાળી;
વહાલા વિના શી દીવાળી. આવો હરી. ૧૨

સીતાજીના મહિના.

સાખીઓ.

મારા શામ સુંદર શ્રી રામરે, કોને આશરે રહીએ;
મારા પદ પદ માની પ્રણામરે, લવના રંગ લઇએ;
ઘર અપોર અલગ ઘનસ્યામરે, મારા સમ નવ જાઇએ. ટેક.
કારતકે કેમ કરી કાઢીએ, જુગ જેવી પલ જાય;
જોગ નથી જે તોડીએ, પણ મળવાને મન અકળાયરે. મારા૰ ૧

જોબન દરીયા છુબવે. પીયુ દેછાવર દુર;
અજાણ્યા પણ અનુભવી, તે શું નારીનું જાળ તુરરે. મારા૦ ૨
માગશર ઘેર વીજોગણી, પીયુ પરદેશ પ્રયાણ;
ખવાય અલગુ ખોળીયું, જેના પરવશ પડીયા પ્રમાણરે. મારા૦ ૩
જળથી જુદી માછલી, રાખો કરી વીવેક;
વારે મારા વાલમા, એના પ્રાણ ન રહે પળ એકરે. મારા૦ ૪
પાસે પ્રીતમ પ્રીતડી, વીરહ બાણ વાગ્યાં હાય;
એ ઘાયલનો અંત નહિ, એનુ તન તરફડીયાં ખાયરે. મારા૦ ૫
ખાવું પીવું ખેલવું, ઓઢણ પહેરણ અંગ;
બોલવું ચાલવું બેસવું, એને પોઢાવું ન ગમે વલંગ. મારા૦ ૬
મારે મન તલશે ઘણું, જુરે વીજોગણ નાર;
લક્ષ વીંછીના વેદના, ઉપજે ચીત્તમાં અનેક વિચારરે. મારા૦ ૭
ફાગણ હોળી ફાલતી, ફાગ રમે શમે સઉ કોય;
એક હોળી મારે આંગણે, બીજી હઇએ હરી મારે હોયરે. મારા૦ ૮
અંતરમાં ભડકે બળે, જન દેખે નહી ઝાળ;
વરખાં મારે વીધ વીધે, જેને ડશીઓ વીરહ નાગરે. મારા૦ ૯
ચઇતર ચકોર ચીતની, શશી વીદેશી શામ;
બરજોબનમાં એકલી. એતો દાઝયા ઉપર જેમ ડામરે. મારા૦ ૧૦
સુભાગીઆં જે જે સારમાં, સજોડ સ્નેહ સહીત;
કયમ કરી વશીએ એકલાં રાણીજાયા જન્મના એ રીતરે. મારા. ૧૧
વા વાયા વઇશાખના, આંબે આવી શાખ;
જોગી ભમે વીદેશળાં, હૃદય બળી બળી ખાખરે. મારા૦ ૧૨
મુગાને સ્વપ્નુ ભયુ, મનમાં રહી મુજાય;
પ્રીતીનું નો પારખું જે, જીભે કહ્યું નહી જાયરે. મારા૦ ૧૩

જેઠ તણા તડકા પડે, અને અગ્નિ જેવી લુ વાય;
સુના મંદીર માળીયાં, સુની સેજલડી ખાવા ધાયરે. મારા૦ ૧૪
જાય ન રજની દીન જાતાં રાત ગએ દીન જાય:
વીરહ દુખ મહા વેદના, એ તે નજરે જોઇ કેમ જાયરે. મારા૦ ૧૫
અસાડ ઝબકે દામની, ઘનગરણી નભ માય;
બપઇયા પેઉ પેઉ કરે, સુણી વીરહની વ્યાકુલ થાયરે. મારા૦ ૧૬
દેવદાનવ પશુ પક્ષી' માનવ ત્યાં કોણ માત્ર;
જીવતાં પ્રેત વીજોગીયું, વિરહ વીરહીજન માત્રરે. મારા૦ ૧૭
શ્રાવણ વરસે શરવડે, નદીએ આવે નીર;
લીલી ભુમી ભાસે ભલી ગાજે તરૂવર ઘોર ગંભીરરે. મારા૦ ૧૮
ઘોર અંધારી રાતડી, ઝરમર વરસે મેહ;
આંખે આંસુ વહે, જેનો સ્વામી ગયો તજી સ્નેહરે. મારા૦ ૧૯
ભાદરવે ગાજે ભલો, રાજવી સઉ વહભોગ;
રગમાં રઉરવ રોગ એ; જેતે વહાલાનો થાય વીજોગરે. મારા૦ ૨૦
ચંપા ચંબેલી મોગર. નવ પલ્લવ વન વહાય;
વીરહણી જાત જવારીઓ, તેતો શોભે ઝકાઈ જાયરે. મારા૦ ૨૧
આસો આવ્યાં નોરતાં, રમે સઉ નરનાર;
દીવપ દીવાળી દોહલા, તે તો જાણે જગત કરતારરે. મારા૦ ૨૨
દંપતીને અંગ ઉમંગ ઘણો, કરે ગાનતાન ગીત રંગ;
અંગરાગ અદ્ભુત થયા, જયજયકાર જણાવે અંગરે. મારા૦ ૨૩
મન મોહન અધીક માસથી, થાય પરભુ પરસન:
સંગ સીતા જેમ સખીયાં, તેમ ટાળે વીરહ વ્યાધી દવરે. મારા૦ ૨૪

શ્રી અંબાજીના આહના.

કારતક મારા કરૂણા કરો મુજ માતરે મા અંબાજી,
અલબેલી અંબા સાંભળ મારી માતરે, મા અંબાજી. ૧

વાત સાંભળીને સમરૂ શ્રીહરીનાથરે મા અંબાજી;
તારા દરશનની મને મોટી અંબા આશરે મા અંબાજી. ૨
આમશર માસે મન મળવા અકળાયરે મા અંબાજી;
મારી ઇચ્છા કરતાં અંબા દીન વહી જાયરે મા અંબાજી. ૩
દીન વહી જાયને આશા મુજને મોરીરે મા અંબાજી;
તારા રંગ મંડપમાં હું નવ આવી લોટીરે મા અંબાજી. ૪
પોસ માસે મુજને મળવા શોશરે મા અંબાજી.
મુજ રાંક ઉપર શો ધરવો માજી રોશરે મા અંબાજી. ૫
રોશ ન ધરીએ તમે છો દેવ દયાળરે મા અંબાજી.
જેનું નામ ધરાવે શેવક જન પ્રતીપાળરે, મા અંબાજી. ૬
માહા મહીને કાંઈ વ્રત સાંભળ્યાં તમારાંરે મા અંબાજી;
મા શું જુઓછો કુડાં કરમ અમારાંરે, મા અંબાજી. ૭
કુડાં કરમની કરણીનાં મધ્યાંનરે મા અંબાજી;
તારા દર્શનનું મને મોટું અંબા ધ્યાનરે મા અંબાજી. ૮
ફાગણ માસે ફરી ફરી ઉલટે અંગરે માં અંબાજી;
રંગ ભર્યા મનડાં નવ કરશો ભંગરે મા અંબાજી. ૯
ભંગ ન કરશો તનડું મારૂ તલપેરે મા અંબાજી;
ચિત્ત અમારૂં ચરણે આવી અટકેરે મા અંબાજી. ૧૦
ચૈતર મહીને ચીંતા મુજને ઝાઝીરે મા અંબાજી;
જન્મ ધરીને નવ નીરખ્યાં અંબાજીરે મા અંબાજી. ૧૧
નવ નીરખ્યાં મે અંબા અકળ સ્વરૂપરે મા અંબાજી;
મા વળતાં ક્યાંથી દેખીશ માનાં રૂપરે મા અંબાજી. ૧૨
વૈશાખ મહીને ઊરસ જાય દેહ તાઠીરે મા અંબાજી;

મા હવે વળતી વેળા રહી છે માઠી મા અંબાજી. ૧૩
વેળા માઠી માંથે મોટું દુઃખ મા અંબાજી;
વળતાં કયાંથી દેખીશ માનાં મુખ મા અંબાજી. ૧૪
જેઠ માસે મુજને તેડો ઠેઠ મા અંબાજી;
નહી તેડો તો જીવત જાશે વેઠ મા અંબાજી. ૧૫
વેઠ થશેને મિથ્યા જશે જન્મરે મા અંબાજી;
ભાગ્ય નથી પણ ઓછાં મારાં કરમ મા અંબાજી. ૧૬
અસાડ માસે અટક ન ધરીએ માત મા અંબાજી;
તારા દરશનને માટે તલશે માઈ તન મા અંબાજી. ૧૭
તન તલશેને દયા ન આપે મારી મા અંબાજી;
મા દયાળુ દીલથી શું મુકો છો કાઢી મા અંબાજી. ૧૮
શ્રાવણ માસે સંગ મોટો ત્યાં ભરાય મા અંબાજી;
મા તારા દર્શનની મોટી મુજને આશ મા અંબાજી. ૧૯
મા પાપી હોય તે નિશ્ચે પાવન થાય મા અંબાજી;
મા સંગ ભરાયને સહુને ઇચ્છા થાય મા અંબાજી. ૨૦
ભાદરવામાં શીદને મન ભરમાવો મા અંબાજી;
તારા દુર્લભ દરશન આપી તાપ સમાવો મા અંબાજી. ૨૧
તાપ સમાવી શીતળ કરજો છાંય મા અંબાજી;
શીશ નમાવતાં પ્રાયશ્ચિત પ્રલે થાય મા અંબાજી. ૨૨
આસો માસે અરજ સાંભળો વેલી મા અંબાજી;
મા આરાસુરમાં કરો આનંદની હેલિ મા અંબાજી. ૨૩
હેલિ કરીને પુરો મનની આશ મા અંબાજી;
સેવક જનને તેડો તમારી પાસ મા અંબાજી. ૨૪
બાર માસ પુરણ [illegible] મા અંબાજી;

મા વીશ્રામપરી વીશ્વાસ ન કરશો ઘાત મા અંબાજી. ૨૫
તેરમો મહીનો પુરૂષોતમ કહેવાય અંબાજી;
મા હરી પ્રતાપે પુરૂષોત્તમ સહુ ગાય મા અંબાજી. ૨૬
આરાસુરમાં નીત્ય આનંદ થાય મા અંબાજી;
કરજોડીને બાપુ શેવક ગાય મા અંબાજી. ૨૭

થી મણુદાસના મહીના.

કારતકે કોડામણોરે, બીજો પુનમનો ચંદ વાલા;
રાધાજી કરે હરીની વીનતીરે, ચરણે રાખો ગોવીંદ વાલા. ૧
માગશરે મેલી ગયારે, પીયુ ગયા પરદેશ વાલા;
ભરજોબનમાં ભામનીરે, અબળા બારે વેશ વાલા. ૨
પોશ માસે પુચામણીરે, સાંભળ સખ્યર વાત વાલા;
શ્રીકૃષ્ણ ચાલ્યા દ્વારકારે, સોળસે ગોપીનો સાથ વાલા. ૩
મોહી મોહીને મન મારૂરે, ચીતડું વ્યાકુળ થાય વાલા;
સમણાં લાગ્યાં રાતનાં, દીઠા શ્રી જાદવરાય વાલા. ૪
ફાગણ માસે ફરૂકીયારે, વાગે છે તાલ મારદંગ વાલા;
મધુરીશી વાય વાલો વાંસળીરે, હોળી ખેલે ગોવીંદ વાલા. ૫
ચયતરે ચીંતામણીરે, ના આવ્યો નંદકુમાર વાલા;
લઇ આવે પીયુની વધામણીરે, આપું એકાવન હાર. ૬
વઇશાખે વન વેડીયાંરે, વેડી છે દાડમ દ્રાક્ષ વાલા;
કોયલડી ટહુકા કરેરે, સરવો લાગે એનો સાદ વાલા. ૭
જેઠ મહીનાનાં રણ તપેરે, જેવા ઉનાળાના તાપ વાલા;
લંકામા જવારા પરજળેરે, ઉભા રહો રઘુનાથ વાલા. ૮
અસાડ માસ ભલે ઉલટયોરે, થાય વિજળીઓના વેગ વાલા;
લટી મેહની વાદળીરે, વરસ્યા બારે મેઘ વાલા. ૯

શ્રાવણ વરસે ઝરવડેરે, નદીયે નીરમળ નીર વાલા;
ભીંજે તે રાણી રાધીકારે, ભીંજાય રૂખમણીના ચીર વાલા. ૧૦
ભાદરવો ભલે ગાજીયોરે; શીતળ ચડયાં વીશેશ વાલા;
મોરાદે ભીંજાય ઘર આંગણેરે; પીયુડો ભીંજાય પરદેશ વાલા. ૧૧
આસો માસે દીવાળીરે, સજે સુંદરી શણગાર વાલા;
લેલાટ ટીલડી સોહામણીરે, કંટે એકાવન હાલ વાલા. ૧૨
બારે માસ પુરા થયારે, આવેલો અધીક માસ વાલા;
ગાય શીખેને સાંભળેરે, વીનવે થોભણદાસ વાલા. ૧૩

તુલસીના મહિના.

ધન ધન પાટણ ધન ધન ગામ, ધન તુલસી તારૂં ઉત્તમ નામ.
સાંભળો ગુણવંતા. ૧
અસાડે તુળસી રોપ રોપાવે, દેવ દામોદરને નિદ્રા ન આવે. સાં. ગુ. ૨
શ્રાવણે તુળસી દોદોરે પાને, હરખ્યા શ્રીનારાયણ તુળસીને નામે. સાં. ૩
ભાદરવે તુળસી લેહેરે જાય, કંઠે સોવરાવે શ્રી જાદવરાય. સાં. ગુ. ૪
આસોએ તુળસી આશા વળુધા, દેવ દામોદરે ખોળામાં લીધાં. સાં. ૫
કારતકે તુળસી બાળ કુંવારી, લગન નીરધારીને પરણ્યા મોરારી. સાં. ૬
માગશરે માવઠડે ઠરીઆં, શીઆળે તુળસીનાં આણાંરે કરીઆં. સાં. ૭
પોસ માસે પડયોરે પોકાર, તુળસી વિના સુણો સંસાર. સાં. ગુ. ૮
માહા મહીને શુધ બુધને ભુલે, તુળસીવિના ત્રિભુવન ડુલે. સાં ગુ. ૯
ફાગણ ફાગ ખેલેરે ગોવીંદા, પગેરે પાવટડે હરી લેલાવટ ચંદા. સાં ૧૦
ચઇતરે ચંતઓલે હેડોળા, હીંચકે હીંચે શ્રીકૃષ્ણજી કાળા. સાં. ગુ. ૧૧
વઇશાખે ખીલી ફુલવાડી, ઓળે ખોળે મેં રમત રમાડી. સાં. ગુ. ૧૨
જેઠ માસે તુળસી કરમાયાં, સોલસે ગોપીઓ પાણીડાં ચાલ્યાં. સાં. ગુ. ૧૩
તુળસીને ક્યારે ઘીના દીવડા, હરી હરી કરતાં જાય એના જીવડા. સાં. ગુ. ૧૪

હું તમને પુછું મારી તુળસીરે માતા, કૃષ્ણ તારી માતા કોણ તારો પીતા.
સાં. શુ. ૧૫

ધરતી મારી માતા આભ મારો પીતા, દેવકી મારી સાસુ ને કૃષ્ણ ભરથાર
સાં. શુ. ૧૬

મહીના.

કારતક મહીને મેલી ગયા, હરજી હઇયામાં રાખો દયા;
ગોકુળ કેમ કરી રહેવાય, વાલમ વહેલા પધારજો. ટેક.
માગશર મહીને મહાલતાં, હરીને આંગણીએ બોલાવતાં;
કરતાં વાલપણાની વાત. વાલમ. ૨
પોશે પ્રભુ ગયા પરદેશમાં મેલી અબળા બાળે વેશમાં;
સુની સહેજો નવ સહેવાય. વાલમ. ૩
માધે મોહનજી મને સાંભળે, ગોપીની આંખડીએ આંસુ ઢળે;
સુનો વાલા વિના સંસાર. વાલમ. ૪
ફાગણ મહીને વન ફુલી રહ્યાં, રમત રસીયાની ભુલી ગયાં;
રસીઆ સેની ચડાવે રીસ. વાલમ. ૫
ચઇતરે મન ચંચલ છે મહારૂ, હુંતો ધ્યાન ધરૂં પ્રભુ તહારૂં,
ઘડી એક જુગ બરાબર જાય. વાલમ. ૬.
વઇશાખે વાટડીઓ જોઇ વળી, પોતે પાવડીએ ચડી;
સુનાં જળ જુમનાનાં ઘાટ. વાલમ. ૭
જેઠે જીવન જોવા નીસરી, સજવા શણગારો વીસરી.
ગીરધર ઘડીએ ન રહેવાય. વાલમ. ૮
અસાડે છે આશા પ્રીજનારને, મોહન મનમાં વાત વીચારને;
પ્રીતમ આવે રહેશે પ્રાણ. વાલમ. ૯
શ્રાવણે શેરડીઓ શોધી વળી, દીઠી મેં ન તમારી મંડળી;
મેં ન દીઠા નંદકુમાર. વાલમ. ૧૦

ભોજન ભાદરવે ભાવી રહ્યાં, વહાલા વચન તમને શાં કહ્યાં;
વનીતા જુવે તમારી વાટ. વાલમ. ૧૧
આસો હું જાણું હરી આવશે, તારે દીવાળી દીલ ભાવશે;
દીપક થાશે ઘેર ઘેર. વાલમ. ૧૨

દલપતરામના મહીના.

કારતક મહીને અબળા કહે છે કંથને,
હવ શીયાળો આવ્યો સ્વામીનાથજો;
હીમાળુ વા વાયે હલકી ટાઢડી.
શું શોધો પરદેશ જવાનો સાથજો,
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૧
માગશર મહીને હોંશ ઘણી મનમાંહરે,
રસીઆ રંગ રમ્યાની માઝમ રાતજો;
ઘુંઘટડો કાઢીને ઘર આગળ ફરૂં,
પીયુ મેલો પરદેશ જવાની વાતજો, એ મહીને૦ ૨
પોસે જે અબળાને પીયુડે પરહરી,
તે નારીનાં પૂરણ મળીઆં પાપજો;
સાસરીએ રહીને તે શું સુખ ભોગવે;
મહીયરમાં નવ ગોઠ માને બાપજો. એ મહીને૦ ૩
માહાં મહીને ના કરીએ નાથ મુસાફરી,
ઘઉં સાટે જઇ લાવો ખોરી જારજો;
વેંચીને જમશુંરે મારા વાલમા,
જરૂર નહી જવા દેઉ ઘરથી બહારજો. એ મહીને૦ ૫
ફાગ રમે ફાગણુમાં નર ને નારીઓ,
ઘેર ઘેર નઉતમ કઉતક નવલાં થાયજો;

જે નારીનો નાવલીયો નાશી ગયો,
કહો તેને કેમ નજરે જોયું જાયજો. એ મહીને૰ ૫
અંતરમાં ચતુરને પંથે ન ચાલવું,
જે ઘેર નારી સારી ચતુર સુજાણજો;
વહાલપણે વચનેરે પીયુને વશ કરે,
નીરખાર્યાં પડયાં રહે પરીમાંણુજો. એ મહીને૰ ૬
વાવશીઆ વાયારે પીયુ વઇશાખના,
રજ ઉડેને માણેક મેલુ થાયજો;
નથનીનું મોતીરે હીરા હારનો,
કહો પરહાથે કેમ તે પીર્યો જાયજો. એ મહીને૰ ૭
જેઠ તો પરદેશ જાવું હોયતું,
ભોંય ધખેને મ્હારા જેવી લુ વાયજો;
કોમળ છે કાયારે મારા કંથની,
વણ સીંચ્યાં જેમ ફુલડિયાં કરમાયજો. એ મહીને૰ ૮
અંબર ઘન છાયોરે માસ અસાડનો,
મોર બોલે મ્હે વરશે મુશળ ધારજો;
કચરા ને કાદવની મચી આ મેહની,
પંખી માળા બાંધી ઠારોઠારજો. એ મહીને૰ ૯
શ્રાવણમાં શીવ પુજીને સુખ માગીએ,
વહાલાનો નવ હોજો કદી વીજોગજો;
ઉમીયાના સ્વામીજી આપો એટલું,
સાસુના જાયાનો નીત સંજોગજો. એ મહીને૰ ૧૦
ભાદરવો ભર જોબનનો કદી નહીં ગયો,
વહી જાશે જેમ નદીઓ કેરાં નીરજો;

એવોરે દીવસ નવ એળે કાઢીએ,
વાત વીચારી જુઓ નણંદના વીરજો. એ મહીને૦ ૧૧
આસોના દીવસ તો અતી રળીયામણા,
ખાવું પીવું કરવા નવલા ખેલજો;
ભેગાં બેસી જમીએ રમીએ સોગટે,
છાતીમાં ભીડીને રાખું છેલજો. એ મહીને૦ ૧૨
માસ અધિકમાં અધિકપણે શું કીજીએ,
રહો જોડીને નેણ સંગાથે નેણજો;
જેમ ન છુટે છુટો કાચ બીલોરનો,
દલપતરામના પ્રીતમ છો પ્રાણ પ્રવીણજો. એ મહીને૦ ૧૩

ભુમાનંદના મહીના.

સખી કારતક કેમ કરી જાય, મોહન મેલી ગયા;
ખાલી મંદીર ખાવા ધાય, દીવસ દુખના રહ્યા.
સખી સુની દેખીને સેજ, અંતરમાં અતી બળે;
મલી પીયુ ગયા પરદેશ, શોક શેણે ટળે.
સખી પળ જુગ જેવી જાય, જીવન કેમ નીસરે;
દીધાં દુઃખ દેખાડીને હેત, વાસાર્યું ન વીસરે.
સખી દીલમાં લાગ્યો દાહ, પડી હું પરજળું;
હવે ભુમાનંદના નાથ, આવી કયારે મળે;
સખી માગશરે મહા દુઃખ થાય, પીયુ ગયા પરહરી;
નથી સંસારમાં સુખ લેશ, વહાલા વીજોગ કરી.
સખી પાણી વીનાના મીન; શેણે થાય સુખીયાં;
કરૂં પીયુ પીયુ પોકાર, ઉભી જોઉં વાટડી.
મારૂં થઈ ગયું વજ્ર શરીર, ન રહે છાતડી;

સખી નેણુમાં વરસે નીર, આગ ઝરે અંતરે,
ગયા ભુમાનંદના નાથ, નાંખી પરતંતરે. ૨
સખી પોસે પીયુ વીજોગ. લાવો શો લીજીએ;
હવે દીલના દુઃખીના વાત, કોની આગે કીજીએ.
સખી સુના ચઉદે લોક, ચઢે મારી નજરે;
હવે સજીએ શા શણગાર, ન આવે મજરે.
મને ઉતારી ઉંડે કુપ, વરત વાઢી ગયા;
મેલી અબળા એકાએક, એને ન આવી દયા.
ગયા પુરી પીંજર માંહી, ઝુરી ઝુરીને મરૂં;
આવે ભુમાનંદનો નાથ, તો તો દરશન કરૂં. ૩
આવ્યો મહાદુઃખનો દરીઓ, પાર કેમ પામીએ;
મને મેલી તેને મધ્ય, તણાતી સ્વામીએ.
તોય પાપી પ્રાણુ ન જાય, દોશ કોને નવ દઇએ;
તેતો વેરી વીધાતાનો વાંક, એમ સમજી રહીએ.
સખી ઉછેરી અમરીત પાઈ, ભીડીને ભુજમાં;
તેણે કર્યો અધારો ત્યાગ, તેતો વાંક મુજમાં.
સખી પીયુ રીઝાવ્યાની રીત, વાલે બહુ વાવડી;
ભુમાનંદ કહે એનો શો વાંક, મને નવ આવડી. ૪
સખી ફુલ્યો ફાગણુ માસ, વસંત વહી જાય છે;
હવે કે સંગ ખેલુ ફાગ, ઉચાટ એ થાય છે.
વહાલો બાંધે વસંતી પાઘ, સુંદર છોગાં મેલતાં;
ગળે પહેરી ગુલાબના હાર, રંગે શું રેલતાં.
ભરજોબન મારૂં જાય, વૃથા વહાલા વના;
હવે શો કરીએ ઉપાય, થાય બક્ષીસ ગના.

સખી હોળી હઇઆ માંહ; વહાલા વીજોગે બળે;
દેખું જુમાનંદનો નાથ, શોક ત્યારે ટળે. ૫
સખી ચેઇતર ચીતમાં ક્ષોભ, અતીશય થાય છે;
મારી પીયુ વીના પળ એક, જુગ જેવી જાય છે.
સખી મોહન મળવાની એક, અંતરમાં ધાખડી;
જોઇ જીવનના વાટ, ખોઇ મેં તો આંખડી.
સખી અબળા એકા એક, મરીશું રડવડી;
કેમ જાઉં પીયુની પાસ, દીશા એકે નવ જડી.
સખી વીરહતીને તાપ, અંતરનો ત્યારે ટળે;
જ્યારે જુમાનંદનો નાથ, બીડી ભુજમાં બળે. ૬
સખી વઇશાખે ખીલ્યાં વન, વહાલો હજી નવ વળ્યા;
નાવે નિંદ્રા ના ભાવે અન, ક્યારે થાશે ભેલાં.
અતી અંતર વીરહનો તાપ ઉપર લુ વાય છે;
શેણે શીતળ થાય શરીર, ઉચાટ એ થાય છે.
મન મેલી મહાવનમાંય, હોડી હાલી ગઇ;
મારા દીલના દુઃખની વાત, કેને જાએ કહી.
સખી એકે ન રહ્યો આધાર, ક્યાં જઇને થોભીએ;
હવે જુમાનંદના નાથ, વીના શું થોભીએ;
સખી જોઠે જગજીવન, મને મેલી ગયા;
મેં તો કર્યું અતી કલપાંત, તોએ ન આવી દયા.
સખી અબળાનું શું જોર; ચાલે જે રાખીએ;
ચઇ નાથ વીના નિરાશ, નીસાસો નાંખીએ.
સખી પીયુ સંગ રમવાની, હામ હૈયામાં રહી;
ખોઇ રસિક શિરોમણી, શામ કંગાલ હું થઇ.

કાઢી સુખ સાગરથી બહાર, નાંખી દુઃખ દરીએ;
હવે ભુમાનંદના નાથ, વિના શું શોભીએ. ૮
આવ્યો અસાડ ચમકે વીજ, ગાજે મેહુલા ઝરે;
બોલે બપઈયા દાદુર મોર, કોયલ ટવુકા કરે.
કોરે કાળજુ એના બોલ, અંતરનાં ઉંડાં ગરી;
વળી ઘોર અંધારી રાત, વીતે શેણે કરી,
મારૂ જોબન એળે જાય, પીયુને ક્યારે મળું;
એનો અંતર વિરહનો તાપ, તેણે હું તો બળું.
દેખી ધન શજી શણગાર, ધરો લીલી થઇ;
નાવ્યા ભુમાનંદનો નાથ, તેણે હું સુકી રહી. ૯
સખી શ્રાવણે વરસાદ, તો વરસે સરવડે;
તેણે આવ્યાં નદીએ પુર; સરોવર ભર્યાં જળવડે.
પાકયા તરણવેલીયો અંન, સરા આવી સહુને;
પીયુ વીના પતિવ્રતા નાર, દેખે દુઃખ બહુને.
સુનું મંદીર અબળા હું, કહો જાય કેમ જામની;
બોલે તમરાં અંધારી રાત, કંથ વિના કામની.
અમને મધુર અમરીત પાઇ, રાખ્યાં છે સુખીઆં;
હવે ભુમાનંદના નાથ, વીનાનાં દુખીઆં. ૧૦
સખી ભાદરવે ભરપુર, નદીઓ જાય છે;
તેતો સાગરનો સંગમ; થાવાનો ચાહાય છે.
મને પીયુ મળવાની આશ, અંતરમાં તો ઘણી;
પણ કેમ કરી થાય મેળાપ, ન સરજી પંખણી.
શરદ ઋતુમાં આવજો શામ, રંગ ભર્યાં રમીએ;
પાક્યાં સરવે વનમાં અંન, જમાડીને જમીએ.

સખી શોભે નહીં શણગાર, અંગે તે શું ધરૂં;
હું તો બ્રુમાનંદના નાથ, વીના અડવી ફરૂં. ૧૧
જાય ઉત્તમ આસો માસ, દિવસ દીવાળીરે;
ઉભી જોઉં જીવણની વાટ. મારગ સામું ભાળીરે.
લખું કાગળ કોઇ લઇ જાઓ, આપો મારા નાથને;
હું તો કેમ કરી રાખું પ્રાણ, કહું જોડી હાથને.
ગયા વીતી બારે માસ, સંદેશો ન મેલીયો;
મારા દીલમાં દુઃખનો આજ રિણુાવર રેલીઓ.
મારી વાનતી વાંચીને વાલા ઉતાવળા આવજો;
બ્રુમાનંદ કહે નહી તો નાથ, મુને તુરત તેડાવજો. ૧૨

બ્રહ્માનંદના મહિના.

રાગ ધોળ.

જેઠે જીવણ ચાલીઓ. નીર મોરી મારા નાથ;
દર્શન વિના દુઃખીઓ ઘણો, સરવે વ્રજનો સાથ.
અંતર તાપ વિજોગનો. લુ બહારથી વાય;
મળ્યા વિના લવે માવજી, જુગ તુલ્ય રજની જાય.
ફળીયામાં ઘોડી ફળતાં છોગલાં શીશ;
તે દીન કયારે દેખાડશો, ડોલરીઆ જગદીશ.
પ્રાણ જીવન હવ પુરીએ, હઇયા કેરી હામ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શામ. ૧
અસાડે અલબેલડા, પવનનું પુરૂં જોર;
જુકી આવો આકાશમાં, વન ઘટા ચારે કોર.
ફળ જીત્યાં ફળ, પાકીઆં, પાલવીઆં વન પાન;
એ રીતે પ્રેમ સુધારસ પાઇને, વધારો મોઢેરાં માન;
પ્રીતમ વહેલા આવજો, કરૂણા સાગર કાંન;

મેલીને મથુરાં ગયા, ન ઘટે મારા નાથ:
અંતરમાં રહેતો નથી, એક ઘડી આરામ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શ્યામ. ૨
શ્રાવણ વરસે સરવડે, નદીએ નીર ન માય;
આવો હવે અલબેલડા, મળવા મન લલચાય.
વૃક્ષ લીલી વેલડી, આંબા અપરંપાર;
કોઇક શીવ પુંજા કરે, ગાય મલ્લાર.
હરી આવી ડુંગર ઉપરે, કરે કાંઇ વ્રત નેમ;
આરતમાં અમે તમ વીના, કહોને રહીએ કેમ;
સરવે સુખ સંસારનાં. તમ વીના છે હરામ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુદર શામ. ૩
ભાદરવામાં ભુદરા, નદીએ આવીઆ નીર;
એ રીતે રહેવું નવ ઘટે, છેટે સામ શરીર.
પૃથ્વીએ અંબર પેરીયાં, લીલા અતી નવરંગ;
એમ શરવે શીતળ થયાં, અબળા દાઝે છે અંગ.
મધુરાં બોલે મોરલાં, ઘન છાયો આકાશ;
એ રીતે વહાલાં આવી, પુરો અંતર આશ.
ચટકાળા લાગી રહી, ઝંખના આઠે જામ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શામ. ૪
શરદઋતુ સોહામણી, આવ્યો આસો માસ;
એ રીતે વાલમ આવીએ, રમવા સુંદર શ્યામ.
નિર્મળ અંબર થઉ રહ્યાં, થયાં નિર્મળ નિર;
નિર્મળ નાથ પધારીએ, છોગાળા બળવીર.
દસરાએ દળ ચાલીઆં, બાંધ્યા નદિઓ ઘાટ;

આ ઋતુમાં અલબેલડા, વળી વળી જોઉં વાટ.
હેલ છબીલા સામળા, ઠેરવાનું છે કામ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શામ, ૫
કારતક માસે પીયુની, વાટ જુવે વ્રજનાર;
અંતર ઉતાપો ઘણો, લોચનીએ જળધાર.
અલબેલા વર આવીએ, ડોલરીઆ સુખ દેણ;
વાટ જોઈ વહાલા તણી, ઝાંખા થઇ ગયાં નેણ.
એકાદશી પ્રબોધની. ઉત્સવનો ઠરાવ;
એ રીતે અહીંઆં આવીએ, મીઠડા બોલો માવ.
તમ સારૂ તલખે ઘણું, સરવે ગોકુળ ગામ;
બ્રહ્માનંદના નાથજી. આવો સુંદર શામ. ૬
માગશર મહીનો આવીઓ, બેઠી રત હેમંત;
પ્રિતમ હજી ન પધારિયા, કોમળ મારા કંથ.
સાસરડાં પણ સંભાગીઆં, જ્યાં ત્યાં જોડી જાય,
અમને મેલી એકલાં, ગયા શ્રીગોવર્ધનરાય.
સરસ રીતે નીરમાં, ફુલ્યાં કમળનાં વૃંદ;
અમને કદી ડુબાવશો, છોગાળા વ્રજ ચંદ.
અરજ સુણો આળસ તજો, કરો પુરણ કામ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શામ.
પોસ માસે પ્રેમદા, જુઓ વાટ હમેશ;
કઠણ થયા કેમ કાનજી, જઇ વસ્યા પરદેશ.
જળથળ શીતળ થઇ રહ્યાં, શીતળ સેજ સમાજ
અંતર શીતલ નવ થયાં, વણ દીઠે વ્રજરાજ.
પંગતીમાં ફળ પીરસવા, ફરતા ઝાઝેરી વાર;

તે દીન અમને સાંભળે, વાલમ વારંવાર.
રશીઆજી તમે રીજીને, દેતા વસ્ત્ર ઇનામ,
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શામ. ૯
માહા મહીનામાં માવજી, બોલે સંત વસંત;
આ રતમાં અલબેલડા, કેમ નાવીયા કંથ.
પ્રીતમ આવી પંચમી, લોક ખેલે છે ફાગ;
વાલમ તમ વીના વાધીયો, વ્રજ ત્રીયાને વેરાગ.
ઓરડીઓ નીચે ઓસરી, ખુબ કરતા ખેલ;
એ દીન અતીશય સાંભળે, રૂપાળા રંગરેલ.
અરજ સુણી હરી આવજો, વાટ જુએ વ્રજનાર;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શામ. ૫
ફાગણુ ફાગ રમાડવા, આવો પ્રાણુ આધાર;
શામ સ્નેહી શામળા, વાટ જુએ વ્રજ નાર.
નર નારી હોળી રમે, તજી લોકની લાજ;
આવે ટાણે હરી આવીએ, રંગભીને વ્રજરાજ.
ચાખડીએ ચડી ચાલતા, છત્રીની કરી છાંય;
લટક તમારી લાલજી, ચોરી ચીતડા માંય.
અંતરજામી આવજો, દોહલી વેળાના દાસ;
બ્રહ્માનંદના નાથ, આવો સુંદર શામ. ૧૬
ચઇતર માસે શામળા, આવ્યા નહી અવીનાશ;
વનસપતી સહુ પાંગરી ફુલ્યાં છે પલાસ.
ચંપા જુઇ ચંબેલીયો, ફુલી લતા અપાર;
એ રતે કેમ ન આવીયા, ભોગી ભ્રમર ભરથાર.
ઓરડીઓ તણી ઓશરી, ખુબ કરતા ખ્યાલ;

તે દીન ક્યારે દેખાડશો, નટવર નંદના લાલ.
કે દીન કરશો કાનજી, વૃજનારી ઉપર મહેર;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શામ. ૧૧
વઇશાખે વ્રજ વીનત, પંથ જુવો કરી પ્રીત;
હુ આવી હરી ન આવીઆ, ચીંતા વાધી છે ચીત.
કોયલડીરે કરે ટઉકડા, આંગે આ... છે સ ખ;
મારગ સામુ માવજી, જોઇ જોઇ પાકી આંખ.
વાય ઉનો વાયરો, થઇ જળ ઉડાં જાય;
તમવીના તન અમો તણું, ઉનાં ત્રીભોવનરાય.
મળવા કારણ માન ી, ધરે અંતરે હામ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શામ. ૧૨
બારે માસ પુરા થયા, આવ્યો માસ અધીક;
પ્રીતમ પણ ન પધાદીયા, ઠરાયા મથુરામાં ઠીક.
અધીક મહીને અતી ઘણી, આશા હતી મનમાંય;
તમ વીના સુની સેજલડી, મળવા મન અકળાય.
પહેલી લગાડી પ્રીતડી, રહેવું ન ઘટે દુર;
તમ વીના મારા નાથજી, હઇડે દુખ ભરપુર.
બ્રહ્માનંદની વીનતી, ઉર ધરી અવીનાશ;
મેહેર કદીને માવજી, તેડી લેજોરે પાસ. ૧૩

દાણલીલા;

રાધા—તમે અજાણ્યા અમે જાણીરે,
મારે પાલવડો નવ તાણીયેરે,
તમે સમજી રહો મનમાંહરે,
સામળીયા વહાલા રહો વેગળા રે. તમે વહાલા રહો.

શ્રીકૃષ્ણ—નારી શુંરે સમજાવે મુજનેરે,
હું તો નહીં રે જાવા દઉં તુજનેરે;
તારી મરડીને રાખીશ બાંહરે.
મહીઆરી રાધા દો દાણ શું રે. તમે રાધા તે. ૨
રાધા—અલ્યા બાંહ્ય શું મરડે વીઠલારે,
મેં તો તુજ સરખા ઘણા દીઠલારે,
કપરૂં છે કંશનુ રાજરે, સામળીયા, ૩
શ્રીકૃષ્ણ—નારી કંશ થકી શું થાય છે રે,
એવા કંઈ આવે ને કંઇ જાય છે રે;
તારા ઉરના ઉતારીશ હારરે. મહીયારી.
રાધા—અલ્યા હાર હૈયાનો તુટશેરે,
મારી મહીની મટુકી ફુટશેરે;
ઘેર સાસુડી દેશે ગાળરે, સામળીયા. ૫
શ્રીકૃષ્ણ—નારી ગાળયે આળ તે નહી ચડેરે.
જેહેનું લેહેણું હોય તે તો લડેરે;
એમાં દાંણ મેલ્યાં કેમ જાયરે. મહીયારી ૬
રાધા—અલ્યા દાંણી તે કંઇનો કાવીયો રે,
મથુરામાંથી ગોકુળ આવીયોરે.
ચારી નંદ તણે ઘેર ગાય રે, સામળીયા. ૭
શ્રી ગુ—નારી ગાય ચાર્યામા શી લાજ
એ તો પોતપોતાનું કાજ છે રે;
તેહનાં મેણુલીયાં નવ હોયરે; મહીયારી. ૮
રાધા—અલ્યા મેણાં માણસને લાગે ઘણાંરે,
સુણો વઢતાં હોય જ્યાં ;

તું'ને નિર્લજને નહી લાજરે; સામળીયા. ૯

શ્રીકૃષ્ણ—નારી લાજે તે કામ નવ સરેરે,
અહીંયાં બીક તું કોની ધરેરે;
આજ મળીએ આપણુ જણુ બેય રે, મહીયારી. ૧૦

રાધા—એવું નિરલજ માં બોલો શામળારે;
તારા કરના ઉતાળીશ આમળારે;
મુકો મુકોને હમારો હાથ રે, સામળીયા. ૧૧

શ્રીકૃષ્ણ—નારી હાથ ન મેલું તાહરો રે.
અહીંયાં અમલ છે માહરોરે;
મારે દાણુના દોકડા મલ રે, મહીયારી. ૧૨

રાધા—અલ્યા નંદ બાવાનો તું છોકરો રે;
તારી પાસે પઇસો નથી રોકડોરે;
આવડો કેમ મચ્છર હોયરે, સામળીયા, ૧૩

શ્રીકૃષ્ણ—નારી ભ્રખુ ભાણુની તું છોકરીરે,
તારી પાસે પઇ નથી રોકડીરે;
આવડું કેમ અભીમાન હોયરે, મહીયારી. ૧૪

રાધા—હું તો વિનતી કરૂં છું કયારનીરે,
સ્વામી રઘુનાથ હારી તમ થકીરે;
મહીનું તે દાણુ ના હોય રે. સામળીયા; ૧૫

દાણુલીલા ગરબી ૨ જી.

ગોપી—અલ્યા કાનજી તું કયારે ઘેલો થયો જો,
તું તો શેનું માગે દાણુજો;
મહીની મટુકી મારી ફુટશે જો.
ગોરસની થાશે હાંણુ જો, ઘેલું શું બોલે ગોવાળીયાજો. ૧

અલ્યા ન જાણીશ કોઇ બાપડી જો;
કોઇ મળશે માથા ફેરી નાર જો;
મારગ મુકીને રહે વેગળો જો,
મારા કંથને થાશે જાણ જો. ઘેલું શું બોલે. ૨
કૃષ્ણ—તારો કંસ કબુધિ નર શું કરે જો.
મારી સંગે છે સઘળો સાથ જો;
અલી દાહાડી તે દાણ ચોરી જતો જો,
ઘણે દહાડે આવી મારે હાથજો, ઓછી તું જાત આહિરની જો. ૩
ગોપી—અલ્યા હાથની તે હોંશ રખે રાખતો જો;
હાથે ચારી જાણે છે ગાય જો;
પાલવ મુકીને રહે વેગળો જો,
મારી વ્રજમાં થાશે જાણ જો, ઘેલું શુ બોલે શું. ૪
કૃષ્ણ—અલી વ્રજમાં વશીને વેર વાળશું જો,
રખે રાખતી હઇઆમાં હામજો;
નંદજીના નામ પ્રતાપથી જો,
હું તો છેદુ તારા કંસનો ઠામ જો. ઓછી તું જાત. ૫
ગોપી—અલ્યા કંસે કર્યું તે કેમ વિસરે જો.
ભાઇ હણ્યા પોતાના ત્યાંય જો,
નાશીને છુટયો લાડકા જો,
આવી ઉછર્યો છે વ્રજ માંયજો, ઘેલું શું બોલે.
કૃષ્ણ—વળી વ્રજમાં વશીને વેર વાળશું જો.
તું તો જોજે હમારાં કામજો,
અવનીનો ભાર ઉતારવા જો,
ધર્યું નંદકુંવર ઘેર નામ જો. ઓછી તું જાત. ૭

ગોપી—અલ્યા સાચું કહેતામાં દુઃખ લાગશે જો,
પેટ માટે ચારે છે ગાય જો,
તું આવડેરે મોટો એમાં થયો જો,
તુને કોઈએ ના આપી કન્યાય જો, ઘેલું બોલે. ૮
કૃષ્ણ—અલી આહીરની કન્યા અમો શું કરું જો,
અમો સદા કહેવાયા બ્રહ્મચાર જો,
રખે પડછાયો પાડતી જો,
તું તો ધાબળીની ઓઢનાર જો; ઘેલું શું બોલે. ૯
ગોપી—અલ્યા લાખ ટકાની મારી શેલડી જો,
હીરા જડીત મારો છે હાર જો;
ઓઢણી પટોળી મારે પેરણે જો,
તું તો કામળીનો ઓઢનાર જો, ઘેલું શું બોલે. ૧૦
કૃષ્ણ—જેનો બ્રહ્માયે તાંણો તાણીઓ જો,
એનો શંકર સરીખો વણનાર જો;
તેરે ઓઢણ મારે કામળો જો,
તેનો શેષ ન પાંમે પાર જો, ઓઢી તું. ૧૧
ગોપી—અલ્યા શેષ સરખું તન તારૂં જો,
હમો ચંપક વરણી નારજો;
અલ્યા કાચા કનકને વેર વધ્યું જો,
તું તો પશુ તણો પીનાર જો. ઘેલું શું બોલે, ૧૨
કૃષ્ણ—તું તો છાશ નિસરી મહી વેચવા જો,
અલી બેશી રહેજે ઘરમાંય જો;
દોલત ઘણી છ તારા બાપને જો,
તું શાને આવે અહીયાંય જો. ઓઢી તું. ૧૩

ગોપી—આ વાટે સદા મહી વેચતાં જો,
જઇ પુછો જસોદા માય જો;
બાંધી મુઠી સવા લાખની જો,
ઉઘાડીએ તો પત જાય જો, ઘેલું શું બોલે. ૧૪
કૃષ્ણ—અલી ઘણી ઇચ્છા છે મહી છાખવા જો,
મીઠી મેળવણીનો સ્વાદ જો;
ફીકુ પડશે તો પાછું આપશું જો,
તું શાને કરે વિવાદ જો, ઓછી તું. ૧૫
ગોપી—અલ્યા ગોરસ તણું કોણ ગજું જો.
જેટલું પીએ એટલું પાત જો;
વચને વર વાધ્યું ઘણું જો.
કદી મન મેલાવો થાત જો, ઘેલું શું બોલે. ૧૬
કૃષ્ણ—અમે દાંણુને ગજે શું દુભીએ જો,
તું તો ઘણી દીસે છે રીસાળ જો,
હસીને તાળી લે હાથમાં જો,
તું પ્રીત ધરીને રસ આપ્ય જો. ઓછી તું. ૧૭
ગોપી—અલ્યા માગ્યાં મુક્તાફળ પામીએ જો,
હઠ કરો કંઇ નહી એક જો;
લાજ નહી તુંને બાડકા જો,
મન આંણુને કંઈક વિવેક જો; ઘેલું શું બોલે. ૧૮
કૃષ્ણ—અલી વિવેક ઘણો છે મન માહરા જો.
જવા નહી દેઉ નીરધાર જો.
આપ્યા વિના કેમ છુટશો જો,
તારા મનશું તું વિચાર જો. ઓછી તું. ૧૯

ગોપી—તારા મનનો વિચાર મેં જાણીઓ જો,
    હઠ શાને કરો છો આંય જો;
    મનમાં મન મળી ગયું જો, ઘેલું શું બોલે.:૨૦
કૃષ્ણ—મીઠાં વચન તારાં માનુની જો,
    સાકર સરખા બોલ જો;
    પ્રીતનો બાંધ્યો તુજ પાસ છું જો,
    આ આપ્યો તમોને કોલ જો, ઓછી તું. ૨૧
ગોપી—રાઢ ભાગીને રસ વાધીયો જો,
    ગોવાલણી લાગી પાય જો;
    નંદજીના કુંવર કૃપાળને જો,
    ઉલટ તો અંગે ન માયજો. ઘેલું શું બોલે. ૨૨
    જે કોઈ ગાય શીખેને સાંભળે જો,
    તે ફરી ન આવે ગરભ વાસજો:
    દાણ લીલા દીનાનાથની જો,
    ગુણ ગાય રતનીઓ દાસ જો, ઘેલું શું બોલે, ૨૩
(રાગ ગીરધારીનો) દાણલીલા ગરબી.

રાધા—ગીરધારીરે વાત સાંભળો મારી શીદ રોકો છો પરનારી;
    કોઈ સમજોરે વાત કહું છું સારી, તમ સાચી માનો મારી, ટેક.

ઝુલણા.

શીદ દાણ અહીં રોકોરે, જુવો જુએ છે ઘણા લોકોરે;
તમે પાલવ મારો મુકોરે, કાંઇ સમજોરે કહું છું હેત વધારી, શીદ.
કૃષ્ણ—ઓ રાધારે શું કહે વાત તું મારી, કેમ ફુસલાવે ગીરધારી;
    નહી ઠગાવું તારાથી હું નારી, આપો દાણ ચીતમાં ધારી.

ઝુલ.

નહી મુકું પાલવ તારોરે, અહીંયાં હક છે હમારોરે,
તમે મન માંહે વિચારોરે, જોઇ જોઇરે તને મેં રાધે પ્યારી કેમ
રાધા—જરા વિચારીને કહો પ્રીતમ પ્યારા, તમે બોલો નહી બોલ ન્યારા
શું સમજોરે મનમાં તમે તમારા. નીત્ય કહાડો નવા ધારા,

ઝુલ,

તમે શાંનું માગો છો દાણુરે, નહીં રોકો જીવણ પ્રાણુરે;
એતો કંસને થાશે જાણુરે, પછીથીરે વાત થશે નઠારી. શીદ.
કૃષ્ણ-કંસ તારો મુજને શું કરશે, હોય શક્તિ તો આવી લડશે,
જુધ કરીને મારશે કે મરશે, પછી રસ્તો સીધો જડશે.

ઝુલ.

એવાં બાનાં નહી કરો નારીરે; આપી દાણુને થાઓ સુખીયારીરે;
બહુ ઝઘડ કરવી નહી સારીરે, માટે રાધારે માનો વાતતો મારી.
રાધા-હું થાકીરે હવે પ્રભુજી મારા, પીયો ગોરસને થાઓ સારા;
ગુણ નીધીરે ગુણીયલ છો તમે પ્યારા, તમે સંકટ કાપો હમારાં

ઝુલ.

હું દાસીછું તમારીરે, વારે વારે જાઉં વારીરે;
કાપો સંકટ સહુ બિહારીરે, કહે છોટારે વિનતિ સુણજો મારી.શીદ.

દાણ લીલા.

રાધા—પાલવડો મેલો મોહનજી, મારગડે મને જાવા દો;
આવતાં આપીશ દાણ તમારૂં, મહી મારૂં વેચાવા દો. ૧
શ્રીકૃષ્ણ-વેચતાં તને કોણ ખાળે તે, સાંભરનેરે રાધે પ્યારી;
મહી ગોરસનું દાણજ દેની, વેહેલી થાને વીજનારી. ૨

રાધા—નારીને તું ના બોલાવીશ, છાનો રહેને છોગાળા;
કઠણ રાજ છે કંસરાયનું ગઉ ચારતાં ગોવાળા. ૩

શ્રીકૃષ્ણ—હું ગોવાળીઓ તું ગોવાલણી, ફરી ગમે તો આવજે;
કંસ સરીખા સો હીમાયતી, સાથે તેડી લાવજે. ૪

રાધા—તેડી લાવું દયો મને જાવા, રોકી રહ્યા વ્રજનારી;
રઘુનાથના સ્વામી શામળીયા, ઘેલા દીસો ગીરધારી. ૫

કૃષ્ણ—ઘેલો છું પણ દાણ નહી મુકું દોકલડો એક ઓછો,
ગીરધાનીએ ગોકુળ વાળું, ઇંદ્ર કરતાં કૃષ્ણ મોટો. ૬

રાધા—મોટો છું ત્યારે મથુરાં મુકી, અડધી રાતે શું આવ્યો;
પર ઘેર રહીને પેટ ભરતો, તને દાંણી કોણે કહાવ્યો, ૭

શ્રીકૃષ્ણ—વાંકા બોલી વાર કરે છે, કહેતો હૈયાનો હાર તોડું;
દાણ દધીનું દે રે અબળા, નહી તો માથાનું માટ ફોડું.૮

રાધા—હાર નહી તુટે માટ નહી ફુટે, ન્યાય નગરમાં પુછાશે;
રૂઘનાથના સ્વામી સામળીયા કહે ગોકુળ કેમ રહેવાશે. ૯

કૃષ્ણ—ગોકુળ રહો કે જાઓ અત્યારે દાણ દધિનું નહિ મેલું;
ચીર હર્યા તે ગ.યા વીસરી, કાનડીયા કારણ પેલું. ૧૦

રાધા—નંદતણે ઘેર નવલાખ ગાયો, નોતું તે ધન ફાવ્યું છે;
માતા તારી મહી વેચંતી હમણાંજ રાજ આવ્યું છે, ૧૧

શ્રીકૃષ્ણ—હમણાં હમણાં કરતી રહેજે, મેણાં દેતી મહીયારી;
ધુતપણામાં છું ધુતારી, ઠગપણામાં છું ઠગારી ૧૨

રાધા—તું ઠગારો તારી માનો પાળેલો, તારી માને મેણાં દેવરાવે;
રૂઘનાથના સ્વામી સામળીઆ, ઝાઝું તે શું કહેવરાવે. ૧૩

શ્રીકૃષ્ણ—કહ્યા પ્રમાણે કહેતો નથી, પણ તું મોઢું નથી રાખતી;
અમો છૈયે રાજા મહારાજા, અમને નથી ઓળખતી. ૧૪

રાધા—ઓળખું છું આવ્યો નાશી, મહા વનમાં તું છાનો છું;
જાદવકુળ મધે જન્મ છે તારો, નંદ તણે ઘેર નાનો છું. ૧૫
શ્રીકૃષ્ણ–માતા જશોદા મોટી બડભાગી, તેના અમો છીએ અધીકારી;
મોટા મુનિવર મરમ જાણે, ગોકુળ વસીયે ગૌચારા. ૧૬
રાધા—ગૌચારિ ગોપિ ઘેર વસ્તાં, અમને તે તમે ઓધાર્યો;
રૂધનાથના સ્વામિ સામળીઆ, તમે જીત્યા અમે હાર્યા. ૧૭

(દાણલીલાની સાખીઓ, આહેરીઆં વીગેરે.)

શ્રીકૃષ્ણ—ઉંચીને અલબેલડી, સાંભળેને કહું વાત;
વંદ્રાવનને મારગ જાતાં, કોણ છે તારિ સાથ;
ઉભી રહેને વ્રિજની નારીરે, પુછું પરણી કે કુવારિરે,
આંજ્યા વિના આંખડી કાળિરે, બાજુબંધ બેરખાં વાળીરે. ઉ૦ ૧
રાધા—સાથ વાળિ તેને ઘેર બેઠો, તારે શી પડપુછ,
મારગ મુકી રહે વેગળો, તારે મોઢે નથી મુછ;
ચાલ્યો જા પાધરિ વાટે, શાંખુ નંદરાયને માટેરે,
તું તે ક્યાંનો કાનુડો દાણીરે, પાઉં તેને પાંડડે પાણીરે. ચા૦ ૨
કૃષ્ણ—શી છે તારિ જાતડિ, કીયું છે તારૂં ગામ,
કોણ છે તારા માત પીતા, શું છે તારૂં નામ; ઉ૦ ૩
રાધા—આહીરની અમો જાતડિ, ગોકુળ મારૂં ગામ;
ભખુભાનની હું બેટડી, રાણી રાધા છે મારૂં નામ. ચા૦ ૪
કૃષ્ણ—બોલતી નોતીને બોલવા શીખી, આવડું બોલી આજ;
વંદ્રાવનમાં નીત્ય ફરે, તુજને તે શાની લાજ. ઉ૦
રાધા—લાજવાળા છો તે જાણ્યું, દાકી રાખો આપ;
વંદ્રાવનનો મારગ રોકી, નીત્ય તપાસો લાગ. ચા૦ ૬

કૃષ્ણ—ઝાઝાં રાખે મેઢકાં ઝાઝિ રાખે ગાય;
છાશ પીને મોટી થઇ; ભરવાડની જાત કહેવાય. ઉ૦ ૭
રાધા—ગોકુળથી આવિ ગોવાલણી, મથુરાંથી આવ્યો કાન.
મારગમાં એકઠા થયાં, તું તો સેનું માગે છે દાણ. ચા૦ ૮
કૃષ્ણ—ગોકુળની ગોવાલણી, મથુરાંને મારગ જાય;
આડો કાન ફરિ વળ્યો, તારો પ્રિતે પાલવસાય. ઉ૦ ૯
રાધા—હમો બેટડિ ભખુભાણુની, રાધા મારૂ નામ;
દાણુ લેવાની ગરજ હોય તો, આવજે ગોકુળ ગામ. ચા૦ ૧૦
કૃષ્ણ—નંદબાવાનો હું નાવડીઓ, કાનજી નામ પ્રમાણ;
દાણુ લીધા વિના જાવા દઉં તો, નંદબાવાની આણ. ઉ૦ ૧૧
રાધા—આણ તો માનું કંસની, બીજી ન માનું કોય;
નવ નંદ મારે નેસડે વસે, તારો નંદ તે કોણજ હોય. ચા૦ ૧૨
કૃષ્ણ—કંસ તારો તે કોણ છે, મેં વશ કીધા સહુ ઠામ;
વિચારિને બોલજે, તારિ શુદ્ધ ગઇ જેમ હોય, ઉ૦ ૧૩
રાધા—શુધ નથી ગઇ માહારિ, તારિ ગઇ જેમ હોય,
સાંભળ છૈયા નંદના, તારે મન વિચારિ જોય. ચા૦ ૧૪
કૃષ્ણ—મનમાંહે તું શું વિચારે, રાધા દાણુ લેવાનો સહી,
તારિ માને શું કહીએ, તને વેચવા મોકલિ મહી. ઉ૦ ૧૫
રાધા—આવો ગોપીના વાલા, સંભાળ કહું તે વેણ;
તારિ માને શું કહીયે, તારિ પાસે ચરાવે ધેન. ચા૦ ૧૬
કૃષ્ણ—મેણાં મેણાં કરતી રેજે, મહીયારિ મદમાતી;
છાસ પીને દાહાડા કાઢે, તું તો રંગે થઇ છે રાતી. ઉ૦ ૧૭
રાધા—કાનજી કાળા ન કર ચાળા, મોરલીયો વાળા;
અડધી રાતે શું નાઠા, તમો ભરીને ઉચાળા. ચા૦ ૧૮

કૃષ્ણ-દાણુના દોકડા લઇશું રોકડા, બીજી નહિ કાંઇ વાત;
તારે મારે ઝગડો થયો, ફોડીશ મહીનાં માટ. ઉ૦ ૧૯
રાધા-દાંણુના દોકડા આપીશ રોકડા, બીજું ન થાતે આળ;
દાણુ લીધામાં શું સમજે યું, નાનું સરખું બાળ. ચા૦ ૨૦
કૃષ્ણ-મહિયારિ તું મદની માતી, હું નાનું સરખું બાળ;
બાળપણું તુંજને દેખાડું, થાવાદે સંધ્યા કાળ. ઉ૦ ૨૧
રાધા-સંધ્યાકાળ તું શું બતાવે, સાંભળ કાળા કાન.
મહી વેચીને આવતાં, આપીશ તારૂં દાણુ. ચા૦ ૨૨
કૃષ્ણ-છેતું રંગીલી રૂપની રૂડી, હું છબીલો કહાન;
મહી ખપે કે ન ખપે તું, આપને મારૂ દાણુ. ઉ૦ ૨૩
રાધા-મહીના દાંણુ ના હોય મોહન, મનમાં સમજો પેર;
મહી પીવાનો ખપ હોય તો હરી, આવજો મારે ઘેર. ૨૪
કૃષ્ણ-કયારની મેણાં દેઇને, કીધાં અદકાં વેર;
હેત કરી તું આપવા આવે, હવે લાગે તે કડવાં ઝેર. ઉ૦ ૨૫
રાધા-કહો તો હરિ ઘેરથી, કહોતો પાઉ આંય;
હિમાના સ્વામી સામળા, તમો મનમાં ન લાવશો કાંય. ૨૬
આવો આવો નંદના છઇયારે, તમે ગોકુળના મહીયારે;
વાત તો વિચારી કહીયેરે, મારગથી અળગા રહીયેરે. ૨૭

ગોવાળિયાનાં હાળિયાં.

દુધ પીયો જાવા દે હમને, શાને રોકો છો વન;
એકલડી વન કેમ રહું, ધ્રુજે છે મારૂં તન. ટેક.
કુમળી આંગળી મરડાશે, મુકોની મારો હાથ;
હું આવી આગળ થકી, પુઠે આવે સઇઅર સાથ. દુધ. ૧

દવસ પરણ્યા પીયુ સાથે, ઉભા રહ્યું નવ જાય;
નંદજીના સમ અળગો રહે તો, પરશુ કેમ બોલાય. દુ૦. ૨
પીયુ મારો ચતુર નથી તે, શું જાણે ભોગની રીત;
તેણે હું પ્રીછું નહી જે, પુરૂષ કેહેવી પ્રીત. દુ૦. ૩
જે રસ જેણે ચાખ્યો નહી રે. તે શું જાણે તેહ;
નેન નચાવો છો ઘણા, હું પ્રીછું નહિ કાંઇ તેહ. દુ૦. ૪
તમ રખી હોય તેને વાહો, મુકોને મારો હાથ;
બાળપણે એવું કરે જે, આગળ વધે લાજ. દુ૦. ૫
કાલ પીતા પરણાવશેરે. ઉત્તમ સુંદર નાર;
પરણી ઘર વશે નહી, એ વેદનો વહેવાર. દુ૦. ૬
સુખ ટળે શરીરનું જો, કોઈશું લાગે મન;
ચીતવ્યું તો નવ પામીએ, અતિ દોહલો દુરીજંન. દુ૦. ૭
ચતુર હશે તે જાણશેરે, ચતુરાઇની પેર;
મેં મન તારૂ ઓળખ્યું, અવસરે આવજે ઘેર. દુ૦. ૮
મારગમાં ન બોલાવીયેરે, જુઠાં આળ ચડાવે લોક.
બાલણુ પ્રભુ રઘનાથજી, જુઠાં આળ ચડાવે કોક. દુ૦. ૯

જાઓ નંદના ગોવાળીયા તું શેનું માગે દાંણ;
જો આવીશ ઢુકડો તો, કંસરાયની આણ. જાઓ. ટેક
ઘેર જઇ પુછ માતનેરે, છાશ વેચંતી કાલ;
દાંણી થઇ વનમાં રહ્યો, કોની શીખ્યો તું ચાલ. જાઓ. ૧
પાંપણ ઉપર પાઘડીને, અંણીયાળાં લોચન;
કરમાં કાળી કામળી, કાં વદે મીઠાં વચન. જાઓ. ૨
અંગમાં ચોડીશ આવડું તું, રાખજે તારો ભાર;

ચંચલ શા કરે છે, વાળી નહી હું નાર. જાઓ. ૩
મેં તને નિર્મળ સાંભળ્યોરે, વસતો વંદ્રાવંન;
ભરમેં ભોળી ના જાણતો, અતિ-કઠણ છે મારૂં મન. જાઓ. ૪
પાધરે મારગ ચાલીએરે, ગોવાળીયાની સાથ;
છેલ પણું નવ કીજીએ, ભાલણ પ્રભુ રૂઘનાથ. જાઓ. ૫

ઉભી રહેરે આહેરડી, તું બોલતી વાંકા બોલ,
તારી આંખડીને મેં ઓળખીરે, અવર નહિ કોની તોલ;
મારગે છોડી અલબેલડોરે, હીંડતી મોઢામોડ,
શેરી જોઇને ચાલીએ ઘેર, કંથ સારો હોય. ઉભી. ૧
સતી સામું ન ભાળીએરે, નીચું જોઇને જાય;
પરપુરૂષથી વેગળી રહે તેની, આંખલડી ઓળખાય. ઉભી. ૨
દાંણુ લાગે આ ઠામનુંરે, અહીં નથી કંશનું લાગ;
વણુ પ્રીછે આવે નહી, આવે તો મારો ભાગ. ઉભી. ૩
આવતાં આવી કામની, હું જે માગું તે આપ;
ભાલણ પ્રભુ રૂઘનાથને, અંતર આણી થાપ; ઉભી. ૪

ઓરો આવરે અહીરડા, મેં જાત તારી જાણી,
જુલમ કરો છો જોરાવરારે, કંસરાયને કહીશું,
નીત્ય ઉઠીને દુ:ખ દો છો, તારૂ ગોકુળ મુકીને જઇશું ઓરો. ૧
અમે દાંણી નંદ રાયનારે, મન માને તે લેઇશું;
કહેજે તારા કંસરાયને, હમે ઉત્તર દઇશું. ઓરે. ૨
તું સરખા મારે ઘેર ઘણા, અમને પાશે પાણી;
તારૂં બોલ્યું સાંખું હું તો, નંદનો કુંવર જાણી. ઓરો. ૩

પાધરે મારગ ચાલીયેરે, ગોવાળીયાની સાથ;
છેલપણું નવ કીજીએ, ભાલણ પ્રભુ રૂઘનાથ. ઓરો.

છબીલા નંદનારે, તારી ચાલનો ચટકો જો;
છોકરા આહીરનારે, તારા મુખનો મટકો જો.
ચટકો તારી ચાલનો, પાઘડીયે કંગર કોર;
ઘુમક ઘુમક નેપુરી બાજે, ધુનમાં નાચે મોર. છબી. ૧
તાંણીને બાંધે પાઘડીરે, ઢળકતો મુકે તોર;
શેરીએ લડથડતો હીંડે, મુખ મોરલી ઘન ઘોર. છબી.
મુખ દેખડાવીને ઘેલાં કીધાં, જાગે હરાયાં ઢોર;
ભાલણ પ્રભુ રૂઘનાથજી, મારાં ચીતલડાંના ચોર- છબી. ૨

ભ્રખુભાણ કેરી બેટી, રાણી રાધા છે મારૂં નામ;
દધી તણો જો ખપ કરો તો, આવજો ગોકુળ ગામ. ભ્રખુ.
લંપટ સપટ નાથજીરે, કપટીવાળા કાહાન;
દધીતણું જો દાન લેશો તો, કંસને થશે જાણ. ભ્રખુ.
વંદ્રાવનની વાટમા તમે, શાંને રોકોછો ઘાટ;
તારી માતાતો આવડું મોટુ, લેતી મહીનું માટ. ભ્રખુ.
રાધા તો દાણ નહી આપેરે, તમારૂં શું જોર;
પીતા મારો જો જાણશે તો, કરશે પાધરા દોર. ભ્રખુ.
સુધલે મારગ માલીએરે, ગોવાળીયાની સાથ;
છેલપણું નવ કીજીએ, ભાલણ પ્રભુ રૂગનાથ. ભ્રખુ.

કહાન-ધુતારી ઘુમટાવાળીરે, આંજ્યાં વિના આંખડી કાળીરે.
ઉંચીને અલબેલડીરે, પાતળી પરિધાન;
જોબનીયાનું જોર ઘણું, હું ઉતારૂં અભિમાન. ધુતા૦

ગોપી—ન્હાની વયમાં નામજ કાઢયું, લોક કરે વખાણ;
 મ્હો બાયને આંખડી લાજે માંહોમાંહો શું દાણ.
 ચાલ્યો જો પાધરી વાટે રે, સાંખુછું નંદના માટે રે. ચા૦
કહાન—આ ગોકુળમાં ઘણી વસે છે, મોટી જાત આહીર;
 વ્હેવાર વાતે લજા શાંની, વટકણાની રીત. ધુતા૦
ગોપી-પાધરી વાટે તે લહે રે, જેને હોય એ બાપ;
 એ દાણ શું લખાવી લાવ્યો, કંસરાયની છાપ. ચા૦
કહાન—છાપ તો તારો બાપ કરે જે, સેંકડો બ્રખુભાન;
 હમો કુંવર નંદરાયના, ગણુ કંસને તરણા સમાન. ધુતા૦
ગોપી—સમજી બોલો શામળારે, લોક સાથે શાં લાડ,
 ભીખ માગી માગીને જીવવું, માનો પરમેશ્વરનો પહાડ. ચા૦
કહાન—ગોપી ગાળ દીયો અદકેરી, જોરાવરનો જોરો;
 ભીખ માગ્યાની વૈર કહું, તું કાન ધરની ઓરો, ધુતા૦
ગોપી—કાન ધર્યાનું કામ શું છે, સમજી મનની વાત;
 એવો કો દેખતી નથી જે, અટકાવી શકે હાથ. ચા૦
કહાન—આવે નારી ઇંદ્રાણી તો, જાય મુકી માન;
 તારૂં સર્વસ લઉં સુંદરી તો, મારૂં નામ કાન. ધુતા૦
ગોપી—છ વરસનું છોકરૂં ને, ચોરી પીતો છાશ;
 સરવસ આપું શામળા, તું આવ મારી પાસ. ચા૦
કહાન—તુ મદમાતી મહીઆરી, હું નિકટ ન્હાનું બાળ;
 બાળપણું તુજને દેખાડું, થવા દે સંધ્યાકાળ. ધુતા૦
ગોપી—વિવાદ કરતાં, દિવસ વિત્યો, અમળા આકળી થાય;
 પ્રેમાનંદ પ્રભુ જાવા દીયો, ગોપી લાગી પાય. ચા૦

ભાગ બીજો.

જ્યારે રામચંદ્રજી તથા લક્ષ્મણ વનવાસ ચાલ્યા ત્યારે સીતાજીએ કહ્યું કે હું પણ સાથે આવીશ તે સમયે રામચંદ્રજીએ કહ્યું કે તમે પીયર જાઓ અથવા અહીં રહો, તે વિષેનું ધોળ.

(મામેરૂં મોંઘા મુલનું, એ રાગનું, પણ તેમાં એક દોઢ જાસ્તી વળે છે.)

રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં, સતી સીતા આવતા સાથ;
કહે રઘુનાથ પધારો પીયર પ્યારી.
નહિ તો અહીં રહો સાસરાના રાજમાં, હેતે હળીમળી સાસુ સંગાથ;
નહિ તો જોડી હાથ; પધારો. ૧
અમે વસ્તીમાં નહિ વસીએ વીનતા, અમે કરશું જઈ વનવાસ;
તમો પામો ત્રાસ. પધારો.
સાથે રથ કે ઘોડું નહી રાખીએ, નહી રાખીએ દાસી કે દાસ;
કોઇ અમ પાસ. પધારો. ૨
તમે કોશનો પંથ કીધો નહીં, ચરણે ચાલવાથી પામો થાક;
સીટી ખેંચે નાક. પધારો.
અમ વનફળ ખાઇ ખુશીમાં રહેશું, કોઇ દિવસે તો કેવળ શાક;
વીના લુણ પાક. પધારો. ૩
વનમાં નથી મંદીર માળીયાં, નથી પહોડવા કાજ પલંગ;
રંગીત નવ રંગ. પધારો.
કેરશું ઘાસ કે પાનની ઝુંપડી, સુવા સાંથરો તે ખુચે અંગ;
એમાં શો ઉમંગ. પધારો. ૪

વનમાં હીરનાં ચીરતો નહી મળે, વનમાં નહી મળ ફરતાં ફુલેલ;
કે તેલ ધુપેલ. પધારો.
વનમાં નહી મળે રાણી સાહેલીઓ, કરશો, કે સંગે ખાંતથી ખેલ;
ઉમંગ ભરેલ. પધારો. ૫
ઉષ્ણકાળે વાસે દિન આકરા, એવું દેખીને થાશો ઉદાશ;
જ્યારે જેઠ માસ. પધારો.
વરસે મેઘને ઝબકશે વીજળી તેવે ટાણે તો તરૂ તળે વાસ;
નહી છત્ર પાંસ. પધારો. ૬
વનમાં ઘાતકી રહેને રાક્ષસ ઘણા, ચારે તરફ ફરે બહુ ચોર;
બચે નહી ઢોર. પધારો.
મોટા પરવત દેખીને માનની, તને નજરે જોયા નહી જાય;
દીઠે ખાવા ધાય. પધારો. ૭
તમે રાજ કન્યા કાયા કોમળી, વનવાસમાં દુઃખ ન વેઠાય;
કાયા કરમાય. પધારો.
ઘરમાં અંધારૂં દેખી ડરો ઘણાં, નથી નીસરીયાં કદી ઘરબાર;
છો નાજુક નાર. પધારો ૮
તમે છોટી ઉમર વરસ સોળનાં, નથી સંકટ વેઠયાં લગાર;
તમે કોઇ વાર. પધારો.
રાણી આવીને પીયર ગયાં નથી, તમને મળવા ઇચ્છે છે માય;
હોંશે ચિત ચાય. પધારો. ૯
રાજા જનકજી તમને ઝંખે ઘણા, તેના સંદેશા આવે સદાય;
તેડાં પાછાં જાય. પધારો.
ભાત ભાતનાં ભોજન ભાવતાં, તમને મોકલશે મહીપાળ;
પુરાવીને થાળ. પધારો. ૧૦

અમે અવધે ફરી જ્યારે આવશું, લેશું સ્નેહે તમારી સંભાળ;
ત્યારે તત્કાળ. પધારો. ૧૧
રૂડી મીથીલાપુરી મન માનતી, તેમાં પામશો પરમ વિરામ;
છે બાપનું ગામ. પધારો.
ગોરી તમને ગમે તેમ હું કરૂં, એમ દલપતરામનો શ્યામ;
કહે રાજા રામ. પધારો. ૧૨

પછી સીતાજી બોલ્યાં તેનું ઘોળ.

રાગ ઉપર પ્રમાણે.

એવું સાંભળી કહે, સુણો સુંદર શ્યામ સુજાણ;
પ્યારા મારા પ્રાણ, સાથે રાખો સ્નેહથી.
જુદાં પડવાની વાત વાલા કહો, તે તો બોલ લાગે તીખા બાણ;
રઘુકુળ ભાણ. સાથે રાખો. ૧
સ્વામી જ્યાં તમે ત્યાં ઘર માહેરૂં, તમથી વેગળી તે પરદેશ;
હું જાણું હમેશ. સાથે રાખો.
સ્વામી તમેરે સુખી તો સુખ માહરે, તમે દુખી તો દુખ મારે દેહ;
એમાં શો સંદેહ. સાથે રાખો. ૨
જે કોઈ પરણ્યા પછી રહે પિયરમાં, અવતાર બળ્યો ધીક એહ;
મુવા જેવી તેહ. સાથે રાખો.
સ્વામી તમ વિના મંદીર માળીયાં, ભાસે પરવત મોટા સમાન;
વરતી તો વેરાન. સાથે રાખો. ૩
મહાવનમા ભરી વસ્તી ભાસતે, જ્યારે પામીશ દરશન દાન;
કૃપાના નીધાન. સાથે રાખો.
સાસુ સસરાને માત પીતા સઉ, ભલે જીવો કરો રૂડાં રાજ;
મને માહારાજ. સાથે રાખો. ૪

સ્વામી શું કરૂં બાપ ભોજાઈને, સ્વામી શું કરૂં સૈયર સમાજ;
કેનું નથી કાજ. સાથે રાખો.
સાચું સગપણ જગતનાં સ્વામીં તણું, બીજો સ્વારથી મળ્યો સંસાર
કુટુંબ પરીવાર; સાથે રાખો. ૫
મારા લાડ પલાણુ તમે લાલજી, બીજો નથી આંસુ લોનાર;
કે એક આધાર. સાથે રાખો.
પ્યારી પ્રાણુ થકી જો જુદી રહે, તો હું તમથી જુદી પડી છેક;
જીવું તજી ટેક. સાથે રાખો. ૬
જો કોઈ જળથી જુદી પડી માછલી, રાખે દુધમાં કરી વિવેક;
જીવે પળ એક, સાથે રાખો.
તમે સુખના સાગર રહો વેગળા, પછી શું કરૂં રાજ ને પાટ;
હવેલીના ઠાઠ. સાથે રાખો, ૭
મને હીરના ચીર ગમે નહીં, મને ન ગમે ઘરેણુાંના ઘાટ;
મટાડો ઉચાટ. સાથે રાખો.
હું તો તમને દીઠે દેખતી, અણુ દીઠે તે આંધળી ભીત;
જનમની એ રીત. સાથે રાખો. ૮
મેં તો સ્નેહ તોડયા સહુ લોકથી, બાંધી તમ સંગે પુરણુ પ્રીત;
ચોરાયું છે ચીત. સાથે રાખો.
જમવું જીવન તમથી જુદા પડી, હોય વીધવીધનાં પકવાન;
તે વાખનાં નીશાન. સાથ રાખો. ૯
કરીએ ભોજન તમ સંગ ભાવથી. હોય કેવળ શાક કે પાન;
તે મેવા સમાન. સાથે રાખો.
પડશે તડકા ને તાપ વૈશાખના, તે તો જાણીશ ચંદ્ર પ્રકાશ;
રહી તમ પાસ. સાથે રાખો. ૧૦

મેલી જો પંથ પધારશો, આવી મળવાની ધરશો ન આશ;
નિર્મોહ પામું નાશ. સાથે રાખો.
ત જી પછી ધરણીએ, નારી જાનકી થઇને નીરાશ;
કહે મેલી સ્વામ. સાથે રાખો. ૧૧
થા કરી દેવ દલપતરામના, સતી સીતાને દેખી ઉદાશ;
જતાં વનવાસ. સાથે રાખો સ્નેહથી. ૧૨

રામચંદ્રજીએ સીતાને કાગળ લખ્યો તેનું ધોળ.

મામેરૂ મોંઘા મુલનું—એ રાગનું.

સ્વસ્તશ્રી પુરી લંકા સોહામણી,
જ્યાં રાજે છે જનક કુમારી; પ્રીતમ લખે પ્યારીને.
રહો અખંડ એવાતણુ તમ તણા,
એવી આશીષ વાંચો હમારી; પ્રીતમ લખે પ્યારીને. ૧
ગોરી દેવના જોગે જુદાં પડયાં,
પણ પ્રાણ મારા તુજ પાસ પ્રીતમ લખે પ્યારીને,
બેસું બાગ બગીચે કે બંગલે,
રહું તમ વીના અધિક ઉદાસ; પ્રીતમ લખે પ્યારીને.
તારો સ્નેહ ઘડીએ ઘડી સાંભળે,
તારો ભાવ ભૂલ્યો કેમ જાય; પ્રીતમ લખે પ્યારીને,
તારા હેતથી હયડુ ભરાય છે,
તે તો લેખણુથી ન લખાય: પ્રીતમ લખે પ્યારીને. ૩
મારે અરથે તમે બાળપણુ થકી,
તજ્યો સઘળો પીયર પરીવાર; પ્રીતમ લખે પ્યારીને,
મારાં લેશ વચન નહી લોપીયાં,
હૃદયા કોપીયાં કદીએ લગાર; પ્રીતમ લખે પ્યારીને. ૪
તારી નમ્રતા અમ્રતથી ગળી,
ભૂળી શોભીતો શાંત સ્વભાવ; પ્રીતમ લખે પ્યારીને.

જેથી મનની ઉદાસી તુરત મટે;
તારા બોલનો એવો બનાવ; પ્રીતમ લખે પ્યારીને.
ગોરાદે તારા ગુણ કેમ વીસરે,
કેમ વીસરે વીલાપ ભર્યાં વેણ, પ્રીતમ લખે પ્યારીને.
હેતે હસ્તુ વદન તારૂ વીનતા,
મારા નીરખવા તલખે છે નેણ; પ્રીતમ લખે પ્યારીને.
દિવસે તુજ વીના દીલમાં ગોઠે નહી;
પીવું પાણી કે જમવું અનાજ; પ્રીતમ લખે પ્યારીને.
રાતે રોઇ રોઇને આંખો રાતી થઈ,
લોક પુછે તો આવે છે લાજ, પ્રીતમ લખે પ્યારીને.
ગોરી મનમાં ધીરજ ધરી રાખવી,
કાલે ભાગશે ભામની વીજોગ; પ્રીતમ લખે પ્યારીને.
જેથી રીઝે આપણને જગતપતી,
એવો અહોનીશ કરવો યોગ્ય; પ્રીતમ લખે પ્યારીને.
જે જે વૃદ્ધ પાડોશીઓ શુધ છે;
તેને પ્રીતીથી કહેજો પ્રણામ; પ્રીતમ લખે પ્યારીને.
વીભીષણ મારા મીત્ર પવીત્રને,
કહેજો જરૂરનું હોય જો કામ; પ્રીતમ લખે પ્યારીને. ૯
જોઇતી વસ્તુ જરૂર મંગાવજો,
કશી વાતે મુંઝાશો ન મન; પ્રીતમ લખે પ્યારીને.
કાલે દેખીશું દીવસ આનંદના,
જાશે વીસારી દુઃખ ભર્યા દીન; પ્રીતમ લખે પ્યારીને. ૧૦
જે જે પ્યારી તમારી સાહેલીયો,

તેને પણ કહેજો મારાજુહાર, પ્રીતમ લખે પ્યારીને.
સાસુ સસરાની આશીષ સુણીને,
મલશું ભામની ને ભરતાર, પ્રીતમ લખે પ્યારીને. ૧૧
વધે સ્નેહને સંપ સુજન સાથે,
તેથી તનમન રાખજો ટેવ, પ્રીતમ લખે પ્યારીને.
અમે થોડી અવધે હવે આવશું,
એમ દલપતરામનો દેવ, પ્રીતમ લખે પ્યારીને. ૧૨

સીતાજીએ રામચંદ્રજીને કાગળ લખ્યો તેનું ધોળ.

રાગ ઉપર પ્રમાણે.

સ્વસ્તિ શુભસ્થાન સોહામણું,
જ્યાં રાજે સદા રઘુનાથ, કાગળ લખે કામની. ૧
લખે લંકા થકી સીતા સુંદરી,
હેત વદને જોડી જોડી હાથ, કાગળ લખે કામની.
પત્ર આવ્યો, તમારો પ્રીતી ભર્યો,
વહાલા વાંચી થયો વિરામ, કાગળ લખે કામની. ૨
પણ જીવન તમથી જુદાં પડે,
ઘણા દીવસ થયા ઘનશ્યામ, કાગળ લખે કામની.
મારા નેણનાં નીરથી નાથજી,
સુતાં રજનીમાં સેજ ભીંજાય, કાગળ લખે કામની. ૩
ઘેર ચાલો હવે તો ચણી થઈ,
નહિ તો જીવડો જાશે જરૂર, કાગળ લખે કામની.
દઇવે પાંખો આપી હોય પીઠમાં,
ઉડી આવું દેશાવર દુર, કાગળ લખે કામની. ૪

વહાલા નીત્ય નવી વાતો વાંચીએ,
જેથી પામીએ પુરો પ્રમોદ, કાગળ લખે કામની.
ચતુરાઇના સાજ હું ચાળવું,
આંરો વિદ્યાના કરીએ વિનોદ, કાગળ લખે કામની. ૫
તાંબાકુંડી ઉંડી ઓપતી,
ભાવે ભરૂં માંહી નીરમળ નીર, કાગળ લખે કામની;
બેસો બાજોઠે ચડી મારા ચોકમાં,
સ્વામી નવરાવું ચોરી શરીર, કાગળ લખે કામની. ૬
કરૂં સરસ રસોઇ રૂડી રીતથી,
પ્રીતે પીરસીને બેસું હું પારુ, કાગળ લખે કામની.
એવો દીવળ તે ક્યારે દેખશો,
ત્યારે અંતરની પુરશો આશ, કાગળ લખે કામની. ૭
સ્વામી તમ વિના પીયરને સાસરૂં,
સુનો લાગે સઘળો સંસાર, કાગળ લખે કામની.
મારા માથાથી મોઘા પ્રભુ તમે;
મારા આત્માના છો આધાર, કાગળ લખે કામની. ૮
આવે પર્વના દીન સુખ સરવને,
હું તો શોકે ઉદાશી સદાય, કાગળ લખે કામની.
ગાજે મેઘ ને દમકે જો *દામની,
આખી જામની જંપ ન થાય, કાગળ લખે કામની. ૯
હું તો સુની દેખું સુખ સેજડી,
ખાલી મંદીર ખાવાને ધાય, કાગળ લખે કામની.

---

* વિજળી.

ભરી વસ્તી ઉજડ જેવી ભાસે છે,
એક તમ વીના ત્રીભુવન રાય, કાગળ લખે કામની. ૧૦
વાલા હું તમને કેમ વીસરી,
કેમ વીસરીયું દાદાનું વતન, કાગળ લખે કામની.
પત્ર વાંચીને વેહેલા પધારજો,
સ્વામી શરીરનાં કરજો જતન, કાગળ લખે કામની. ૧૧
કોઇને દુખીયા દેખીને દુખ પામતા,
તેવી નાથ તમારી છે ટેવ, કાગળ લખે કામની.
આવે અવસરે કેમ કઠણુ થયા,
તમે દલપતરામના દેવ, કાગળ લખે કામની. ૧૨

શિયળ વિશેની ગરબી.

શીયળ તણો મહીમા બહુ મોટો, ખોટો નથી ખરોછેજીરે,
વેદ પુરાણુ કુરાન કીતાબે, અધીક અધીક ઉચર્યો છે.
સુણજો સજનોજીરે. ટેક.
શીયળ વીના સદગુણુ સઘળાથી, જરી નહી શોભાવોજીરે;
પાઘડી પહેરી પામરીથી, નહી શોભે નાગો બાવો. સુ૦ ૧
હાંડી જમરૂખ તકતા માંડી, શોભાવ્યું ઘર સારૂંજીરે;
દીવા વીના અંધારા ઘરમાં, સઉ દેખે અંધારૂં. સુ૦૨
સરવે અંગ સાજુ તાજુ, નાવ નવીન બનાવ્યુંજીરે;
પણુ તેમાં એક છી પડ્યું તો, ન પડે પાછું આવ્યું. સુ૦ ૩
પરમેશ્વરનું બહાનું પકડો, શીયળ ન પાળે સાચુંજીરે
કાચ પીએ ને ચરી ન પાળે, તો જીવ્યાનું કાચું. સુ૦ ૪

પુન્યદાન કે પ્રતીષ્ટાથી, પાપ નહી જાશે જીરે;
લાંચ શીપારશ લેશ ન ચાલે, પરમેશ્વરની પાસે, સુ૦ ૫
જો બાળપણાથી ડાપણમાં; ખાપણુ ખોટું મળશેજીરે;
બુઢાપણુ આપણને આવે, તોપણ તે નહિ ટળશે. સુ૦ ૬
શીયળ થકી સંપુરણ થાયે, પરમેશ્વરની પ્રીતીજીરે;
દલપતરામ કહે દુનિયામાં, સુખલાયક શુભ નીતી. સુ૦ ૭

નર દમયંતીનો વીયોગ.

(રાગ સામગ્રી)

વૈદરભી વનમાં વલવલે, અંધારી રાત;
ભામિની ભે પામી ઘણું, એકલડી એ જાત. વૈદરભી૦
રસની નામ દે નળતણું, જાપ જપતી જાય;
શુદ્ધ નથી શરીરની, ભાગે કાંટા પાય. વૈદરભી૦
રોઈ રોઇ રાતી આખડી, ખુટયું આંસુનું નીર;
નયણે ધારા બે ઝરે, વહે છે રૂધીર. વૈદરભી૦
હીંડંતી તે આખડે, વાગે પાયમાં ઠેશ;
ચાલતી ઉભી રહે, ભરાય કાંટામાં કેશ. વૈદરભી૦
અંગે ઉઝરડા ઘણા, ઝરે શોણિત ધાર:
ઓ નળ ઓ નળ બોલતી, બીજો નહિ વિચાર. વૈદરભી૦
ઊંડા કોતર ઉતરે, ચઢે ગિરિ ગરાડ;
અશુદ્ધ ઉર ધડકે નહિ, પાડે વાઘ ભરાડ. વૈદરભી૦
વાંકી વાટે ટીંબા ટેકરા, ભયાનક ખોય;
રાહમાં સાપજ ફુફવે, માંહી ઘુવડ ઘોય. વૈદરભી૦

શબ્દ પશુ પંખી તણા, ન પડે કાંઇએ પ્રીછ,
વરૂ વણીઅર બોલે ઘણું, ઘાવ પુડે રીંછ. વૈદરભી૦
ફુંકારે છીકારવાં, ચિતરા દે છે ફાળ;
ફાલુનાદે હોએ ઘણા, બહુ બોલે શિઆળ. વૈદરભી૦
શીમલ સદડી સેકટી, કંટાલીને થોર;
બાવળીઆ બીઆમણા, ત્યાં ઝાઝી બોર. વૈદરભી૦
અથડાઇ પડે છે સુંદરી, ચરણે વેલા વીંટાય;
છુટા કેશ કામિની તણા, ઝાંખરે જટીઆં ભરાય. વૈદરભી૦
અથડાએ વૃક્ષ અંગશું, મુકે કાંટામાં પાક;
શુદ્ધ નથી શરીરની, ભજતી નળરાય. વૈદરભી૦
દિવસ રેણી પ્રીછે નહિ, એવું ઘાડું વન;
ઘોર શબ્દ બીઆમણા, તેથી ધુજે તન. વૈદરભી૦
અન્ન ઉદક નિદ્રા નહિ, બેસવું ન સુવંત;
ત્રણ દિવસ એમ વહી ગયા, ભમતા ભમતાં વંન. વૈદરભી૦

ભુલી ભમે છે ભામની, નૈષધનાથની નાર;
ઓ નળ ઓ નળ બોલતી, બીજો નહિ ઉચ્ચાર. ભુલી૦
ધોવાયું કાજળ આંસુએ, વેદનાએ વ્યાકુળ;
અરધ ઉઘાડી દેહડી, નાથે ફાડયું પટકુળ. ભુલી૦
એવે દીઠો એક ચિતરો, ધરી ધીર ઉલટ;
પૂછી બાળ ભુપાળની, તારા સરખી છે કટ. ભુલી૦
સાર્દૂલ દીઠો વનમાં, વૈદરભી પુછે વહાલ;
નૈષધ દેશી વાટે મળ્યા તારા સરખી છે ચાલ. ભુલી૦

સાવજ થાએ ગાભરો, ભયથી નાશી જાય;
વન દેવી મને ઝાલશી, પશુ ઘણાં કંપાય. ભુલી०
પુછ્યું ઉંચા દ્રુમને, તારી ગગને ગઇ ડાળ;
તરૂપતિ જો મારી વની, કહી દીસે ભુપાળ. ભુલી૦
ઉત્તર દ્રુમ આપે નહિ, તેમ રાણી રોય;
પુન્યસ્લોક મને પરહરી, શત્રુ થયાં સર્વ કોય. ભુલી०
અજગર પડ્યો છે વાટમાં, વિકાશી મુખ ભાગ;
દમયંતીએ પ્રીછ્યો નહિ, મેલ્યો મુખમાં પાય. ભુલી०
ચરણ ગળ્યો જાનુ લગી, વિખ ચડ્યું શરીર;
સાદ પાડીને નળને કહે, ત્યા તે થઇ છે અધીર. ભુલી०
અજગર આનંદ પામીયો, ભલું જડીયું ભક્ષ;
વૈદરભી ઘણું વલવલે, ઉંચાં ચઢી ગયાં ચક્ષ. ભુલી०
કંઠે તો કાંટા પડ્યા, મુખે પડીઓ શોષ;
મરણ સમે મારૂં કો નહિ, રસનાએ પુન્ય સ્લોક. ભુલી०
રોતી રાણી સાંભળી, પારધી આવ્યો ધાઇ;
પગ છે અજગરના મુખમાં, સ્વામી દીઠી સાહી. ભુલી०
પારધીએ અજગર મારીયો, કુહાડીને ઘાય;
જુગત કરીને મુકાવિયો, નળ પત્નિનો પાય. ભુલી०

કવી પ્રેમાનંદ ભટ

પતિવ્રતા સ્ત્રી કેવા પ્રકારની ગુણવાળી હોય છે.

પુનમ ચાંદની પુરી ખીલી રહીરે—એ રાગ.
બાઇઓ પતિવ્રતા તે નારી કેવી હોય છે રે,
વાંચો વર્ણન તેનું આપું નિચે આજ;
સરવે શિખામણના શબ્દો હૈયે રાખજોરે. ટેક.

સાખી—આપ ન આપે કોઇને, બોલે ના બદ વેણ;
કરે ન કોઇની ઠેકડી, હસી નચાવી નેણ;
મુખથી ચાવાને નવ બોલે કદિએ બોલનેરે;
મનથી જાણે એમાં ઘટવાનો છે તોલ સરવે૦

સાખી—સૈયરોનાં ટોળાં કરી, નવ ગાયે એ ગીત;
નવ લે છુટા રાસડા, સંભાળી નીજ હિત;
રોવા રડવાની વાત નથી એ જાણતીરે;
કુટાયા પીટાયાનું તો નવ લે કો દિ નામ. સરવે૦

સાખી—સંતાપે નહી કોઇને, ધરી કદી પણ રીસ;
જપે જપાવે સર્વદા, સુખ દાતા જુગદીશ;
જુઠું જીભડીએથી કદી એ બોલે નહીરે;
ખારૂં ખાટું તીખું મોળું મુખથી વેણ. સરવે૦

સાખી—નિજપતિ વિણ ન્યાળે નહી, ઉઘાડીને આંખ;
ભુપ-રૂપ-કોટી પતિ, જુવે ના કરી જાંખ;
ઘરમાં ખાવા પીવા સુવાનો તો સાથરોરે;
તદપી તરછોડે ના નિજ વૃત્તિ ને ટેક. સરવે૦

સાખી—લટકાં ચટકાં ના કરે, ઠમકા મારે ઠેસ;
ના કાઢે દુતિ તણો, પોષાકોથી વેશ;
લજ્જા પટકુળ અંગે એ સદા પહેરી ફરેરે;
સદગુણ માને છે એ ઘરેણાંના ઘાટ. સરવે૦

સાખી—છોરૂને બહુ સાચવે, ગણી પોતાનાં બાળ;
રૂડાં જુઠાં પર કદી, આણે નહી મન કાળ;

રૂડા શિખામણના શબ્દોથી એ કેળવેરે;
જેથી સુખીયારા બહુ બાળક આગળ થાય. સરવે૦

સાખી—દોરા ધાગાથી વસે બહુ વેગળી આપ;
મંત્ર જંત્ર મનથી ગણે, એ ખોટાં છે પાપ;
વહેમો વશીકરણના મનમાં કાંઈ નથી લાવતારે;
સઘળું સમજે એ છે ધુતારાના ઢંગ. સરવે૦

સાખી—સત્ય શિયળને સાચવે, પડતા દુઃખ અપાર;
ન દીએ છે દીનને, યથાશકિત અનુસાર;
એવા ગુણવાળી તે પતિવ્રતા શુદ્ધ નાર છે રે;
બીજી શંખણીઓનો ચોખ્ખો છે અવતાર. સરવે૦

સાખી—ત્રીભુવન સહુને કહે, એ મારો ઉદ્દેશ;
અવગુણ વાળી નારીયો. ના ધરશો કોઇ દ્વેશ;
સાચું કહેવાનો તો મનેજ મોટી ટેવ છે રે;
જેથી લખીયો છે મેં મારા મનનો ભાવ. સરવે૦

પતિની ભક્તિ.

ગરબો.

(" રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે "—એ રાહ)

સતી ગણો પ્રાણથી પ્યારો રે, આજ શિક્ષણનો સાર સારો,
સતી ગણો૦ (ટેક)

પતિ જાને પ્રેમ પ્રમાણી રે, એના હૃદયનું હરાદ જાણી રે;
એજ માનો ખરી સુખ ખાણો, સતી ગણો૦ ૧

પતિ ભક્તિમાં રાખી અસક્તિરે, છળ કપટની છાંટવી યુક્તિ રે;
રાખવી અતિ નિર્મળ વૃતિ, સતી ગણો૦ ૨

કાન્ત કથન કવિતા સમાન રે, વદે વિબુધ વડા વિદ્વાન રે;
તેનું કાં નવ જાળવો માન, સતી ગણો૦ ૩
પતિ નિંદા કરે જે નારી રે, અપયશની તે અધિકારી રે:
થાય અંતે દુખીયારી, સતી ગણો૦ ૪
'પ્રેમદા' નામ પ્યારૂં તમારૂં રે, 'રામ'–'રમણી' ને 'સુંદરી' સારૂં રે;
ગર્વ અવગુણે આજ અકારૂં. સતી ગણો૦ ૫
પતિ રૂપે ગુણે રીઝી રે'વું રે, સત્ય રૂચીકર કે'વું રે;
સમે સુખ દુઃખ આવે તે રહેવું, સતી ગણો૦ ૬
લઈ કેળવણી દઢ થાવું રે, જુઠા જનને ઓળે નવ જાવું રે;
ગુણવંત ગંભીર ગણાવું, સતી ગણો૦ ૭
દ્વેષ કલેશને ફેંકી દુર રે, મદ મત્સર તજિયે જરૂર રે;
જ્ઞાન કામિનું એજ નુર. સતી ગણો૦ ૮

ગરબો.

આવો હાવે ભાવે રમીએ સહીએર આપણેરે,
રમીએ રંગ તરંગથી આંખો દીઓ બેન;
ભળીએ રમત ગમતમાં જઇને ત્યાં ઉલ્લાસમાંરે.
સાખી—ચાલો બેની બાગમાં, ચંદ્ર ખીલ્યો છે ચકોર.
જાવાની જોઉં રાહ હું, જેમ તૃષી ઇચ્છે મોર.
કરો તૈયારી ત્યાં જાવાની સઉ આપણેરે,
પેહેરો કીમતી આભુષણુ અંગે અલંકાર આવો૦
સાખી—બાગ સુશોભીત પુષ્પથી, સુગંધ વહે ચોપાસ;
ગુલાબ કેતકી મોગરો, આપી રહ્યા છે સુવાસ.

સહીઓર સાથે તો સહુ ફેરા ફરતા ફુદડીરે,
ટોળે મળીને બોલો શ્રી હરી એક વાર. આવો૦

સાખી—આજ દીવસ છે હર્ષનો, મળી આપણુ સંગાથ;
પણ હવે ચાલો ઘર ભણી, વાટ જુવે છે નાથ.
રાતલડી અરધી તો આસી અહીંથી નીસરીરે,
માટે વઢશે ઘેર આપણુને ભરથાર. આવો૦

સાખી—જો અહીં થાશે વાર તો, પતી થાશે દીલગીર;
વખત વિતી કેમ બહુ ગયો, એમ મનમાં નહિ રહે ધીર.
માંટે ચાલો બેની પતિની શેવામાં હવેરે,
પાછાં મળશું જગદીશ મેળવશે શુભદીન. આવો૦

બજરંગીનો (હનુમાનનો.)

ગરબો.

સીતા રામનો છે રખવારરે સમરૂ બજરંગી;
એતો અંજનીનો જાયો હનમાનરે સમરૂં બજરંગી.
એમને ચઢે છે તેલ સીંદુરરે, સમરૂ.
માતાજીના વચન પાળવા, પીતાજીને કાજ;
અયોધ્યા નગરીનાં રાજ છોડીયારે, રામે ભોગવીયાં વનવાસરે. સમરૂ.
વનમાં જઇ મઢી બનાવી, આસન કીધાં ત્યાંય;
રોપ્યાં સીતાજીએ વૃક્ષ ત્યાં, કંઇ જુદી જુદી જાતનાં જ્યાંયરે. સમરૂ.
રાજા રાવણનો મરગલો, જેની સુવર્ણની છે કાય;
ચરતાં સીતાજીએ ભાળીઓરે, કહે રામને કાંચલડી સીવડાવરે. સમરૂ.
કંચવો સોનાનો સીવડાવશું, નહિ આમડામાં એ સાર;

હઠ લીધી સીતાજીએ ઘણી, કીધા બોલ ઓશીયાળા અપારરે. સમરૂં.
બોલો સીતાના સાંભળી, લીધું ધનુષ્ય ત્યાં હાથ;
પહેલું તે બાણુ રામે ફેંકયું તેતો જઇ પડયું દરીયા માંયરે. સમરૂં.
બીજે બાણે મૃગ મારીયો, તમો ધાજો લક્ષમણ વીર;
સીતાજી કહે દીયરનેરે, તમે જાઓ હણાયા તમ વીરરે. સમરૂં.
ઘેલી સીતા ન બોલીએ નવ રામ હણાયા જાય;
મેણાં કીધાં સીતાજીએ ઘણાંરે, તેથી લક્ષમણ ધાયા ત્યાંયરે; સમરૂં.
રાવણ આવ્યો જોગી થઇ, કહે ભીક્ષા દે માય;
કપટ કરી તુ આવીયોરે, તુને ભીક્ષા તે કેમ અપાયરે. સમરૂં.
કપટીયે કપટ લડાવીયું, ઉંધું ચતુ સમજાવી સાર;
ખાંધે બેસાડી રાવણ ચાલીયોરે, કાંઇ હરી છે સીતા નારરે. સમરૂં.
ઉંચી મેડી ઉછાંછળા, સમુદ્રનો નહિં ત્યાગ;
સતીને રાવણ હરી ગયો, એની મેડીયે ઉડે છે કાગરે. સમરૂં.
મારી મૃગ રામ આવીયા, નાંખ્યો મઢીની બહાર;
દીસે સુનાં મંદિર માળીયાં, કહો લક્ષમણ કયાં ગઇ સીતા નારરે. સમરૂં.
રામ કહે લક્ષમણ તું કુલક્ષણો, ન સરીયાં કશાં કાજ;
ના હણ્યો વાડીનો મૃગલોરે, કાંઈ સાચવી ન સીતા નારરે. સમરૂં.
લક્ષમણ કહે હું ન કુલક્ષણો, કુલક્ષણી તમારી નાર;
સીતા કઠણ વચન બોલીયાં, મને લાગ્યાં તે હાડોહાડરે. સમરૂં.
રામ રૂવે લક્ષમણ રીઝવે, ના રોશો ઘેલા રામ;
સતી સરીખી બીજી લાવશુંરે; એનું સીતા ધરાવીશું નામરે. સમરૂં.
જળ જળ કમળ ન નીપજે, વીરા વનવન અગર ન હોય;
ઘેર ઘેર સીતા ના નીપજેરે, તુતો બાંધવ વિચારી જોયરે. સમરૂં.

રામે બીડુ ફેંકીયું, કહો છે કોઇ બળીયો જોધ;
હનુમાને તેતો લીધું હાથમાંરે, લાવું સીતાજીની હું શોધરે. સમરૂં.
અવળા ફિલટે ઉછળ્યો, પડીયો સાગર મોઝાર;
લંકા માંહી તે આવીયોરે, જોયા ચોરાશી બાવન બજારરે. સમરૂં.
જોઈ વળ્યો લંકા બધી, જોયું રાવણનું રાજ;
પત્તો સતિનો ના મળ્યો, આવ્યો ચાઝી પાણીને ઘાટરે. સમરૂં.
પનીયારી તુને વિનવું, કંઇ બતાવે જો સીતા માય;
પનીયારીએ કહ્યું સાંભળોરે, સીતા અશોક વાડીની માંહ્યરે. સમરૂં.
ત્યાથી હનુમાન કુદીયો, ને આવ્યો વાડીમાંય;
મહેલી મુદ્રિકા પડતી તહીરે, લીધી સીતાજીએ તો ત્યાંય. સમરૂં.
કોણ દિશાથી આવીયા, શું છે તમારૂં નામ;
કોણે તમોને મોકલ્યા, લાવ્યા મુદ્રિકા આ મારા રામની.
ઉત્તર દિશાથી આવીયા, પંચવટીમાં છે મુકામ;
રામ લક્ષ્મણે મુને મોકલ્યોરે, છે હનુમાનજી મુજ નામરે. સમરૂં.
સાત સમુદ્ર આડા ભર્યા, જળનો નહિ કંઇ તાગ;
દઇતો સામા ઉભા હશેરે, ભાઇ કેમ કરી મુકાવ્યો તેં માગરે. સમરૂં.
સાત સમુદ્ર કોટે કરૂંને, બાળુ લંકા અનુપ;
નથી મારા રામની આજ્ઞારે, નહી તો મારૂં હું રાવણ ભુપરે. સમરૂં.
તરસ્યો તું હોઇશ ભાઈ સાવજ્યેરે, જા પીને તું ટાઢાં નીર;
ભુખ તુને લાગી હશે, તું ખાને આ દાડમ અંજીરરે. સમરૂં.
ઝાડ બાગી હનુમાનજી, પાડી વન ફળ ખાય;
ફરીયાદ બાગનો માળીડોરે, લેઇ રાવણની પાસે જાયરે. સમરૂં.
અરજ સુણી માળી તણી, કોપ્યો રાવણ રાય;
મારો મારો એને શું જુવો, ભાગો લોઢે લાકડે એની કાયરે. સમરૂં.

કુંભ કરણે બાથા બીડીયા, માર્યું જોરથી બાણ;
ઈંદ્રજીત કહે ગભરાવો નહી, રે હું વાળુ છું એનો ઘાણરે. સમરૂં.
હનુમાનજી હસતા બોલીયા, નહિ મરૂ એરણને ઘાણ;
સાચું કહે વાંદરારે, ત્યારે શાથી જશે તુજ પ્રાણરે. સમરૂં.
આણો લંકાનાં ગોદડાં, અને સહુ ઘાણીનું તેલ;
મારે પુંછડે બાંધી પછીરે, વળી અગ્નિ તે તેમાં મેલરે. સમરૂં.
તેલ મંગાવ્યું તરત ત્યાં, બાંધ્યાં ગોદડાં સજ્જડ;
અગ્ની મુકતાં સાથ હનુમાનજીરે, બેઠા ચઢી તે લંકા ગઢરે. સમરૂં.
બાળ્યાં મેડીને માળીયાં, બાળ્યાં બાવન બજાર,
હાહાકાર ત્યા થઇ રહ્યારે, રૂવે નાનાં મોટાં નરનારરે. સમરૂં.
પછી સ્નાન કરી હનુમાનજી, આવ્યા રામજી જ્યાંય;
સીતાની ખબર આપી અનેરે, કહ્યું લંકામાં લાગી છે લાયરે. સમરૂં.
રામ લક્ષમણ યુધ્ધે ચડયા, ઈંદ્રજીત માર્યો ત્યાંય;
ઓળખ્યો ઈંદ્રજીત તેમણેરે, ત્યારે લક્ષમણને થઇ મુર્છાયરે. સમરૂં.
રામજી ઘણા દીલગીર થયા, ઉચ્ચર્યા દીલમાંહી બોલ,
કાંચળડીને કારણેરે, મારી અખંડ ખાંડી જોડરે. સમરૂં.
ગયાંતાં તમો ત્રણ જણાંને, આવ્યા એકા એક;
માતા સુમીત્રા એમ પુછશેરે, ત્યારે ઉત્તર શો દેઇશ હું તેમનેરે. સમરૂં.
વહાણું વાયુ આવ્યા હનુમાનજી, લાવ્યા અમરકુપ સાર;
મુર્છા વાળી લક્ષમણ તણીરે, ત્યારે વરત્યો તે જેજેકારરે. સમરૂં.
થયું યુદ્ધ ત્યાં અતિ ઘણું, મરાયો રાવણ ભુપ;
સીતા સતી મળી રામને, પછી વિઘ્ન પડયાં જઈ કુપરે. સમરૂં.

ગરબો.

(પુનમચાંદની એ રાગ.)

બેહેનો પતિવ્રતા નીજ ધર્મ તમે સ્વીકારજોરે.
રહેતાં પતી સેવામાં હાજર દીનને રાત;
પામો મુક્તી પદને સુખ ઘણું સંસારમાંરે.
સત્ય વચન સૌ બોલજો, નીજ પતિની સંગાત;
સાસુ સસરા સર્વને, સાચી કહેજો વાત;
રાખી નમ્રતાને માન થકી બોલાવજોરે,
વર્તી સદ્‌ગુણથી રાખો સૌને પ્રસન્ન. પામો૦
નેત્રનેહ નવ રાખશો, પરપુરૂષની સાથ;
પિતા પુત્ર ગણી તેહને, બોલો સૌ સંગાથ;
ઠઠ્ઠા મશ્કરી કરીને બહુ નવ બોલવુંરે,
વળી એકાંતે નવ કરવો ગુપ્ત વીચાર. પામો૦
દાગીના નવ પેખવા, નિત જોવું પતી મુખ;
સદ્‌ગુણમાં રહેજો તમે, અક્ષય પામો સુખ;
લઢવું વઢવું ને ગુસ્સામાં કદી નવ બેસવુંરે;
રહેવું સંતોષે જે આપ્યું છે જુગદીશ. પામો૦
પતી પ્રકૃતિ હોય જો, અગ્ની કેરી ઝાળ;
સંતોષે બુઝાવશો, સામો નાવે કાળ;
હરવુ ફરવું ને સુખેથી દીન ગુજારવારે,
તેથી થાશે સઉ કુળનું કલ્યાણ. પામો૦
ધન સંપતી પામશો, પટકુળ જુદા રંગ;
સર્વ ફોકટ જાણજો, ધરના સદ્‌ગુણ સંગ;

મળશે પરમેશ્વર આપે મુક્તિ કુળ સાતમાંરે,
કહે લક્ષમણ ગણપત હેતે ધરી મન હોંશ. પામો૦

બહુચરાજીનો ગરબો.

બલિહારીરે બહુચર માત, જોવાને જઇએ. ટેક.
જોવા જઇએ સુખિયા થઇયે, આરાશુરમાં રહીયેરે;
આરાસુરમાં અંબા બીરાજે. પાવાગઢ માહાકાળી. જોવા. ૧
માને પારે હવન થાય, ને ચીર ચુંદડી હોમાયરે;
બ્રાહ્મણ બેઠા વેદ ભણે છે, માનની મંગળ ગાય. જોવા. ૨
માને પારે જે કોઇ જાશે, તેની પુરે આશરે;
કરજોડી જન વલ્લભ કહે, મા હું છું તારો દાસ. જોવા. ૩

મલાવરાવનો રાસડો.

પીતળ લોટા જળે ભર્યારે, દાતણ કરતા જાઓરે,
મલાવરાવ શેહેરનો ક્યારે આવશેરે.
દાતણ કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે; મ૦
ચીની તે પ્યાલા એમ રહ્યારે, મરદન કરતા જાઓરે. મ૦ ૧
મરદન કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે; મ૦
ત્રાંબા તે કુંડીઓ જળે ભરીરે, નાવણ કરતા જાવરે. મ૦ ૨
નાવણ કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે; મ૦
રાંધી રસોઇઓ એમ રહીરે, ભોજન કરતા જાવરે. મ૦ ૩
ભોજન કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે; મ૦
પાન સોપારીને એલચીરે, મુખવાસ કરતા જાવરે. મ૦ ૪

સુખવાસ કરીશું વાડીએરે, ફરતિ ફીરંગીની ફોજરે; મ૦
સોના તે કેરાં શોગટાંરે, રમત રમતાં જાવરે. મ૦ ૫
રમત રમશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે; મ૦
દીંચણુ સામો ઢોલીયોરે, પોઢણુ કરતા જાઓરે. મ૦ ૬
પોઢણુ કરશું વાડીયેરે, ફરતી ફીરંગીની ફોજરે; મ૦
ક્યાંથી આવ્યા પેલા પરદેશીરે, માથે ટોપીને ભુરો વેશરે. મ૦ ૭
રાણી રૂવે રંગમેલમાંરે, દાસીઓ રૂવે દરબારરે; મ૦
હાટે રૂવે હાટ વાણીયારે, ચોરે રૂવે ચારણુ ભાટરે. મ૦ ૮

ગરબો.

પુનમ ચાંદની ખીલી પુરી અહીંરે, શોભે રજની સુંદર શી આજ;
હેતે રમીયે સૈયર આપણેરે.
સૈયર કંકણો સોનાનાં કરે ધર્યાંરે, માંહે જડયાં છે ક્ષિલમ મણી નંગ. હેતે૦

મળીઆં આજે આપણે, ધરી શોળ સણગાર;
કરકંકણુ ચુડી ચમક, ચંદ્ર તેજ એક તાર.

હીરા રત્ન જડીત ઉર હાર છેરે, મોતી લળકે છે બાજુબંધ. હેતે૦

અંબોડા ફુલે જડયા, સરસેંથે હિંગુળ;
દીધા કુમકુમ ચાંદલા, મુક્તા માળા ઉર.

આરસપારસ મણી જડેલો ચોકછેરે, તેમાં રમતાં વસતા હૈયે નણુદલવીર. હે૦

પેહેર્યાં ઝાંઝર પ્રીતથી, ઝણુણુ કરે ઝણુકાર;
ફરીયે સૈયર ફુદડી, આ રજની મોઝાર.

સખી વેલીઓ ફુલી વિધવિધ ભાતનીરે, તેતો આપે શી સુંદર સુગંધ હેતે૦

કથા શિવજીની પાળવી, પ્રીતમ ઉપર પ્રેમ;
વધ્યો સખી વિરહ થઇ, મળે ત્વરાથી કેમ. પુનમ ચાંદની.

(ત્રિવિક્રમ.)

અંબાજીનો ગરબો.

અલબેલીરે અંબેમાત, જોવાને જઇએ;
બળદારીરે બહુચર માત, જોવાને જઇએ. ટેક.
જોવાજઇએ મા સુખીઆં થઇએ, આરાસુરમાં રહીએરે;
આપ આપણા મનની આપદા, અંબે આગળ કહીયેરે. જોવાને.
આરાસુરમાં અંબા બીરાજે, પાવાગઢ મહાકાળીરે;
દક્ષણમાં દેવી તુળજા ભવાની, ચુંવાળ બહુચર બાળી. જોવાને.
માને પારે હવન થાય ને, ચીર ચુંદડી હોમાયરે;
બ્રાહ્મણ સઘળા વેદ ભણે, ત્યાં માનુની મંગળ ગાય. જોવાને.
આંધળાને આંખજ આપે, પાંગળાને પાયરે;
નીર્ધનીઆંને ધનજ આપે, આપે પદાર્થ ચાર. જોવાને.
માને પારે જે કોઇ આવે, તેની પુરે આશરે;
કરજોડી કહે બાજીઓ પવાઇ, હું છું તારો દાસ. જોવાને.

કાળકા માતાનો ગરબો.

મા તું પાવાની પટરાણી કે કાળી કાળકારે લોલ.
મા તારે ડુંગરડે ચડવું તે અતિ ઘણું દોહલુંરે લોલ.
મા તારી પ્રદક્ષણા કરવી તે અતિ ઘણું દોહલુંરે લોલ.
વિશ્વાસે તપ કરવા બેઠા કે ચઉદે ચઉદ ભવ્યારે લોલ.

ત્યાં કાંઈ ગાતાતાં ગરબા કે માજી આવીયારે લોલ.
રાજાજીએ છેડલો સાહ્યોરે હાથ કે, માજી પ્રસન્ન થયાંરે, લોલ.
માગ્ય માગ્ય કુટુંબ કુશળ ક્ષેમ કે, જંજાળ અતી ઘણીરે. લોલ.
માગ્ય માગ્ય ઘોડાની ઘોડાળ કે હાથી ઝુલતારે લોલ.
માગ્ય માગ્ય દક્ષણ સરખો દેશ કે, કિલ્લા અતિ ઘણારે લોલ.
માગ્ય માગ્ય ગુજરાત સરખી ગાદી કે, બદર બેસણાંરે લોલ.
માગ્ય માગ્ય નવેખંડનાં રાજ્ય કે, ચાંદો તપેરે લોલ.
માગું માગું એટલું વરદાન કે, મારા મહોલે પધારીએરે લોલ.
ફટ ફટ પાવાના રાજન કે, એ શું માગીયુંરે લોલ.
આજથી છઠેને છ માસે કે, તારૂ મુળ જશેરે લોલ.
એમ કહી માતા થયાં અલોપ કે, પાવો હાથ ઘસી રહયોરે લોલ.
મુગલ ચઢાવી ને ફોજ કે, પાવાગઢ ઘેરિયોરે લોલ
દરવાજે ઉભા દરવાન કે, કોઇને પુછીયુંરે લોલ.
રાજાજીએ ખોદાવ્યું તળાવ કે, પાણી નવ નિસર્યુંરે, લોલ.
મુગલે ખોદાવ્યું તળાવ, કે, જલ દુધે ભર્યુંરે. લોલ.
માજીનો એવો છે મહિમાય કે, કવિ નવ કહી શકેરે. લોલ.

આગગાડીનો ગરબો.

મહોલે પધારો મહારાજ. એ રાગ.

ગાડી આવી ગુજરાત, અગન કેરી ગાડીરે આવી,
એતો આવી હિંદુસ્થાન, અગન કેરી ગાડીરે આવી;
નીરખ્યાથી થાય નીરાંત અગન કેરી ગાડીરે આવી.
સરસ્વતી માતને વિનવું, કાંઇ ગણપત લાગુ પાય;
ટોપીવાળા તારા રાજમાં, રૂડુ હાકરીઉં પંકાય. અગન૦

ગાડી તારાં બેસણાં, એતો ઇંદ્ર તણા વૈમાન;
આંકડે આંકડો મેળવ્યો, એનો ઘડનારો ચતુર સુજાણ. અગન૦
સ્ટેશનથી જે ઉપડી, એવો એવો આવે જ્યારે તાર;
માસ્તર તારીખ મેળવી, ખુલ્લું મુકે ટીકીટનું દ્વાર. અગન૦
ગાડી આવી ઘંટ વાગીયા, ટીકીટ કરાવવા જાય,
ઘડી એક વીલંબ થતાં, એતો ટીકીટ વીના ટીચાય. અગન૦
સ્ટેશન ઉપર પાનને, સોપારી વેચાય;
શોખી સહેલાણી જાય, ખાંતે ખરીદ કરીને ખાય. અગન૦
ધારી ઘેબર ઘુઘરા, બરફી બેસ વેચાય;
મોટા ઘરની શેઠાણીયો, તેનો ગાડીમાં બેસી ખાય, અગન૦
દુરથી દેખે આવતી, સીંગલ નીચો થાય;
બેસનાર તૈયાર થઈ, ટપોટપ શોધે જગાય. અગન૦
ધમ ધમ કરતી દોડતી, નાસતી આપે સાદ;
પલક એકમાં પહોંચાડી, જેને કરીએ આપણે યાદ. અગન૦
સુરત શહેરની સુંદરી, મુંબાઇ તેનું મોશાળ;
સોલાપુરમાં સાસરૂં,: તેનો સાંજે સંદેશો ને ભાળ. અગન૦
ટોપી તારા રાજમાં, સરવે પ્રકારે સુખ;
ધન્ય ધન્ય ગોરી જાતને, જેને દીપાવી માની કુખ. અગન૦
ગરબો આ સુધારીયો, સૌને ગાવા માટ;
નાનાલાલે નેહથી, આપો તાળી ઉપાડી હાથ. અગન૦
ગરબો ગાયો પ્રીતથી, સખી ધરી મન સ્નેહ;
બોલો બ્હેનો એકદમ, અંબે માતકી જે જે જે, અગન૦

માણીગરનો ગરબો.

મહોલે પધારો મહારાજ માણીગર મહોલે પધારો;
નારી જુવે છે વાટ, માણીગર મોહોલે પધારે,
મારો શોરે થયો અપરાધ, માણીગર મહોલે પધારો;
કરે રૂદન રાધા નાર, માણીગર મહોલે પધારો. ટેક.
શીશો ભાગ્યો સાંધતાં, મન ભાગ્યું કુવેણ;
મોતી ભાગ્યું વીધતાં, તેને સાંધો નહી રેણ. માણી॰
સોનું કરીને સાચવ્યું, કર્મે નીકળ્યું કથીર;
છોગાળા નર વહ્યા ગયા, મારે માથે ભાગ્યો છે મજુર. માણી॰
શ્રી કૃષ્ણજીએ ગાડાં જોતર્યાં, મહી ભર્યો કસુંબી માલ;
પરણ્યો હોય તે સાચવે, મને રાતા ચુડલાની ખંત. માણી॰
ચંદ્રા તુજને પુજતી, કરીને આદીત વાર;
ઘડી એક મોડો ઉગજે, મારા પિયુ મીલાવન હાર. માણી॰
સાહેલી સાગર ઉલટયો, માંહી રત્ન તણાયાં જાય;
કમર કંકણ ભરે મુઠડા, તેના સંચલે હાથ ભરાય. માણી॰
જોબન જાતાં જાણતી, કરતી મોધા મુલ;
થોડું થોડું રાખતી, જેમ માલણ રોપતી ફુલ. માણી॰
શેરી ભલી પણ સાંકડી, નગર ભલા પણ દુર;
નાવલો નાનકડો મળે, તેનું જોબન જાય ભરપુર. માણી॰
સાંકડી શેરી સજ્જન મળ્યા, સાથે છેલ બે ચાર;
કોના નીમીશે હું નમીશ, તમે માની લેજો જુહાર. માણી॰
ડુંગર ઉપર દવ બળે, નદી કરે પોકાર;
ચતુર હોય તો ચેતજો, મુર્ખ કરે વિચાર. માણી॰

કોણે હીમાળો સેવીઓ, કોણે સેવી આગ;
કોણે કરવત મૂકાવીઆં, કેઇ નારીને કાજ. માણી૦
કાથે હીમાળો સેવીઓ, ચુને સેવી આગ;
સોપારીએ કરવત મૂકાવાઆં, રાણી નાગરવેલને કાજ. માણી૦
પ્રીત એસી કીજીએ, જેસો ટંકણ ખાર;
આપ જળે પર રીજવે, જે ભાગ્યાં સાંધે હાડ. માણી૦
મીત્ર મીત્ર શબકો કહે, તાળી મીત્ર અનેક;
વીપત પડે શીરપર લહે, એતો જુગમાં એક. માણી૦

ભાગ ૨ જો સમાપ્ત.

ભાગ ૩ જો.

ગરબો.

મોહોલે પધારો મારા રાજ, માણીગર મોહોલે પધારો;
વ્હાલ વધારો વ્રજરાજ, માણીગર મોહોલે પધારો. ટે૦
કરી રાખી છે એકઠી, ઘણા દિવસની ગોઠ;
રાજ મળે તો કીજીએ, આવી રહી છે અમારે હોઠ;
માણીગર મોહોલે પધારો, વ્હાલ વધારો વ્રજરાજ. ૧
હું સરખી બહુ આપને, મારે તો એક આપ;
રહેવાતું નથી રાજવીણ, કોને કહું પરિતાપ,
માણીગર મોહોલે પધારો, વ્હાલ વધારો વ્રજરાજ. ૨
સેજ બીછાવ્યાં ફુલડાં, આનંદ ઉર ન માય;

પ્રાણજીવન ત્યાંહાં પોહોડીયા, દાસી પંલોટે પાય;
માણીગર મોહોલે પધારો, વ્હાલ વધારો વ્રજરાજ. ૩
હું પણ દાસી આપની, બાંહે ગ્રહ્યાની લાજ;
જોબન લેહેર જાય છે, માણોને મારા રાજ:
માણીગર મોહોલે પધારો, વ્હાલ વધારો વ્રજરાજ. ૪
પ્રીતમદાસ દયા તણા, વળી વ્રજરાજ રાજ કુમાર;
ઘણા દિવસની હોંસ છે, પૂરો પ્રાણ આધાર;
માણીગર મોંહોલે પધારો, વ્હાલ વધારો વ્રજરાજ. ૫

સાહેલીના મહિના.

રાગ રાગણી.

હાંરે સખિ કારતક માસે કેમઃગમે અમે એકલડાં ઘર માંય
સાંભળ સાહેલી
હારે સખિ સ્યામ વિના સંસારમાં, મને કામ ન સુઝે ક્યાંય. સાં૦
હાંરે સખિ મોહન મથુરા જઈને રહ્યા, પેલી દાસી કેરે ઘેર સાં૦
હાંરે સખી રઘુનાથનો સ્વામી મળવાની, મને કોણ બતાવે પેર. સાં૦

૨

હાંરે સખી માગસર માસે મોરારી મારૂ મન મળવા અકળાય સાં૦
હાંરે સખી નાથ વીના આ જંગમાં, મારૂં અવતર્યું એળે જાય સાં૦
હાંરે સખી મોહન મથુરા જઈને રહ્યા, પેલી કુબજા કેરે સંગ સાં૦
હાંરે સખી રઘનાથના સ્વામી આવે તો, મારૂં સર્વે સમર્પું અંગ સાં૦

૩

હાંરે સખી પોસ માસની પ્રીતડી, મારી ખરીરે દોહલી જાય. સાં૦

હાંરે સખી ઘડીએ ન ગોઠે ઘરમાં, મને સુનાં ન રહેવાય. સાં૦
હાંરે સખી શ્યામ વિના આ શીયાળો, મારે કેમ કરી કાઢયે જાય સાં૦
હાંરે સખી રૂઘનાથનો સ્વામિ આવે તો, મારે હૈડે હરખ ન માય સાં૦

૪

હાંરે સખી મહા માસ મારી બ્હેનડી, મારે પીયુડો જોઇએ પાસ સાં૦
હાંરે સખી શામળિયા પાખી હુંતો, બીજી ન કરૂં આશ સાં૦
હાંરે સખી પતિવ્રતાનો ધર્મ છે મારે વર છે શ્રી વિઠ્ઠલનાથ, સાં૦
હાંરે સખી રઘુનાથનો સ્વામી આવે તો, અમે રમિયે એની સાથ સાં૦

૫

હાંરે સખી ફાગણ માસે ફુલ્યું છે, શ્રી વંદાવન ઉપવન. સાં૦
હાંરે સખી વા'લા વિના વહિ જાય છે, મારે હોળી રમ્યાના દન સાં૦
હાંરે સખી શું કરિયે શ્રી નાથને, મને કરી ગયા છે રંક સાં૦
હાંરે સખી રૂઘનાથનો સ્વામિ આવે નહીં, ત્યારે વળિયો આડો આંક સાં૦

૬

હાંરે સખી ચૈતર માસે ચોમેર, હું તો જોઉરે વાલાની વાટ સાં૦
હાંરે સખી સુના તે મંદિર માળીયા, સુની સેજ હીંડોળો ખાટ સાં૦
હાંરે સખી કઠણ થયા છો કહાંનજી, શ્રી નાગર નંદ કુમાર સાં૦
હાંરે સખી રૂઘનાથનો સ્વામી દેખાડે, તેને આપું ઉરનો હાર. સાં૦

૭

હાંરે સખી વૈશાખે વન મોહરિયો, આંબલીયે ઉઘડી શાખ. સાં૦
હાંરે સખી દયાળ વિજોગ દોહડી, મારી બળી બળી થાયે ખાખ સાં૦
હાંરે સખી ઉનાળાના દહાડલા બીજો વાલા તણો વીજોગ. સાં૦
હાંરે સખી રૂઘનાથના સ્વામી વીના મને પંડે થયો પડ રોગ. સાં૦

૮

હાંરે સખી જાલમમનો જેઠ છે, મહીળી લોકલડા કરે લહેર. સાં૦
હાંરે સખી નાથ નમેરા થઇને રહ્યા, મને ન કહાવ્યું ઘેર. સાં૦
હાંરે સખી પરદેશી સૌ આવીયા, જે કોઇ ગયા હતા પરદેશ. સાં૦
હાંરે સખી રૂઘનાથનો સ્વાથી શામળો મને મેલી બાજેવેશ. સાં૦

૯

હાંરે સખી અષાડ માસ ભલે આવીયો નવ આવ્યા નંદ કીશોર. સાં૦
હાંરે સખી ચોમાસાના દહાડલા, અતિ જામનીયોનું જોર. સાં૦
હાંરે સખી મીઠો તો વરસે મેહુલો, ત્યારે અડકયારે પંથોપંથ. સાં૦
હાંરે સખી રૂઘનાથનો સ્વામી શામળો, કયારે આવશે કંથ. સાં૦

૧૦

હાંરે સખી શ્રાવણ માસે શું કરીયે, સઉ નદિયે નાવા જાય. સાં૦
હાંરે સખી આજ જન્મ દિવસ મારા વા'લાનો સઉગાતા જસોદામાય. સાં૦
હાંરે સખી મેઘ મધુરો ગડગડે, અતિ મોહ કરેરે મલાર. સાં૦
હાંરે સખી રૂઘનાથના સ્વામિવિના, પાપી પીડે કામ અપાર સાં૦

૧૧

હાંરે સખી ભાદરવો ભેરે ગાજીયો, કરો દનદન કેરાં કામ. સાં૦
હાંરે સખી વાટડી જોતા વાલાની, નવ આવ્યા સુંદર સ્યામ. સાં૦
હાંરે સખી માણુસથી પંખી ભલાં. બળો નાર તણો અવતાર સાં૦
હાંરે સખી રૂગનાથના સ્વામી શામળો, મારો ક્યાં મળશે ભરથાર. સાં૦

૧૨

હાંરે સખી આસો માસે ભલે આવિયો, મને શધળે ખાવાધાય. સાં૦
હાંરે સખી વાટડી જોતાં વાલાની મારી રાતલડી નવ જાય. સાં૦

હાંરે સખી ઘણે દહાડે પધારિયા, મને સંગે રમાડી રાશ. સાં૦
હાંરે સખી રૂગનાથના સ્વામી આવીયા ત્યારે પુરી મનની આશ સાં૦

૧૨

હાંરે સખી બારે માસ પૂરા થયા. પુરી પુરૂષોતમે આશ. સાં૦
હાંરે સખી ગુણ ગાતાં ગોવીંદના, અમે રટીએ શ્વાસો શ્વાસ સાં૦
હાંરે સખી દુઃખડાના દહાડા વહી ગયા, મારે સુખનાં આવ્યા રાજ સાં૦
હાંરે સખી રૂઘનાથના સ્વામી મળ્યા મારાં સરીયાં સઘળાં કાજ સાં૦

(રૂઘનાથ કાવ્ય;)

ગરબો.

(સખી વીરહી જનની પીડ વીરહી જાણે છે—એ રાગ-

સખી સેવો અંબેમાત સુખ માણોરે
એ તારે જન સમાજ સત્ય પ્રમાણો રે
બહેન સંસારી આ જાણે, દુઃખદ જાણોરે
છે વિષે ભરી પાપની પાળ, કહે છે નાનો રે
મનહર મુગટ મોતી તણો કાને કુંડળ સાર
કંકણ હાથે હેમનાં કેવો કંઠે નવસર હાર શોભે છે :
વાહ ! ઝાંઝરનો ઝમકાર મનડું લોભે છે
આહા ચીતહર આ ચમકાર દીલડું શોભે છે, સખી૦
મનહરણ ભવકરણ મહીં નાહક ગોથાં ખાય
ભક્તિ ભાવે ભાવથી સખી થરે તો ચીંતા જાય એ સત્ય વાણી છે
બહેન સાચી આ સેવાએ મેં માને છે
સખી કામે થાય કરાર લે સત્ય જાણી તે. સખી૦
શી સંસારીક મોહની લગાડ જીવ લલચાય !

પણ વશવારી રાખવું મન ત્યારે સુખ સહાય મોટી મળશે રે
આજ આનંદ ઉર ભરાય ફળ વ્રત ફળશેરે
બહેન તનના તાપ કપાય વાંચ્છિત મળશેરે સખી૦

બાર માસ.

ગરબો.

(રાગ—રંગમાં રંગતાળી—એનો મળતો)

સખી કોડીલો કાર્તિક માસ, કષ્ટ નિવારતો,
સખી કરો પુરણ ઉર આશ, રંગ રમાડતો,
સખી ખિલ્યાં ફુલ્લો ચોપાસ સુંદરી શોભતાં,
સખી રે'વુ અમે ના ઉદાસ, વ્હેમ વિદારતાં. ૧
સખી માગશરનો મહિમાય, સૌને શોભે છે;
સખી નિર્મળ નિર નવાણુ જ્યાં ત્યાં શોભે છે;
સખી પીયુ જતાં પરદેશ તે પણ શોભે છે,
સખી એ સમયે સર્વસ્થ ટાઢ તણો ભય છે. ૨
સખી આવ્યો કુટિલ આ પોષ, ચોદીશ જામે છે;
સખી સક્રાન્તિનો ઘોષ, ચોદીશ જામે છે;
સખી ચિતથી શિતળ અંગ સે'જ નહિ છુટે;
સખી લાંબી લાંબી એ રાત, એથી નહી ખુટે. ૩
સખી મહા મહિનાનો મોહ, જગત પીછાણ છે,
સખી સિવરાતરીનું જોમ, વિશ્વ વખાણે છે;
સખી પડતો જમીન ઝબાળ ઠાર દિસે જરા;
સખી પકવે સરવે કઠોળ કોઠારો ભરતો. ૪

સખી ફુલ્યો ફાગણ માસ, ફળ ફુલ ફાલતાં;
સખી દંપતી ખેલે ફાગ, રંગ ઉડાડતા;
સખી કરતી મદન વિહાર, માનુની મન ગમતાં,
સખી વ્હાલા નંદકુમાર, મમ સંગે રમતા.
સખી ચતુર ચૈતર માસ, ચિત્ત મહારૂ ચોરે;
સખી છે એ વસંત અવાસ, કાળજડું કોરે;
સખી સુગંધમાં ન કચાસ આપે ઉછરંગે,
સખી ગોપી રમતા રાસ, નંદકુંવર સંગે, ૬
સખી આવ્યો આ વૈશાખ તાપ માથેરે,
સખી કરતો બાળી ખાખ બહુ સંતાપે રે;
સખી અક્ષય તીજને રોજ સાગર જળ ચઢતું,
સખી ઉકળાટે આ દિલ જઇ જળમાં પડતું. ૭
સખી જગ જીતનારો જેઠ, જળ વૃષ્ટિ લાવે,
સખી વિસરે સાજન પેઠ ભાવિકને ભાવે;
સખી આવ્યું ચોમાસુ ખાસ, એ દરશાવે છે,
સખી કરીએ દાન અપવાસ સૌખ્ય અપાવે છે. ૮
સખી જાણુ અષાડે મેઘ, ઝરઝર વરસંતો;
સખી વિજળીનો ચમકાર દશ દિશ પસરતો;
સખી ઘેરાઇ ઘમઘોર, વાદળ ચડી આવે,
સખી મુકે ન મેહુલો તોર, જગ જનને ભાવે. ૯
સખી શ્રાવણ શું શોભાય શાજ સમાજેરે;
સખી પુનમે પરમાનંદ આપી ગાજેરે;
સખી આઠમે ગોકુળ નાથ જગને છાજેરે,
સખી મેહુલો મુશળધાર સઘળે ગાજેરે. ૧૦

સખી ભાદરવો ભલી ભાત ખીલ્યો બહુ રંગે,
સખી વૃક્ષ ફુલોની જાત ઓપે નવરંગે,
સખી ખેતરો લીલાં છંમ દરશન દેતાં જ્યાં,
સખી શોભે સરોવરને સરિતા વ્હેતો ત્યાં. ૧૧
સખી આશ્વિન તો આનંદ દે ભવસાગરને,
સખી દીપકનો શણગાર, શોભે ઘર વરને;
સખી દશ દીન સહુ નરનાર ગરબા ગાએ રે,
સખી એ વ્રત નવરાતરી તણું વખણાએ રે; ૧૨
સખી કૌશલ્યા કુમાર, જાણો વન વસેરે,
સખી રણ રોપ્યો લંકેશ દશરાને દીવસે;
સખી માણેકઠારી માન, મહીનું રાખને;
સખી સરદ રૂતું બહાર, એ ખુલવે ખંતે; ૧૩
સખી કરે સુધારસ પાન. કાગીની રસીયાનો;
સખી પ્રેમદા પાલવ ન મુકે મન વસીયાનો;
સખી જો આ દસ માસ મારા રે દિલ હર્યાં.
સખી વહાલાના ગુણ ગાન ગાઇ ઝીલવી તર્યાં. ૧૪
સખી જય જય વિજયાનંદ, સૌ મુખ ઉચરીએ,
સખી થાય અધિક આનંદ, ભવસિન્ધુ તરીએ;
સખી ઉચરે હર્ષથી અંગ, સૌ ઘેર જઇ ઠરીએ,
સખી રમીએ સ્વામી સંગ કોડ ક્રીડા કરીએ, ૧૫

અંતિમ અભ્યર્થના.

"અલબેલીરે અંબેમાત." એ લય.

હો મંગળકર જગ માત. જય જય જય અંબા !
દેજો અમને સુખ સાત, જય જય સુખદંબા.

અંતિમ અરજી માત સ્વીકારો ગરબે ગાવા આજરે,
અરજી સહુ પ્રેમે સુણી તો, આ સુણી ટાળો દાઝ. જય.
કરણી ભરણી ના જોશો માતા, બીરદ ભણી ભાળોનેરે,
આલો આલો આલો અમને સ્વતંત્ર સુખ આલોને,
સ્વતંત્ર સુખ સ્વામિત્વ ન આપે, જો હોઇએ મત કાચારે.
તો તું થા ભારત મહારાણી માહારાણા શિવ સાચા, જય.
નન્દન વન તું ખેતી વાડી સ્વર્ગ સમો કર દેશરે,
પૈસા પરિવારે કર પદ્રોળા, દે સુખ સંપ હમેશ. જય.
બ્રાહ્મણ વેદ ભણે મા ભાવે, વૈસ્ય પુરાણો વાંચેરે,
શુદ્ર કરે સેવા સૌ જનની, કદી કીર્તન મન રાચે. જય.
ભારત તે તુજ મંદિર જેવું. પાવન તમ મા કરજોરે;
નીતિ પ્રીતિ ભકિત સંસારે. નર નારીમાં ભરજો. જય.
છેવટે કલેશ કંકાસને ટાળો, સંકટ સર્વ પ્રજાગોરે.
માણેક સઘળાં સંકટ બાળો અનીતી આજ ઉછાળો. જય.

માંકણની ગરબી.

માંકણ કઇડે છે, માંકણે માંડયો ઉતપાત માંકણ કઇડે છે;
હવે કોને કહીયે વાત માંકણ કઇડે છે.
હવે કંઇ જઇ રહીયે રાત. માંકણ કઇડે છે. ટેક.
માંકણ ચાંચણ જુ જતીને, માર્યાનું બહુ પાપરે;
અડધી રાતે ભગવંત સમર્યા, માંકણને પ્રતાપ. માં૦
નવી વહુને માંકણ કઇડયા. કઇડયા સારી રાતરે;
ખાટલે પાસા ઘસી ઘસીને, બઇડ પાડી ભાત. માં૦
મીરાં બાઇને માંકણ કઇડયા, ચટકે ચડી રીસરે;
ખાટલો ખંખેરવા કહાડયો; બાળી નાંખી ઘસ. માં૦

માંકણુ મુવા મસ્તીખોરા, આને લારો લારરે;
દીવાનું દીવેલજ ખુટ્યું તોય ન આવ્યો પાર. માં૦
એકને મુકી બીજો ઝાલ્યો, ત્રીજો નાસી ગયોરે,
ઉતાવળથી ઝાલવા ગઈ તો દીવો રાણો થયો. માં૦
આખી રાત વીણી મુવા પણ, તોયે ન ઓછા થાયરે;
કાંઇ ખાટલાના પાયામાંને કંઇ ભીંતોમાં જાય. માં૦
વીણ્યા વિના વધી જાય, પછી ન આવે પારરે,
એક જો છતે જીવતો હોય તો તેનો ચાલે વિસ્તાર. માં૦
ખાટલા ખંખેરીને ગોદડાં દરરોજ નાંખોરે,
ભીંતે જો માંકણ જતા હોય તો, તે નજરમાં રાખોરે. માં૦

સારૂં સારૂં સુરત શહેર મુંબાઇ અલબેલી;
માંહી બાલાજીની મહેર, મુંબાઈ અલબેલી. ટેક.
સાત માળની મેડી ચણાવી, માંહી બેઠા શેઠાણી રે.
ચાકર મેહેતા નજરે ચાલે, વાણીઆની બૈયર રાણી. મું૦ ૧
મુંબાઇ રાણી સહુ ઠકરાણી, ભરે બેડે ન પાણીરે;
કાવડીયા તો પાણી આણે, પીયે પાણી શેઠાણી. મું૦ ૨
મુંબઇમાં તો કલ્લાં સાંકળાં, કાંબીઓનો નહિ પારરે;
મુંબઇ શહેરના સહુકારોને દેવાળાની શી વાર. મું૦ ૩
સુરતની તો સાડીઓને ઉપર કસબી કોરરે;
મુંબઇ શહેરમાં કાપડીઆઓને, કોઇ માં દેશો ખોડ. મું૦ ૪
મુંબઇ શહેરમાં ઘણી ગાડીઓ વાડીઓનો નહી પાર,
સાંજ સમયે સઉ ફરવા નીકળે. વાડી લાડી લઇ બહાર. મું૦ ૫

મુંબઈની મારકીટમાં, સુખડીયો વેચાયરે;
તેથી દીવનો હલવો સારો; સઉ લેવા મન ચહાય. મું૦ ૬
મુંબઈમાં તો સર્વ સુખ પણ ત્રણ પાંતીનું દુઃખ,
બાકું મોંઘું બળતણ મોગું બંદર જવું મુખ્ય. મું૦ ૭
મુંબઈમાં પાનબીડામાં સોપારીનો કટકોરે;
સાઠ વરસની ઘરડી ગાય, તોય ન મુકે લટકો. મું૦ ૮
અમદાવાદી હરમજાદી ખંભાતી ગોઝારીરે;
વડોદરાની વાંકી નારી, સુરતની બલીહારી રે. મુ ૧૦

વડોદરાનો ગરબો.

ધન ધનરે વડોદરૂ રૂપે રંગીલું. ટેક.
રૂપે રંગે છેલ છબીલું અલબેલું અપારરે,
વડોદરાનું વર્ણન કરતાં સુણજો નરને નાર રૂપે. ૧
બહારપરાની વસ્તી બારે શોભાનો નહી પારરે,
વીનવતામાં વરસજ વીતે પરાં ભર બજાર. રૂપે. ૨
આકુતર અડાણિયું ને કાળુપુરમાં ગોખાનુંરે,
ફોગટીયા સઉ ફતેપરામાં દેવાળીયાનું ઠેકાણું. રૂપે. ૩
શળશીયાની પાળજ ઉપર જેઠીનો અખાડોરે,
અષ્ટભુજા અલબેલી ઉભાં પાછળ ગોસાઈવાડો. રૂપે, ૪
સુરસનાથ છે સ્વામી પોળે વાયડા વાડી ત્યાંયરે,
અજબ તળાવની પાળે થઈને ચાલ્યા અખાડમાં જાય. રૂપે, ૫
લાલ દરવાજે બંબાખાનું વાંદરીયો બુરજરે,
મીયાં મહમદની વાડી જાણે ઝમકી રહ્યા સુરજ. ૬

હાથીયા ખાણુને દરવાજે કાંઇ હઠીલો હનુમાનરે,
રામતળાવની પાળ ઉપર રામેશ્વર ભગવાન. ૭
ઘોઇયાને દરવાજે થઇને સીધા વાએ જવાયરે,
અજારામના દરવાજા સામી ચોખંડી કહેવાય. ૮
મડદા બારીએ થઇને ચાલ્યા ફરવા કાજરે,
લકડપીઠું મદન ઝાંપે, ગોશાઇજી મહારાજ. ૯
શીધનાથનાં દરશન કીધાં આવી ઉંચી પોળરે,
ચોરને બેઠા ગરદન મારે ભેમાના બાગોળ. ૧૦
બહું પરૂં છે બાલાજીનું ડાંડીયું બજારરે,
સકર કુઇને ઝાંપે લાલ નામ સરદાર ૧૧
આનંદપરામાં આવીયાંને રાઉપરાને ઝાંપેરે;
દાન દક્ષણા રૂડી થાએ ગણુપતરાવ ત્યાં આપે. ૧૨
ઉભી બજારની શોભા સારી આવી ખારી વાવરે,
સત્ય રૂપ છે રંગે રૂડું સુરસાગર તળાવ. ૧૩
વડી વાડી ધીને કાંટે નાગ વાડો વીખ્યાતરે;
આદીત્તવારે દરશન કીજે બેઠી બહુચર માત. ૧૪
ઉભે ચોકે લીમડી બજારે રૂડી શોભા થાયરે;
મૃદંગ વાગે નારી નાચે ઝીણે કંઠે ગાય. ૧૫
નીજામપરૂં જુતડીને ઝાંપે રોકડીઆ હનુમાનરે;
સુરસાગર ગૌઘાટને દરવાજે ત્રણુજ છે કમાન. ૧૬
શેહેરની જ્યારે રચના દીઠી શોભાનો નહી પારરે;
હાથી ઘોડા પાલખીઓને વાંકડીયા અસવાર. ૧૭
ચારે દીશાના ચારે ચૌટાં વચ્ચે માંડવી ચોકરે:
ઉંચા મહેલ મેડીને અટારી છજા જરૂખા છે ગોખ. ૧૮

માંડવી છે કમાન ચોકસ ચતુર કરે વેપારરે;
કાછીઆ દુકાનો માંડે ઉભી હાથી હાર. ૧૯
ચાપટ જવા ચારે રસ્તા સરખી ઓરરે;
પાણીને દરવાજે બેઠા વાઘ કરે કલોલ. ૨૦
રાજે તળાવની સુંદર શોભા જોતામાં મન મોહેરે;
નારી સહુ જળ ભરવા જાએ નઉતમ રચના હોય. ૨૧
રામપારે દરવાજે કહીએ ઘોળ્યું છે સનમુખરે;
પરમેશ્વરનાં દરશન કરતાં જાય જનમનાં દુઃખ ૨૨
લેહેરીપરાની લેહેર સહુ શોભા છે ભરપુરરે;
સુરસાગર રત્નાગર જેવું લાગે બહુ રણુતુર. ૨૩
ચોથો દરવાજો ચાંપાનેરી શરસીયાની વાટરે;
બીસ્તારીને વર્ણન કીધું ચોક પોળોને હાટે. ૨૪
નગર નીરખ્યું મન હરખ્યું પ્રભુ થાય પ્રસનરે;
નરસીંહજીની પોળમાં નરહરીનાં દરશન. ૨૫
રાજ રાજે રણછોડજીને મહાલક્ષ્મી મુજ માતરે;
ગોરધનનાથ બળદેવજી ચાથો પુંડરીનાથ. ૨૬
બલખતખાનું જનાનખાનું દીવાનખાનું પાસરે;
ધરમતણી તો ધ્વજા ફરે છે ઉંચો મહેલ અવાસ. ૨૭
ઘણી કારીગરી કચેરીમાં જાત જાતના રંગરે;
નૌતમ નારી નાચ કરે છે કોમળ તેનાં અંગ. ૨૮
તરેહવારનું ટકોરખાનું ગોવીંદરાવનો મહેલરે;
ગાયકવાડના રાજ આગળ શોભા સઘળી સેહેલ, ૨૯
દાદાસાહેબને નાનાસાહેબ આપાસાહેબ મહારાજરે;
ગણપતરાવ ઘણું જીવજોને અખંડ રહો આ રાજ. ૩૦

લાડ મોઢ શીગોડ નાગર દશા વીયા વણીકરે;
સોની સાળવી સુતાર છીપા, દરજી ઠીકાઠીક. ૩૧
પુના સતારા મુંબઈ જોયું, પૂર્વ પશ્ચિમ દેશરે;
ઉત્તરમાં ઉદેપુર જોયું પૃથ્વીના નરેશ. ૩૨
બુદીકોટા દીઠું દીલ્લી, ને ગઢ ગીરનારરે;
સુરતને અમદાવાદ જોયું કઠણુ કિલ્લો ધાર. ૩૩
બલીહારી હું વડોદરાને ધનધન નરને નારરે;
વીરક્ષત્ર જેને જોયું નહી, તેનો એળે ગયો અવતાર. ૩૪
વાંકી નારી વડોદરાની, મહારાજાને રાંકરે,
મૃગ્યાનેણીને વરણાગીથી, વાગીઓ આડો આંક. ૩૫
શાહુકારોની દુકાનો બારે, ધરમ તણો અવતારરે;
ખુશાલચંદ શામળ બહેચર, લલુભાઇ શાહુકાર. ૩૬
રતનજી કાનદાસ કહીએ બાંધી પુનની પાળરે;
હરિ ભકતીનો મહીમા મોટો, બીજા ભાઉ મેરાલ. ૩૭
રંગીલો જે ગરબો ગાશે, રંગીલી નર નારરે;
રંગીલા તો લાંણીઓ લાવે. રંગ ભેર સોભા થાય. ૩૮
સંવત ઓગણીશ પાંચમાં ને શતરસે સીતરરે;
નવરાત્રીમાં વરર્ણન કીધું, વડોદરૂં જે શહેર. ૩૯
રૂપે શહુ કવિને કર વીનતી, કોઇમાં દેશો ખોડરે;
વાડેદરાની રક્ષા કરજો, રે'વાને રણછોડ. ૪૦
ભગવત વાણી સાચી જાની, મનમાં આણી વાલરે;
વડોદરાનો ગરબો ગાતાં, સહુ જન સુખીયા થાય. ૪૧
મીજબાની મનગમતી કરવા, જાય શોખી જનરે;
મસ્તુબાગનો બંગલો જાણે ઇંદ્રનું ઇંદ્રાશન. ૪૨

(રાગ પુનમચંદની.)

જય જય આદ્યા શક્તિ અંબીકા મુજ માવડીરે,
નિત નિત અઘ હમણા તે સ્પર્શકરણ તુજ પાદ;
નમીને આર્ય મહીલા માગે આ ઘડીરે.

સાખી.

સત્ય બુદ્ધિ શુભ નમનતા, શીયળ વળી સુખ થાય.
પ્રાણ ગયે નવ આપશો, અનિષ્ટ શિષ્ટાચાર.
નિત નિત પતિવ્રત સેવા સહગુણીયલની સાથ—

સાખી.

ભારત ભૂમી છે આર્યની નહી વરની માત,
સગપણ સાચું આર્યનું પડી પટોળે ભાત;
નેક ટેક રાખત આદ્ય શક્તિ પરમ તું માત—

સાખી.

એક પતિ અમે માનીએ અવર નહીં કામ,
ગુણિકા ગૃહ નહી રહી શકે આર્ય મહીલા ધામ.
માટે સતબુદ્ધિ દે, પતિવ્રત વ્રતની સાથ—

સાખી.

અધિક વળી અમે યાચીએ આદ્ય શક્તિ મુજ પાસ,
તન મન ધન બળથી વળી સ્વદેશ શેવા કાજ.
કહે દાસ 'હરિ' મા નિત નિત નમી તુજ પાસ—

હિંદના પ્રાચીન પુર્વ સંપનું દિગદર્શન
(બોલો બોલો)

ધારો માત ધારો, ઉર રંગ, અરજ......ધારો......ધારો.
દિન વિનતી અમારી—

આપો માત આપો વરમાતુ માત આપો, આપો, આપો,
ઈચ્છિત ફળ ધારી—

સાખી.

ભીમ અરજુન ભગીરથી સમ, હતા વીર ભૂ માંય,
ભીષ્મ પિતામહ સમ નહી, કોઇ ટેકી જગમાંય—

સાખી.

રામ રાજ્ય શાસન સમું, થયું નથી થનાર,
ઉક્ત વખત તો વહી ગયો, થશે માત કે વાર ?—

સાખી.

હતુ સોનું હીંદ આ હતો માત દીન એક;
વેપારે ઉજવર હતો, નથી તેથી કંઈ છેહ—

સાખી.

આર્ય મહિલા વિનવે, ધરો અરજી ઉર,
કહે હરી ચરણે ચુમી આપો ગયું જે નુર.

હિંદના આધુનિક સમયનું દિગદર્શન.

(ઝીણા ઝીણા વરસે—)

પુરાં કરો ઇચ્છિત કામ, દીન બાળા જાણી,
યાચે આર્ય મહીલા માત, દીન બંધુ રાણી.
આજકાલ દીસે નકલ નકલ ને તેમાં અકલ નહી ફેરરે;
પરદેશી માલ ઘરમાં ઘુસાડી કરી બધી આબડછેટ—
મજીઆણી તો મનને ન રૂચે, રેલ સુંદર મન લાગે,
કસ્તમ્બોલ વળી તો રીટ માટે, છીટ છીટ આ સહુ બાસે—

સાડી મારે પાજમી જોઇએ ગ્લેઝ મળે તો સારૂંરે,
ઠટ તો કેર વરતાવ્યો, હિંદી પ્રજા વણુસાડી—
સુંદર હસ્તિ દંતનો ચુડો, હિંદ બાળા સઉભાગ્યરે,
તે તો હવે ગમતો નથી પણ બંગડી પર મન જાય—
બંડી બદનમાં મુકી દીવા હવે ખમીસ ખાવા ધાયરે,
ગળે ફાંસો ફની જોરથી તાણે ગમ રામી ત્યાં જાય,
દેશી જોડા ગમતા નથી મા, સ્લીપર્સ હોલ બુટ ભાવેરે,
બોધ છોડની કડાકુટમાં, ઘર આખું અભડાવેરે,
વસ્ત્રાદિકથી પતતું નથી કંઈ, એથી અધિક પણ ભાસે,
હાથમાં સ્ટીક લઇ ચશ્મા ચઢાવી ચટપટ ચટપટ ચાલે;
ધાતુ પાત્ર વળી ઘરમાં ન ભાસે કાચ લોહને માટીરે,
કટકો થઇ કદી પગમાં લાગે, કાશળ નાખે કાઢી.
ફેસનની પીસીયારી થઇ મા હીંદ બાળ ફસાઇરે,
ફેકટ ફાંફાં તેમાં મારે પણ, નથી સમઝતા કાંઇ.
દાસ હરિમા તમને યાચે તેજ બળ બુદ્ધિ આપોરે,
અંધ ચક્ષુઓ ખોલી: અમારાં, ખરી વસ્તુ દેખાડોરે.

વિદેશીના સ્વદેશી વસ્તુ તુલના.

(પડવેની પણુ પ્રીત)

માતુ ધરજો અમારી ઉર વાત, શું અમે કહીએરે;
પેટ ફાટયું ત્યાં કહો કેમ, મા પાટો દઇએરે.
જો કે મસરૂ ને કીનખાબ, અહિંયાં પાકેરે;
પણ ગ્લેઝ રેલ ઉપર વાત, આ નવ ચાખેરે;

સાખી.

મશરૂને કીનખાબ, છે ગજીઆણી સમ છાટ;
રોલ બહુ રોવડાવશે, ગ્લેઝ છે ગ્લાની માટ—
કરો કડવી વાટ સામી લાવોરે;
વળી તેમાં અનિષ્ટ પદાર્થ, કેમ અરે ભારેરે—

સાખી.

ઇરિતમ્બોલ જુઠો વળી નહી કંઇ પઇની ધાસ;
દેશે પૈસો એક જો હશે તોઈ ફીટ વાલ—
તુલના જીનખાદી સાથ, તેમાં શું સારૂંરે
જીન છે નહી કદી ભલીભાત, કેવું અમારૂંરે.

સાખી.

પત્રા ધાતુનાં વળી જુઓ ધરી વિવેક;
લોહ કાચ માટી તણાં, દેશે અંતે છેહ.
સુજ્ઞો પ્રતિ એ વાત કહેવી બસ છેરે;
કહે દાસ "હાર" તમ માત, આ બધી ખસ છેરે—

હિંદુસ્થાનની સ્થિતિ.

રંક બની આજ માત અમ ભારતિરે લોલ,
મન થકી અતિ અધર્મ તે વિચારતારે લોલ,
ફેશને ફસાયાં મુજ હિંદ બાળકોરે લોલ,
કરૂં કે ઉપાય થાય તેતો જાગતારે લોલ.

સાખી.

આતુ મન વિચારતાં ઉંડાં મુકી નિશ્વાસ:
કરૂં જાગ્રત તુજ બાળકો, આપ્ય ઉદયની આશ.

* * *

સાખી.

એવી સ્થિતિ દિસે ઘણી, બાળ ભારતીમાંય;
પરદેશી વસ્તુ વિના, ચાલે નહિ ત્યાંય કાંય;
કરી આજ ઇશ્વરે, ધારણારે લોલ,
ધર્મબંધ ધારવામાં ધારી ધરગુરે લોલ;
યાચે દાસ હરિ માત બુદ્ધિ આપજોરે લોલ,
કષ્ટ આર્ય પુત્રના દયાળી કાપજોરે લોલ,

સ્વભુમી ભક્ત.

ધન અંબા મા વશીયા.

ધન ભારત માત ભડ ભુમિ રસાળાં આપ દિસો છો;
ગુણ ગાય આ બાળ, ધન સુખ સંપતિ સર્વ સદા અરપો છો.
રમ્ય લીલા તરૂ ચારૂ ભુમિ, રહી છે ઉપવનથી પુર્ણ ધુની;
વંદે બાળા આ ચરણ ચુમી.
ફળ ફુલ અનાદી અતિ પાકે, જેથી નીજ બાળ સુખી રાખે;
શું ગુણ ભુલીએ અમ ભવ આખે!
યદ રંક પ્રજા તમ સારી અતિ તો પણ સુખ માણે અલ્પ મતિ;
તે માત તમારી અગાધ કૃતિ.
કાળ ક્રમણ કરતા ભારે, દીન પ્રતી વર્ષે વારે વારે;
પણ ફળદ્રુપ તું કદી નવ હારે.
ગુણીયલના ગુણ અતિ ગાયે, તે ગુણીયલને ન રૂચિ લાવે;
(કારણ) પ્રશંસા કદી જે નવ ચાહે.
મા અમાપ ઉપકારો તારા, અમપર વરસે મુશળધારા.
કરી બદલો અમ બાળા

કરે જુમી તણી ભક્તિ ભાવે, તે:જન્મ સફળ સુપુત કહાવે;
જુમી ભક્તિ થકી કીર્તિ પામે.
ધન ધન તેને "હરિ" દાસ વદે ધન ધન જન્મ્યા તે જનની કુખે;
બીજો તો શબ પાશાણુ પખે.

ગરબો.

જનોઇ દઈ રહ્યા મછી બડવા દોડાવે છે તે વેળાનું.
(હરીયે કૃષ્ણુ ઉપાસના). એ ચાલે પણુ જરા ફેર;
દરશણુ દુર્લભર રૂપી રાજનું. ટેક.
કમળ કુંપળ સમ કુમળું મુખ હસતુ જોઇને.
કુમળા અધતો દેખું બે લાલ;
ભ્રકુટી વાંકી ને વાંકી પાઘડી,
ગુલાલા રંગે તકતકતા માલ. દરશણુ.
ઉછંકળતો મદનારે જોરથી,
છાતિ નીકળતી રહેતી જેમ ઢાલ;
જોતાં મન હરખે છે માથરે.
કમન્ડળ કળમાં દીપતું શુભ લાલ. દરશણુ.
પહેરયું પીતામ્બર પીળું કસબી કોરનું,
ગાંબડિયે બાંધ્યો ભગવો રૂમાલ;
ગાંસડી જેષ્ટીકા શું બંધન કરી,
અંગવસ્ત્ર અરૂણુ રંગી દુશાલા. દરશણુ.
કંઠે મુક્તાફળ માળામાં મણી ઝળકતું,
પ્હોંચે પ્હોંચી વીંટી આગળીયે સ્હાય;

વીંટીનું માણેક આજે એકલું,
પાછે મ્હોંડે લળી લળી જોય. દરશણ.
ઉપવીત અંગે કેસરીયા રંગી ઓપતું,
પોથી બાંધી બગલમાં જોઉં;
કહું જતન કરજે પુત્ર તું જાતનું,
મુજ મન તુજ વિન કહાં જઇને પ્રોઉં. દરશણ.
એ રૂપે જાતે દેખું હું જનો દેખતાં,
ને કહેતો જેનુંને વાયે અતિ ઢાળ;
મિઠડા લેત હરપ અશ્રુ ખરે,
વળતિ વંદુ હું લેજો સંભાળ. દરશણ.
દલપત ચાલ્યો ભણવા જન જોઈ રહ્યાં,
જન મન્ડળ કહે ભણવા કહાં જાય;
બડવો બોલ્યો ભણવા ભણી આવશું,
રૂશેશ્વર થાવા થાવું થાય, દરશણ દુર્લભ થયું રે રૂખીરાજનું

ગરબો.

રઘુપતિ રામ રૂદેહમાં રહજોરે—એ રાગ.

હરિ કહે સાંભળો મુજ તાતરે, તમો કહોઓ એક ખરી વાત; હરિ. ટેક.
જહાં સુપતિ નવ પૂજાયરે, ત્યાં જગની વૃષ્ટિ નવ થાયરે;
ત્યારે કરતા હશો શો ઉપાય. હરી કહે.
આવાં વચન સાંભળ્યાં છે જ્યારેરે, નંદે ઉત્તર નવ દીધો ત્યારે;
ત્યારે વારે તો મનમાં વીચારે. હરી કહે.

કહે છે બાળક છો અતિ નાનારે, દેવકારજ શું જાણો કહાનારે;
ચુપકારીને કહ્યું રહો છાના, હરી કહે૦
જાઓ સદનમાં ગમે તો બાળરે, સુખ રહો પલંગમાં ગોપાળરે;
હું પણ આવું કહે છગનલાલ.

ગરબો.

ચાંદલીયો ઉગ્યોરે સખી મારા ચોકમાં—એ રાગ.

હરિ ઉઠયા મનમાં અતિ હરખાઇને, જઇને બેઠા વૃદ્ધ ગોપની પાસજો.
શાણા થઇને વાત તેને સમજાવતા સ્વપ્ન તણો થયો મુને આભાસજો.
અલૌકિક પુરૂપ મુજ નજરે પડયો અતિ સુંદર ને ભુજ હતા ચારજો.
નેહ કરીને નજરે મેં નિહાળીયો, અંગે તેણે સજ્યાં શુભ શણગારજો.
તેણે મુજને વાત કહી વિવેકથી, ઇંદ્રપૂજા કરવાથી શું ફળ થાયજો;
હું એક દેવ બતાવું રૂડી રીતથી, ગિરી ગોવર્દ્ધન પ્રત્યક્ષ દેખાયજો.
ઇંદ્ર તણી સામગ્રી તેને અર્પતા વ્રજ ઉપર રાજી ઘણેરો થાયજો.
મુખડે માગી લેશે તમ પાસથી સર્વ દેખતાં પકવાન સર્વ ખાયજો.
પ્રગટ રૂપ દેખાડે સર્વ લોકને ચારે પદાર્થ કેરો દાતારજો;
અન્ન ધન કેરી તો શી ગણતરી, મુખ માગ્યું ફળ આપે એને દ્વારજો હ.
એવો દેવરહે છે આપણા રાજમા, વૃથા સુરપતિ પુજો કરીને પ્રેમજો.
કોટિ ઇંદ્રને ક્ષણમાં તે મારી શકે, ક્ષણમાં કરવા સમર્થ કુશળખેમજો હ.
ગોવર્દ્ધન સમ દેવ બીજો કો નથી, તેની પુજા કરવા ચિત્તમાં ધરજોજો.
તે આગળ ઇંદ્રનું કંઈ ચાલે નહિ, ઇંદ્રથી લેશ માત્ર નવ ડરજોજો હ.
વાત સુણી ગોપ સકળ વિસ્મે થયા, આજ સુધી સુણ્યો નહિ કોઇ દેવજો.
આપણા દેખતાં ભોજન પોતે કરે, છગન કહે કરાવી તેની સેવજો હરિ.

વળામણા.

કે મને મારીને રથડા ખેડરે, બાળારાજારે.
કે મને યુદ્ધે તે સાથે તેડરે, બાળારાજારે.
કે મને યુદ્ધ જોયાના રસકોડરે, બાળારાજારે.
કે આપણે સરખા સરખા જોડરે, બાળારાજારે.
કે લાવ હું ધરૂં હથીયારરે, બાળારાજારે.
કે કરૂં કઉરવનો સંહારરે, બાળારાજારે.
કે છોડી યુદ્ધ વળો ઘેરરે, બાળારાજારે.
કે તમને આપુ મારા બાપનું રાજરે, બાળારાજારે.
કે નારી કેશ સમુળા કાઢેરે, બાળારાજારે.
કે રથ ઉપર દેહ પછાડેરે, બાળારાજારે
કે રથ ખેડો તો કાઢુ મારા પ્રાણરે, બાળારાજારે.
કે મારા વગડામાં રથડા રોકયારે, બાળારાજારે.
કે મારા સસરા મેણા બોલયારે, બાળારાજારે.
કે વહુ આવતડી અમનાથારે, બાળારાજારે.
કે મેં તો નથી દીઠી પગની પાનીરે, ઓત્રારાણીરે.
કે તારૂં રૂપ દેખી જુદ્ધે ન ચડતરે, ઓત્રારાણીરે.
કે મેં તો નથી દીઠી નાકની દાંડીરે, ઓત્રારાણીરે.
કે મામો કૃષ્ણનો જાજો વંશરે, ઓત્રારાણીરે.
કે મને પાટા બાંધી પરણાવ્યોરે, ઓત્રારાણીરે.
કે મને સમરથ સાસરી દેખાડરે, બાળારાજારે.
કે મને સાસરી જોવાનો કોડરે, બાળારાજારે.
કે મારા કાંકણ દોરા રસ છોડાવરે, બાળારાજારે.

કે મને સમરથ સસરો દેખાડરે. બાળારાજારે.
કે મને ઘુંઘટ તાણ્યા રસ કોડરે, બાળારાજારે.
કે મને દીયર દીવડો દેખાડરે, બાળારાજારે.
કે મને હોળી રમ્યાના રસ કોડરે, બાળારાજારે.
કે મને નાનીશી નણુદી દેખાડરે, બાળારાજારે.
કે મને ઢીંગલે રમ્યાના રસ કોડરે, બાળારાજારે.
કે મને પાય પડયાના રસકોડ, બાળારાજારે.
કે મને જોડની જેઠાણી દેખાડરે, બાળારાજારે,
કે મને જોડે હીડયાના રસ કોડરે, બાળારાજારે.
કે વાદુલી દેરાણી દેખાડરે બાળારાજારે.
કે મને વાદ લીધાના રસ કોડરે, બાળારાજારે.
કે મારૂં માથું વાઢીને દડો ખેલરે, બાળારાજારે.
કે તારી કેડની કટાર મને આલરે, બાળારાજારે.
કે મારી જમણી કુખ ધરો સુરરે, બાળારાજારે.
કે તારી જમણી કુખ ના ધરેસરે, ઓત્રારાણીરે.
કે સુંદરી દેશે રામનું નામરે, ઓત્રારાણીરે.
કે સુંદરી રાખશે બાપનું નામરે, ઓત્રારાણીરે.
કે તેથી સરશે તમારૂં કામરે, ઓત્રારાણીરે.
કે તારી ઢાલડીના ઓઝે મને રાખરે, બાળારાજારે.
કે તારાં આવતાં ઝીલીશ બાણરે. બાળારાજારે.
કે ઝાલી ઝાલી ઘોડલીયાની વાગરે, બાળારાજારે.
કે મેલો મેલો ઘોડલીયાની વાગરે ઓત્રારાણીરે.
કે મારા ચડણાસા બાઇબંધ દેખેર, બાળારાજારે.

કે મેંતો ધાવતાં બાળ વછોડ્યાંરે, બાળારાજારે.
કે મને તેના પ્રાયશ્ચિત લાગ્યાંરે, બાળારાજારે.
કે મેંતો ધાવતાં ધેન વછોડયાંરે બાળારાજારે
કે મને તેનાં પ્રાયશ્ચિત લાગ્યાંરે, બાળારાજારે.
કે મેંતો છાંણે છાંણું ભાગ્યું રે બાળારાજારે.
કે મને તેના પ્રાયશ્ચિત લાગ્યાંરે બાળારાજારે.
કે મેંતો દીવે દીવો કીધોરે. બાળારાજારે.
કે મને તેનાં પ્રાયશ્ચિત લાગ્યાંરે. બાળારાજારે.
કે હું તો પથરે પાનીઓ ધોતીરે. બાળારાજારે;
કે મને તેના પ્રાયશ્ચિત લાગ્યાંરે બાળારાજારે.
કે મેંતો વેતી નીકે દીધો પાગરે. બાળારાજારે
કે મને તેનાં પ્રાયશ્ચિત લાગ્યારે. બાળારાજારે.

ગરબી.

તમે ઓરાને આવોરે, કહું એક વાતલડી;
તમે કહાં રમી આવ્યારે, રંગ ભરી રાતલડી. તમે. ૧
ચોરના સરખારે બીહીતા બોલો છો;
તમે ઉંઘે ઘેરાણારે, દરદે ડોલો છો. તમે. ૨
તમે હમણાં શું આવ્યારે, રજની રહી થોડી;
તમે કુબજાની સાથેરે, પ્રીતલડી જોડી. તમે. ૩
મહારી ઉપર આગ્યારે, મોહનલાલ મધુ ભરીઆ;
ભમર રસના ભોગી, સુંદર હર શામળીઆ. તમે. ૪
તને બાલુડો કહીનેરે, સહુ સાદ કરે;
તારા એવાજ તોલરે, પર ઘેર પેટ ભરે. તમે. ૫

તમે નાના વહુ વારૂરે લાલા લાજ ભર્યાં,
તમે કુબજાને મોહ્યારે, તેને ઘેર રાત રહ્યારે. તમે. ૬
હમે અચરત દીઠું રે, હરી આવ્યા સેજલડીએ;
જન ભીખાના સ્વામીરે, બીજે મારી બેલડીએ. તમે. ૭

ગરબી.

તમે આવો મારા વાલારે, કરીએ વાતલડી;
આજ કાંહાં જઈ રમીઆરે, રંગ ભેર રાતલડી. તમે. ૧
કાંઈ કાચુ બોલીનેરે, સુંદર સામળીયા;
તમે કોના કુંવરરે, તે હમને કહોની. તમે. ૨
પાળેલા કહીનેરે, સહુ કોઇ સાદ કરે;
તેમાં શું તોલજરે, પર ઘેર પેટ ભરે. તમે. ૩
અણુ દીઠુ દીઠું રે, સુખ બહુ સેજ તણું;
પરીઆપતનો તુર; ગોરસ ઘેર ઘણું. તમે. ૪
ફુલો માં ફોગટરે, જાણું જાતલડી;
રણછોડના સ્વામીરે, કરીએ વાતલડી. તમે. ૫

(ગરબી.)

તમને શું કહીએરે, કામણગારા છો;
ગોપીજન વલભરે, પ્રાણ હમારા છો. તમને
પુછું છઉં તમનેરે, સાચું કહો હમને;
મારા સમ મોહનરે, નહી દુભુ તમને. તમને ૨
અધર બીબ રાતોરે, ચુંબન ચેરા છે;
તમે ઓસોની તંતુરે, ટીલ પરલેટાં છે. તમને
હઈડાપર હાજરરે, ખાંતે ખુટયા છે;
તમ જેવા જીવણરે, કોહો કોણ ધુતા છે. તમને ૩

લડથડતા ડોલોરે, ભુજમાં બીડીને;
આપીને ચોડારે, બથમાં બીડીને. તમને ૫
મનગમતાં કીધારે, લજ્જા લોપીને;
રણછોડતા સ્વામીરે, ધન તે ગોપીને. તમને ૬

ગરબી.

પુછું છઉં તમનેરે, પ્રીતમ પાતળીઆ;
તમે કોહોની ઉપરરે, અઢળક જઈ ઢળીઆ. પુછું ૧
પૂનવંતી નારીરે, પ્યારી પ્રેમ વડે;
તેની જાઉ બલીહારીરે, તમારે ચીત્ત ચઢે. પુછું ૨
પુનવંતી પરગટરે, તેનું ભાએગ ભળ્યું;
તેનું સુકરીત સાચુંરે, તમારૂં અંગ અડધું. પૂછું ૩
હમે તેની પુંઠેરે, પાળો તો પળીએ,
તેનું મન મનાવવા, વેલેરા વળીએ. પૂછું ૪
હાં શાને આવોરે, ભોવન ભુલીને;
તને માને માતારે, લજ્જા મેલીને. પૂછું ૫
બેસંતાં બેઠારે, કોહો રસ કેમ મળે;
રણછોડના સ્વામીરે, ભાએગ તાહારે બળે. પૂછું ૬

(ગરબી)

રહો રંગના રશીયારે, રસના રંગી છો;
મારા જનમનારે, સાચા સંગી છો. રહો.
તમે ભલે પધાર્યારે, ભાવે ભાવોછો;
તમે હમારે કાજેરે, અમ ઘેર આવેછો. રહો.
શું પાડજ માનુરે, લાડ લડાવો છો;
નયણાંમાં નીરમળરે, નેહ જણાવો છો. રહો.

મને વ્યાકુળ કીધીરે, મીઠું બોલીને;
રસ રંગ રમાડોરે, અંતર ખોલીને. રહો.
હુંતો જનમ જનમનીરે, દાસ તમારી છઉં;
તારા વેણુ ઉપરરે, વાહાલા વારી છઉં. રહો.
આજ તે શું અચતરે, આવ્યા સેજલડીએ;
રણછોડના સ્વામીરે, અમ:તને જડીએ. રહો.

સખીને શીખામણ.

(રાગ પુનમ ચાંદની.)

ચાલો સઈયર સંગાથે રમીએ આપણેરે.
કરીએ નીશદીન સ્મર્ણ પતિનુ પ્રભુ પ્રમાણુમાંરે. ચાલો.
સાખી—સુખડી અતિ સુગંધી છે, આપે આનંદ અપાર;
તેમ મૃદુ સ્વરવડે, કરો પતિ દિલદાર.
એક વિણુ અન્ય કદી ન સંબોધીએરે,
સગા વહાલાની સાથે કદી નહિ ક્રોધીએરે. ચાલો
સાખી—પતિ પતિ પતિ કરે પતિ તેને ગણે,
તે સ્રીને ધીક્કાર છે, કોઈને નહિ ભણે.
ખોટા વ્હેમો રાખી પતિને ન ભમાવીએરે,
સાસુ સસરાને તો દેવ સમાનજ જાણીએરે. ચાલો.
સાખી—જો તમે પતિ પતિ સ્મરો, પતિ તમને બહુ સ્મરે,
જોતમો પતિવ્રત ધરો, તો ગુણ તમારો તો સૌ હરે.
આવાં આચરણોવડે તમે મોક્ષ પામશોરે,
એવી શીખ સુતાને ચમનની સંભળાવજોરે. ચાલો.

ગર્વ વિશે.

બેનીરે તમે ગર્વે ન છલકાશો, ફુલણજી થઇ નહી ફુલાશો. બે૦ ટેક.
ગર્વથી સર્વે જનો માઠા, ઉડયા ગર્વે બહુ આટ. બે૦ ૧
મર્યાં રાજ ફુગ્ગી ઘણાં ગર્વે, સુતા મોતની સોડમાં સર્વે. બે૦ ૨
અભિમાની કંશ પડયો કેવો, ગયો મરી રાવણના જેવો. બે૦ ૩
દીધું દુખ દ્રૌપદીને જ્યાંરે, મુઓ દુષ્ટ દુર્યોધન ત્યારે. બે૦ ૪
ગરવ દીલ રાખે તે ઘેલી, કરો મન મોટું હુંપદ મેલી. બે૦ ૫
કુતરૂં કોઈ ગાડા તળે ચાલે, બધો ભાર પોતા શિર ભાળે. બે૦ ૬
ભણી ગણી ગર્વ નહી મારે, પડયું પાણીમાં ભણતર ત્યારે. બે૦ ૭
હું છું ડાહી સૌ થકી રૂપાળી, બકે એવું હોય હુંપદ વાળી. બે૦ ૮
પુરૂં હોય પોત ન પ્રકાશે, અધુરો ઘડો ઝટ છલકાશે. બે૦ ૯
બીજાને તુચ્છપણે બોલે, ઠરે તેહ તરણાને તોલે. બે૦ ૧૦

(સુંદરી સુબોધ ગીત સંગ્રહ)

તકલાદી વીમા કંપનીઓ વિષે.

પુનમ ચાંદની ખીલી પુરી અહીં—રેએ રાગ.
મહેનત વગર મેળવવા પૈસા ઘણા પ્રપંચીઆરે,
કાઢે કંપની લાલચ આપી લોક;
ચોડી ચૈટા વચ્ચે મોટાં પાટીઆંરે,
પડાવશે પાછળથી પ્રજાવર્ગને પોક. મહેનત૦
વગર મુંડીએ મેળવે લાલચ આપી લાખ,
આરોગે એજંટ બહુ લે શું રૈયત રાખ ! !
આખી વસ્તીમાં અવળો વાયો છે વાયરોરે.
મેમ્બર થઇને નામ નોંધાવે થોકા થોક. મહેનત૦
ધારા શ્રી સરકારના લહે નહીં લવલેશ,

ડાયરેકટર પણ ડોળ છે માલીક મુર્ખ વિશેષ;
માટે કંપનીઓને પડખે કોઈ ચડશો નહીરે,
પડખે ચડશો તો એમાં સપડાશો દેક મહેનત૦
વાઇન્ડપ કંપનીઓ થતાં અંતર દુઃખ અપાર.
મેમ્બરને મળશે સહી વેંહેચણીમા કંઇ સાર.
દસ કે પંદરનો પાછળથી ચાંલ્લો ચોટશેરે,
એવા છળથી નવ છેતરાશો થઇ છ ચોક. મહેનત૦

"મોહે આવજ્યે રામ રસીયા" એ રાગ.

શ્રી રણછોડરાયની બલીહારી, હરી શંખ ચક્ર કર ધારી શ્રી
દેશપતી કુળપતી પ્રાણપતી, સરવસ આપ મુરારી શ્રી.
સતભામા રૂકમણી રાણી પ્રિય, સાચાં ઓથ અમારા. શ્રી.
પીતુ માતા ત્રાતા સુખદાતા, જીવન દોરી પ્યારી. શ્રી.
દેવ દેવ ચહે સેવા સુર પણ દુઃખહારી સુખકારી. શ્રી.
અનંત પ્રણમું પરમ પ્રેમથી, તનમન જીવન હારી. શ્રી.

"રઘુપતી રામ" એ રાગ.

વ્હાલા દેવ દ્વારકાં નાથ દયાળુરે,
ધરી ધ્યાન હૃદયમાં નિહાળું. વ્હાલાદેવ.

એક ગમ રતનાકર ગાજેરે, બીજી ગમ સતી ગોમતી રાજેરે;
ઉંચે મંદીર આપ બીરાજે. વહાલા દેવ દ્વારકાંનાથ.
જગ દેરૂ જગતમાં પંકાતુંરે; મંદીરોની મધ્યે મલકાતુંરે;
મન ભાવિકનું ત્યાં તણાતું. વહાલા દેવ દ્વારકાંનાથ.
ઉંચે આશન ઉભા મોરારીરે, ઘનસ્યામ ચતુરભુજ ધારીરે;
કાનતી દશ દીશ દીવ્ય પ્રસારી. વહાલા દેવ દ્વારકાંનાથ.

છેક ચરણુમાં આવવા દેછેરે, સેવા સેવા સરવની સહુ વીધ લેછેરે;
કૃપા વૃષ્ટી કર્યાજ કરે છે. વ્હાલા દેવ દ્વારકાંનાથ.
નખશીલ શણુગાર સોહાવેરે, શીષ મુગટ ઝગે નંગો માંથરે;
નીરખે નયન ધરાયે. વ્હાલા દેવ દ્વારકાંનાથ.
જેમ જેમ જોઈએ છબી ઝાઝીરે, તેમ તેમ દીસે મજા તાજીરે.
થયા જાય હ્રદય રાજી રાજી. વ્હાલા દેવ દ્વારકાંનાથ.
અનુભવે એ અનુભવી જાણેરે, સુધા સિંધુ સતિઓ વખાણેરે.
અનુ હરીજન એ માણે. વ્હાલા દેવ દ્વારકાંનાથ.

"ઓરા આવને" એ રાગ.

દીઠા દ્વારકાંપતી અતી સોહામણા જો
મીઠાંમોહનના રૂપમાં નથી મણા જો દીઠા.
નખશીખ નવા શ્રેષ્ટ શણુગાર છે જો,
દીવ્ય દર્શનની ખરેખરી બહાર છે જો. દીઠા.
ચરણુ કમળમાંહે નુપુર છે હીરે જડયાં જો,
પીતાંબરની કસબી કોરને અડયાં જો. દીઠા.
ત્યાંથી કંઠ લગી વિવિધ રત્ન હાર છે જો,
મધ્ય દુગદુબાયો તણી અણી બહારછે જો. દીઠા.
હીરાની હમેશ ઉપર ઓપતી જો,
ખભે અડી કનક છડી ખડી શોભતી જો. દીઠા.
શંખ ચક્ર ગદા પદમ ચારે હાથ છે જો,
કાન્તી હીરા મોતીની અગાધ છે જો. દીઠા.
જામા કરકશી કીનાર ઝીક્દાર છે જો
પુષ્પ તુળશી માળા ભભકાદાર છે જો. દીઠા.

રૂડાં કુંડળની શોભા અતીશે બની જો
ઝુકી ગાલો પર ઝુલકી મણી તણી જો. દીઠા.
ભાલ વિશાળમાં કનક આડ ઝગમગે જો,
તીલક મધ્ય માંહે માણુકમય મસ ઝગે જો. દીઠા.
મોર મુમટ શીર પેચ કલંગી વળી જો,
માંહે નગો અસંખ્ય રજ્યાં ઝળ હરી જો. દીઠા.
ચીબુક માંહે હીરા મોતી દીપે નાકમાં જો,
ઉંચું અત્તર ધસગસે છે પોશાકમાં જો, દીઠા.
ધનસ્યામ વદન મન હરનાર છે જો,
અનંતનો વાળ તો પદ મોઝાર છે જો. દીઠા.

રાજા રણછોડ દીઠા ખાસ રૂપેરે.
મોહયો મીઠા મોહનનના સ્વરૂપે. ટેક.

પદ પંકજ જોડ રૂપાળીરે, નખ કાંતિ શશી સમ ભાળીરે;
પામે સ્થળ એ પુરાં ભાગ્યશાળી.
સનકાદીક ચાર કુમારોરે, ઉભા બે બે સુકુમારોરે;
પદ વાસ ગણે પ્યારો, રાજા.
જાંગુ ઉંડી નાભી ઉદર કૃશમાંહે રે, દીવ્ય દામ બંધન દીશે ત્યાંહરે;
કટી સુત્ર ઢળકતું જણાય.
ભવ્ય વૃક્ષ શ્રી[illegible] વિશાળરે, ધાર્યું ભગુ ચર્ણ ધરી વ્હાલરે;
મ[illegible] [illegible] વજતી માળ, રાજા.
બાજુનું બહુ દીપછેરે, શંખ ચ બે ડાબે કરે છેરે;
ગદા પદમ બે જમણા ધરે છે, રાજા.

કહુ કંઠ કુંડળ એક કાનેરે, શીર કીટી મુગટ બીને વાતેરે;
મંદ સ્મિત નિતી આવજો ધ્યાને. રાજા.
નેત્ર પંકજ મનને હરે છેરે, કૃપા દષ્ટીની વૃષ્ટી કરે છેરે;
અનુ નખ શખ નીરખી વરે છે. રાજા.

પીલુ બરૂઓ.

રાધાજીરે સ્નેહ સહીત ઝુલાવું, આવો ઘનસ્યામ બતાવું.
રસીઓ ઝુલેરે આમ શીદ અચકાવું, એહેમાં તે શું શરમાવું.

ઝુલ.

પ્રીતમ પ્રીય રીવુંજીરે, જઇ લાલને હું લલચાવુંરે;
કહોતો અહીંયાં લાવુંરે, જઇ બહાનારે હું કેક અડાવું આવો.

કમળ નયનીરે આમ ન યોગ્ય રીસાવું શાણીને હું શું મનાવું.
બોલીને ભેદ જણાવુંરે એમાં શીદ મોં થયું આવું;
સમજીને: ખુશી થાવુંરે ભુલ ભાગુરે છે નાહક પસ્તાવું. આવો.

વસ્તુ પદમ ઝરે પદમા મન ભાવતી પ્યારી શી વાત કહી નઠારી
શીદ માઠું ઉરમાં ધાર્યું શીદ ઊઠી માન ઉતાર્યુંરે.
હરિને પણ એ ભાવ્યુંરે સુણ.શાણીરે, શું શું વધુ સમજાવું. આવો.
આલો તહીરે હું નકી ચોખ કરાવું હરીને ભેદ જણાવું.
હરાશે એ જોઇ આવું, પડશે પછી શરમાવું.
તેથી પ્રથમજ અર્થ જણાવુંરે, નવ ખાલીરે હું તમનેજ બણાવું. આવો.
શામજી રાધારે સમજાવવું: માન્યું મારે અતી મલકાવું;

ચ્હોડી ઝટ વેગથીરે પણ વાંસે જાવું ઝુલે પ્રેમે પધરાવું;
હેત કરીને ઝુલાવુંરે વળી ડોલર હાર મંગાવુંરે;
અર્પી મગ્ન થાવુંરે રંગ સખીરે-તારે વીણા લઇ ગાવું. આવો.

પદ.

પ્યારા કામણગારા આજ હેતથી ઝુલાવુંરે;
સામગરી સર્વે હું સરસ મંગાવુંરે પ્યારા.
ફુલનો ગુંથેલો ફુલ હીંડોળો બંધાવુંરે;
ફુલનો કીરીટ સીર ફક્કડ ધરાવુંરે. પ્યારા.
ફુલ હાર ફુલ બાજુ ગજરા પહેરાવુંરે
ફુલનાં કરણ ફુલ-જાતે જઇ લાવુંરે પ્યારા
શઠકોપ ગેડી બંસી ફુલથી ગુંથાવુંરે
ફેર ગમથી ફુલ ચોકી પછી પત્તરાવુંરે પ્યારા
ફુલના ફુલેલ વડે કેશ હું સમારૂંરે
સુગંધીઓ સર્વ અંગે ચોળું વળી ચારૂરે પ્યારા
શંકર સહગણ આવે તાંડવ નચાવુંરે
નારદની સાથે વીણા મારે લઇ ગાઉંરે પ્યારા
હરી પ્યારી હસાવીને હર્ષ ઉપજાવુંરે
ફુલ દોરી રંગે ગ્રહી ધ્યાને લીન થાવુંરે પ્યારા

પદ.

બરૂઆનો ગરબો.

કામણગારા પ્યારા ઝુલો સંગે રાધાપ્યારી,
ફુલ હીંડોળો રચ્યો ફાંકડો ફક્કડ દાંડી ચાર,
ગાદી તકીઆ ફુલના ભારી ફુલચાદર શ્રીકાર કામણગારા.

ફુલ ઘરેણાં જુગલ જોડીને આપે અવનવી બ્હાર
ઘસમસતું લેપન છે સુંદર અતર દે ભભકદાર કા૦
કો સખી નીચે ઘુઘરી બાંધી કોઇ ગાતી મલહાર
કોઇ તાલા પંખા બજાવે કો લઇ કર સીતાર
શ્યામ સલુણે રાધા કંથે મુકરો છે નીજ હાથ
રાધા રાણી મૃદુ વચનથી રીઝવે નીજનાથ. કા૦
રંગ સખી તે સ્તબ્ધ બનીછે નીરખી મન હરનાર;
આનંદ રસ ઉભરાઈ વહેતો સફળ કરી અવતાર કા૦

પદ કાફી જીલો.

સખી પ્રેમે ઝુલાવું હું પ્રીતમજી બેઠી કમળા શણગાર સજી, સખી
ધન ધન મોહન જુગલ જોડી એ હૃદયે રમો મમ મોહનજી. સખી
પાદ માંહે પડું હરખેથી હરીએ સ્વીકારી નીજ અરજી સખી
તદબીર કરી હીડોળે બારી નાથ તણી પામી મરજી સખી
પાવન કીધી પામર દાસી ભલે પધાર્યા સુંદરજી સખી
અનુકૂળ સાહીત બધી મંગાવી રીઝયા એથી શ્રી વરજી સખી
શ્રીમુખ કર ફસી રંગ બ્હારી કુરાણી નીજ ભાન તજી. સખી

પદ

આગત મોરારી-ખમાચ જીલ્લો.

પ્રીતમ ઝુલેરે, પ્રીતમ ઝુલેરે સખી જોને આ બાળમુકંદ;
રાધે રાણીને મંદ મંદ હસીને હસાવેરે. પ્રીતમ ઝુલેરે ૧
ઘનસ્યામ મદને મોહન રમર્ણાને રીઝાવે
હરીયું ચિત મહાવે મધુર બંસી બજાવે
દાસી સૌ વધાવે દીવ્ય ફુલેરે પ્રીતમ ઝુલેરે ૨

ઇંદુ વદન સદન સોહે મોહી અજ શેષ અનાદી
અનુપ રૂપ ખુબ અહો નીત્ય ને આદી
પામી એ પ્રસાદી ભાન ભુલેરે   પ્રીતમ ઝુલેરે ૭
રંગ સખી નીરખી શામ અર્પી નીજનું તમામ
ઘડી ઘડી કરે પ્રણામ રટે સુનામ આઠું જામ.
પાગે આતમારામ એકલેરે.   પ્રીતમ ઝુલેરે ૮

ભાગ ૩ જો સમાપ્ત.



ભાગ ૪ થો.

૫૨.

એસું બરોબર મુજને ઝુલાવો સ્યામ સલુણા આપોને લહાવો એસું
ચતુર આતુર મન થઇ મારૂ, શાંત કરે પ્રિય વધું શું ઉચારૂં એસું
અતરદાની હીરાની ભરાવો અલ્પ કૃપા કરી મુજને લગાવો એસું
કંઠે ધરાવોનેડોલરહાર નીત્ય નભતો પ્રીતમ તમ યાર એસું
ફુલના મજરા પહેરાવો હાથે કુસુમ ગુચ્છ આપો તેની સાથે એસું
મન મોહન આજે માનમાં આવી એથી રીત આ નવીન બતાવી એસું
પહેર્યે આપ વેષો એહ રીતે વળતા સેવ કરૂ રૂડી પ્રીતે એસું
ડકરાની ત્રીજે ચંદર ધરાવ્યો એથી હક મેં પહેલો બતાવ્યો એસું
હુકમ દરે પતી આપ હુલાસી આવશે સંધુ ખાસી રંગદાસી એસું

૫૬

" પ્યારા મારા શામ ઝુલે નેરે "

ઝુલે રાધા કા'ન જુઓનેરે;
શ્રાવણ સુદ એકાદશી ઉત્તમ ઉત્તમ મંગલવાર. ઝુલે રાધા.
અનોખો ખુબાંનો ઝુલો જોધપુરી, બેઉ સ્તંભે દશ અવતાર ઝુલે.
સાહેબાનપર મયુર અનુપમ, દીપે દાંડી રંગીન ચાર. ઝુલે.
તકીઆ આદીત ખુબી ન્યારી, ભરેલાં ફુલ દેતાં બહાર. ઝુલે.
જરીની છે ઝાલર ઝર હળતી ઘુઘરીનો ગાજે ધમકાર. ઝુલે.
બાળ મુકંદ રાધા રાણીજી, ભવો ભવે સાચાં સરદાર. ઝુલે.
ભવ્ય વસ્ત્ર ભવ્ય ભુપણુ છે, જાઈ જુઈના ધરીઆ હાર ઝુલે.
નરસીહપ્રસાદ પ્રીતેથી સેવી, લાડ લડાવે છે શ્રીકાર. ઝુલે.
કુસુમ ગ્રહી કર પૂતળી હલાવે, જાણે ઝુલાવે મનહરનાર. ઝુલે.

આંગણ મંડપ અરીસનો ધૃત દીપ જ્યોતી છે સાર. ઝુલે.
ધન્ય ધન્ય શ્રી વૈષ્ણવ સર્વે ગાયનથી ગજવે આગાર. ઝુલે.
નિત્ય હિંડોળા હેતે ગાતા રીઝશી શ્રી નંદકુમાર. ઝુલે.
રંગ શ્રી પરબત કૃપા પામ્યો તો પાવન થાતું વારંવાર ઝુલે.

પદ.

વણઝારો.

ઝુલો ઝુલોને કુંજ બીહારી, ધન્ય ધન્ય નટવર ગીરધારી;
ઝુલો રચ્યો છે સારો, પ્રિયતમ આપ પધારો;
સંગે લઇ રાધા પ્યારી. ધન્ય ધન્ય.
આવોને ઝટ મહારાજા, શીવના એ અધિરાજા;
જાઉં મોહનપર વારી. ધન્ય ધન્ય.
મીણાકારી આ ઝુલો, બાંધ્યો મે આજ અમુલો;
વળી રેશમ દોરી સારી, ધન્ય ધન્ય.
મખમલના ગાદી તકીઆ, કરો પાવન ઓ રસીયા;
ઝટપટ ઘટ માંહે પધારી. ધન્ય ધન્ય.
સુણી સુણી છે અરજી, પધારીઆ શ્રીવરજી;
બણી ઠણી શણગારી. ધન્ય ધન્ય.
બેઠા ભપકેથી લાલા, જેનાં નેણ અતી નખરાળાં;
સંગે વ્રખુભાન દુલ્હારી. ધન્ય ધન્ય.
અત્તરથી ઘસમસતા, પળે પળે સ્મીત હસતા;
ખુશ કરતા નીજ પ્યારી. ધન્ય ધન્ય.
નારણી પ્રિય નેહ નગીના, નાદ કર સાહી વીણા:
ગાએ મધુર લહરી. ધન્ય ધન્ય.
જુનખરૂ રંગ સખીને, રચવાઈ કરી બીને;
હઈ શ્યામ ચરણમાં હારી. ધન્ય ધન્ય.

" મીઠડું મહી વેચું " નહીં.

ફાંકડા હરી ઝુલે હરી ઝુલે;
મોહન પરમ સુખકારીરે, ફાંકડા—હરી ઝુલે હરી ઝુલે.
જો ઝુલાવે વ્રજનારીરે ફાંકડા—સંગે છે શ્યામની પ્યારીરે. ફાંકડા.
બંસી બજાવતા મુરારીરે, ફાંકડા—બેઠાં છે બેઉ શણગારીરે. ફાંકડા.
જોવાને આજ શીવ આવેરે, ફાંકડા—દેવ પુષ્પ લઇને વધાવેરે. ફાંકડા.
લીલા કહું શું વિસ્તારી, ફાંકડા—રસના મારી જાએ હારીરે. ફાંકડા.
દેખે તેનેજ એ સમજાએ, ફાંકડા—રંગ સેવી કૃતાર્થ થાએરે. ફાંકડા.

પદ.

હીંડોળાની લાવણી

કરી હરિએ મેર, ઉભરે લેરે, ઝુલાવું ઘેર સખી લાલાને;
જા તું તેડી લાવ ફરી વ્હાલાને.
આપીયું વેણુ, પરમ સુખ દેણુ, મોકલ્યું કહેણુ, હજુ કયમ નાવે;
મ મથ મસ મસ્તાન મને અકળાવે.
આ કુસુમ કળી કરમાય, હીંડોળા માંહે, સુગંધી સુકાએ,
વિના હરી સંગે, વિરહાનલની જવાળા પ્રગટી છે અંગે.
જાણી મમ મનનો ભાવ, કરી કાંઈ દાવ, શોધીને લાવ;
કહાન કાળાને જાતું તેડી લાવ. ૧
હું જાઉં ઘડી, હર ઘડી, બારીએ ચડી, જોઉં વાટડી;
માવો મમ આવે, પધરાવી કદા હીંડોળો ઝુલાવું ભાવે;
ધન્ય ખમાં ખમાં સરકાર, હૈયાના હાર, ઊઠી આ વાર;
ભેડું સુંદરને શું કહું હવે, કંઇ વધુ છેલ નટવરને;
પ્રભુ પધરાવીને, ઝુલા માંણી, દોરીને સાહી, ઝુલાવું સ્નેહે;
મતવાલાને જા તું તેડી લાવ. ૨

મુર્તી છે મનમાં જડી, અનુપમ વડી, ચકાવે ચડી;
જોઇને પ્યારો, કીરણો છુટે તેજ તણાં હજારો;
બની પ્રેમ રસે તરબોળ, નેત્ર અમોલ, મુખડું ગોળ, હરે મન મારૂં;
બે પદ્મ નેત્રમાં ખાસ, ફરયું ચીત્ત મારૂં.
શ્રીરંગની આતુર પ્યારી, જુએ ગીરધારી, હેતથી વારી;
નખરાળાને, જા તું તેડી લાવ ફરી વ્હાલાને.

પદ.

(સીઆનો કાંનરો.)

ઝુલે રઘુપતી ખાસ હીંડોરે, પ્રીતધરી હાસી હીંચોળતી પ્યારે. ઝુલે. ટેક.
રત્ન જડીત છે સ્થંભ મનોહર, શોભીત તેની છે ડાંડીઓ ચારે; પ્રીત.
કુસુમના છે ભુષણ નૌતમ, નીરખું શ્રી મુખ પ્રેમથી ક્યારે. પ્રીત.
રાજીવ લોચન હરતાં મમ મન, બિરાજી છટાથી જાનકી હારે; પ્રીત.
ચામર લઇને ભરત તતપર, શ્રી લક્ષમણ કર મુરછલ ધારે. પ્રીત.
મારૂતી મહાલે ચરણ કમળે, જોવા અજ શીવ સનક પધારે; પ્રીત.
નીરખું શ્રી મુખ રંગ હું, નિશ્ચે શેષ જાનકી મુજને સ્વીકારે. પ્રીત.

પદ ગઝલ.

(હરીગીત.)

મણી મહેલ માંહે મહારાજ, રઘુરાજ આ ઝુલી રહ્યા;
જાનકીજી સંગે ઝુલતા, મન ભાવતા ધ્યાનમાં લહ્યા.
ભરત શત્રુઘન લક્ષમણ, હનુમંત જ્યાં અચરજ બન્યા;
સેવે શ્રી જાનકી નાથને, બાકી ત્યાં પછી રહે શી મણા. મણી.
બેહેકી રહ્યાં ફુલ જાઇનાં, દાંડીએ જડયા છે આઇના;
ઝગ હળતી કનક દોરને, કંદીલમાં દીપ ઝગી રહ્યા. મણી.
મણી મુકુટ સીરે સાર છે, કંઠ કંડે મણીના હાર છે;

જયો દીવ્ય મણી શણગાર છે, જોતાં ન જાએ ગણ્યા. મણી.
કર સાહી દીવ્ય શારંગને, ટેકી નીહાળે નાટારંગને;
અદ્ભુત તાંડવ નાચ જે, શ્રી શંકર આવીને રહ્યા મણી.
રંગ શેષી શેષી રામ જાનકી, શ્રામ્ય આ ક્રીડા થઇ નક્કી;
રામ રાજ્યનું શ્રીરંગ અંગ છે, હીતમાં ચિત્ત ચાહી પ્રૌઢ રહ્યા. મણી.

૫૬

લાવણી.

બાંધ્યો હીડોળો રામચંદ્રને સારૂ, હરખે ઘેલું થયું ખરે મન મારૂં;
સરજુને તીરે સઘન કુંજની માંહે, જાનકી સાથે ઝુલે જુવો રઘુરાએ,
શીરપર શોભે છે મુકુટ જડાવ મણીનો, કાને કુંડલ મકર ધરે રસભીનો;
ભળાચવો પડયો ગળામાં મોતીગરની સાથે, હાથે પહેર્યાં કડાં બાજુ. રઘુ-
સુચીન્હ છાતીએ દીપે મણીના સંગે લેપન કરીઉં દીવ્ય ભભકતું અંગે;
મોતીનું કેળું કટીએ સુત્ર મજેનું તેપર બંધન ઉદરતણું પણ તેનું,
નાજુક છે નુપુર ચરણે ઘુઘરી વાળાં એવાં આભુષણો સજ્યાં સુખવાળાં-
શારંગ લઇ નાથ બેઠા છે, નયને થઇને મમ હ્રદયે પેઠા છે.
બિરાજ્યાં એઠાઠથી વાહ ! જાનકીમાતા પાસે લક્ષ્મણુકરેચમરં મકલાતા;
દેવો બની આતુર દર્શને ધાતા. નારદ વીણા લઇ હરી ગુણ ગાતા,
બાણ નારી, ને વચન, એક જેનાં છે, તારક ભવથી ચરણ માત્ર તેનાં છે;
અદ્ભુત લીલા જાય ન મુખથી વર્ણી, અનુભવે ચડે જેશ્રીકૃષ્ણ નીસરણી,
હરિ કરશે યાદ ફરી રંગને ક્યારે, કે ચરણ યુગલના વડે હીર શણગારે.

ગરબી.

વ્હાલો મારો કુંજમાં વાય જે વાંસળીરે લોલ;
નાદે વેંધી છે મારી પાંસળીને લોલ.

હુંતો સુણતાં ભુલી સહુ ચાતુરીરે લોલ,
મળવા થઇ છું અતિ આતુરીરે લોલ. ૨
તાલાવેલી લાગી છે મારા મનમાંરે લોલ,
ગોઠતું નથી કાંઇ ભવનમાંરે લોલ, ૩
માહારૂ ચિત્ત ચોહોટે નહીં ઘર કામમાંરે લોલ,
પેઠું છે મન ઘનશ્યામમાંરે લોલ, ૪
સખી મુને મોહન લાગે છે ઘણો મીઠડોરે લોલ,
અવર એહવો તો નથી દીઠડોરે. ૫
સખી હાવાં તો મળી સુખ મહાલીએરે લોલ,
મહિડું વેચ્યાને મસે ચાલીએરે લોલ. ૬
ધન દહાડો તે અવતારમાંરે લોલ,
રમીએ શ્રી નંદકુમારમાંરે લોલ. ૭
વહાલો મળતાં સહુ સુખ આપશેરે લોલ,
સેહેજે સંતાપ સહુ કાપશેરે લોલ. ૮
શામળો સાગર ઉલ્લાસનોરે લોલ,
પ્રાણજીવન દયા દાસનેરે લોલ. ૯

ગરબી.

શ્રીજમુનાજીના ઘાટમાંરે લોલ,
રોકી રાખી છે મુને વાટમાંરે લોલ. ૧
નણદલ સૈયરના સાથમાંરે લોલ,
તાળી માં દેશો મારા હાથમાંરે લોલ. ૨
મહારો પાલવ પાણશું શાહોછોરે લોલ.
ડાહ્યા થઇ કાં ઘેલા થાઓછોરે લોલ. ૩

વ્હાલા વાત કહું તે ધરો ધ્યાનમાંરે લોલ,
સમજી જાઓને પ્રભુ શાનમાંરે લોલ. ૪
વાટમાંરે વાત નહી કીજીએરે લોલ.
દુરીજન લોકથી બીજીએરે લોલ. ૫
સૈયર સાથ સહુ જાયછેરે લોલ,
મુકો વાહાલાજી વીલંબ થાયછેરે લોલ. ૬
મહારો પ્રીતમ પાલવ મુકીએરે લોલ,
ચતુર થઇને કેમ ચુકીએરે લોલ. ૭
સાસુડી મારી જાણશેરે લોલ,
ભવનું મહેણું મને લાગશેરે લોલ. ૮
બોલે બાણુ જેઠાણી મને મારશેરે લોલ,
શત્રુનું કામ પીયુ સારશેરે લોલ. ૯
દાસ દયાના પ્રભુ નરહરીરે લોલ,
તનમનથી હું તમને વરીરે લોલ. ૧૦

ગરબી.

ગોપી કૃષ્ણ સંવાદ રાગ ઉપર પ્રમાણે.

શ્યામ સલક્ષણા રહો હું કહું, શીખામણ લ્યો માનીજી;
મારગડે જાતાં મુજ આવણે વાત કહી શીદ છાની. ડહાપણ રાખોજી. ૧
અવળીરે અબળા અવળુ શું બોલે, જા તું સીધી વાટજી;
કર્ણ ફુલ તારૂં નવીન દેખી સેહેજે મેં જોયો ઘાટ. સુલટું ભાખોજી. ૨
કર્ણ ફુલ જોયું તે શું કહોછો, અવર કોઇ કપમ ગાનેજી.
પુરૂષને શું કામ સ્ત્રિ સંગે, સમજાવો છો કોને ડહાપણ રાખોજી. ૩

જેના મનમાં કપટ હોય તે કપટતણી ગત જાણેજી;
જાતા જાન થયું શું ત્હારૂં જે આવડી વાત વખાણો સુલટું ભા૦ ૪
છાના રહો સાધુછો હું જાણું, સાચાં બોલો છો વેણજી;
સાધુપણાની સાખ પુરેછે, નાચતાં બેહુ નેણ. ડહાપણ રાખોજી. ૫
નીચંતો કે વણ નીચંતો, તં મહેણું સીદ દીધુંજી;
જેહવાં છે તેવાં હમ પાસે, કેહે તારૂ શું લીધું. સુલટું ભાખોજી. ૬
ઓ વ્હાલા મારૂંતો સરવસ લીધું છે, હું અબળા કહેતી લાજુંજી,
તન મન ધન લુંટીને લીધું, હવે શું લેશો ઝાઝુ. ડહાપણ રાખોજી. ૭
સખી હુંતો બાળક કાંઇ નવ સમજુ, કેવું તનમનજી;
કેમ કર્યો તેં મુજને મોટો, એમ બોલ્યા જુગજીવન સુલટું ભાખોજી. ૮
તમો નંદકુંવર મેં નીરખ્યા નાના, ગુણ મોટા ગંભીરજી;
વડા બાણુથી વર્ત્તા ઘડે જેમ. નાનો નાવક તીર. ડહાપણ રાખોજી. ૯
સખી ક્યાર થઇ એમ કંપે છે ને, વાત શુરાની વખાણેજી;
નાવક બાળતણી ગત ન્યારી તુંતો, વણ દીઠે કેમ જાણે. સુલટું ભા. ૧૦
દાસ દયાના પ્રભુ દુઃખ રખે ધરતા, દુરિજન માટે કહું છુંજી;
એ સુખોને કાજે કદી હું, બોલ લોકના સહુછું. ડહાપણ રાખોજી. ૧૧

ગરબી.

વાંકારે વાંકા શું દીઠો છો, આવડું શુરે ગુમાનજી;
પરનારીની સંગે રમતાં, નથી વળી કાંઇ સાન. જોઇને ચાલોજી. ૧
તું તારા મનમાં વિવ્હળ છે, હું છું નાહાનું બાળજી;
કેમ કરી તુ મને મોટો જાણે, જુઠાં શીદ ચઢાવે આળ. જોઇ૦ ૨
નાહના છો પણ ગુણ મોટાના, નારી વિના કોણ જાણેજી;
અંગો અંગથી વિવ્હળ કીધાં, મારયાં લોચનનાં બાણ. જોઇ૦ ૩
નારી તો પુરૂષથી અળગી, અળગી વળગી ચાલેજી;
દયારામના પ્રીતમ હશીને બોલ્યા, હવે મળીશુ કાલે. જોઇએછે૦

ગરબી.

શામળિયા તમે સમજો નહિને, કરતા હીંડો આળજી;
લોક શું જાણે જે ટેવ પડી છે મુકે માથે ગાળ. પેર ન જાણોજી૦ ૧
સાસુ અમારી સાંભળતાં મુને, શીદ કરો છો સાદજી;
આપણને બેને બોલતાં દેખી મારો પરણ્યો કરે વખવાદ પેર ન જાણોજી૦ ૨
મારા આંગણા સામું આવીને હાલે શાને કીધી સાનજી;
મારી નણુદી મર્મમાં વચન બોલી, ભાભી જાઓ તેડે છે કહાન. પેર
આતુર જન તો દીઠા અતિ પણ, તમથી આડો આંકજી;
કેહેવા સરખું આપણ કરીએ ત્યારે દુરીજનનો શો વાંક પેર ન જાણો૦ ૪
ગોળ પોતાનો ખુણે ખાઈએ, કરીયે દીઠો અદિઠોજી;
પ્રગટ બેશી બજારે ખાતાં શું, લાગે છે અતિ મીઠો પેર ન જા૦ ૫
જે દહાડાની પ્રીત બંધાણી, તે દહાડાની ચર્ણે વળગીજી;
દાસ દયાના પ્રભુ મનમાં સમજો, હું નથી તમથી અળગી. પેર૦ ૬

ગરબી.

ઓ વાંસલડી, વેરણ થઈ લાગીરે વ્રજની નારને;
શું શોર કરે, જાતલડી તારી તું મન વિચારને.
તુંતો જંગલ કાષ્ટ તણો કટકો, રંગ રસીગે કીધો, રંગ ચટકો
અલી તે પર આવડો શો લટકો, ઓ વાંસલડી વેરણ થઈ૦ ૧
તુંતો કહાન વરતો રાખે, તું અધર તણો રસ નીત્ય ચાખે;
તુંતો અમને દુઃખડા બહુ દાખે, ઓ વાંસલડી વેરણ. થઈ૦ ૨
તુંતો મોહનના મુખપર મહાલે તુજવિના નાથને નવ ચાલે
તુંતો શોક થઈને અમને સાલે ઓ વાંસલડી વેરણ થઈ૦ ૩
તુને હારએ હાથ ગ્રહી લીધી તુંને સૌમાં શીરોમણી કીધી;
ક્ષણું મુખથી નવ મુકે મેલી, ઓ વાંસલડી વેરણ૦

હું તુજને આવી નવ જાણુતી, નહિંતો તુજપર મહેર ન આણુતી;
તારાં ડાળ મુળ સાહીને તાણુતી એ વાંસલડી વેરણુ ૫
દયા પ્રીતમને પુરણુ પ્યારી તુને અળગી ન મુકે ન્યારી;
તારાં ભેદ ગુણુ દિસે ભારી; એ વાંસલડી વેરણુ. ૬

ગરબી

એ વ્રજનારી શામાટે, તું અમને આળ ચડાવે;
પુન્ય પૂર્વ તણાં તેથી પાતળીયે અમને લાડ લડાવે; ટેક.
મે પુરણુ તપ સાધ્યાં વનમાં મેં તાહાડ તડકા વેઠયા તનમાં;
ત્યારે મોહને મેહેર આણી મનમાં એ વ્રજનારી. ૧
હું ચોમાસે ચાંચણુ રહેતી, ઘણી મેઘ ઝડીઓ શરીરે છહેતી
સુખદુઃખ કાંઇ દિલમાં નવ લેતી, એ વાંસલડી, ૨
મારે અંગે વાઢ પડાવિયા, વળતી સંધાડે ચડાવીયા;
તે ઉપર છેદ પડાવિયા એ વ્રજનારી શા માટે તું ૩
ત્યારે હરીએ હાથ કરી લીધી સહુકોમાં શીરોમણી કીધી.
દેહ અર્પી અધર અંગે દીધી એ વ્રજનારી શા માટે તું. ૪
માટે દયાના પ્રીતમને છું પ્યારી નિત્ય મુખથી વગાડે મુરારી;
મારો ભેદ ઘણો દીસે ભારી શા માટે તું.

ગરબી.

મારા મોહનલાલ આવો તો કહું મારા મનની વાતડી;
મારા પ્રાણુ પ્યારા, તમ માટે મે તો ગાળી છે જાતડી. ટેક.
જાણું છું જગતમાં છો ડાહ્યા, એવું જાણીને જોડી માયા;
હવે અમ ઉપર આણો દયા, મારા મોહનલાલ૦
મેંતો રૂપ તમારૂ જોઇને, મારૂં મનડું રહ્યું છે મોહીને;
કાંઈ નીશદીન જાય છે રોઇને મારા મોહનલાલ૦

મેંતો તન મન સોંપ્યું છે તમને કોઇની બિક ન ધરશો મનમાં
હવે મહેર કરો મોહન અમને, મારા મોહનલાલ૦ ૩
પ્રભુ પ્રીત જુઓને તપાશી, કુબજા તો કંસતણી દાસી;
તેની તો ચાલી જગમાં હાંસી મારા મોહનલાલ૦ ૪
હરી આવડા હઠીલા નવ થઇએ, નંદલાલ નગેરા નવ રહીએ.
સુખ દુઃખ અમો કોને કહીએ મારા મોહનલાલ૦ ૫
મારે સાસુ સસરાની બીક કશી, મારા રૂદે કમળમાં રહ્યા વશી;
દયાના સ્વામિ વિના બીજાથી દુર ખસી, મારા મોહનલાલ૦

ગરબી.

ઓ છબીલાજી છમકલુ નવ કીજે, વારે ધારે ઓ છબીલાજી
દીક દોહલા છે ત્રીકમજી હું કહુ છું એટલા માટે. ટેક.
કાંઈ વ્રજનારીનાં કહ્યાં કરો, કાંઇ વ્રજદાસી પર મહેર ધરો;
કાંઇ ભખુભાનની કુંવરી વરો, છબીલાજી૦ ૧
પાતળીયા પ્રીતે બોલાવો, કાંઇ મારમટામાં સમજાવો;
નીત્ય કાળી કુબજાને ઘેર જાઓ, ઓ છબીલાજી૦
કાંઇ દાસી ઉપર મહેર કરો, એટલો વીવેક હૈયામાં ધરો;
ઘણું કહીએ કુબજાને વીચારો. ઓ છબીલાજી. ૩
દયા પ્રીતમનો સ્વામી છે રસીયો, મહી ખાવાને આવે ધસીયો;
ધન્ય ભાગ્ય અમારાં જે વ્રજમાં વસીયો ઓ છબીલાજી૦ ૪

ગરબી.

મારા પાતળીયા પ્રીત કરી તરછોડો છો શા માટે;
તમે મળતા નથી, નિત્ય જળ ભરવા જાઉં છું જમુના ઘાટે.
મારી માને ઘેર તમસારૂં હેરા ફેરા આઇને ... સારૂં;
નિત્ય દિવા પાછળ અંધારૂ મારા પાતળિયા ૧

મારી સૈયર મુને બ્હાવરી કહે છે, સાસુ નણુદી તો મેહેણાં દે છે;
પરણ્યો પીયુડો મારા પ્રાણ લે છે. મારા પાતળિયા૦ ૨

વ્હાલા સ્નેહ તણું દુઃખ વાધ્યું બહુ, અંતર આગ્ય જઇ કોને કહું;
હું મુગાની પેરે સમજી રહું. મારા પાતળિયા૦ ૩

અમે આંવડા ઢંગ નોહોતા જાણ્યા, તારાં મીઠડાં વચન મનથી માણ્યાં;
હવે સારી પેઠે નટવર નાણ્યા. મારા પાતળિયા૦ ૪

દુનીયાં પુઠળ સહુ વાત કરે, મારૂં મન તમ વિનાં ન ઠરે;
જખ મારે છે લોકો શું કરે. મારા પાતળિયા૦ ૫

અમો અબળા તણું હરી શુંરે ગજુ, હવે મળશે નહિં તો પ્રાણ તજુ;
દેવકીના જાયા થાવ સમજુ. મારા પાતળિયા૦ ૬

દયારામના પ્રીતમ તો વ્હાલા, તુને ગોપીઓ કરે છે કાલાવાલા;
ઘેર આવોને મોરલીવાળા. મારા પાતળિયા૦ ૭

ગરબી.

મારૂં મન મોહ્યું વાંસલડીને શબ્દે કાનડ કાળા,
હુંતો ઘેલી થઇ મારા ઘરમાં નથી ગમતુંરે મ્હારા વાલા. ટેક.

એના અમર ઉપર વાજે છે, સુણી અંતર મારૂં દાઝે છે;
એનો શબ્દ ગગનમા ગાજે છે. મારૂં મન મોહ્યું૦ ૧

એ વનમાં જ્યારે વાગે છે, મુને બાણ સરખી લાગે છે;
મુને વેહની વેદના જાગે છે. મારૂં મન મોહ્યું૦ ૨

હુંતો દોહોતાં દોહોણી ભુલી છું, વળી જમતાં અધુરી ઝુરી છું;
તારૂં મુખ જોઈ જોઇ ફુલી છું. મારૂં મન મોહ્યું૦ ૩

એને તપની સાધના કરી છે, કૃષ્ણ કૃપા સાધ્ય કરી દીધી છે;
માટે દયા પ્રીતમે કર લીધી છે. મારૂં મન મોહ્યું૦ ૪

ગરબી.

મારૂં મહીં ઢળશે, લડથડતા છબીલા રંગના તારા;
કહાન વગલા રહો અડયા શું આરો મદના માતા; ટેક.

મુજને એકલડી અહીંયાં જાણીને, મારો પાલવ ઝાલ્યો તાણીને;
નહીં આપું ગોરસ આણીને. મારૂં મહીં ઢળશે૦ ૧
પેલાં દુરીજનીઆં બહુ દાઝે છે, તેણે દુઃખડાં મારાં જાય છે;
તમો નિર્લજને શી લાજ છે. મારૂં મહીં ઢળશે૦ ૨
તારૂં મુખ દેખી સુખ થાય છે, તેણે દુઃખડાં મારાં જાય છે;
મુજ મન દયા પ્રભુને ચહાય છે.

ગરબી.

ઓ મહિઆરી મોટા માણસની લજ્જા લેઉં છું;
જુઓ વિચારી આ મારગડે તુજને જાવા દેઉં છું. ટેક૦
તારો કંસરાય તે કુણ છે, મારે મન આટામાં લુણ છે;
તે મારે મન એક તુણ છે. ઓ મહીઆરી. ૧
તમે કહ્યું કાને કરોમની, ઝઽ ઝીલે તે શા કામની;
નહિં જાવા દઉં જામની. ઓ મહીઆરી. ૨
તારૂં મુખ દેખી સુખ થાય છે, દુઃખડાં સહુ દુર પળાય છે;
માટે દયા પ્રીતમને ચહાય છે. ઓ મહીઆરી. ૩

ગરબી.

ઓ અક્રૂરજી, ગોકુળમાં તમે શા કારણે આવ્યા;
મારા સુખડાં લઇ, દુઃખના દરિયા શું કરવાને લાવ્યા. ટેક.
તમે પાતળિયાજી કહું તે કરજો, આ વચન અમારાં રૂદે ધરજો;
મને મારીને ડગલાં ભરજો. ઓ અક્રૂરજી. ૧
અહીંયાં શું કામ છે તમારૂં, ઘણું ચીત્ત કલપે છે અમારૂં;
આ નંદ જશોદા કહે સારૂં. ઓ અક્રૂરજી, ૨
આ વિનતિ તો કોહોને કહિયે, હઇઆમાં સમજીને રહીયે;
ઘણું નિર્લજ કર્યું નંદને છઇએ, ઓ અક્રૂરજી, ૩

મારે ઝાઝે હેતે હળવું છે, કુબજ્યાને ભાગ્યે ભળવું છે;
મારા મામાજીને મળવું છે. ઓ અક્રૂરજી. ૪
તમે કારજ કરીને આવજો, સુખે તેને તેડી લાવજો;
તમે દયા રાખીને મન ભાવજો. ઓ અક્રૂરજી; ૫

ગરબી.

ઓ ઓધવજી વ્હાલે તો વિસારી અમને મેલ્યાં;
અમો શું કહીએ, રાસ રમાડી તેડીને તરછોડયા. ટેક.
પહેલા વ્હેલી પ્રીત અમશું કીધી, મોરલીમાં એણે વશ કરી લીધી;
ગોપી સર્વને વિભળ કરી દીધી. ઓ ઓધવજી. ૧
પ્રીતલડી તો કરતાં પેહેલી, પ્રભુ દેખીને થઇ છું ઘેલી;
પણ ગળો મોહન અમને મન મેલી ઓ ઓધવજી. ૨
એણે હઇડાનાં તો હીર લીધાં, કાનુડે તો કામણ કીધાં;
ઘેર ઘેર દહી માખણ પીધાં. ઓ ઓધવજી. ૩
એ કાનુડો કામણગારો, એની આંખલડીનો છે ચાળો;
હવે ઉગરવાનો નથી આરો. ઓ ઓધવજી. ૪
પેલી કુબજા તો કામણગારી, તેની સાથે લાગી બહુ તાળી.
વશ કીધા એણે વનમાળી. ઓ ઓધવજી. ૫
અમે શામળીયાની સંગે રમતાં, વ્રજવનમાં પુષ્કળ ભમતાં;
અમે ભેળાં બેશીને ભોજન જમતાં. ઓ ઓધવજી. ૬
મથુરામાં જઇ એણે કંસ રોળ્યો, એક આંગળીએ ગોવરધન ટોળ્યો;
વ્રજમાં ઘેર ઘેર જુઠું બોલ્યો. ઓ ઓધવજી. ૭
દયારામના સ્વામીને કહેજો, મથુરાં મુકી ગોકુળમાં રહેજો;
પણ ગોપીકાને દરશન દેજો. ઓ ઓધવજી. ૮

ભાગ ૪ થો સમાપ્ત.

ભાગ ૫ મો.

સ્ત્રીના ગુણ વિષે.

ભાળે કામની કંથ, પ્રથમ તો લજ્જા પામે,
ભાળે કામની કંથ, નેણ તે નીચા નામે;
ભાળે કામની કંથ, સ્નેહનાં વાકય સુઝે.
જ્યાં મળે કંથને કામની, ભાવ હાવ મનમાં ધરે;
પકડે તે તરૂણી તોલ ત્યાં સામળ કહે શોભા ધરે,
નાર વિના નર રંક, સંગ રાખે નહી કોઇ;
નાર વિના નર ચોર, જાર જર એશે ખોઈ.
નાર વિના નર નિર્બળ, રાખે નહી સંગે;
નાર વિના નર દીન, હીન સુખે એકલ અંગે,
ચતુરા વીણુ તો ચાલે નહી, જગત માંહી રહે જાહરે;
સામળ કહે છે સામો કશી, તજે જમત તો તાહરે.
રાખે કંપની રીજ, કામ કરવા દીલ દાસી;
પીયુ ઘર કામ પ્રધાન, રોષ મધુરી મુખ હાંસી,
કંદ્રપ વેળા ડામ, ખરૂ દીલ રીઝવે ખાટે;
સેવી સેવા માંહી, ઘણી રૂપાળી ઘાટે.
પતિવ્રતાપણું પાળે ઘણું નર ઉપર દીલ નેહેનું;
કવી સામળ કહે શોધી મળે, તરૂણી નામજ તેહનું
નારી તેનું નામ, કરે સ્વામીની સેવા;
નારી તેનું નામ, દીલથી જાણે દેવા.

નારી તેનું નામ, દુઃખ સુખ ઘટમાં લહીઆ;
નારી તેનું નામ, સ્વામીના અવગુણ સહીઆ.
વળી નારી જે નમી ચાલશે. નારી સફળ કૂળે કૂળે;
જીવે ત્યાં સુધી જસ જીતી લે, અંતકાળ બાળે બળે.
નારી દેખો નર લાખ, ભોળવાણા ભટક્યા;
જોગી મુક્યા જોગ, કોન સન્યાસી સટક્યા,
રીષ તજી રીસાઈ, બ્રહ્મચારી ક્રંસ ભગીયા;
પંડીત તજી પુરાણ, રંગ રામાશુ રમીઆ.
વળી વ્રત મુક્યાં કઇ વર્તીએ, વગોવ્યા વેરાગીએ;
બહુ રુષી ગાંડી સમી ગયા, તરૂણી ... તજી તાગીએ.
નાર વીના નર રંક, દામણો દીસે અંગે;
નાર વીના નર રંક, રીસે ગુણ હીણો સંગે.
નાર વીના નર રંક, નહી ધન ધીરે કોમે;
નાર વીના નર રંક, હરિ પુજન નવ હોયે.
નિર્બળ છે નર નારી વીના, ભોગ કશા તે ભોગવે;
અવગુણ અદ્દલ આયુતો ઘણા, જુવતી વણ નર જોગવે.
એક નમેરી નાર, ભોગવે પીયુને ભાતે;
એક કરે છે જાર, ખાર રાખે દીલ ખાંતે.
વળી એક દે વીખ, દુઃખે દાવાનળ દાઝે;
એક કરે અન્યાય, અનમીનો કરે પરાજે.
પણ સુંદર નાર સુલક્ષણી, તારણ તરણ સફળ કરે;
તે સામળ કહે સંસારમાં, મહીલામાં ભાગ્યેજ મળે.
માનની મોટે મુલ, મહા માયાએ મોટી;
જીતવા ઇચ્છે જેહ, તેહની ખાંતજ ખોટી.

સ્વર્ગ મૃત્યુ પાતાળ, ભેદ ભાત જે ભણીશા,
ઉંચ નીચ ને અમીર, સરવ જુવતીઓ જાણીયા.
આ ખરા રત્નની ખાણુ છે, મોટા પુરૂષથી પીછજો;
સહુ શાસ્ત્ર સાક્ષી સામળ કહે, અંતરમાં સહુ ઇચ્છજો.
નીર્મળ મનની નાર, સ્વામીને સ્વર્ગ પમાડે;
જુવતી જોબન માંહી, રીઝથી રંગ રમાડે;
ઢાંકે કુળ કલંક, સરસ ચલાવે ઘર સુત્ર;
વધે તેહથી વંશ, પ્રસવ પુત્ર સપુત્ર.
વળી હોય સતી શુભ સાધવી' પુન્યવતી તે પારખી;
છે નામ કોઇજ નારીયો, સ્વભાવે સહુ નહી સરખી.

ભીક્ષુ અને રાજ્ય કન્યાનો સંવાદ.

મારે માગવી ભીખ, સદાવ્રત તું તો આપે;
હું નાચું જન નીચ, કઇ તું કંઇકનાં કાપે;
હું ચોળું તન રાખ, તું તો સોને શોભાવે;
મારે જીરણ વસ્ત્ર, તું પટકુળ ઓપાવે.
વળી હું તો કરૂં છું કાસદુ, ચડી સુખપાલે ફરે;
ફટ ફટરે ઘેલી ગોરડી, વીપ્ર ગરીબને કેમ વરે.
ન ગમ્યો કોઇ નરેશ, ગમ્યો ન પ્રતાપી પૂરો;
ન ગમ્યો કરમી કોઇ, ગમ્યો ન સામદ શૂરો.
ન ગમ્યો કોઇ:વણીક, ગમ્યો નહી નૌતમ નાગર;
દાતા કે દેશાઇ, ગમ્યો નહી સુમતી સાગર
કા નવ ગમ્યો મામ ગરાશીયો, ન ગમ્યો મેહેવાશી તને;
પ્રધાન પાટવી પરહરી, ખોળી કાઢયો તેં મને.

ઘડા જેવડું રત્ન છેક, રહેશે કયમ છાનું;
તમે કહો પ્રતીબોધ, તેહ હુંતો કેમ માનું.
તમ માટે મુજ જીવ, જરૂર જોતામાં જાય;
જો મુજને હોય મરાવવો, પરવશ પડવું તાહરે;
અરે હાય અને હસવું થશે, જગત જાણુશે જયાહરે. ૪
ઇશ્વર કેરી આણુ, નામ લેતા હઉં તારૂં;
તારૂ પડે જ્યાં થુંક, ભળે રૂધીર ત્યાં મારૂં;
કુદ્રષ્ટી તુજને જુવે, ચક્ષુ બે તેનાં કાઢું;
વાઢે નખ દે દુઃખ, વળી તેનું શીર વાઢું;
જો કદાપી જીવ જોખમ થશે, ભગવતી તારીમાં ભળું;
હાકેમ પટેલ હાજર છતાં, શરીર તુજ સાથે બળું. ૫
રૂડી રાજ્ય કુમારી, હિંચે હિંચોળા ખાટે;
પરીમળ પુષ્પો પાન, પોઢતી પલંગ પાટે;
સજે શોળ શણુગાર, ઝવેર જુકતે જડાવે;
ખમા ખમા કહે ખલક, લક્ષધા લાડ લડાવે;
તેવા તરૂણીનું તો જુપો, વીપ્ર સાથ મનડું વર્સ્યું;
ભીક્ષા માગી ભોજન કરે, કહે સામળ કારણ કશું. ૬
સુરા પીએ જે નાર, જુવે વનવાડી સરોવર;
જાત્રામાં નિત્ય જાય, તે સાથે પરઘર નર;
વાલાં અતી વાજીંત્ર, ગાન ઉપર દીલ દોડે;
અતી ચપલાઇ ચીતે, હાસ્ય અતિ માંગે મોઢે;
અતી લોભીને અતી લાલચી, અતિ નીસંક પરઘર અડે;
સામળ કહે કુલ શુદ્ધ કામની, એ લક્ષણુથી ગુણુ ઘટે. ૭

બાળ સ્વરૂપનું ઝુમણું.

રાગ—પુનમચાંદની.

પ્રીતે પ્રાણજીવન પુરૂષોત્તમ ઝુલે પારણેરે,
નંદ ભવનમાં નીત્યે, અનોપમ ઓછવ થાય;
એવા સુખના સાગર, બળુ હું પ્રભુના નામનેરે,
હીરા રત્ન જડયાં છે, વીશ્વકર્માએ સુખાસનેરે;
મણી માણેક મુક્તાનો નહીં કંઈ પાર. એવા.
તેમાં પોઢયા પ્રીતથી, બાળ સ્વરૂપ ભગવાન;
ધરીયાં મોતી અંમથું કુંડળ ઝરકે કાન,
પગ અંગુઠો ગ્રહીને, પાન પ્રીતે કરતા પ્રભુરે;
દીપે મુખ શું સુંદર પુનમ ચંદ્રાર, એવા.
આંખ અણીઆળી અતી, કમળ પાંખડી રૂપ;
કીકી કાળી બે શોભતી, મધુકર બાળસમ અનુપ;
તીક્ષ્ણ શુક નાશીકા, કૈની ભ્રકુટિ વાંકડીરે;
શ્યામળ નીલમણીના, જેવું ઝળકે ભાલ. એવા.
મંદ મધુર સ્મીતથી હરે, જન મંડળનાં મન;
ભક્ત મન અમ્રત ઝરે, દેખી દીવ્ય આ તન.
પીળો પટકો ઓઢી સુતા સુંદર શામળોરે:
માતા હેતે હાલો ગાતી, ઝુલાવે તાંય. એવા.
ગોપીજન મંડળ સમીપ, રામચરિત્ર કહે માત;
અર્ધ લોચન મીચીને, શ્રવણ કરે જગ નાથ;
પૂર્વે સ્મૃતી આવી, બાળ વીષ્ણુ બેઠા થયારે;
ધરીયું રામરૂપ ધરી, ધનુષ બાણ તવ હાથ. એવા.
માત અતી વીસ્મય થયા, દેખી અદ્ભુત રૂપ;
મુળ દેહ પાછો ધરી, સુતા સુણતા ચુપ—પ્રીતે.

ગરબો.

સખીયો નીજ નીજ નીતિ ધર્મ સદા સંભાળીયેરે. એ રાગ.

સખીયો ચાલો સત્વર કેસરી નૃપ નિહાળીયેરે;
દર્શન સ્નેહે કરતાં પામી સુધારસ આજ;
ધરિયે હોંશ નિરખતાં સ્વર્ગીય સમસુખ મા ચેરે
સુખ દૃષ્ટિમાં સ્મિત હાસ્ય પ્રકાશતુંરે;
જોઈ ઉરમાં ન સમાય સુહિયર ! હર્ષ. ધરીએ
રસભરી સુખ કલા દેવની, જાણે ઈન્દુ અપાર;
કરીયે પ્રેમે પાનરસ, તોય ન આવે પાર.
એવા રણ બંકા રાઠોડ, અતિ સોહામણારે;
સુણીયે વચનામૃત, ઉમંગે આપણુ આજ. ધરીયે.
દુર્લભ દર્શન દેવને, એવા નટવર રાય;
દર્શન દાને મન હરે, મૃદુતા છે મન માંય.
એવા ચતુર હીરોમણી, શ્રીમાન જોધાણનાથ છે રે;
સદ્વર્તનમાં અતી પ્રિત એવી રીત. ધરીયે.
ક્ષમા દાન ગુણ વળી, વિદ્યા એજ વિલાસ;
તન મન છે ધર્માર્પણ, હૃદયે એજ ઉલ્લાસ.
નીતિ રીતિથી સુવિન, અતિ પ્રેમાળ છે રે;
જેનુ વદન કનક સમાન એવા રાય. ધરીયે.
પરહીત અર્થે શ્રમ સહે, વ્યય કરે સદા સ્તવન;
સુખ શાન્તિ પ્રસારવા, નીશદીન કરે મનન;
નીરાશ ચીતના સ્વામીન અતિ દયાળ છેરે;
કરે પુરણ સૌની આશા આપી પ્રદાન. ધરીયે.
ક્ષત્રીય ધર્મ નીશીદીન વળી. દેવાંશી વીર રાય;
ફુલ ફુલ દર્શન થતાં દ્રષ્ટા મન હર્ષાય—પ્રણીયો.

ગરબો.

ચાલો, ચાલો બેની તમે આજ, આપણે રમીએરે;
તમે રાખોને ઉર ઉમંગ, રંગમાં ભમીએરે;
પુર્ણ ચંદ્ર ખીલ્યો અતી, મનહર કરી પ્રકાશ;
પુષ્પો ખીલ્યાં અતિ ઘણાં, બેની ! જુઓને હારોહાર;
સખી. વીરહે વડુ વ્યાકુળ, રંગમાં ભમીયેરે. ચાલો.
ખીલ્યો છે ખટ મોગરો, ગુલાબને સેંતુર;
રમ્ય વસંત રૂતુ ધરી. બેની મન સૈનાં આતુર;
દઇ કર પરસ્પરે તાળ રમીયેરે. ચાલો.
વાયુ આવે અતી ઘણો, શોભાનો નહિ પાર;
કોયલો ટૌકી રહી, વસંત ભ્રમર કરે ગુંજાર;
થાયે નેપુરનો ઝણકાર, રંગમાં ભમીએરે. ચાલો.

પતિવ્રતા પ્રેમદા.

વાંસલડી વાગીને. એ રાગ.

પતિની જે પુજા કરે તે પદ્મિની.
અવર એથી ઉલટી વીધીની શંખણી. પતીની જે. ટેક.
નીયમ નીતિનો નીત્ય પાળે જે પ્રેમદા, ફરજ પતિની કરે છે જે અદા;
શીયળવંતી શ્યામા રહે છે જે સદા. પતીની જે. ૧
પતીનો જે બોલ કદી ન ઉથાપે, મીઠું બોલી શ્યામા સ્વામીને સુખ આપે;
આધી વ્યાધી ઉપાધી એ સહુ કાપે. પતીની જે. ૨
નારી જાતી અવનીમાં ગણુએ અબળા, તથા પીયુ સેહગુણી ગણું સબળા;
કરે નહીં ઉરમાં વીચાર તે અબળા. પતીની જે. ૩
ગણે પતી પ્રભુ સમ જેવા, આણે ઉર ઉમરકા પણ એવા;
પ્રીતીમાં એ પુર્ણ પણે ચહે રહેવા. પતીની જે. ૪

ભામીની એ પરનારને નવ નીરખે, હૈયુ કદી હીણી નજરમાં ન હરખે;
સખી પણ સદ્‌ગુણી જોઇને પરખે. પતીની જે. ૫
કામ તણે વશ થઇને, કરે નહીં નેહ અવસર સાથ જઇને;
સ્વામી સાથે રહે સમરપણુ લઇને. પતીની જે. ૬.
વિધુત જેમ ધન સંગે ગગનમાં રહે છે, અંતર અંગ એને અર્પણુ કરી દે છે;
તેવી રીતે પત્નીની મતી સંગ રહે છે પતીની જે. ૭.
વીધુત જે ધનથી વીખુટી પડે છે, ભુતળ ભેદી પાતાળમાં જઈ અડે છે;
પત્નીની પતી વિયોગી પડે છે. પતીની જે. ૮
પતી સાથે સુખ દુઃખમાં નીત્ય રહેતી, વૈભવ વડો એને માની એ લેતી;
દેખી સુખપરનું વીન્હળ થઈ ન વહેતી. પતીની જે. ૯
દંપતી આવા સ્વર્ગ સમુ સુખ લે છે, સદા ઉર આનંદી એહ રહે છે;
ભવોભવ જોડુ એ મળવું ચહે છે. પતીની જે. ૧૦
જેણે હશે કાંઇક સારાં, મળે નરનારી તહાં આમ પ્યારાં;
નકી કહું રહે નહી કદી ન્યારાં. પતીની જે. ૧૧
બહુ વીધી બાળકને એ ઉછેરી, થઈ પડે માનીતી મરદને મેરી;
જેશંગ કહે સદ્‌ગુણુની સાડી પહેરી. પતીની જે. ૧૨

શીખામણ.

ગરબો.

સખીઓ નીજ નીજ નીતિ ધર્મ સદા સંભાળીએરે;
પરમ પવિત્ર પતિવ્રત પટકુળ કરી પરીધાન;
સાસુ સસરા માત:પીતાની શેવા સાચવોરે;

ભાવ સહિત ભક્તિથી નીત ભજીએ ભગવાન;
એવા ઉત્તમ ગુણુથી ઉભય સુકુળ અજવાળીએ રે. એ ટેક.
નજરે નજર ન જોડીએ, નાથ વિના નર સાથ;
પર નરને નવ આપીએ, તાળી હાથે હાથ.
હસવું રમવું જમવું એકંતે નવ બેસવુંરે;
પતિ વિણુ પતિના પણુ સહમિત્રોની સંગાથ—એ૦
નાથ વિના કરવી નહિ, વીનોદ રસની વાત;
વિશ્વ વિરૂદ્ધ ન વર્તવું ભલે તાત કે ભ્રાત;
સજની ભ્રષ્ટ થવું નહી, સુધરી સદ્ આચારથીરે;
નિર્લજ નટખટની સોબત તજવી સુવાત—એ૦
કુષ્ટી કદરૂપ કુબડો, નીરધન નિર્બળ કાય;
મતિહીન પતિત પતિ મળે, એ સતીને સુરરાય;
જોડી પગ અંગુઠડે, દ્રષ્ટી આધું ઓઢીએરે;
સુખકર સાચવીએ સૌ સાથે સંપ સદાય—એ૦
ઉંચે સ્વરે ન ઉચરવું, મુકીને મરજાદ;
કુલીન બહેન કરવો નહી, વડીલથી વીવાદ;
ચંચળ ચાલે ચતુરા, ચટક મટક નવ ચાલીએરે;
શીવ સુત કેશવની શીખામણુ અંતર યાદ—એ૦

ગરબો.

(રઘુપતી રામ રૂદેમાં રહેજોરે—એ રાગ)

શાણી સખી વાત રૂદેમાં ભેજેરે—ટેક
સખી પઢવે તે પીતાજી પ્રીતેરે,
દીધો ઉપદેશ રૂડી રીતેરે;
ભણુ વિદ્યા તું પુત્રી નીત્યે—શાણી સખી.

તેથી સુખ પામીશ કહું સાચુંરે.
માટે રૂડું હું તારૂં રાચુંરે.
કહ્યું માતે ન મુકયું કાચું--શાણી સખી.
સખી બીજે તે બોધ મેં જાણ્યોરે,
અતી અંતઃકર્ણમાં આણ્યોરે,
મન મધ્યે વિચારીને માણ્યો;--શાણી સખી.
સખી ત્રીજે તે તન મુજ હરખ્યુંરે,
મુજ પિતાજીનું મન નરખ્યુંરે;
પ્રીત આણી મેં પુરણ પરખ્યું--શાણી સખી.
સખી ચોથે મેં વાત વીચારીરે,
એક શીલેટ હતી તે ઉતારીરે;
ભાવે ભણવું અંતરમાં ધારી--શાણી સખી.
સખી પંચમે કકો હું શીખીરે,
કીધી તનથી મેહેનત તીખીરે;
મારી પીતરણ બેન તો ધીખી--શાણી સખી.
સખી છઠે પદો સહુ કીધારે,
અ, આ, ઇ, ઈ, એ અક્ષર લીધારે;
સર્વ કારજ મારાં સીધારે;--શાણી સખી.
સખી સાતમ વાંચવા માંડયુંરે,
ભાવે ભણતાં મુજને ભાવ્યુંરે;
ઘણા હેતેથી મનમાં ધાર્યું--શાણી સખી.
સખી આઠમે અક્કલ આવીરે,
મારે મેળે હું લખીને લાવીરે:
ત્યારે પીતાજીને મન ભાવી--શાણી સખી.

સખી નોમે તે વાર ન લાગીરે,
ખોટા અક્ષર કેરી ભાંગીરે;
મારી મેળે પુસ્તક લીધું માગી—શાણી સખી.
સખા દશમે દયા કીધીરે,
આપી ચોપડી તે વાંચી દીધીરે:
સુણી ગાંડી મને હાસ કીધી-શાણી સખી.
સખી એકાદસી ઉપવાસીરે,
માંડયું ભણુવા મટી ઉદાસીરે;
મને સહાય થયા અવીનાશી—શાણી સખી.
સખી બારસે બહુ સુખ પામીરે,
હુતો સઘળી હકી'ત પામીરે;
કીધું હેત નહીં રહી ખામી—શાણી સખી.
સખી તેરશે તન મુજ તાજુંરે,
એક જીભે કહું છું ઝાઝુંરે;
સદા અંગ રહેશું હવે સાજું—શાણી સખી.
સખી ચઉદશે ચાતુરી આવીરે,
ઘણા બોધની બુકો મંગાવીરે;
વાંચી સુણતા પીતાજીને ભાવી—શાણી સખી.
સખી પુનમ ચંદ્ર પ્રકાશેરે;
શીખી લખતાં ભણતાં હુલાસેરે;
મારી સફળે ફળી સર્વ આશા—શાણી સખી.
સખી પક્ષ અંધાર્યું આવ્યુરે,
ભણી હુ તે સર્વને ભાવ્યું રે;
જ્ઞાન ધીરજરામે બતાવ્યું—શાણી સખી.

આર્ય મહિલાને ઉપદેશ.

(કારતકે કાલિકા કાગળ મોકલેરે, બ્હેની ગરબે રમવા આવ. એ રાગ)

ભામિનીઓ ભારત દેશનીરે,—નિજ ધર્મ તણો લહી મર્મ;
સદ્દગુણ સેવો સૌ ખ્હેલડોરે, જેથી સફળ થશે સઉ કર્મ. (ટેક)

સાખી-અતિ હિતકર એ દેશના, અસલ સમયના ચાલ,
પેસાડયાં તેમાં તમે, અહિત ભરેલાં સાલ.
દીપી તુટયો તમ દેશનોરે, કાંઈ તત્ત્વ તણો શુભ સ્થંભ;
શાસ્ત્ર તણો સેતુ તોડિનેરે, કર્યો બેરકમત આરંભ. ભામનીઓ.

સાખી-પિયર પનોતી પણ સ્ત્રીઓ, સેવતી સાસરવાસ;
પિયર પનોતિ હાલ તો,—ગણે પતિને દાસ.
તેવી રીતે આ દેશમાંરે,—ચાલ્યા દંપતિનો શુભ ધર્મ;
ત્યારે પ્રજા ક્યાંથી સાંપડેરે—જે કો સમજે દેશનું મર્મ. ભામનીઓ.

સાખી-અસલ સુંદરી આર્યની, પૂજે પતિના પાય;
હાલ ઢોંગી જોગી જતી-કેરે પંદ ફસાય.
નવીન ભણીને ગોળા ગુથેરે, તે શું હરખે મેળવે હાથ;
જણતી સ્વદેશ દ્રોહી દેડકાંરે જેથી હિન્દ ગણાય અનાથ. ભામિ.

સાખી-બ્રહ્મા વિષ્ણુ રૂદ્રને તેં પણ નવ દીધી દાદ;
વળી સીતા દ્રૌપદી તણું, કરો પતિવ્રત યાદ;
સ્વપ્ને પણ ન સતિત્વ ડગાવશોરે, તોજ થાશે પરાક્રમી પુત્ર;
તેહજ દેશ ઉદ્ધારમાં દીપશેરે, સાચું સમજી શૌર્યનું સુત્ર. ભામિ. ✓

સાખી-સ્ત્રી હઠની જક નવ ધરો, ધરો સુગુણ સહુ ટેક;
નિજ હિત સ્વદેશ હિત તણો, એ રસ્તો છે એક.
વિદ્યા સદ્દગુણ વિણુ શોભે નહિરે, જેમ વશ્યાનું સંમિત ગાન;
હોય વિદ્યા તો એ સદ્દગુણેરે, ઘણી સતીઓ રળી મહા માન.ભામિ.

સાખી–બાળ લગ્નમાં મગ્ન થઈ, વરઘોડે ધરી વ્હાલ;
ન્યાતવરા કરી વિણુ ગજે, ઘર ત કરો બેહાલ;
ઘર વેચાવી વરને કદીરે, જરહીન કરો ન જરાય;
મિથ્યા મોટાઇમાં નવ મરોરે, તોજ આ ભવસિંધુ તરાય. ભામિ.
સાખી–બળતી ચ્હેમાં પતિ પુંઠે, પડતી તેના પુત્ર;
ચઢતા તોપ ખડગ મુખે, સમજી શરિરને સુત્ર.
વિધવા કેઈ વ્રત પાળતીરે, તેના સુત ગ્રહતા શમશેર;
વિધવા લગ્નો ને નાતરાંરે, તેની વેજા કરતી કેર. ભામિનીઓ.
સાખી–મનકુળ અંદર અવતરી, ન ચહો પશુનો પંથ;
સાચું એ ભણુતર ગણો. એજ સુગુણને ગ્રંથ;
સંપવી સાચી મતિ એ હિયેરે, કોટિ વિદ્યાતણે શિર મોડ;
શણગાર સાચો પતિવ્રત તણોરે, જેની કંઇએ જડે નહિ જોડ. ભામિ

(વિદ્યાર્થિ જીવન.)

ડાકોરના રણુછોડજી મહારાજનો ગરબો.

અલબેલીરે અંબે માત જોવાને જઇએ. એ રાગ.

છોગાળા છબીલા છેલ, રણુછોડ રંગીલા;
કરી બોડાણુપર મેહેર, મોરલીવાળા. ટેક.
અકળકળા અલબેલા તારી, પાર ન પામે શેષરે;
વેદ વીચારી વીરમે પામ્યા, સમજાઓ નહી લેશ. રણુછોડ. ૧
મહા મોટમ મહારાજ તારી, મુખથી કેમ કહેવાયરે;
સમુદ્રમાંથી ચાંચ ભરે જેમ. પક્ષીની તૃષા જાય. રણુછોડ. ૨
મંદગતી મહારાજ મારી, મલીન મારૂં મનરે,
શરણે રાખો શામળીયા મને, જાણી તમારો જન. રણુછોડ. ૩

દ્વારકાના વાસી રાય, રણછોડ તમારૂં નામરે;
ઘણી દયા ગુજરાત ઉપર કરી, આવ્યા ડાકોર ગામ. રણછોડ. ૪
બોડાણાની ભક્તિ ભાવી, ભુદરજી ભલી તમને રે;
અઠકળ ઢળીઆ ધરણીધર દુરલભ, છો આગમ નીગમ. રણછોડ. ૫
ધન બોડાણા ધીરજ તારી, ધન ધન તારી માતરે;
પાતળીયો પોતાનો કીધો, હેતે ઝાલી હાથ. રણછોડ. ૬
સીતેર વરસ સેવા કરીને, સામળીયો સમજાવ્યોરે;
ડાકોરથી તો દ્વારકાં માંહે, વરસે બે ત્રણ ફેરી આવ્યો. રણછોડ. ૭
કરમાં તુળસી વાવીરે, જઇ ચતુરભુજને ચડાવીરે;
પ્રભુજી તો પ્રસન્ન થયારે, દિલમાં દયા આવી. રણછોડ. ૮
અલબેલો બોલ્યા એમ, મુખથી બોડાણાની સાથરે;
એકાંતે આવીને કહે, તે કોઈ ન જાણે વાત. રણછોડ. ૯
ઘણા દીવસ તેં મારે કાજે, મોટું કષ્ટ કીધું રે;
વપુ તારૂં વૃદ્ધ થયું, તે જોઇ મારૂં મન બીધું રણછોડ. ૧૦
તે માટે હું તારી સાથે, આવું તારે ગામરે;
તારે ચરણે નથી ચલાતું, તે માટે જવું ધામ. રણછોડ. ૧૧
કહ્યું મારૂં માની હાલે, જા તું ડાકોર ગામરે;
વહેલ લાવ તું વાત ન ફુટે, મનમાં રાખી હામ. રણછોડ. ૧૨
બોડાણો કહે બાપજી, હું વહેલ કયાથી લાવું રે;
મારે ઘેર તો નથી મહારાજ, કેમ કરીને આવું. રણછોડ. ૧૩
મોહનજી કહે માગી લાવો, જેવી તેવી વહેલરે;
જાત જોવાનું કામ નથી, બે જાડી લાવો બેલ. રણછોડ. ૧૪
બોડાણાને વચનજ આપી, વીદાય કીધો વળતી રે;
વનમાળી કહે તારે મારે, વાત આવી છે મળતી. રણછોડ. ૧

વારૂ કહીને વીઠલજીને, ચરણે પડયો કરજોડરે;
લજ્જા મારી લટકાળા, તમો રાખજો શ્રી રણુછોડ. રણુછોડ. ૧૬
અતી આતુરતા અંગમાં ને, આવ્યો ડાકોર ગામરે;
પાડોશીને પેરે કહી, મારે તમ સરખું છે કામ. રણુછોડ. ૧૭
ઉપકાર માનું તમ તણો જો, આપો બળદ ને વહેલરે;
જોવું દવારકાં છેલે ફેરે, તીકમજીની ટેલ. રણુછોડ. ૧૮
ગુસ્વાથી પડોશી કહે ભાઇ, જેવી તેવી મળશેરે;
જેમ તેમ કરીને જોડી, ભાઇ ભાગ્ય તારૂં ફરશે. રણુછોડ. ૧૯
એવું સાંભળી ઉઠયો પોતે, વારૂ કહી વેહેલ જોડીરે;
વેલા કરતાં વનમાળીના, મંદીર પાછળ છોડી. રણુછોડ. ૨૦
ગુગળી સઉકો હસવા લાગ્યા, કઉતક સરખી વાતરે;
બોડાણો તો આણે આવ્યા, લેઇ જવાને નાથ. રણુછોડ. ૨૧
વેહેલ ને બે બળદ જોતાં, હસે છે મુખ મોડરે;
અરે ભાઇ ભુતળમ ાંના મળે, આવી બીજી જોડ. રણુછોડ. ૨૨
બાડાણો કહે હસા ભાઇઓ, હસવા સરખી વાતરે;
ઇશ્વર ઇચ્છા કોઇ ના જાણે, કેવું થશે પ્રભાત. રણુછોડ. ૨૩
સંધ્યા થઇને સેન કરાવ્યું, રણછોડજીને રંગમેરરે;
અડધી રાતે ઉઠયા પોને, પ્રિતમે કરી પેર. રણછોડ ૨૪
તાળાં તોડયાં ભુગળ ભાગી આવ્યા મંદીર બહારરે;
બાડાણાની પાસે આવી, પ્રેમે કર્યો પોકાર. રણુછોડ. ૨૫
જાગ જાગ તું ઝટપટ કરીને, વીઠ્ઠલ કહે વેહેલ જોડરે;
બોડાણો ઝબકીને જાગ્યો, દીઠા શ્રીરણુછોડ. રણુછોડ. ૨૬
ગદ ગદ કંઠે ગળગળતું બોલે, થર થર ધ્રુજે અંગરે,
ગોવીંદજી હવે શી ગત થાશે, તમો રાખજો રંગ. રણુછોડ. ૨૭

બળદ તો બેસે ને ઉઠે, ચાલે નહી લગારરે;
પ્રાતસમે તો પકડશે, મુને મારશે બહુ માર. રણછોડ. ૨૮
જગજીવન જેમ તેમ કરતાં, ઝાંપા સુધી કહાડરે;
હાંકીશ હું પછી હેતે કરીને, માનીશ તારો પાડ. રણછોડ. ૨૯
જેમ તેમ કરતા ઝાંપા સુધી, પાછલી રાતે પહોંચ્યારે;
રાશ પરોણો પોતે લીધો, બોડાણો માંહે સુતા. રણછોડ. ૩૦
વેગે વહેલ ઉડાડી પોતે, અંત્રીક્ષથી અલબેલરે;
ઉમરેડ ને ડાકોરની વચ્ચે, આણીને તે મેલ. રણછોડ. ૩૧
બોડાણાને કહે જગજીવન, જાગી જોને વાટરે;
પ્રાત થયો ઉઠ આળસ મેહેલી, જો આવ્યો કાંઈ ધાટ. રણછોડ. ૩૨
આંખ ઉઘાડી ઉંચું જોયું, બોડાણે તેણી વારરે;
સામળીયા સીમાડો મારા, ગામ તણો નીરધાર. રણછોડ. ૩૩
અલબેલો ઉતરીયા હેઠે, લીંબ તળે લટકાળોરે,
વિસરામ કીધો વાલાજીએ, થંભીને થાક ટાળ્યો. રણછોડ. ૩૪
લીમડાનું લટકાળા તમે એક ડાળ કીધું મીઠુંરે;
કર અડકાડી કડવાસ કહાડી, તે સહુએ નજરે દીઠું. રણછોડ. ૩૫
પતળીજ ત્યાં પગલાં પડયાં, પોતાનાં સાક્ષાતરે;
અદ્યાપી એંધાણી તેની, સરવે જાણે વાત રણછોડ. ૩૬
એમ કહી અલબેલો આવ્યા, દડમડ ડાકોર ગામરે;
બોડાણા પ્રત્યે એમજ બોલ્યા, મને રહેવાને કર ઠામ. રણછોડ. ૩૭
ધ્રુણીધર કહે ધામ તજ્યું મેં તે સહુકોએ જાણ્યુંરે;
મંદીરમાં મુજને નહી દેખે, જ્યારે વહાશે વહાણું. રણછોડ. ૩૮
ધસમસ કરતા ધધ આવશે, ગુગળી ધરવાળારે;
સામળીયો કહે મુજને સંતાડી, તું ઝાલી બેશને માળ. રણછોડ. ૩૯

ગોમતીમાં ગોવીંદજી પેઠા, વાવ્યમાં વનમાળીરે;
આળો દેતા ગુગળી આવ્યા, થોડે દીવસ ચાલી. રણછોડ. ૪૦
બોડાણાને બાંધી લાવો, ગુગળી એમ બોલ્યારે;
બોડાણો ગોરસ થઇ મળતા, ગયા સહુના પહેલા. રણછોડ. ૪૧
આવતામાં આંખ ચડાવી, ગુગળીએ વીકાળરે;
ઓર તું કેમ ચોરી લાવ્યો, સુંદરજી ભુપાળ. રણછોડ. ૪૨
બોલ બોલ કહી બરછી મારી, મુર્છાગત તે પડયોરે;
અંગીકાર કરી અલબેલો, હજીએ દીસે ખોડો. રણછોડ. ૪૩
ગોમતીમાં રૂધીર થયું, તે જુગ મોઝારરે,
એ એંધાણે અલબેલાજી, સોધી કાડયા નીર બહાર. રણછોડ. ૪૪
એ વચને ત્યાં બળવંત બોલ્યા, હું હવે નહી ત્યાં આવુંરે;
મુજ બરાબર સોનું દઇને, કરો તમે મન ભાવ્યું. રણછોડ. ૪૫
લાલચમાં લપટાયા સર્વે, લોભમાં લલચાયારે;
સરકાર સર્વે પંચ મળીને, ત્રાંસ તીરે લાવ્યા. રણછોડ. ૪૬
સામાસામી લખ્યું લઇને, બોડાણો એક બોલ્યોરે;
એકાંતે અલબેલા સાથે, પ્રીતે પડદો ખોલ્યો. રણછોડ. ૪૭
મહારાજ મુજ પાસ નથી, વાલ કેરી વીંટીરે;
સોનું જોઇએ શામ બરાબર, ચીતમાં ચીંતા પેઠી રણછોડ. ૪૮
ગોવિંદજી કહે ઘેર જઇને, ગંગાબાઇને પુછોરે;
સવાવાલની વાળી છે તે, લાવો ક્યાં તમે છું જો રણછોડ. ૪૯
ઘેર આવીને ગંગાબાઇને, વાત કહી વિસ્તારીરે;
વાળી લઇ વનમાળી તેડે, ગોવીંદની ગત ન્યારી. રણછોડ. ૫૦
તરત લઇને તીરે આવ્યાં, વાળી રાખી પાસરે;
લાજ રાખજો લટકાળા, હું ચરણ કમળની દાસ. રણછોડ. ૫૧

વડના ડાળે ત્રાંસ બાંધ્યા, તીકમજીને ભેળ્યારે;
વાળી નમેથી વાલમ કસ્યા, પછે જેને સડકો બોલ્યા. રણુછોડ. ૫૨
સખા થઇને જગજીવનને, ગુગળી ગાળો દેછેરે;
કાળા તુજમાં કપટ ભર્યું છે, ઝેર ઝાઝેરૂં રહે છે. રણુછોડ. ૫૩
બાળપણે તેં મામો માર્યો, મથુરા નગરી માંયરે;
આજ લગી અમને અથડાવ્યા, હવે જઇએ કયાંય. રણુછોડ. ૫૪
પ્રભુ કહે પાછા ફરો તમે, દ્વારકાં મોજારરે;
સ્વરૂપ મારૂ સેવંત્રીમાં છે, તે કહાડજો બહાર. રણુછોડ. ૫૫
નીરાશ થઇ નીસાસો મુકી, ગુગળી ઘેર પધાર્યારે;
સેવંત્રીમાં જઇને જોયું, પ્રભુ ત્યાંતો પધાર્યા. રણુછોડ. ૫૬
સંવત બાર ને બારમાં પ્રભુ, બાકી કશી ન રાખીરે:
દયા કરીને ડાકોરમાં આવ્યા, તે સરવે પુરે સાખી. રણુછોડ. ૫૭
વરસ પાંચસે અગનોત્તર સુધી, અણબેલે એમ કીધુ રે;
ત્યાં લગી તો ગોમતી તીરે, સઉને દર્શન દીધું. રણુછોડ. ૫૮
અભેસંગ એક રાજા આવ્યો, મારવાડથી મોટોરે;
પીતાજીશું પ્રપંચ કીધો, મનમાંઃ મેલછે ખોટો. રણુછોડ. ૫૯
તેણે મન માન્યું મોહનજીનુ, મંદીર તો આદરવુંરે;
જગજીવનને જોગ મેળવવા, પરમેશ્વરનુ કરવું. રણુછોડ. ૬૦
કારજ કીધું જાણી, વજીર રતનસીંગ તેડેરે,
મોહનજીનુ મંદીર મોટું, કરવું દીવસ થોડે. રણુછોડ. ૬૧
મંદીર કરીને મહારાજને, પધરાવ્યા ત્યાંથી પ્રીતેરે;
સંવત સતર એકાશીમાં, રંગીલો રંગ રીતે. રણુછોડ. ૬૨
ગાયકવાડીએ મેળા કીધા, મોહનને મન ભાવેરે;
વૈષ્ણુવ વાજીંત્ર લેઈ, સરવે સમાજે આવે. રણુછોડ. ૬૩

મોટું મહાતમ જાણીને જન, સરવે દરશણે આવેરે;
ભેટ સામગરી શણગાર સારા, સામળીયાને લાવે. રણછોડ. ૬૪
મેળા મહાભારત થયો, તે મંદીરમાં ન માયરે;
જગજીવનને જોવાને તો, જન ઘણા ત્યાં જાય. રણછોડ. ૬૫
ત્યારે મહારાજે મનસુબો કીધો, મંદીર મોટું કીજેરે;
ઉંચે આશને તમો બેસીને, દરશન સઉને દીજે. રણછોડ. ૬૬
ત્રાંબેકરને તરત કહ્યું, તે ક્ષણુ ન લાગી વારરે;
ડાકોર મધ્યે દોડી આવ્યો, પુનાનો રહેનાર. રણછોડ. ૬૭
આવીને અલબેલા કેરૂં, આરંભ્યું મંદીરરે;
સલાટ સારા શોધી કહે છે, વેગે કરજો વીર. રણછોડ. ૬૮
કામ કરતાં કસર ન કરશો, પઇસો પુરો પાડુંરે;
ધન તો ધરણીધરનું સરવે, સ્યામ મુરતક ગાડું. રણછોડ. ૬૯
પાયામાં તે પત્થર પુર્યા, સીસુ ઢોળ્યું સારરે;
મોહનજીનું મંદીર કીધું, શોભાનો નહી પાર. રણછોડ. ૭૦
મહારાજનું મંદીર થયું, ત્રીજે વરષે તૈયારરે;
પ્રભુજીને પધરાવવા તણો, કીધો છે નીરધાર. રણછોડ. ૭૧
સરવે મળીને સામળીયાની, પાસે આવ્યા પ્રીતેરે;
મહુરત જોવા મોટા જોશી, તેડાવ્યા રંગ રીતે. રણછોડ. ૭૨
મહુરત જોઇને જોશી કહે છે, મંદીરમાં પધરાવોરે;
મોટું મહુરત આજ દહાડો, ફરી ન આવે આવો. રણછોડ. ૭૩
અલબેલાજીને ઉચકે પણ, ખસે નહી તલ માત્રરે;
વીચારી સહુ વિસ્મે પામ્યા, ગળીયાં સહુનાં ગાત્ર. રણછોડ. ૭૪
શું થાશે સામળીયા મોટું, મંદીર મીથ્યા થાશેરે;
ત્રાંબેકર કહે ટેક રાખજો, લજ્જા મારી જાશે. રણછોડ. ૭૫

પુન્ય દાન બહુ પેરે કીધાં, પાતળીયા પધરાવ્યારે;
તોયે પણ મોહન ન માને, મોટે મંદીર જાવા. રણછોડ. ૭૬
સાંજ પડીને સહુ કોઇ થાકયા, કાંઇ ન સુજે વાતરે;
અલએલાને એમ ગમ્યું નહી, હેઠા પડીયા હાથ. રણછોડ. ૭૭
પ્રભુએ પેર્યો પુરવાશી, કોઇ બોલ્યો આવી વાતરે;
જુગજીવનને જોઇએ ભાઇઓ, બોડાણાની જાત. રણછોડ.૭૮
તેના કુળમાં કોઇ હોય તો, અલએલોજી ઉડેરે;
ખોળ કરીને ખબર મંગાવો, તો ત્રીકમજી તુટે. રણછોડ. ૭૯
શોધ કરીને શોધી કહાડયો, કુળ મધેનો કોઇરે;
જોતામાં જુગજીવન કેરૂ, મન રહ્યું છે મોહી. રણછોડ. ૮૦
અલએલાને અંગે અટકયા, સંગે સઘળો સાંથરે.
અંત્રીક્ષથી ઉડયા અલએલો, તે કોઇ ના જાણે વાત. રણછોડ. ૮૧
પ્રીતકરી પાતળીઓ લઇને, મોટે મંદીર ચાલ્યોરે;
સીંઘાસન ઉપર સામળીઓ, હરજી હેતે આવ્યા. રણછોડ. ૮૨
સંવત અઢાર અઠાવીશે, પ્રીત કરી પધાર્યારે;
સહુને સુખ આપ્યું સામળીએ, અંગે રંગ વધાર્યા. રણછોડ. ૮૩
બોડાણાનું બરદ જણાવા, વંશ બોલાવ્યા વાહાલેરે;
ત્રાંબેટર તેને તેડીને, સરપાવ સારા આલે. રણછોડ. ૮૪
ગાકોર કીધું દ્વારકાં, તે ત્રીકમજી તત્કાળરે;
લવ લવ મારી લેખે લખજો, તમે પીતા હું બાળ. રણછોડ. ૮૫
સીંઘાસણની શોભા સારી, આરસનું માંહી કામરે;
મંચે મોહન તમો બીરાજો, જોવા સરખું ધામ. રણછોડ. ૮૬
ચરણ કમળનું ચિંતવણ કરતાં, ચિંતા ચીતાઓલાયરે;
નેપુર ઝાંઝર ઘુઘરીઓ, અલએલા લેઉં બલાય. રણછોડ. ૮૭

પીતાંબર પીળુ છે તેની, કસબની છે કોરરે;
જડીત્ર કંદોરો જોડે શોભે, ઘુઘરીનો ઘમઘોર. રણછોડ. ૮૮
કસબી વાઘો કનક સરીખો, પટકો પીળો શોભેરે;
મેહેર કસબની કોર ઉપર, અલબેલાને ઓપે. રણછોડ. ૮૯
ચારે હાથે ચતુરભુજને, કડાં ચુનીઓ વાળારે;
સાંકરી અંગે સારી શોભે, બાજુબંધ નખરાળાં. રણછોડ. ૯૦
આંગળીએ અંગુઠી ઉજવળ, વેઢ અને વીંટીરે;
પુંચી સાંકળાં પાતળીઆને, મુખમાં મોરલી મીઠી. રણછોડ. ૯૧
મોતી માળા ત્રણ ત્રેવડી, અલબેલાને ઓપેરે;
મોહનમાળા મોટી માંહે, ચરણે જઈને ચોપે. રણછોડ. ૯૨
સોનાની સાંકળીઓ દોરો, દુગ દુગીઓ માંહી ઝળકેરે;
શંખ ગદા પદ્મ ને ચક્ર, ચારે હાથે ચળકે. રણછોડ. ૯૩
ગળેબંધ ગળામાં સોહીએ, કાંને કુંડળ મોતીરે;
જડાવનું તીલક જદુવરને, અખંડ જોત ઉદોતી. રણછોડ. ૯૪
મુગટ મનોહર મહારાજનો, જુગમાં ન મળે જોડરે
મધે ચુનીઓ ચળક ઝાઝી, કલગી તોરાનો કોડ. રણછોડ. ૯૫
અદભુત રૂપ અલંકમાં ન આવે, એકરસના શું ભાખુંરે;
અપાર તેનો પાર નથી, હું કેમ કરી ઝાંખું. રણછોડ. ૯૬
જેને જેવો જોઈએ તેને, તેવો એ અલબેલોરે,
અવાય તેમ ગુણ એના ગાજો, રખે અળગો મેલો. રણછોડ. ૯૭
ધન બોડાણા ધીરજ તારી, બળવંતને તે બાંધ્યોરે;
જોગી મુનીને જે તે દુર્લભ, તે પ્રભુ તુજને બાંધ્યો. રણછોડ. ૯૮
ડાકોરામાં ઠીક નીકળ્યો, પ્રમણામાં પ્રીતેરે;
દુનિયામાં વેં ડંકો કીધો, ડાકોરમાં રહે રંગ રીતે. રણછોડ. ૯૯

આરજુગમાં જાણુ થયો, તું ઓડાવો બલીહારીરે;
તન મન ધન તે ત્રીકમ ઉપર, સરવે નાંખ્યું વારી. રણુછોડ. ૧૦૦
અલબેલાને અરજ અમારી, એકાંતે તમે કહેજોરે;
અવગુણુને તો આંક નથી, તમે શામળીયાજી સહેજો. રણુછોડ. ૧૦૧
જો મોહન મનમાં જાણો તો, જુગમાં ન મેળે જોડરે;
ત્રાહ ત્રાહ શરણુગત રાખો, રંગીલા રણુછોડ. રણુછોડ. ૧૦૨
જે જે અવગુણુ જોશો તે પ્રભુ, મુજમાં ભર્યા ભરપુરરે;
આળ કરો તો ઉડી જાવું, જેમ આકડાનું તુર. રણુછોડ. ૧૦૩
સામળીયા તમો સામુ જુઓ, સ્નેહ ધરી શામરે;
મન ફેરવો મોહન મારૂ, સેજે થાએ કામ. રણુછોડ. ૧૦૪
ચરણુ કમળમાં ચીત્તડુ મારૂં, તાણીને તમો રાખોરે;
ધણી થઈ ગીરધારી મુજને, તરછોડી ના નાંખો રણુછોડ ૧૦૫
એક કરજોડી ચરણે લાગુ, સો સો કરૂં સલામરે;
રણુછોડને તમે રાખ્યા રસીયા, ખાના જાત ગુલામ. રણુછોડ. ૧૦૬
રાય રણુછોડનો ગરબો, જે કોઈ ગાશે પુરણુ પ્રીતેરે;
તે ઉપર રીઝે રંગીલો, રસ બસ થઈ રંગ રીતે. રણુછોડ. ૧૦૭
સહુ મળીને સાંભળજો ભાઇ, કહું છું વારંવારરે;
ભુલ્યું ચુક્યું માફ કરજો, કરતા છે કીરતાર. રણુછોડ. ૧૦૮
સંવત અઢાર અગનોતરો, આઠમ આસો માસરે;
કૃષ્ણુ પક્ષને રવીવારે, ગુણુ ગાય છે રણુછોડદાસ. રણુછોડ. ૧૦૯

ગરબી.

મારી બાઇજી છે મનમાન, સમ હું ખાઇશરે;
મારી નણુદલને નહી ગમે તો, મહીયર જાઇશરે.

બાઇજી બુધ વિના મેં, માળા ટોડલીએ ભરાવીરે;
ઘેલી થઇ ઘર કામજ લાગ્યું, વળતી વીગત ન આવી. સમ. ૧
સુ સમરી આકાશે આવી, ગગને ઘોર લઇ ચાલી;
વંદ્રાવનમાં ગઉ ચરાવતાં, નંદલાલ છે આલી. સમ. ૨
અમે વહુવારૂ નાનાં માટે, બોલતાં મુખ બીજેરે,
મોહનનું મુખ મીઠું કરાવી, માળા માગી લેજે. સમ. ૩
ઘેરે ઘેરે પુછી જોજોને, બોલ્યું ન પડે બહારરે;
રામકૃશ્ન પ્રભુ રંગનો રશીયો, સઉની લે સંભાળ. સમ. ૪

ગરબી.

સારે નણુદલ બોલી વાત, સમ શા ખાશોરે;
જ્યારે આવશે મારો ભ્રાત, સાચા થાશોરે.
કહેવાદે મારા ભાઇને, એને કાનુડો બહુ વ્હાલોરે;
મોહનને કાજે રૂડા દીસો છો, માળ અમારી ઘાલો. સમ. ૧
કે દહાડાનું કરણ ફુલ, તે ક્યાંથ આવી વીસારીરે;
તે મેં કહાનને કાને દીઠું, સાખ્ય છે સૈયર મારી. સમ. ૨
હરિને નીત્ય પ્રિતે નિરખ્યા વિન, વહુને અન્ન ન ભાવેરે;
સામળીયો સાખેલો થઇ, વહુજી માટે આવે. સમ. ૩
વહુને અતી ઘણો વ્હાલો છે, સામળીઓ શામ વરણુરે;
રામ કૃષ્ણ પ્રભુ રંગનો રશીઓ, મથુરાનો ભગવાન. સમ. ૪

ભાગ ૫ મો સમાપ્ત.

ભાગ ૬ ઠો.

સ્ત્રી કર્તવ્ય.

(નવીન શું વર્ણવુંરે હું નિત્યે તારી પાસ—એ લય.)

રાખી શીખ સાધીએ રે, મળી સર્વે સંગાત;
સામળીઆને સતિઓ સાથે, મુકી તન મન ધનરી.
પ્રેમ પાત્રમાં પતિવ્રત મુકી, રમે યુવન વનરી;
સદ્દગુણ સુશીલ નાથ છે, ભજવવા ઈશ સમાન;
અન્ય પુરૂષ સૌ ભ્રાત છે, ધરવું એવું ધ્યાન. સખી૦
ક્ષમા શાન્તી શિલ ભુષણ ધારી, ભજવા પતિનેરી;
દયા, આદ્ર શુદ્ધ વર્તન સાચું, શીક્ષણ સતિ નેરી.
અજબ પ્રીતિ રસ પાત્રથી, ઝીલે પતિનો પ્રેમ;
નવન યૌવન મદ શાન્તવે, સતિ પતિવ્રતનો નેમ. સખી.
ક્રોધ, લોભ, દુઃખનું મુળ કારણ, તજવાં ધારીરી,
શીયળ સાચું સતીનું છે, તે અંતર ઉતારીરી;
સપ્ત દ્વિપ નવખંડ સહ, ચૌદ લોક પ્રમાણ,
સતિત્વ સમુ પારખું, તિમર સંહારક ભાણ. સખી.
અહમ મમ સૌ દાખી જગમાં, પતિએ શમાવુંરી;
ભર ભમણથી છુટા થાતાં, પછી ન ભમાવુંરી;
સાચો મંત્રજ સાચવી, સાધે રૂડી પેર;
લક્ષણ અંતર પ્રગટતાં, થાતી લીલા લે'ર. સખી.

પતિ તેજ પરમાત્મા છે.

ગરબો.

મારા સમ પ્રીતમજી વહાલા, શુદ્ધ પીયુષ રસ પાઓરે,
શામળીયાજી જપતી માળા, અધિક હવે નવ તાવોરે;
રસીક ! રસીકા રસમાં ઝુલી, કર ગ્રહી સ્નેહ બતાવોરે. મારા.

ભર યુવનના બાગમાં, લુંટે રતી પતિ ચોર;
પ્રેમ પીછોડી પાથરી, થયું શુન્ય ઘરઘોર.

અલબેલીના નૈતમ બેલી, નટવર નાર બચાવોરે;
મુજ પક્ષ દ્રપ બેડી હદયે, પેહેરીને પહેરાવોરે. મારા.

નવીન ભુમીના રંગ તો, નવીન દેખાય;
નવીન પ્રવેશક પેસતાં, નવીન નાટક ભજવાય.

કમળ વદન સુખ સદન પીયુ મમ, પ્રીત નયન ચમકાવોરે;
અનહદ અત્તનવી શાન્તિી સંગજે, રોમ રોમ પ્રગટાવોરે. મારા.

યૌવન ઝાડી વાડીમાં નીકળે અંગ રૂધિર;
પાલવ જ્યાં દુર થાય ત્યાં, શું સતિ રાખે ધીર.

રસ વેલીના રસીક રમણજી, શાને હવે અકળાવોરે;
પ્રીતિ અમૃત પાવા પીવા, દો-લ્યો-અંતર લ્હાવોરે. મારા.

ઝબકારા જોબન તણા, પ્રગટે આ મુજ કાય;
કરૂં પ્રયત્ન હું સાંખવા, પણ તે નવ જીર્વાય.

મારા સમ મોહનજી વા'લા, સત્વર સતિ કર સ્હાવોરે;
નણદલજીના વીરા પ્યારા, વિયોગે નવ હંફાવોરે. મારા.

કજોડાવાળી સ્ત્રીના વિલાપ વિષે ગરબી.

(અલબેલી અંબે માત જોવાને જઇએ—એ રાગ.)

બળ્યો બળ્યો આ અવતાર, દુઃખ મુજને ઝાઝું;
મારો સ્વામી છે નાનું બાળ, નીત્ય દેખી દાઝું. ટેક.
નવ વરસનો નાવ છે મારે, હું છું જોબન વેશરે;
સોળ વરસની ઉમ્મર મારી, તેથી થાય કલેશ. દુઃખ. ૧
પાપી પીતાને શું હવે જાચું, કંઇ ન રાખ્યું ભાનરે;
કુલીન ઘરનો વર જોઇ, મને કીધું કન્યાદાન. દુઃખ. ૨
બાળપણામાં ઝેરથી મુજને, મારી હોત તો સારૂંરે;
આ અવસર નહી બળતે, આવું કુણુ કલેજું મારૂં. દુઃખ. ૩
બાળક અણુસમજુ પતિ મારો, દેખી દીલ બહુ દાઝેરે;
દુઃખ રૂદેનું કેહેતાં આજે, મન મારૂં બહુ લાજે. દુઃખ. ૪
પોહોર દીવસ ચડે પોહોડીને, દાતણુ પાણી ન કરતોરે;
રોતો રોતો મા પાસે જઇ, પેટ પોતાનું ભરતો. દુઃખ ૫
ખાતો ખાતો પેસાબ કરતો, મા તેની કળકળતીરે;
ભાન શરીરનું લેશ નહી તેને, તેથી હું નિત્ય બળતી. દુઃખ. ૬
આ કરતાં પીયુ હોત નહી તો, માનત મનથી સારૂંરે;
દેખીને દાઝે છે આજે, કુણુ કલેજું મારૂં. દુઃખ ૭
અધુરામાં પુરો મુજને, કામ ઘણું દુઃખ દેછેરે;
જાર કરમ કરવાથી મુજને, બીક ઘણી મન રહે છે. દુઃખ. ૮
સમજણો કદી હોય પીયુ, તો લોકમાં નવ નીંદાયરે;
પર પુરૂષનો ગર્ભ રહેતો, મારી ફજેતી થાય. દુઃખ. ૯
શોખિલા નર જોઇને મારૂં, મન ઘણું અકળાયરે;
કામદેવના તાપે કરી મારૂં, શરીર નીત્ય સુકાય. દુઃખ. ૧૦

મેઘરાશી કહે છે મુખથી, કોઈ કજોકું ન જોશોરે;
દુઃખ પુત્રનું દેખી અંતે, પોકે પોકે રોશો. દુઃખ ૧૧

ગરબી.

સુણ ચતુરસુજાણ, પરનારીની પ્રિત કબુ ના કીજીએ.
જેને પ્રિત કરી પરનાર તણી, તેને હૈડે ફૂંપણ હોય ઘણી;
એણે કુળની લજ્જા કાંઇ નારે ગણી. સુણ૦ ૧
તમે પહેલા મળશો દુતીને, તારૂં સરવશ લેશે ધુતીને;
પછી રેહેશો આગ બળુતિને. સુણ૦ ૨
તમે બેઠા મુછો મરડીને, કાળજુ ખાશે કરડીને:
નહી મુકે માંસ આંતરડીને. સુણ૦ ૩
તને પ્રેમના પ્યાલા પાઇને, તારૂં સરવે લેશે વાઇને;
તને કરશે ખોખું ખાઇને. સુણ૦ ૪
પ્રિતમના સ્વામી છો પ્યારા, તમને ગોપીઓ કરે કાલાવાલા;
તમે દર્શન દોની મોરલીવાળા. સુણ૦ ૫

ગરબી.

મારા મન ગમતા મહારાજ, મારે ઘેર આવો,
હું તો તલસુ તમારે કાજ, હશીને બોલાવો.
વીલંબ ન કરશો વીઠલા, આવો અમ ઘેર આજ;
પેર પેરનાં પકવાન પડાવું, ત્રિકમ તારે કાજ. મારા૦ ૧
મનમાં હતું જે માવજી, મુખથી કેમ કહેવાય;
આવી શકો તો આવજો, મારૂં જોતામાં જોબન જાય. મારા૦ ૨
આ જોને આંગણીયે ઉભા, રંગીલા રણછોડ;
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી, પુરો મારા મનડાના કોડ. મારા૦ ૩

ગરબી.

જેને પીયુડો તે પરઘેર જાય, સખિ શું કરીએ;
અમથી એકલડાં ન રહેવાય, વીજોગે મરીએ. ટેક.
રૂપ જોવંતાં રશીયો રૂડો, પરાણે કરે છે પ્રીત:
અણુ તેડયો આંગણીએ આવે, એની તો એની રીત સખિ. ૧
બોલાવ્યો બોલે નહી, કોને કહીએ પેર;
શેરડીએ સામો મળેરે, વ્હાલો નીચાં તે ઢાળે નેણ. સખિ. ૨
છળભેદમાં છાનો રમે, અમને વાયદે વાય;
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી, વા'લો અર્થ પડેઓળ ખાય. સખિ. ૩

ગરબી.

જાવ જુઠા કહાન, જાઓજી જાણ્યા:
એવા ધુતારાના ઢંગ, પરઘેર માણ્યા. ટેક.
વાટ જોતાં રજની વીતી, આવ્યા ઉગમતે સુર;
કામનગારા કહાનજી વાલે, અમને વીસર્યા છે દુર. જાવ૦ ૧
પરનારી શું પ્રિતડી, કિધે કામો હામ;
અહી આવીને શું કરેરે, જેનો ઘેર ઘેર હોય વીશરામ. જાવ૦ ૨
કોઇ મંદીરમાં કાહાનજી કીધી લીલા લેહેર;
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી, મેં તો જાણી તમારી પેર.
જાવોજી જાણ્યા૦ ૩

ગરબી.

મને કૃષ્ણ જોયાના કોડ, સહીયર ચાલોને;
ઉમીયાજીને લાગુ પાય, હરિવર આલોને. ટેક.
દેરે દેરે દીવા કરૂં, પુજું શંકર દેવ;
શામળીયો વર પામવા, હુંતો કરૂં શંભુની સેવ. સહી૦ ૧

ગોકુળની ગોવાલણીરે, હીંડે મલપતી ચાલ;
એના ઉપર મોહન મોહી રહ્યો, એનું મુખડું છે લાલ ગુલાલ. સહી૦ ૨
સાસુ મારી જશોમતીરે, સસરો શ્રી નંદલાલ;
કંથ કોડીલા કહાનજી, મારૂં સાસરૂં ગોકુળ ગામ. સહી૦ ૩
કાળંદ્રીને કાંઠડે, 'નહાતા નીરમળ નીર;
વસ્ત્ર લીધલો હરી ગયો, હુંતો સેણે ઢાંકુ શરીર. સહી૦ ૪
ગાય શીખે ને સાંભળે, રાણી રાધાજીનો રાસ;
નનરારી વઇકુંઠ પામશેરે, ગાય નરસઇયો દાસ. સહી૦ ૫

ગરબી.

તારી મોરલીએ મહારાજ, મન હરી લીધાંરે;
હરી ગઇ છે શુધને શાન, કામણ કીધાં. ટેક.
સાંભળતામાં શુદ્ધ બુદ્ધ ભુલી, ને તન મન વ્યાકુળ થાય;
પુરપતી પરવાર સઉકો, મને મંદીર ખાવા ધાય. મન.
અંતરમાં વ્યાકુળ થાયરે, વીસરી ભોજન પાન;
અવળાં આભુષણ પહેરીયાં, મેંતો નેપુર ઘાલ્યાં કાન. મન. ૨
સેંથે તે કાજળ પુરીયાં, નયણે સીંદુર રેખ;
એક એકથી ઉતાવળી, નીસરી આવી તે દેખાદેખ. મન. ૩
સનમુખ આવી ઉભા રહ્યા, નયણે નીરખ્યા નાથ;
લક્ષ્મણના સ્વામી સંગે રમતાં, મેંતો હરખે જોડ્યા હાથ. મન. ૪

ગરબી.

ત્યારે બોલ્યા હળધર વીર, અહીં શીદ આવી;
તને કોને દીધો સાદ, બુદ્ધિ ગમાવી. ટેક.
એની વેળા અરધી રાતે, કોને શું છે કાજ;
નિર્લજ થઇને નીસરીયાં તમે, ખોઇ તે કુળની લાજ. અહીં. ૧

દેવ તણી મરજાદા લોપીને, ન ગણો સઉ સંસાર;
પણ ખોય પતિવ્રત તણુંરે, હું તો તજી ભરથાર. અહીં. ૨
હું જાણું છું વન જગાએ, આવ્યા સઉ નીરધાર;
વનશ્રીરે ખટની કુસુમ કળીપર, ભમરો કરેરે ગુંજાર. અહીં. ૩
વન જોયું ને ઘેર પધારો, સ્વામી તમારી આશ;
લક્ષ્મણના સ્વામીનાં વચન સુણીને, ગોપી થાયરે નિરાશ. અહીં. ૪

ગરબી.

ત્યારે બોલ્યાં ગોપીજન, હવે ક્યાં જઇએરે;
તમે સારો અમારી આશ, એમ કહીએરે. ટેક.
માતા પીતાનું કહ્યું ન માન્યું, ન ગણ્યો ભરથાર;
તમો વિના અમને કાંઇ નવ ગમે, સુને લાગે સઉ સંસાર. હવે.
સ્મરણ કરોને મારી સાથે, રૂડું વંદ્રાવન;
ના કહેશો તે નિશ્ચયે ડગશે, તમ આગળ અમારૂં તન. હવે. ૨
આશ ભર્યાં અમે આવીયાંરે, રમવાને તમો સાથ;
તેડીને તરછોડીયાંરે, તેતો ન ઘટે તમને નાથ. હવે. ૩
અંતર પ્રીત જોઇ અબળાને, હસીને બીડી બાથ;
લક્ષ્મણના સ્વામીએ રાસ રમાડયાં, શરદ પુનમની રાત. હવે. ૪

ગરબી.

શ્રી વંદ્રાવન મોજાર, રાસ મચી મહાલેરે;
સઉ કનક મણીના થંભ, ઠમકે ચાલેરે.
ઘુઘરી ઘમકે ને નેપુર ઠમકે, ઝાંઝરનો ઝમકાર;
કંઠે પરસ્પર બાવડીરે, થેઇ થેઇ કરે સઉ નાર. રાસ. ૧
આલીંગન ઉપર લ્યો ચુંબન, આનંદ ઓછવ થાય;
આમળીયા શું રંગભેર રમતાં, ઉલટ અંગ ન માય. ૨

વીઠલને વશ કરેવા કાજે, હળવે કરતી આળ;
નેણુ કટાક્ષ નેણુ જોતી, ગોપી દેતી પરસ્પર તાળ. રાસ. ૩
શુદ્ધ ન રહી શરીરતી ને, રજના કીધી ખટ માસ;
લક્ષ્મણુના સ્વામીની સંગે રમતાં, ગોપી કરતી હાશ વિલાસ. રાસ. ૪

ગરબી.

સમી સંધ્યાએ અમો સાંચર્યાંરે, જુમનાની તીરે હાં.
દુરલભ દરશન દીજીએ, વાલા શ્યામ શરીર હાં, ૧
ગોવાળીયાની સાથ વ્રજમાં, હરી રમતા દીઠા. હાં. ૨
અંતે ગઇને ગભરાઇ પડી, અતી લાગો મીઠા. હાં. ૩
સઉ સખી ટોળે મળી, ગત મત ખોઇ. હાં. ૪
શ્રી વલ્લભ પ્રભુ પાતળા, મારગડે મળતાં. હાં. ૫

ગરબી.

સમી સંધ્યાએ પાણી સાંચર્યાં જુમના જળ ભરવા;
વાટે મળ્યા વરણાગીયા, મારાં દુખડાં હરવા.
મેં પુછયું મન ભાવતું, છબીલા વારૂ, હાં. ૧
સારા છીએ અમે સુંદરી, આશીશ તમારૂં. હાં. ૨
કોઈ દીન ઘેર આવો નહી, જાતાં ને વળતાં. હાં. ૩
શ્રી વલ્લભ પ્રભુ પાતળા, મારગડે મળતાં. હાં. ૪

ગરબી.

ઉભલા તે રહેજો કહાનજી, જુમનાને આરે;
જળ ભરવાને અમે આવશું, વારેને વારે.
ચોદશ ધેન ચરાવજો, અમે નીર ભરીશું;
આંખ પાંખના નેણુમાં, અમે પુરણ કરીશું.

હરી મુજને વહાલા ઘણારે, હું હરીને વહાલી;
શ્રી વલ્લભ પ્રભુ પાતળા, ઘેર આવે ચાલી.

ગરબી.

મરકલડા કરે માનની, કાંઇ વાયક બાલે;
રાધાજી તે ચમકે ચાલીયાં, ઘણો રંગ રાચે. હાં.
સામગ્રી સરવે જોઈ કરી, થઈ લાલચ ઘેલી. હાં.
શાક પાક સુંદર કરીને, થાળ આગળ મેલી. હાં.
જમવાની થી જુગતી બની, શીર વેણી છુટી. હાં.
ધાઇને આવ્યા કાનજીરે, હું તો જમતાં ઉઠી. હાં.
લાખેણીની ચાલનો, લાખેણો લટકો. હાં.
શ્રી વલ્લભ પ્રભુ પાતળા, મારા ચીતમાં અટકો. હાં.

ગરબી.

હાંરે ચાલો ડાકોરમાં જઈ વસીએ,
હાંરે મને લેહે લગાડી રંગ રશીએરે ચાલો ડાકોરમાં. ૧
હાંરે પ્રભાતને પહોર, નોબત વાજે,
હાંરે અમે દરશન કરવા જઇએરે. ચાલો ડાકોરમાં. ૨
હાંરે લટપટી પાઘ કેશરીયા વાઘા,
હાંરે કાને કુંડળ સોઇએરે. ચાલો ડાકોરમાં. ૩
હાંરે પીળા પીતાંબર જરકશી જામા,
હાંરે મોતી માળા સોઇએરે. ચાલો ડાકોરમાં. ૪
હાંરે ચંદ્ર બદન અણીઆળી આંખો,
હાંરે સુંદર મુખડું સોઇએરે. ચાલો ડાકોરમાં. ૫
હાંરે રૂમઝુમ રૂમઝુમ નેપુર વાજે,
હાંરે મન મોહ્યું મોરલીએરે. ચાલો ડાકોરમાં. ૬

હાંરે મીરાંબાઈ કહે પ્રભુ ગીરધર નાગર,
હાંરે અંગોઅંગ જઈ મળીએરે. ચાલો ડાકોરમાં. ૯

ગરબી.

હાંરે લટકાળા ગીરીવરધારી,
હાંરે મને મારી છે નેન કટારીરે, લટકાળો ગીરીવરધારી. ટેક.
હાંરે આજ મળ્યા વાલો જુમનાની તીરે;
હાંરે એની રૂપ રસીક છબી ન્યારીરે. લટકાળો. ૨
હાંરે મારા પ્રાણ થકી ઘણી પ્યારીરે. લટકાળો. ૩
હાંરે હરીભટના હરી કર્યુંરે કામણ.
હાંરે મારી શુદ્ધબુદ્ધ સરવે વીસારીરે. લટકાળો. ૪

ગરબી.

હાંરે મારા સમ કાલે મળજો.
હાંરે પેલું વચન બોલ્યા તે હરી પળજોરે. મારા. ૨
હાંરે રસ્તે આળ ન કરીએરે વહાલા,
હાંરે મારી સાચી વાત સાંભળજોરે. મારા. ૩
હાંરે પેલા લોકોના ડરાવ્યા નવ ડરજો,
હાંરે વચન આપ્યું તે પળજોરે. મારા. ૪
હાંરે હરીભટના હરી છો હજુ કાચા;
હાંરે તે માટે પાછા વળજોરે. મારા. ૫

ગરબી.

હાંરે ચાલો ચાલો ચતુર કાંઈ લાજો,
હાંરે તમે આવી અમને શું બાઝોરે. ચાલો. ૧
હાંરે વળગ્યા જોઈ ન કરો વહાલા,
હાંરે તમે આવી અમને શું બાઝોરે. ચાલો. ૨

હાંરે દેખે હરીજન આવો સમજણા,
હારે અમે લાજીએ ને તમે ગાજોરે. ચાલો. ૩
હાંરે હરી ભટના હરીને કરીએ હુંકારા,
હાંરે માટે હેત ધણેરાં અમને છાજેરે. ચાલો. ૪

ગરબી.

હાંરે જુમનાની તીરે મારો વહાલો,
હાંરે જીવણને જોવા ચાલોરે. જુમનાની. ૧
હારે જુમનાની નીરે તીરે વહાલો ધેન ચરાવે,
હાંરે મોરલી બજાવે નંદલાલોરે. જુમનાની. ૨
હાંરે ઘણે દહાડે ઘેર આવ્યા નહીરે જવા દઉં,
હારે માટે મનખા દેહનો લાવોરે. જુમનાની. ૩
હાંરે હરી ભટના હરી છો રંગરસીયા;
હાંરે માટે ઘેરીને ઘરમાં ચાલોરે. જુમનાની. ૪

ગરબી.

કહેવા દેને કહાન તારી માને કહેવા દેને કહાન,
વહાણાનો લઢવાડ વડે છે, રવિ ઉગતે ભાણ. તારી. ૧
ઓવરાવો તે બીજી નારીને, ખરૂં લોહડું ને આરસપાણ. તારી. ૨
વંદ્રાવનની કુંજગલીમાં, હલકું પીપળીયાનું પાન. તારી. ૩
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, વળ્યાં અમારાં વાન. તારી. ૪

ગરબી.

કહાન માગ્યો દો, જસોદાજી કહાન માગ્યો દો. ટેક.
આજની રજની રંગભેર રમતાં, પરભાતે પાછો લ્યો. જ. ૧
કસલાં કાંબી અણુવટ બીછવાં, બાર હઠવાનો લ્યો. જ. ૨

હસ્તીને ઘોડા માલ ખજાના, વહેલ સજુતી દ્યો. જ. ૩
મીરાંબાઈ કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણ કમળ ચીત્ત ધરે. જ. ૪

ગરબી.

લીધુંરે લટકે મારૂં મન લીધુંરે લટકે. ટેક.
વંદ્રા તે વનમાં વેણ વગાડે. વાંસતણે કટકે. મા. ૧
ગીતી ભાગ કર્યા ગીરધારી, અમને માર્યો છે ઝટકે. મા. ૨
પટ પીતાંબર હરીએ પહેર્યાં, મોહી હું તો પીપુડે પટકે. મા. ૩
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણ કમળ ચીત અટકે. મા. ૪

લગ્નમાં ગવાતાં ગીતો.

ગીત ૧ લું. કંકોત્રી.

કંકુ છાંટી કંકોતરી મોકલે, કોડે કહાવે સુભદ્રા બેન;
વીરા વેહેલા આવજો.
દેવ દુંદાળાને લાવજો, એ પારવતીનો પુત્ર, વીરા૦
શ્રી કૃષ્ણ બળદેવ એ બાંધવા, પવિત્ર પિતા વાસુદેવ. વીરા૦
પાંચ પાંડવ દાસ તે તમતણા, હરનીશ જપે તમારૂં નામ.
વીરા વહેલા આવજો.
જક્તજનેતા દેવકી ને રોહણી, અંજણાદેવી તમારાં માત,
વીરા વહેલા આવજો.
ભત્રીજા ભલા મન ભાવતા, તમ આવે થશે સુખ ચેન,
વીરા વહેલા આવજો.
રાણી રૂકમણીનેરે રેવતી, સતભામાનેરે જાંબુવંતી;
વીરા વહેલા આવજો.

ભીડભંજન તમારી ભાભીએ, સોળ સહસ્ત્ર એકસોને આઠ;
વીરા વહેલા આવજો.
કંથ જેઠ દિયરીઆને કોડ ઘણી, ભાઇ ભવતારણ ભગવાન;
વીરા વહેલા આવજો.
સાથે જાદવ સગળાને લાવજો, બીજી ઉત્તમ વરણ અનેક;
વીરા વહેલા આવજો.
વેદ વાંચતાં વિપ્રને લાવજો, બીજો સર્વ કુટુંબ પરિવાર.
વીરા વહેલા આવજો.
થોડું લખ્યું ઘણું કરી માનજો, પ્રભુ નોધારાનો આધાર.
વીરા વહેલા આવજો.
પ્રતિદષ્ટરે વે'લા પધારજો, શેષનાગ ન પામે પાર.
વીરા વહેલા આવજો.

ગીત ૨ જું. જાગનાં.

વાડીમાં રેલછેલ મોગરો,
મને આપોરે માતારે કોદાળી,
હુંતો મોગરો રોપવા જાઉંરે રનાદેવ. વાડીમાં.
મને આપોરે માતારે ઘડુલો,
હુંતો મોગરો સીંચવા જાઉંરે રનાદેવ. વાડીમાં.
મને આપોરે માતારે ટોપલી,
હુંતો મોગરો વેડવા જાઉંરે રનાદેવ. વાડીમાં.

ગીત ૩ જું.

પાને ફુલ ભરાવી છે છાબ તો, અગર ચંદનના ભર્યા ઓરડારે.
જમાડોરે વહુ નવી વહુના કંથ, રાખ્યાં રાંદેલને કરે આરતીરે.

આરતી અવસરે હોયરે રનાદેવ, પેહેલડા પહોરની આરતીરે;
વાને ફુલે ભરાવી છે છાબતો, અગર ચંદનના ભર્યા ઓરડારે.
જમાડોરે વહુ નવી વહુના કંથ, રાણી રાંદેલને કરે આરતીરે;
આરતી અવસરે હોયરે રનાદેવ, બીજા પહોરની આરતીરે.
પાન ફુલે ભરાવી છે છાબતો, અગર ચંદનના ભર્યા ઓરડારે;
જમાડોરે વહુ નવી વહુના કંથ, રાણી રાંદેલને કરે આરતીરે.
આરતી અવસરે હોયરે રનાદેવ, ત્રીસરા પહોરની આરતીરે;
પાન ફુલે ભરાવી છે છાબતો, અગર ચંદનના ભર્યા ઓરડારે.
જમાડોરે વહુ નવી વહુના કંથ, રાણી રાંદેલને કરે આરતીરે:
આરતી અવસરે હોયરે રનાદેવ, ચોથલા પહોરની આરતારે.

ગીત ૪ થું.

ડુંગર ઉપર ઉગ્યા વાંસ, એરે વાંસનો વીજણુલોરે ઘડીયો.
માણેક મોતીને હીરલે જડીઓ, એરે વીજણુલો આદીત હર્ખાયો.
હરખ્યારે આદીત પુછેરે વાત, કહો રાણી રાદેલ કયાં હોડયા ઘાટ.
નથુભાઇને ઘેર જમીયારે જાય, નવા વહુએ ઓરડા ઘાટ.
ઘાટ હોરાડીને લાગ્યા પાય, ભલેરે પધાર્યા રાણી રાંદેલ માય.
ઉઠયાંરે રાંદેલ દોરે આશીશ, જીવો નથુભાઇ ક્રોડ ભવીશ.
કરોડ તે ઉતર હોયરે પંચાસ, આશાપુરારે એનાં કુટુંબ પરિવાર.

ગીત ૫ મું.

મારેરે આંગણે કુઇરે ખણાવો, ઘુટણ સમાણું પાણીરે રનાદેવ.
ઘાટડીયાળાં નાવારે બેઠાં, આદિતની ઘરનારરે રનાદેવ.
સોઇ રંગ તોઇ રંગ લાલ કસુંબો, મથુરામાં મોંઘો વેચાયરેરના દેવ.
કુળાં કાતરીયાં ને આંબા પાતળીયા, અઠગુચાં છાયાયરે રનાદેવ.

મારેરે આંગણે કુઇરે ખણાવો, ઘુંટણ સમાણાં પાણીરે રનાદેવ.
ઘાટડીયાળાં નાવારે બેઠાં, નથુભાઇની ઘરનારરે, રનાદેવ.
સોઈ રંગ તોઈ રંગ લાલ કસુંબો, મથુરામાં મોંઘો વેચાયરે રનાદેવ.
ફળાં કાતળીયાં ને આંબા પાતળીયાં, ખડકુચાં છોલાયરે. રનાદેવ.

ગીત ૬ ઠું.

પેલોરે પોઠી કંકુએ ભરીયો,
જઈ રાણી રાંદેલ આગળ ધરીયો;
માવડીઓ બાગોને મેણલાંરે.
હું વણઝારી, દાસી તમારી,
નવલાખ પોઠી એકલડી હંકારૂ માવડી,
બીજોરે પોઠી શ્રીફળે ભરીયો;
જઇ રાણી રાંદેલે આગળ ધરીયો, માવડી હું વના ન મા.
ત્રીજોરે પોઠી ખારેકે ભરીયો.
જઇ રાણી રાંદેલ આગળ ધરીયો માવડી, હું વના ન મા.
ચોથોરે પોઠી, ફોફરે ભરીયો;
જઈ રાણી રાંદેલ આગળ ધરીયો, માવડી, હું વના ન મા.
વેચી ન જાણું, સાટી ન જાણું,
નવ લાખ પોઠી એકલડી હંકારૂં

ગીત ૭ મું.

સમીરે સંધ્યાએ નીસર્યા દેવ કયાં જઇ વશશો. ૧
વસીશું તે આંબા આંબલી, વસીશું સરોવરની પાળે. ૨
વસીશું તે નથુભાઇને ઓરડે, જે મીઠા બોલાં નાર. ૩
મીઠાં બોલે ને મન હસે, વળી લાગે છે પાયે. ૪
પાયે લાગીને શું માગીયાં માગ્યાં ધણીઓનાં રાજ. ૫
અખંડ હેવાતન ધાટડી, માગ્યાં પુત્ર પરિવાર. ૬

ગીત ૮ મું.

શાંદેલમાને સ્હરોયે શોભતો, શાંદેલ પુજા કાણે કરીરે. ૧
નથુભાઇને ઘેર નવી વહુ તો, શાંદેલ પુજા કાણે કરીરે. ૨

માંડવીનું ગીત ૯ મું.

મારો માંડવો મોગરે છાયાને નેત્ર ઓછાડીઓરે,
મારે માંડવ કેરાનો થંભ આ શો રૂડો માંડવોરે.
મારે માંડવે કાણુ કાણુ આવ્યું કાણુ કાણુ આવશેરે.
હુંતો જોઉં મારા કીયા ભાઇની વાટ જેને આવે રંગ રહેશેરે.
મારે માંડવે મોતીલાલ આવ્યા હરીલાલ આવશેરે,
હુંતો જોઉં મારા માણેકલાલની વાટ જેને આવે રંગ રહેશેરે.
મારે માંડવે કેઇ વહુ આવ્યાં કઇ વહુ આવશેરે;
હુંતો જોઉં મારી કેઇ વહુની વાટ જેને આવે રંગ રહેશેરે.
મારે માંડવે અંબા વહુ આવ્યાં જીવકોર વહુ આવશેરે,
હુંતો જોઉં મારી ઇચ્છા વહુની વાટ એને આવે રંગ રહેશેરે.

ગીત ૧૦ મું.

ઉંચા મંડપ મોગર રચાવો, મેંતો કોડે પગરણુ માંડીઆરે,
મંડપ ઉપર જાજમો પથરાવો, મેંતો કોડે પગરણુ માંડીઆરે.
જાજમ ઉપર બાજઠીયા ઢળાવો, મેંતો કોડે પગરણુ માંડીઆરે;
બાજઠ ઉપર બાજીઓ ઢળાવો, મેંતો કોડે પગરણુ માંડીઆરે.
બાજી ઉપર પરવળીના પાસા, મેંતો કોડે પગરણુ માંડીઆરે,
રમશે રમશે રાજપીપળાના રાજા, મેંતો કોડે પગરણુ માંડીઆરે;
સામા રમશે નાનાભાઈ દેસાઇ, મેંતો કોડે પગરણુ માંડીઆરે,

હાર્યાં હાર્યાં રાજપીપળાના રાજા મેં'તો કાડે પગરણુ માંડીઆરે,
જીત્યા જીત્યા નાનાભાઇ, દેશાઇ, મેં'તો કાડે પગરણુ માંડીઆરે.
જીત્યા ઉપર નોબતો વગડાવો, મેં'તો કાડે પગરણુ માંડીઆરે,
હાર્યા ઉપર ગધેડાં ભુકાવો, મેં'તો કાડે પગરણુ માંડીઆરે.

ગીત ૧૧ મું.

સુરજ ઉગ્યોરે કેવડીયાની ફણુસે કે, વ્હાણેલાં ભલે વાયાંરે.
સુતા જાગોરે વાસુદેવના નંદ કે, વ્હાણેલાં ભલે વાયાંરે.
તમ જાગેરે જાગે સહુ દેવ કે, વ્હાણેલાં ભલે વાયાંરે.
લેજો લેજોરે પીતળનો લોટો કે, વ્હાણેલાં ભલે વાયાંરે.
દાતણુ કરજોરે તુળસીને ક્યારે કે, વ્હાણેલાં ભલે વાયાંરે.
મુખ લેજોરે પામરીઆના છેડે કે, વ્હાણેલાં ભલે વાયાંરે.
નામ લેજોરે શ્રીરામનું નામ કે, વ્હાણેલાં ભલેવાયાંરે
સુરજ ઉગ્યોરે કેવડીયાની ફણુસે કે, વ્હાણેલાં ભલે વાયાંરે.
સુતા જાગોરે પારવતી વહુના કંથ કે, વ્હાણેલાં ભલે વાયાંરે.
તમ જાગેરે જાગે સહુ લોક કે, વ્હાણેલાં ભલે વાયાંરે.
લેજો લેજોરે અધવાના લોટા કે, વ્હાણેલાં ભલે વાયાંરે.
દાતણુ કરજોરે ઉકરડાની ટોચ કે, વ્હાણેલાં ભલે વાયાંરે.
મુખ લેજોરે મશોતાને છેડે કે, વ્હાણેલાં ભલે વાયાંરે.
નામ લેજોરે તમારા બાપનું નામ કે, વ્હાણેલાં ભલે વાયાંરે.

ગીત ૧૨ મું.

આવો માણુસ બેસો બેસણેરે.

કહો તમારી વાડીયોનાં મુલ, માળણુ રાણી એમ ભણેરે.
લાખે બે લાખે મારો મોગરોરે,
અધ લાખે ચંપલીઆનો છોડ. માળણુ રાણી.

લાખ ખરચીને લોને લાલજીરે,
લાડકડારે મુજીયાજીને કાજ. માળણ રાણી

ગીત ૧૩ મું.

હાલ લીલુડા વાંસ વડાવો, તેની રતન ટોપલીઓ ઘડાવો
ટોપલી મોતીલાલના હાથમાં આપો;
મોતીલાલ ધાંચો થઈ ઘેર આવે,
મારી ગંગાબ્હેનને ન ભાવે.
સ્વામી ક્યાં લાગી આવડી વાર,
ગોરી તારે મૈયર પમઃણુ માંડયાં.
પાછલી રાતનાં દળણાં દળાવ્યાં,
પરોઢિયામાં પાણી બરાવ્યાં;
વહાણે વાએ વાસીદાં વળાવ્યાં,
ખરે બપોરે બણુગાં ફુંકાવ્યાં.

ગીત ૧૪ મું.

ઉગતા સુરજની રજ ખરીરે,
એનીરે રજેરે કંઈ શ્રીકૃષ્ણ ઘડીયારે;
અતી ગોરાંરે અતી ફુટડાંરે. ૧
હું તમને પુછું મારા દેવકીજી વણજારારે,
તમે કેમ શ્રીકૃષ્ણ જોઇયારે. ૨
ઘડીએ એ ઘડીએ ઘડીયાલડા વાગેરે,
પ્હોરે બે પ્હોરે જશ આરતીરે. ૩
આરતડી કરો દેવકીજીની કુખરે,
જેની કુખે શ્રીકૃષ્ણે જાઇયારે. ૪
ઓરડીએરે ઉભાં ને પરસાળે અજવાળાંરે,

કુળને અજવાળ્યાંરે વાસુદેવ તણાંરે. ૫
ઉગતા સુરજની રજ ખરી રે;
સોનીરે ઘડે કંઇ મુજીયાજી ઘડીયારે,
અતીરે ગોરારે અતી ફુટડારે ૬
હું તો તમને પુછું મારા રૂક્ષમાણી વણજારારે;
તમે કોણ મુજીયાંજી જોઇયારે. ૭
ઘડી બે ઘડીએ ઘડીયાલડાં વાગેરે,
પહોર બે પહોર જસ આરતીરે: ૮
આરતડીરે કરો રૂખમાણીની કુખેરે,
જેની કુખે મળીયાજી જોઇયાંરે. ૯
ઓરડીએરે ઉજાંને પરસાળે અજવાળારે;
કુળને અજવાળાંરે વાસુદેવ તણાં. ૧૦

ઊંચી ઊંચી મેડી મારાં ઘરરે વીવાતા, તો પાડોસે
નણંદી વસેરે. ૧
હીરાની મેડીએ રૂડાં કાચ ઢળાવું,
તો ત્યાને ઢાળું રે ભમર ઢોલિયારે. ૨
ત્યાં ચડી પોઢે મારી માડીનો જાયો,
તે વાએ ઢોળતાં ભાભી ફુટડાંરે. ૩
વાએ ઢોળતાં ભાભી ગોઠડીએ ગોઠયાં,
તો નણુંદીને પાડોસે ન રાખીએરે ૪
દીઠું અણદીઠું નણુંદી સવ્વરવ માગે,
તો નીતે ઉઠીને કયાંથી આપીએરે. ૫
ઘરની ધણીઆણી તમે એવું શું બોલો;

તો બ્હેન વિના વીવાહ કોણ માલશેરે. ૬
સાત સોપારી મારી પાડોશણને આપું;
તો તે મારે અહીંયાં મહાલશેરે. ૭
ઘરની ધણીઆણી તમે એવું શું બોલો,
તો બહેન વિના ગણેશ કોણ પુંજશેરે. ૮
ચોખાને લાડુ મારી ગોરાણીને આપું,
તો તે મારે ગણેશ પુજશેરે. ૯
ઘરની વહુઆરી તમો રાંધોને સીધો,
તો જમવાને બેસે મારી બેનડીરે. ૧૦
ઘરની વહુઆરૂ તમે પાણીડાં જાઓ,
તો બારીએને બેસે મારી બેનડીરે. ૧૧
ઘરની વહુઆરૂ તમે હેરાને ફેરા,
તો પકવાનને ઓરડે મારી બેનડીરે. ૧૨
આસડું ખંખેરૂ ગોરી વણીએડ આવે;
તો રૂપૈયા ઉછાળુ બેની ના મળેરે. ૧૩
માડીના જાયા તુને દેઉંરે આશીષ,
તો સાતેને દીકરે દીડજો મલપતારે. ૧૪
વહેવાણુની જાય તુને દેઉં આશીષ,
તો સાતેને સોકે આંસું ઢાળજોરે. ૧૫

ગણેશનું ગીત.

ગણેશમાટ બેસાડીએ, બધા નીપજે પકવાન,
સગા સંબધી તેડીએ, જો પુજ્યા હોય મોરાર.
જેને તે આંગણે પીપળો, તેને ધન અવતાર,

સાંજે સવારે પુજીએ, જો પુજ્યા હોય મોરાર.
જેને પેટ ચાર દીકરા, તેનો તે ધન અવતાર,
ચારે વહુઓ પાએ પડે, જો પુજ્યા હોય મોરાર.
જેને પેટ ચાર દીકરા, તેનો તે ધન અવતાર;
સાંચ્યાં સાંચ્યાં ધન વાવરે, પુજ્યા હોય મોરાર.
જેને તે આંગણે ઓટડી, તેનો તે ધન અવતાર;
સાંજે સવારે દોહી વલોવે, જો પુજ્યા હોય મોરાર.
રાતો તે ચુડો મારો રંગ ભર્યો, કોરોને કમખો હાથ;
ધરચોળે ઘેડ ભાગીએ, જો પુજ્યા હો મોરાર.
મીઠા તે ઘઉંની રોટલી, ગળગળીઓ કંસાર;
ભેમાં બેસીને આરોગીએ, જો પુજ્યા હોય મોરાર.

ગીત ૧૮ સું.

પીઠી પીઠી ચોળોરે પીતરાણી.
પહેલી પીઠી ચડશેરે મારા જીયા વરને;
ઉતરતી ચડશેરે પેલી છોડીને.
પાકાં તેલ ચડશેરે મારા જીયા વરને,
કાચાં તેલ ચડશેરે પેલી છોડીને.
પડતી કેરી ખાશેરે મારા જીયા વર,
ગોટલાને ચુસશેરે પેલી છોડી.

ગીત ૧૯ સું.

ઉકરડી નુતરતાં વનમાળીરે,
જડીઓ છે સોનાનો બુટો કે ગુજરમાળીરે.
તેની ઘડાવેશ ટોડડી વનમાળીરે,
સોવરાવેશ જમણા કાને કે ગુજરમાળીરે.

ઉકરડી નુતરતાં વનમાળીરે,
જડીઓ છે લોઢાનો ખુંટો કે ગુજર માળીરે.
તેનો ઘડાવેશ દીવડો વનમાળીરે,
સોવરાપેશ જમણે હાથરે ગુજરમાળીરે.

ગીત ૨૦ મું.

ઉંડોને કુવો જળ ભર્યોરે, ઇંટે વાળ્યો શેવાળ;
આથમણે ડગમગેરે.
હું તમને પુછું રતી વહુરે, કેમરે ફુલચંદભાઇ દુબળારે;
રાતે રમે રાણો સોગઠેરે, દહાડે દેશાઇઓની સાથ;
આથમણે ડગમગેરે.

ગીત ૨૧ મું.

પાંચ વાનીનો લાડવો વનમાળીરે,
પીરસ્યો છે ઇચ્છા વહુને ભાણે કે ગુજરમાળીરે.
જમતાં મનસુખભાઇ સાંભર્યો વનમાળીરે,
ઘાલ્યો છે કાંચળીમાંય કે ગુજરમાળીરે.
ભરી સભામાં પડી ગયો વનમાળીરે;
ગઘેડી થઇ છે ફજેત કે ગુજર માળીરે.

ગીત ૨૨ મું.

જીરે આજ મેંતો અડદા પરવત નોતર્યારે,
અડદા તમે તો મારે પાપડ વણવા જોગ;
મારે સજન મેળાવો જો મળ્યોરે.
જીરે આજ મેંતો ચોર્યા પર્વત નોતર્યારે,
ચોળા તમે તો મારે વડીઓ મુકવા જોગ;
મારે સજન મેળાવો જો મળ્યોરે.

જીરે આજ મેં તો ધઉંના પર્વત નોતર્યારે,
ધઉં તમે તો મારે કંસાર કરવા જોગ;
મારે સજન મેળાવો જો મળ્યોરે.
જીરે આજ મેં તો મગ પર્વત નોતર્યારે,
મગ તમે તો મારે પીઠી કરવા જોગ;
મારે સજન મેળાવો જો મળ્યોરે.

ગીત ૨૩ મું.

સોનાનો થંભ હીરે જડયોરે,
થંભનું નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે;
થંભનું નામ મોતીલાલ વીવાહ ઘેર આપણેરે.
સોનાનો ગજ હીરે જડ્યોરે,
ડોશીવાણીયા નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે;
ડોશીવાણીયા નામ ઝવેરભાઇ વીવાહ ઘેર આપણે
લાંબી લેખણે લેખાં લખેરે,
લેખાવટીયાના નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે;
લેખાવટીયા હીમતભાઇ નામ વીવાહ ઘેર આપણેરે.
સાંગામાંચીએ બેઠા પુન કરેરે,
પુનવંતા નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે,
પુનવંતા નવલભાઇ નામ વીવાહ ઘેર આપણેરે.
ઓરડામાં લખમી વાસો વસેરે
લખમી નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે;
લખમીનું નામ ડાહી વહુ વીવાહ ઘેર આપણેરે,
ખબેને કોથળી સોને ભરીરે;

નાણાવટીયા માણેકલાલ નામ વીવાહ ઘેર આપણેરે,
હાથમાં પટીઓ સોઇ ભલીરે,
નીશાળીયાના નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે,
નીશાળીયા ભીખાભાઇ નામ વીવાહ ઘેર આપણેરે.
હાંબી પળાસરે બાળક રમેરે;
બાળકનું નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે,
બાળકનું સુરજ બેન નામ વીવાહ ઘેર આપણેરે.
તાંબાના બેડે પાણી ભરેરે,
પાણીયારી નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે;
પાણીયારીનુ પરસન વહુ નામ વીવાહ ઘેર આપણેરે.

ગીત ૨૪ મું.

માથે પાઘડડા ને કેશરીઆ વાઘા,
કાને સોનાની લોળોરે, કોઇ વરધ વધાવો.
એટલે રણછોડરાય સીમાડે આવ્યા.
સીમાડે છત્ર ઢળાવોરે, કોઇ વરધ વધાવો.
એટલે રણછોડરાય ભાગોળે આવ્યા,
ભાગોળે ભેળ્યો વગડાવોરે કોઇ વરધ વધાવો.
એટલે રણછોડરાય ચઉટડે આવ્યા,
ચઉટડે ચમર ઢળાવોરે કોઇ વરધ વધાવો.
એટલે રણછોડરાય જાનીવાસે આવ્યા,
કલશો સાળીને હાથેરે કોઇ વરધ વધાવો.

એટલે રણછોડરાય ખડકીએ આવ્યા,
ખડકીનાં ખખડાયાં કમાડરે કોઈ વરધ વધાવો.
એટલે રણછોડરાય તોરણે આવ્યા,
પુખાણું સાસુને હાથેરે કોઇ વરધ વધાવો.
એટલે રણછોડરાય માંયરામાં આવ્યા,
મામાજી કન્યા પધરાવોરે કોઇ વરધ વધાવો.

ગીત ૨૫ મું.

ઓતરડાં ઉતારોરે ગોરજી. વહુ માગે છે સવચ્છો ગોરજી,
વહુનો બાપ ભવઇઓ ગોરજી. વહુ માગે છે રોકડો ગોરજી,
વહુનો બાપ દોકડો ગોરજી. વહુ માગે છે બાજરી ગોરજી,
વહુનો બાપ વાધરી ગોરજી. વહુ માગે છે બદામ ગોરજી,
વહુનો બાપ હજામ ગોરજી. વહું માગે છે આરશી ગોરજી,
વહુનો બાપ પારશી ગોરજી. ધમાલીં

ગીત ૨૬ મું.

અણખાંતી વેળા એરી રીસાવી બેઠાં, સનરો મનાવે તો મનાઉં;
ઓ લાડણી આછા ઘુંઘટ, વહુને વાલેરા લાગે.
કહો તો વહુવારૂ તમને ચુશીઓ ઘડાવું, તનમનીએ રતન જડાવું;
ઓ લાડણી આછા ઘુંઘટ વહુને વાલેરા લાગે.

ગીત ૨૭ મું.

લાડડો પાન ચાવે ને રસ ઢોળે.
લાડડો તો વળી વળી પાછું જુવે;
જાણે મારા બાપા સાથે આવે,
જાણે મારા સસરાનો રંગ રાખે;
લાડડો પાન ચાવે ને રસ ઢોળે

લાડડો તો વળી વળી પાછું જુવે,
જાણે મારી માડી સાથે આવે;
જાણે મારી સાસુનો રંગ રાખે,
લાડડો પાન ચાવે ને રસ ઢોળે.
લાડડો તે વળી વળી પાછું જુવે,
જાણે મારા વીરા સાથે આવે;
જાણે મારા સાળાનો રંગ રાખે.

ગીત ૨૮ મું.

ઘોડી તારે મુખડે રતન જડયાંરે બાઇ,
રતન જડયારે નંદલાલ સેરો અજબ બનીરે બાઇ.
વર બાપા તે વર બાપા કોણ સરાય કેહેવાયરે બાઇ,
જાણુ સુંઢાણી આગળ જાય શેરો અજબ બનીરે બાઇ.
વરબાપા તે વરબાપા આત્મારામ કહેવાયરે બાઇ,
જાન સુંઢાણી આગળ જાય શેરો અજબ બનીરે બાઇ;
ઘોડી તારે મુખડે રતન જડયારે બાઇ,
રતન જડયારે નંદલાલ શેરો અજબ બનીરે બાઇ;
વરમાડી તે વરમાડી કેઇ બાઇ કહેવાયરે બાઇ,
જાન સુંઢાડી આગળ જાય શેરો અજબ બનીરે બાઇ,
વરમાડી તે વરમાડી જીવકોર બાઇ કહેવાયરે બાઇ;
જાન સુંઢાણી આગળ જાય શેરો અજબ બનીરે બાઇ.

ગીત ૨૯ મું.

લીલી ઘોડીને પીળો ચાબખો, ઘોડી ઘણું ગાજે;
લીલડાં જડીત્ર પલાણ, વહેવાણ મારી છંદે નાચે.
છંદે ઘુંદાવ્યારે ઘુંદણાં ઘોડી પણ ગાજે.

હોંશે રંગાવ્યા કાળા દાંત, વ્હેવાણુ મારી છંદે નાચે,
ઘોડી ચઢી જીયાવર સંચર્યા, ઘોડી ઘણું ગાજે.
મોહી રહ્યા ચારે દેવ વહેવાણુ છંદે નાચે,
પેહેલેને વિશ્વનાથરે મોહી રહ્યા, ઘોડી ઘણું ગાજે,
ગયામાં ગદાધર દેવ, વહેવાણુ મારી છંદે નાચે,
ચોથલે મહાળેશ્વર દેવ, વહેવાણુ મારી છંદે નાચે,
ચોરોએ મોહીને શું કીધા ઘોડી ઘણું ગાજે.

ગીત ૩૦ મું.

કુંવર હેલ દઈ ચઢીયા, તારા વેરીને ધ્રાસકા પડીયા,
કુંવર દહીંનાં ગોરસ ખાટાં, તારા વેરીનાં હૈયડલાં ફાટાં;
કુંવર દહીંનાં ગોરસ મીઠાં, ત્હારા વહાલાએ અચરત દીઠાં.
કુંવર ખુચે છે અસરો ને મસરો, જોવા આવ્યાં તે સાસુ ને સસરો.
કુંવર ખુંપે તે જડીઆરે ખાપ, સાજનમાં સોહાયે જીયાવર બાપ.
કુંવર ખુંપે તે જડીયારે હીરા, સાજનમા સોહાયે જીયાવરના વીરા.
કુંવર ઘોડે છે ફુલની પાખર, તારૂં સભા શોતુરે સાજન.
કુંવર ઘોડે ફુલની વાડી, કરવડી ઝાલે જીયાવરની માડી.
કુંવર ઘોડા પાછળ કામસેન, રથે બેસે જીયાવરની બ્હેન.

ગીત ૩૧ મું.

બેનો ઉમલ્યો ઉમલ્યો આવે છે,
બેનો લંકાગઢ વાણુ પુરાવે છે;
બેનો બેનડીની ઝાલ ઘડાવે છે,
બેનો ઉમલ્યો ઉમલ્યો આવે છે.
બેનો લાં થઈ સોની તેડાવે છે,

એનો બેનડીને ઝાલ ઘડાવે છે;
એનો ઉમલ્યો ઉમલ્યો આવે છે.
એનો ભરૂચગઢ વાણુ પુરાવે છે,
અને ત્યાં થકી જડીયા તેડાવે છે;
એનો બેનડીને ઝાલ ઘડાવે છે,
એનો ઉમલ્યો ઉમલ્યો આવે છે.
એનો અમદાવાદ વાણુ પુરાવે છે,
એનો ત્યાં થકી પટવા તેડાવે છે;
એનો બેનડીની ઝાલ ગંડાવે છે,
એનો ઉમલ્યો ઉમલ્યો આવે છે.
એની નગરીમાં ધુમ મચાવે છે,
એનો ઉંઘતા લોક જગાડે છે.

ગીત ૩૨ મું.

હાંરે બના મેરી ગલી મત આવો, મોતીલાલ બના છે
જેની બેઠક છોડ દો,
હાંરે બના છોકદોરે દીલ ખોલ દો, હાંરે બના મેરી૰
હાંરે બના લંકાગઢ વહાણુ પુરાવીએ,
હાંરે બના ત્યાં થકાં સોનાં અણાવીએ,
હાંરે બના બનડીકી ઝાલ ઘડાવો, મોતીલાલ બના છે જેની.
હાંરે બના હરમચગઢ વહાણુ પુરાવીએ.
હાંરે બના ત્યાં થકાં હીરા અણાવીએ;
હાંરે બના બનડીકી ઝાલ જડાવો, મોતીલાલ બના છે જેની.
હાંરે બના સીધડગઢ વહાણુ પુરાવીએ,

હાંરે બના તાં મોંઘાં મોતી મંગાવીએ;
હાંરે બના બનડીકી ઝાલ પરોવાવો, મોતીલાલ બના છે જેની.

ગીત ૩૩ મું.

હાંરે બના કિન્ને બનાઈ તુને મેરી ગલીયાં;
મેરી અલીયાંરે ગુલાબી છડીયાં, હાંરે બના કિન્ને.
હાંરે બના સીરાનો તેરા લાલ બનીયા,
લાલ બનીયારે ગલાબ બનીયા, હાંરે બના કિન્ને. ૧
હાંરે બના નિમા તો તેરા લાલ બનીયા;
હાંરે બનીયારે ગુલાબ બનીયા હાંરે બના કિન્ને. ૨
હાંરે બના મોજાં તો તેરા લાલ બનીયાં,
લાલ બનીયાંરે ગુલાબ બનીયાં, હાંરે બના કિન્ને. ૩

ગીત ૩૪ મું.

એક લીલી તે લીલડી
એક લીલુડાં જડોત્ર પલાણુરે જમ લીલડી.
મારા સોઈ ઘોડાને બસે હાથીઆ,
મારાં હાથી દેખીને વેવાઈ બી ગયો;
મારી કેમ કરી રેહેસે લાજરે જગલીલડી.
મારા કીયા ભાઈએ સાનમાં સમજાવીયાં
મારા લક્ષુ ભાઈએ સાનમાં સમજાવીયા;
તમારી મસેરી રાખીશું લાજરે જગલીલડી.
એક લીખી તે લીખી લીલડી;
એક લીલડી જડોત્ર પલાણુરે જગલીલડી.
મારા સોળે ઘોડા ને બસે હાથીઆ.

મારા ઘોડા દેખીને વેવાઈ ખી મયો;
મારી કેમ કરી રહેશે લાજ જમલીલડી.
મારા કીયા ભાઈએ સાનમાં સમજાવીયા;
તમારી બલેરી રાખીશું લાજરે જમલીલડી.

ગીત ૩૫ મું.

આજ મારૂં વાજીંત્ર કરે ઝમકાર,
તો જેમરે વાગે ને સાજન મળેરે. ૧
વાગતું વાગતું પોળમાં પેઠું;
તો ઘરરે વેવાઈનાં ક્યાં છે રે. ૨
ઉંચલા અવાસ ને નીચલા દરવાજા;
માં મોતી જડયાં તે રણુ બારણેરે. ૩
ચોકમાં ચંપો પરસાળે નાગરવેલ;
તો ગોરીએ દીવા અજવાળીયારે. ૪
સાત દીકરડા તું જણ્યુ મોરી ગોરી;
તો જેમ દ્રવ્ય ખરચ્યું ને રવ ચડેરે. ૫
એક દીકરડી તું જણ્યુ મોરી ગોરી;
તો સાજન જમાડું ઘર આપણેરે. ૬
બાપે માંહેરામાં આપીરે બેટડી;
તો માડીએ આપી જોટડીરે. ૭
રાચ રચીલું બેનને સાસરે આપો;
તો બેંસ દેવા બળી તાંબડીરે. ૮
ચીરના ચંદરવા બાદરના ગલેચા;
તો મખમલી બંદરના ઓરસારે; ૯

અરાનપુરી ગોરી વીજાપુરી ઝારી;
તો નવારે નગરના વાડકારે. ૧૦
ત્રાંબાના તકીયા પીતળના પાખરીયા;
તો નવી સુખડના પાટલારે, ૧૧
એટલું લઇ બેન સાસરે જાજો,
તો લાજ વધારજો આપણીરે. ૧૨

ગીત ૩૬ મું.

આરા નવલા વેવાઈ તને વીનવું, તારી સાંકડી શેરી વળાવને;
આરું મોટાનું સાજન આવશે, તારા ઉકરડા દેખીને લાજશે.
તારાં છેયાં છોકરાને મારશે, તારાં ચર્ખડાં બુઢાંને દાટશે;
તને નફટને નહા લાજરે, તને નીરલજને શું કહીએરે.

ગીત ૩૭ મું.

કુંવર હેલો દઇ ઘોડે ચડીયા, એમના વેરીને ધ્રાશકા પડીયા;
દહીં દુધના ગોરસ ખાટાં, એમના વેરીના હઇયારે ફાટયાં.
દહીં દુધનાં ગોરસ ભરીયાં, એમના વાલાનાં હઇયાંરે ઠરીયાં.

ગીત ૩૮ મું.

વર તો બહુ હોંશીલો વર તો બહુરે ખાંતીલો;
એની મરઘા નયણી જુવે વાટરે, નગારાં વાગે ધીમે ધીમે.
વર તો સોનાની શેરી વચ્ચે સંચર્યોરે.
વરને ઉતરીએ વધાવતાં લાગી વારરે. નગારાં વાગે ધીમે ધીમે.
વર તો માળીડાની શેરી વચ્ચે સંચર્યોરે;
વરને ખુપ વધાવતાં લાગી વારરે, નગારાં વાગે ધીમે ધીમે.
વર તો ગાંધીડાની શેરી વચ્ચે સંચર્યોરે;
વરને શ્રીફળ વધાવતાં લાગી વારરે, નગારાં વાગે ધીમે ધીમે.

વર તો ડોશીડાની શેરી વચ્ચે સંચર્યો;
વરને સરખંડ વસાવતાં લાગી વારરે, નગારાં વાગે ધીમે ધીમે.
વર તો તંબોળીડાની શેરી વચ્ચે સંચર્યોરે;
વરને પાન વસાવતાં લાગી વારરે, નગારાં વાગે ધીમે ધીમે.
ઇત્યાદી.

ગીત ૩૯ મું.

તુંતો જમ જમરે જમણડા કલવો, તારી માડી પીરસે કલવો;
તારી સાસુએ પીરસ્યો કલવો, તારી સાસુ હઇયાની ભોળી.
તને ઘીમાં રાખશે બોળી, તારી માડી તે હઇડાની કપટી,
તને મીઠું નહી મેલે ચપટી, તારી ગાંડે આવડો શો મચકો;
તને ગોળ ન આપે કદી લચકો.

ગીત ૪૦ મું.

મારી ઉંઘણુ વેચાણુ જાગેરે, તારા પછવાડે થઇ રહ્યો છે સોરરે:
મારા પગ સુજીને થયા થાંભલા, પેલી વેવાણને લઇ ગયા જંગલા.
મારા પગ સુઝીને થયા આરશી, પેલી વેવાણને લઈ ગયા પારશી.

ગીત ૪૧ મું.

શેરી શેરી ઘુઘરડા વાગે છે,
કોઈ ઉમરાવ જાદો આવે છે;
કોઈ જાણ કરો પીછાન કરો,
પેલા નવલા વેહેવાઇને જાણ કરો.
પેલા કોડીલા વેહેવાઇને જાણ કરો.
મારી શેરી છે સુગાળીરે;
તારી ઘર ઘણુંઆણી કાળીરે,
મારી જાનમાં આવ્યા મોટારે.

વહેવાણુ જાજી ભરી લાવો લોટેરે,
વેહેવાણુ લેજોરે કંકાવટી;
તારે બારણે આવ્યો નાણુવટી,
વેહેવાણુ લેજોરે સોપારી.
તારે બારણે આવ્યો વેપારી,
વેહેવાણુ લેજોરે સુપડલું;
તારા ભવનું તે ભાંગુ દુખડું,
તારા ચુલા પછાડી ગાળોરે.
તારે દીકરા જણ્યાનો ચાળોરે,
તારા ચુલા પાછળ ઉંટરે;
તારે દીકરી જણ્યાની રીતરે,
તુંતો દીકરી જણી જણી થાકીરે,
આંબા કેરીની પેઠે પાકીરે.

ગીત ૪૨ મું.

હળવે હળવે પોંખો મોટા ઓખારે,
બાળાવરને વાગશે સાકી ચોખારે;
રવઇયે ના પાકેશ વેવણુ,
રવઇયો તારે વલોવા જોઇશું.
સાંબેલે ના પાકેશ વેવણુ,
સાબેલું તારે ખાંડવા જોઇશું;
તરાકે ના પાકેશ વેવણુ,
તરાક તારે કાતવા જોઇશું.
સળીએ ના પાકેશ વેવણુ,

સર્જાયો તારા બાપનાં પળીયા;
સંપરે ના પાકેશ વેવણુ,
સંપટ નારે દીવે કરવા જોઇશું.
ધુંસરે ના પાકેશ વેવણુ,
ધુંસરૂ તારે ગાડે જોઇશું.

ગીત ૪૩ મું.

લીપ્યા ગુંપ્યા ઓરડા સાપોલીયું જાય,
ફુલચંદની ગાંડમાં સાપોલીયું જાય;
જાય મુછો મરડતું સાપોલીયું જાય,
જાય ધડાકા લેતું સાપોલીયું જાય.
ઓ એના બાપા સાપોલીયું જાય,
દીઠું હોય તો કહાડરે સાપોલીયું જાય.

ગીત ૪૪ મું.

સુરત શહેર વસે એક સોનીરે,
સોની ઘડજે લાડકાની પોંચીરે;
એની પોંચીએ ઝાઝા હીરારે,
પોંચી લાવે લાડકાના વીરારે.
બાજુબંધ સરખી પોંચીરે,
મુંબઇ શહેર વસે એક જડીઓરે;
જડીયા જડજે લાડકાની પોંચીરે,
એને પોંચીએ ઝાઝા આંબારે.
પોંચી લાવે લાડકડાના મામારે,
બાજુબંધના સરખી પોંચીરે;

ભરૂચ શહેર વસે એક પટવોરે,
પટવા ગાંઠ લાડકાની પોંચીરે,
એની પોંચીએ ઝાઝી ખાપરે.
પોંચી લાવે લાડકાના બાપરે,
બાજુબંધના સરખી પોંચીરે.
અમદાવાદ વસે એક ઝવેરીરે,
ઝવેરી પારખ લાડકાની પોંચીરે;
એની પોચીએ ઝાઝા મોતીરે,
પોંચી લાવે લાડકડાની માશીરે.
બાજુબંધના સરખી પહોંચીરે,
ત્યાંતો નવરંગ માંડવ રચીઆરે;
ત્યાંતો નટવર ચડીયા ઘોડેરે,
વર કન્યા પરણીને ઉઠયાંરે.

ગીત ૪૫ મું.

અમારૂં છરૂં તમારી વલીયારી,
એ બે પરણાવો વેવાઇયા સંપજ રાખો;
એ બે બોલે બનશે વેવાઇઓ સપજ રાખો,
અમારા હીમતભાઇ તમારી પરસન વહુ એ બેને પરણાવો.
વેવાઇઓ સંપજ રાખો, એ બેને બોલે બનશે, વેવાઇઓ.
સંપજ રાખો એ બેને જુગને જોડું વેવાઇઓ સંપજ રાખો.

ગીત ૪૬ મું.

વર કન્યા કંસાર જમે, વેવણની તો દાઢ ગળે;
લાડાને કંસાર ન ભાવેરે, લાડી તો ડુચેડુચે ખાએરે.
લાડો તો સકાળમાંથી આવ્યો, લાડી તો દુકાળમાંથી આવીરે.

ગીત ૪૭ મું.

વર કન્યા કંસાર જમે જાનઇયાની દાઢ ગળે,
કોળીયો કંસાર આપે તો ખાઇએરે;
નહીં તો આશા મુકી ઘેર જઇએરે.

ગીત ૪૮ મું.

એક ઝરા ઉપર ઝારીરે, એતો કન્યા થઇ અમારીરે;
એતો અમારાં કહ્યાં કરશેરે, એની માને મોઢે ચઢશેરે.

ગીત ૪૯ મું.

સામા ઓરડામાં અધમણ જીરૂં,
જીઆવર પરણે હું તો ઘડીએ ના ધીરૂં;
તળીઆં ઘીમાંના ઘેબર મુજને મીઠેરાં લાગે,
સામા ઓરડીઆમાં અધમણ અડદી.
જીઆવર પરણે હું તો જોઇને હરતી,
તળીઆં ઘીમાંનાં ઘેબર મુજને મીઠેરાં લાગે.
સામા ઓરડામાં અધમણ મીઠું,
જીઆવર પરણે મેંતો અચરજ દીઠું;
તળીઆં ઘીમાંનાં ઘેબર મુજને મીઠેરાં લાગે.

ગીત ૫૦ મું.

લાડી આપી પાડી આપી, જાનઇયાના માડી આપી;
તોય લઠ્ઠા માંડવા હેઠેરે.
ચડરીયો ગઢ જીત્યારે આનંદ ભલા,
લોક કહેતે મોતીબાઇ જુદારે આનંદ ભલા.
એતો દીકરા પરણાવીને ઉઠ્યારે આનંદ ભલા,

લોક કહેતાં ફુલચંદ સાચારે આનંદ ભલા;
એતો, દીકરી પરણાવીને નાચ્યારે આનંદ ભલા.

ગીત ૫૧ મું.

અમે આવ્યાતા રંગભર રમવારે,
અમે આવ્યાતા પરસન વહુને લેવારે;
અમે આવ્યાતા પરસન વહુને જોવારે,
એના જોવામાં શું જોશોરે.

ગીત ૫૨ મું.

તાંબા કુંડી તે નગર સોહામણી,
માંહી ભરીએલ ગવરીના બીઅ;
સાહેલીરે આંબો મોરીઓ.
મારા કીયા ભાઇનાં વાજીંત્ર વાગીયાં,
પેલા વેવાઇનારે પડીયાં નીસાન;
સાહેલીરે આંબો મોરીઓ.
તાંબા કુંડી તે નગર સોહામણી,
માંહી ભરીએલ ગવરીના બીઅ;
સાહેલીરે આંબો મોરીઓ.
મારા કીયા ભાઇની મેડીએ દીવા બળે,
મારા વાડીલાલની મેડીએ દીવા બળે;
પેલા વેવાઇરે ઘેર અંધારાં,
સાહેલીરે આંબો મોરીઓ.
તાંબા કુંડી તે નગર સોહામણી,
માંહી ભરીએલ ગવરીના બીઅ;
સાહેલીરે આંબો મોરીઓ.

મારી કેઈ વહુને પહેરણુ સાડી ભલી,
મારી રતી વહુને પહેરણુ સાડી ભલી;
પેલી વેવણુનેરે લેઈ ગયા ચોર,
સાહેલીરે આંખો મોરીએ. ઇત્યાદિ.

ગીત. ૫૩ મું.

એના માંડવે નથી કાંઇ બાંટવાળી,
એના ઘરમાં નથી કોઇ ધાર ધણી.
એના ઘરમાં ફુલચંદ મડયો મહાલે,
પેલા તખતા બચારાનું કાંઈ ન ચાલે,
એના આણ્યા તાણ્યાને શું રે ગાઇએ,
એના માગ્યા તગ્યાને શું રે ગાઇએ,
પુંજાભાઇના પરવાળાને શું રે ગાઇએ.

ગીત ૫૪ મું.

ઉઠો વેવઇઓ ભીંત પડે,
ભીંત પડે તો પડવાદે ઠાલું ડોજર ભરવાદે.
આગળ ફુલચંદ પરણ્યાતા, ઠાલું ડોજર ભર્યું તું;
હવે પાનાભાઈ પરણે છે, ઠાલું ડોજર ભરે છે.

ગીત ૫૫ મું.

એના ઘર પછવાડે ઇંટ પડી, એને દીકરી જણ્યાની રીત પડી;
એના ઘર પછવાડે બાવળીઓ, એને દીકરી જણ્યાનો વાવળીઓ;
એને બારણે ઘોમટીનો ગારો, એને દીકરી આપ્યાનો છે વારો.

સમાપ્ત.

ચિતોડનો ઘેરો—અકબરની ઉદારતા અને રજપુતોનો ઉત્સાહ વીરરાણી વિમળાની અજબ બહાદુરીનો દેખાવ ... ... ૦—૪—૦

જગદેવ પરમાર—અને વીરમતી—જેની વીરતીની બહાદુરી વિખ્યાત છે તેટલીજ તે વાંચી અનુસરવા યોગ્ય છે ... ... ૦—૬—૦

પૃથુરાજ ચહુઆણ—હીમતનો હોજ અને બળનો સાગર દિલ્હીનો છેલ્લો રજપુત રાજા. આ પુસ્તક વાંચતાં મનુષ્યનું હૃદય પ્રફુલ્લિત થાય છે. બાહુ સ્ફુરાય છે અને રૂવાં ઉભાં થાય છે વારતામાં આની બરાબરી કરી શકે તેવું એક પુસ્તક નથી વીર સંતાનો ઉત્પન્ન કરવા દરેક માતાને વાંચવાની ખાસ જરૂર છે. સોનેરી પાકું પુંઠું છતાં. રૂ.૧)

મંડળગઢની મોહની—ખૂની અલ્લાઉદીનનો રાજરંગ, પવિત્ર પ્યાર, વચમાં પ્રેમ પરપોટા, વીર, શૃંગાર, હાસ્ય, અને કરૂણા રસથી છલોછલ ભરેલું પુસ્તક પાકું સોનેરી પુંઠું, છતાં માત્ર. ... ૦—૮—૦

રાજપૂત પ્રતિજ્ઞા—વીરબાળાએ પોતાનું શીર કાપી સ્વામિની પ્રતિજ્ઞા પાળી એનુંજ નામ તે ખરેખરૂં પતિવ્રતાપણું. ... ... ૦—૮—૦

શુરવીર—પૃથુશિંહ પરમાર અને નિમકહલાલ સતિ મેના (ભા. ૨ જો) ઉપર મુજબ પાકુ સોનેરી પુઠું.૦।।।

શિંધ ઉપર સ્વારી—રાજકન્યા સુર્યદેવીએ જે આત્મબળ દર્શાવ્યું તે વાચકને ખરેખર હીંમતવાન કરે એમાં નવાઇ નથી. ... ... ૧—૪—૦

બધી જાતનાં પુસ્તકો મળવાનું ઠેકાણું:—

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજા અમદાવાદ

કુમુદ કુમારી—સતિનું સતીત્વ ક્ષત્રીય પુત્રનો અચલ ટેક વીગેરે અનુપમ હૃદયભેદક ઉદાહરણો વાંચવા યોગ્ય છે. ... ... ૧—૮—૦

કુમુદા—અને કુસુમ—અનીવાર્ય સંકટો આવ્યા છતાં સતીત્વથી ન ડગવાનો નિશ્ચય ક્યાં અને આજની સ્ત્રીઓ ક્યાં?

પંદરલાખપર પાણી—મુંબઇના એક શ્રીમંત ગૃહસ્થે પોતાના દીકરાને આપેલો પંદરલાખ રૂપીઆનો વારસો ફક્ત બે વર્ષના અરસામાં કેવી રીતે ઉડાવી નાખે છે તેનો અસરકારક અને આબેહુબ ચિતાર વાંચવા યોગ્ય છે. આ વાર્તા એક વાર વાંચવા લીધા પછી તે પુરી કર્યા સિવાય પડતી મુકવાનો હજુ એક પણ દાખલો બન્યો નથી એજ એનું મહત્વ બતાવે છે. દરેક શ્રીમાન ગૃહસ્થે પોતાના ખાતર ફક્ત એકજ વાર પણ ખાસ વાંચવી. પાકુ સોનેરી પુઠુ છતાં માત્ર ૧)

વિદ્યાશાગર—(ભા ૧-૨ સાથે) ખરેખર તે વિદ્યાનો સાગરજ છે. એક યુવાનના દુઃખો આંસુ લાવ્યા વગર રહેતાં નથી. ... ... ૦—૧૨—૦

વિમળા—રાજ્ય ખટપટ, કાવતરા, રાજ્ય કલેશ વીગેરેના તાદર્શ નમુના આનંદ તથા બોધ લેવા યોગ્ય છે. રૂ.૦॥।

વિષલતા—સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી સ્વાતંત્ર્યનુ આ અપૂર્વ વાંચવા યોગ્ય પુસ્તક હોવાથી લાયબ્રેરીમાં મુકવા યોગ્ય છે. ... ... ૦—૧૨—૦

બધી જાતનાં પુસ્તકો મળવાનું ઠેકાણું:—

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજા-અમદાવાદ.

અરેબિયન નાઈટસ—એક હજારને એક રાતની અદ્ભુત વાર્તાનો ભંડાર બન્ને ભાગ સાથે બાંધેલા) અદ્ભુત અને રસીલી વાર્તાઓમાં અરેબિયન નાઈટસ પહેલે દરજ્જે બિરાજે છે. દુનીયાની બધી ભાષાઓમાં તેનું ભાષાંતર થયું છે. મહાન્ પુરૂષ ગ્લેડસ્ટન પણ તેને માટે કહે છે કે " જો કોઈ સાગમાં સારા એક સો પુસ્તકો ચુંટી કહાડવાનું કહે તો તેમાં હું કદી પણ અરેબિયન નાઈટસને મુક્યા વગર નહીં રહું. " કહો આથી વધારે સારૂં સર્ટીફીકેટ કયું જોઈએ ? ગ્લેજ ઉંચા કાગળ પૃષ્ટ ૫૯૦ સોનેરી પાકું પુઠું છતાં.૨)

કલીકૌતક—(હાસ્યરસનો હોજ)—ગમે તેવી દીલગીરી યા ચિંતામાં હો અને પછી આ પુસ્તકનું એકજ પાનું વાંચશો તો પેટ પકડીને હસાવી બશેર લોહીનો વધારો કરશે. આજેજ મંગાવી ખાત્રી કરો. ... ... ૦—૫—૦

કૌતકમાળા—અને બોધવચન હસાહસ કરાવનાર રમુજી સાથે બોધ આપનાર રમુજી હાજરજવાબી ટુચકાઓ. ... ... ૦—૧૨—૦

કૌતકસંગ્રહ—રમુજી ટુચકાનો સંગ્રહ મરઝબાન કૃત. રૂ.૧॥

ભોજરાજા—અને કાળીદાસ —(ભા. ૧ થી ૫ સુધી સાથે) રસિલી, મનને આકર્ષણ કરનારી અને ગમ્મત સાથે જ્ઞાન આપનારી અસરકારક વાર્તાઓનો સંગ્રહ. વાંચી વિચારી આનંદ લેવા યોગ્ય છે. ... ... ૦—૬—૦

બધી જાતનાં પુસ્તકો મળવાનું ઠેકાણું:—

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજા—અમદાવાદ.